વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૮મું
ફેબ્રુઆરી - ૨૦૨૩
અંક : ૫૩૭

મંગલ મંદિર ● ફેબ્રુઆરી-૨૦૨૩ ● ૧
(કુલ પાના : ૭૬)


# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



## હાડ થીજવતી ઠંડી


: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org


IAEC
education • migration
Australia's Registered Immigration Consultants
Most reliable company with high visa success rate
ALL AUS VISA SERVICES
STUDENT VISAS
TR/PR
FAMILY VISAS
WORK VISAS
STATE SPONSORSHIPS
BUSINESS VISAS
VISITOR VISAS
AAT APPEALS
MINSITERIAL APPEALS
202, 2nd Floor, Yash Aqua, 120 Feet Ring Rd, Vijay Char Rasta
Above Mc Donald's, Navrangpura, Ahmedabad
+91 79 2791 1113 | 079 4892 1113
ahmedabad@iaec.com.au
/IAECeducationIndia
iaec.com.au
Australia
India
MARN: 0848531

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫

ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી** મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **મહેન્દ્ર દોશી – સભ્ય** મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧
- **ફાલ્ગુની હિરેન – સભ્ય** મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચૌલા કુરૂવા – સભ્ય** મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા – સભ્ય** મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– *મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**
- એક વૈચારિક રજૂઆત ........ **અશોક મહેતા** ....... ૫

**પ્રેરણાનો પંથ**
- દિવાળી પર્વને સાંકળતી કથાનો સંકેત ........ **ગુણવંત બરવાળિયા** ....... ૭

**શ્રદ્ધાંજલી**
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી આમંત્રિત ટ્રસ્ટી શ્રી મગનલાલ મોતીચંદ સંઘવીને શ્રદ્ધાંજલી ........ **અશોક મહેતા** ....... ૯

**સંસ્થા પરિચય**
- આસ્થા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત : આનંદધામ ........ **અશોક મહેતા** ..... ૧૨

**વાંચન**
- વાંચન વિનાની પેઢી એ આશા વિનાની પેઢી છે ........ **હિંમત ગાંધી / અંજની ધોળકિયા** ..... ૧૪

**પ્રેરક નિબંધ**
- પગરખાં ગોઠવનાર ........ **નટવર આહલપરા** ..... ૧૫

**સાંપ્રત સમસ્યા**
- નવી સરકાર પાસે પ્રજાની અપેક્ષાઓ ........ **પી. કે. લહેરી** ..... ૧૭

**ભૂકંપ**
- ભૂકંપ ગોઝારો : અનુભવ અનોખો ........ **જગદીશચંદ્ર છાયા** ..... ૧૯

**કચ્છી બોલી**
- કચ્છી સહિત ૩૬ બોલીઓ ભાષાનો દરજ્જો મેળવવા ઝઝૂમે છે ........ **ડૉ. ધર્મેશ ભટ્ટ** ..... ૨૦

**વિશિષ્ટ વર્ષ**
- આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ – ૨૦૨૩ ........ **વનરાજસિંહ જાડેજા** ..... ૨૧

**વિશિષ્ટ દિવસ**
- ૨૮ ફેબ્રુઆરીના રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ છે ........ **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૨૩

**વ્યક્તિ વિશેષ**
- શ્રી કુંવરજીભાઈ : વ્યવસાય સાથે સેવાનો અનુબંધ ........ **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર** ..... ૨૫
- ડૉ. વિશન નાગડા ........ **વસંત ઉમરશી મારૂ** ..... ૨૮
- ચંદ્રકાંત ગાલા – એક અનોખું વ્યક્તિત્વ ........ **વસંત ઉમરશી મારૂ** ..... ૩૦

**સ્વાસ્થ્ય**
- વારંવાર હાથ ધોવા – ઓબ્સેસિવ કમ્પલસીવ ડિસઓર્ડર (ભાગ-૧) ... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૩૨
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- સારા સ્વાસ્થ્ય માટે સારી ઊંઘ જરૂરી છે ........ **ચૌલા કુરૂવા** ..... ૩૪
- યોગ અંગે સાચી સમજ કેળવીએ ........ **યોગસાધક કિરણ ચાંપાનેરી** ..... ૩૫

**કચ્છમાં જૈનોના જિનાલય**
- શિવમસ્તુ જૈન તીર્થ : શિરવા (માંડવી) ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૩૬

**તીર્થ દર્શન**
- દર્શન-૨૨ : શ્રી નલિયા તીર્થ
- દર્શન-૨૩ : શ્રી તેરા તીર્થ ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૩૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**

શ્રી પ્રતાપ નારાણજી દંડ

મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**

શ્રી શાંતિલાલ મુળજી સાવલા

મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**

શ્રી હિરેન કુંવરજી શાહ

મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**

શ્રી રજનીકાંત ધરમશી પારેખ

મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**

શ્રી વિશાલ મહેન્દ્ર શાહ

મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**

શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)

ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**

શ્રી વિમેશ ગુલાબચંદ શાહ

મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## જ્ઞાન વિજ્ઞાન


- ડિજિટલ પેનની અદ્‌ભુત ટેકનોલોજી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા**..... ૩૯
- વાદળોનાં નામ આપનાર હવામાન શાસ્ત્રી લૂક હોવાર્ડ ........ ૩૯
- માળો શેનો બનેલો હોય? ........ ૩૯
- પર્વત વિશે જાણવા જેવું ........ ૩૯
- અનેક રીતે ઉપયોગી નદી પરના ડેમ ........ ૪૦
- મધની મીઠાશનું રહસ્ય ........ ૪૦


## દેશ વિદેશ


- દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા**..... ૪૧


## અન્ય સંસ્થાઓના સમાચાર


- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૪૭


## નિયમિત વિભાગો


- *Nano Nine* શબ્દ રમત-૧૯૧ ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૪૯
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૪૯) ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૧


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- ધ્વજ વંદન કાર્યક્રમ : ગુરૂવાર તા. ૨૬-૦૧-૨૦૨૩ ........ ૫૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ **સંકલન : હિરેન કે. શાહ**..... ૫૪
- મોર્ગ્યુ ફ્રીઝર – વપરાશના ચાર્જિસ ........ ૫૮
- ષષ્ઠીપૂર્તિ વર્ષની ઉજવણી ........ ૫૮
- તા. ૮-૧-૨૦૨૩ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ ........ ૫૯
- ગોલ્ડ હેલ્થ કાર્ડ ........ ૫૯
- વસ્તીપત્રક – ૨૦૨૩નો અહેવાલ ........ ૬૦
- અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી જૈન પરિવારોએ વસ્તીપત્રક - ૨૦૨૩ માટે ભરવાનું ફોર્મ ...... ૬૨
- ચાંગોદર મેડિકલ સેન્ટરનો અહેવાલ ........ ૬૩
- શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ : કેરિયર ગાઇડન્સ વર્કશોપ ........ ૬૪
- વહાલી દીકરી યોજના : સંપૂર્ણ જાણકારી ........ ૬૫
- મહિલા ઉત્કર્ષ સમિતિ ........ ૬૬
- દવા વિતરણ સમિતિ ........ ૬૮
- વયસ્ક સમિતિ ........ ૬૮
- કચ્છના કવિઓ – કવયિત્રીઓનું શ્રી કચ્છી જૈન ભવન ખાતે કાવ્ય પઠન ........ ૭૦
- ગૃહ ઉદ્યોગ સમિતિ ........ ૭૨
- યુવા વિકાસ સમિતિ ........ ૭૩
- ટ્રસ્ટ મંડળ હેઠળની નવી સમિતિઓ ........ ૭૩
- સમાજ દર્પણ ● સાભાર સ્વીકાર ........ ૭૪


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- મહેફિલ ........ **મણિલાલ ડી. રૂઘાણી**..... ૨૪
- નહીં ગમે ........ **કેશવ સુથાર**..... ૨૭
- આવજે ........ **દિલીપ આચાર્ય 'દિલકશ'**..... ૪૦


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રીલેખ

# એક વૈચારિક રજૂઆત



અશોક મહેતા

*વર્ષો અગાઉ બ્રહ્માંડ અસ્તિત્વમાં આવ્યું.*

*અનેક આકાશગંગાઓથી આ બ્રહ્માંડ બન્યું.*

*માનવજાતનો વસવાટ છે, એ આકાશગંગા પણ અસ્તિત્વમાં આવી.*

*આ આકાશગંગામાં સૂર્ય, ચંદ્ર, તારાઓ, અનેક ગ્રહો, ઉપગ્રહો અને આપણી પૃથ્વી પણ અસ્તિત્વમાં આવી.*

*ધીરે ધીરે પૃથ્વી પર જીવો પાંગરતા થયા.*

*અનેક પ્રકારના જીવાણુઓ, જીવજંતુઓ, પશુઓ, પક્ષીઓ અને છેવટે માનવજાત અસ્તિત્વમાં આવી.*

*આ જીવ સૃષ્ટિમાં કુદરતે અન્ય જીવો કરતાં માનવમાં સવિશેષ બુદ્ધિનું નિરૂપણ કર્યું.*

*શરૂનો માનવ જંગલી કહેવાયો. તે જંગલી જાનવર તથા ઝાડ-પાન-ફળફળાદી ખાઈને પોતાના અસ્તિત્વને ટકાવતો રહ્યો.*

*આગળ જતાં તેણે વિકાસ તરફ ડગ માંડ્યા.*

*ઝાડ-પાન તથા છાલના વસ્ત્રો બનાવીને પહેરવા લાગ્યો.*

*ખેતીની શોધ કરી અનાજ પકવવા લાગ્યો.*

*અનાજ પકવી રસોઈ બનાવતો થયો.*

*સ્ત્રી-પુરુષ પતિ-પત્ની તરીકે રહેવા લાગ્યા.*

*હજારો વર્ષ અગાઉના માનવને આપણે જંગલી તરીકે પીછાનતા હતા પરંતુ સમયાંતરે તે પોતાની બુદ્ધિના સહારે વિકાસ કરતો રહ્યો.*

*ખુલ્લામાં કે ગુફામાં રહેતો માનવ પ્રથમ ઝૂંપડીમાં અને પછી ઘર બનાવીને રહેવા લાગ્યો.*

*કક્કા - બારાખડીની શોધ કરી અક્ષરજ્ઞાન મેળવવા તરફ આગળ વધ્યો.*

*પગપાળા મુસાફરી કરતા માનવે બળદગાડા અને ઊંટગાડીની સવારી શરૂ કરી.*

*શરૂમાં તીર કામઠા અને પછી તલવાર, ભાલા વગેરેની શોધ કરી.*

*આગળ જતાં તેણે નીતિમત્તાના ધોરણોની સ્થાપના કરી. પરિણામે ઋષિ મુનિઓ મળ્યા.*

*રૂષભદેવથી મહાવીર સ્વામિ સુધી, શ્રીકૃષ્ણથી રામ - લક્ષ્મણ સુધી તથા અન્ય મહામાનવો કે જેમને આપણે ભગવાન કહીએ છીએ, તેઓ પ્રગટ થયા કે જેમણે માનવજાતને દોરવણી આપી.*

*સાથે સાથે વૈજ્ઞાનિક શોધો પણ થવા લાગી.*

*સાઈકલ, ગાડી, બાઈક, સ્કુટર, વહાણ, લોંચ, સ્ટીમર અને છેવટે વિમાન સુધી માનવજાત પહોંચી.*

*રેડિયો, ટ્રાન્ઝીસ્ટર, ટેલીવિઝન, વાયરલેસ, ઈન્ટરનેટ વગેરે અસ્તિત્વમાં આવ્યા.*

*હવે આપણે 4G અને 5Gની વાતો કરવા લાગ્યા.*

*સેટેલાઈટ અને મિસાઈલ્સની શોધો થઈ.*

*માનવ ચંદ્ર પર પહોંચી ગયો. મંગળની ભ્રમણકક્ષામાં પણ મુસાફરી કરી.*

નવી નવી વૈજ્ઞાનિક શોધખોળ ચાલુ રહેવા પામેલ છે.

માનવ અન્ય ગ્રહો પર પણ ભવિષ્યમાં ઉતરાણ કરે તેવી શક્યતા છે.

અને પછી એક આકાશગંગામાંથી બીજી આકાશગંગા તરફના પ્રયાણ માટે વિચારાતું થશે.

હકીકત એ છે કે કુદરતના કરિશ્માએ માનવને બુદ્ધિ આપી છે અને માનવ તેની બુદ્ધિના સહારે નિરંતર નવી શોધો કરતો રહે છે.

વિજ્ઞાનના સહારે તે રીસર્ચ અને ડેવલપમેન્ટમાં આગળ વધતો રહે છે.

એક વિરાટ પ્રશ્ન એ છે કે આ દુનિયાનું નિરૂપણ કોણે કર્યું અને શા માટે કર્યું?

વહેલા-મોડા માનવ બુદ્ધિ તેનો પણ તાગ લેશે.

૫૦૦૦ વર્ષ અગાઉના માનવને આપણે કહીએ છીએ કે તે જંગલી અવસ્થામાં જીવતો હતો.

૫૦૦૦ વર્ષ પછી હાલના માનવને પણ ખૂબ પછાત અવસ્થાના માનવી તરીકે એ સમયના લોકો જણાવતા હશે. એ સમયે એવું કહેવાશે કે માનવ હજુ સુધી 5G સુધી જ પહોંચ્યો હતો.

આ રીતે વિચારીએ તો માનવજાતે હજુ ઘણું જ અંતર કાપવાનું છે.

સહુથી પ્રથમ અન્ય ગ્રહો પર પહોંચવાનું છે.

અન્ય આકાશગંગામાં પ્રવેશ કરવાનો છે.

દુનિયાનું અસ્તિત્વ કોણે કર્યું અને શા માટે કર્યું તેનો તાગ મેળવવાનો છે.

એ તાગ મેળવ્યા પછી આગળ શું કરવાનું છે તે વિશે વિચારવાનું છે.

આ માત્ર વૈજ્ઞાનિક શોધખોળ થકી જ થઈ શકશે.

જેમ જેમ વિજ્ઞાન થકી આપણે દુનિયાના તાગો મેળવતા જશું તેમ તેમ આ દિશા તરફ આગળ વધી શકાશે.

તે માટે માત્ર અને માત્ર વૈજ્ઞાનિક અભ્યાસ કામ આવશે. વૈજ્ઞાનિક દૃષ્ટિ કામ આવશે. એ દિશા તરફનું ભણતર કામ લાગશે.

તે માટે ધર્મ, ધર્મગુરુઓ, પૂજા-પાઠ, હોમ-હવન વગેરે કામ નહીં લાગે. તેના થકી કદાચ નીતિમત્તાના ધોરણો જળવાઈ શકે. એ પણ તેટલું જ જરૂરી છે.

તેથી આપણે સહુએ વિજ્ઞાનને અગ્રતાક્રમ આપી શોધખોળની દિશામાં આગળ વધવાની માનસિકતા કેળવવી પડશે. ઈસરો કે નાસા જેવી સંસ્થાઓને ઉત્તેજન આપવું પડશે. એ તરફની દિશાને જ પ્રાધાન્યતા આપવી જરૂરી બની રહેશે. કુદરતે માણસને બુદ્ધિ આપી છે તો માનવે એ બુદ્ધિનો બરાબર ઉપયોગ કરી બ્રહ્માંડના અસ્તિત્વનો તાગ મેળવવા માત્ર ને માત્ર એ દિશા તરફ પ્રયાણ કરવાનું રહેશે.

પોતાનું અસ્તિત્વ ટકાવવા જીવન નિર્વાહ મેળવવા મથી રહેલો માનવી, બે પાંદડે સુખી થતાં જ મોજશોખ તરફ વળી ગયેલો માનવી, દુનિયાના વ્યવહારમાં અટવાયેલો માનવી, ધર્મધ્યાનમાં વ્યસ્ત રહેલો માનવી, એ યોગ્ય દિશાએથી ફંટાયેલ માનવી છે. વૈજ્ઞાનિક અભ્યાસ અને કોઈપણ પ્રકારની શોધખોળની દિશા પકડતો માનવી યોગ્ય ટ્રેક પર ચાલી રહેલ છે તેવી ગણના કરી શકાય.

જ્યાં લગી બ્રહ્માંડના અસ્તિત્વનો તાગ ના મેળવી શકાય ત્યાં સુધી કુદરતે બક્ષેલ બુદ્ધિના સહારે આગળ વધવું તે જ માનવધર્મ બની જવો જોઈએ. કદાચ કુદરતે માનવને બુદ્ધિ એટલા માટે જ આપી હશે કે તે કુદરતે ઉત્પન્ન કરેલ દુનિયામાં શોધખોળ કરી, આ દુનિયાને ઉત્પન્ન કરનાર સુધી પહોંચી શકે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

*ગુલાબથી છવાયેલો માર્ગ તો જનસામાન્ય માટે છે, કંટકછાયો કપરો માર્ગ વિરલ લોકો માટે!*

# પ્રેરણાની કેડી પર

## ચરણ-૩ : દિવાળી પર્વને સાંકળતી કથાનો સંકેત

ગુણવંત બરવાળિયા

## દિવાળી પર્વને સાંકળતી કથાનો સંકેત

ધનતેરસથી ભાઈબીજ સુધીના પાંચ પર્વોના સમૂહને આપણે દીપોત્સવી પર્વરૂપે ઊજવીએ છીએ. બે વર્ષના સંધિકાળનું પર્વ એટલે દિવાળી. વીતેલા જૂના વર્ષને વિદાય અને નૂતન વર્ષના સ્વાગતનો પર્વસમૂહ એટલે દીપાવલી.

ભગવાન મહાવીરનો અંતિમકાળ, નિર્વાણ સમય હવે નજીક છે એમ જાણી કેટલાય દેશના રાજાઓ તેરસની સંધ્યા સમયે, ભગવાનના દર્શન કરવાના ભાવથી પાવાપુરી નગરીના સીમાડે પોતાના રસાલા સાથે એકત્ર થયા. ગોરજના સમય વગડામાંથી ચરીને ગાયો પાછી આવી રહી હતી. સામે મોટી સંખ્યામાં માણસોનું ટોળું જોઈ ગાયો ભયભીત બની નાસભાગ કરવા લાગી. **તેથી તે દિવસને 'ધણ તેરસ' પણ કહેવાય છે.**

ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતા ગણવામાં આવે છે અને આ દિવસથી ગાયોના ધણની પૂજા કરવાની પરંપરાની શરૂઆત થઈ.

ધન-લક્ષ્મીની પૂજા કરવાને કારણે ધનતેરસ કહીએ છીએ. પરંતુ તે સમયના ભવ્ય જીવોએ તો તીર્થંકરના સમવસરણમાં તેમની નિશ્રામાં તેરસને 'ધન્ય તેરસ' બનાવી દીધી.

**લૌકિક પર્વોના સંદર્ભે આસો વદ ચૌદસને 'કાળી ચૌદસ' કહે છે.** રાત્રિના સાધના દ્વારા પ્રાપ્ત કરેલી વિદ્યાનો કલ્યાણમય ઉપયોગ કાળી રાતે પણ માનવતાના અજવાળા પ્રગટાવશે.

ભુતાનની દક્ષિણે આવેલા આસામ સુધીના પ્રદેશ, પ્રાગ જ્યોતિષ ક્ષેત્ર તરીકે જાણીતો હતો. અહીં નરકાસુર નામે દુષ્ટ રાજા પ્રજાને રંજાડતો હતો. તેણે સોળ હજાર રાજ કન્યાઓને પોતાના મહેલમાં કેદ કરી હતી. સત્યભામાએ આ સ્ત્રી મુક્તિના અભિયાનમાં પોતાને સહકાર આપવા શ્રીકૃષ્ણને વિનંતી કરી. રથમાં સત્યભામા આગળ, શ્રીકૃષ્ણ પાછળ. યુદ્ધ થયું. ચતુર્દશીના દિવસે નરકાસુરનો નાશ થયો. તેથી આ દિવસને નરક ચતુર્દશીરૂપે પણ ઓળખે છે. આ દિવસે શ્રમણ ભગવાન મહાવીરે સોળ પ્રહર સુધીની અંતિમ પ્રવચન શ્રેણીનો પ્રારંભ કર્યો હતો. તેથી આ દિવસને 'રૂપ ચતુર્દશી' રૂપે પણ ઓળખવામાં આવે છે. આ દિવસોમાં ભગવાનની એ દિવ્ય દેશનાને આત્મસાત્ કરીએ તો, અંતરના અંધારા ઉલેચાશે, મિથ્યાત્વની કાલિમા જશે અને ચૌમુખીરૂપ જેવું સમ્યક્ત્વનું રૂપ પ્રગટશે.

**ભારતીય સંસ્કૃતિમાં લોકપર્વોમાં દિપાવલી મહાપર્વ છે. ભારતવર્ષના લગભગ બધા જ લોકો, વર્ણો, પ્રાંત અને ભાષાના ભેદ વિના, દિવાળી પર્વ ઊજવે છે. યુગપુરુષ શ્રીકૃષ્ણનો નરકાસુર પર વિજય, મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનો રાવણ પર વિજય, લોકપ્રિય રાજા વિક્રમાદિત્યનો શકો અને હૂણો પર વિજય – આમ દિવાળીના પર્વો પાછળ આ વિજયગાથાની કથાઓ સંકળાયેલી છે, જે આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પ્રતીક છે.**

**દિવાળીની રાત્રિના પાછલા પહોરે ભગવાન શ્રી મહાવીરનું નિર્વાણ થયું.** પોતાના આત્મા પર રહેલા કષાયો અને કર્મો પર વિજય મેળવી, પ્રભુની આત્મજ્યોતિ પરમાત્મ પ્રકાશમાં વિલીન થઈ. તીર્થંકર ભગવાન પોતાની જાત પર મેળવેલા વિજયને પૂર્ણ વિજય ગણે છે. ભગવાનના મોક્ષગમનને કારણે તેમના તેહી ચૈતન્યનો દીપક વિશ્વ ચૈતન્યની જ્યોતમાં સ્થિર થવાથી, પાવાપુરી નગરીમાં અઢાર દેશના ગણરાજાઓએ દ્રવ્ય દીપક પ્રગટાવ્યા અને દિવાળી પર્વ થયું. બળીરાજા એક આદર્શ રાજા હતા. જીવહિંસા, સુરાપાન, વ્યભિચાર, ચોરી, વિશ્વાસઘાત જેવા દૂષણો તેના રાજ્યમાં ન હતાં. બટુક બ્રાહ્મણ સ્વરૂપે શ્રીકૃષ્ણએ સાડા ત્રણ ડગલાં પૃથ્વી માંગી. વામનમૂર્તિ ભગવાનના વિરાટ સ્વરૂપને રાજાએ સર્વસ્વ અર્પણ કર્યું. તેની પાવન સ્મૃતિરૂપે ત્રણ અહોરાત્ર તહેવારોનું આયોજન વિષ્ણુ દ્વારા થયું. **તે પર્વોત્સવ દિવાળી રૂપે ઓળખાય.**

દિવાળીએ વેપારીઓ ચોપડા પૂજન દ્વારા કુબેરજીના ભંડાર સાથે ત્યાગ અને ધન્ના શાલિભદ્રજી રિદ્ધિ સાથે તેની દાન ભાવનાનું સ્મરણ કરે છે અને ન્યાયસંપન્ન વૈભવ પ્રાપ્તિની કામના કરે છે.

નૂતન વર્ષે ભગવાન મહાવીરના પટ્ટશિષ્યે કેવળજ્ઞાનનો દીપક પ્રગટાવી આ પર્વને આત્મપ્રકાશનું જ્યોતિપર્વ બનાવ્યું. તેની સ્મૃતિમાં આ પ્રતિપદા (એકમ)ને ગૌતમ પ્રતિપદારૂપે પણ ઊજવે છે. નવા વર્ષે માત્ર ભગવાનને જ (નિવેદ્ય) અન્નકુટ નહીં પરંતુ દરિદ્ર નારાયણને પણ અન્નદાન કરીશું તો સાર્થક.

ભાઈબીજનું પર્વ ભાઈ-બહેનનો પ્રેમ એ સંસારનો નિર્મળ સંબંધ છે તેનું પ્રતીક છે. ભાઈબીજનો ચાંદલો ભાઈ-બહેનના નિર્મળ સ્નેહનું પ્રતીક છે. ■

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન

શ્રીમતી મણીબેન પ્રેમજી કારાણી મેમોરીયલ ટ્રસ્ટ સંચાલિત

# એન્કરવાલા શ્રી સરસ્વતી વિદ્યામંદિર

## (શિશુવાટિકા, પ્રાથમિક, માધ્યમિક) માંડવી–કચ્છ.

સંપર્ક:–(૦૨૮૩૪)૨૩૧૩૦૯

ધર્મેશભાઈ જોશી:– ૯૪૨૯૨ ૯૬૯૧૧



**સરકારી એક પણ ગ્રાન્ટ લીધા વીના**

| શિક્ષણદિપ યોજના (એક વિદ્યાર્થીદીઠ) | |
|---|---|
| – વાર્ષિક ફી | – ૧૧,૦૦૦/– |
| – વાર્ષિક પુસ્તકોનો ખર્ચ | – ૪,૦૦૦/– |
| – ગણવેશ ૨ જોડી | – ૧,૫૦૦/– |













### અમારી વિશેષતાઓ

- "ઈનોવેશન એજ્યુકેશન" એટલે કે નવિન પ્રયોગાત્મક શિક્ષણ
- સ્માર્ટક્લાસ દ્વારા ટેકનોલોજી યુકત શિક્ષણ વ્યવસ્થા
- કચ્છનાં બાળકોને સ્માર્ટક્લાસ દ્વારા નવિન શિક્ષણ પદ્ધતિથી શિક્ષણ
- શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન
- સંપૂર્ણ ભારતીય શિક્ષણ પદ્ધતિથી શિક્ષણ
- પંચકોષાત્મક વિકાસને ધ્યાનમાં રાખીને શિક્ષણ
- ધોરણ–૧થી અંગ્રેજી અને બાલવાટિકાથી સંસ્કૃતનું અસરકારક શિક્ષણ
- ધોરણ–૧થી વૈદિક ગણિતનું જ્ઞાન

SCAN TO DONATE

**BANK DETAILS**


BANK:- HDFC BANK - MANDVI

ACCOUNT NAME:- SMIT MANIBEN PREMJI KARANI MEMORIAL TRUST

ACCOUNT NO:- 50200032574190

IFSC CODE:- HDFC0002031

# શ્રી મગનલાલ મોતીચંદ સંઘવીને શ્રદ્ધાંજલી



• જન્મ •
તા. ૧૬-૦૫-૧૯૨૯

• અવસાન •
તા. ૧૩-૦૧-૨૦૨૩

**શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી**

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી આમંત્રિત ટ્રસ્ટી શ્રી મગનલાલ મોતીચંદ સંઘવીનું ૯૩ વર્ષની જૈફ વયે શુક્રવાર, તા. ૧૩-૦૧-૨૦૨૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમના અવસાન થકી આ સમાજે એક સરળ, ઝીંદાદિલ અને સ્પષ્ટ વક્તા પ્રકારનો કાર્યકર ગુમાવેલ છે.*

*આ પ્રસંગે તેમને શ્રદ્ધાંજલી આપવાના સમયે અત્રે એક લેખ પ્રસ્તુત કરેલ છે કે જે તેમના અંગે વર્ષ ૨૦૦૨ના અંત ભાગે લખાયેલ હતો અને 'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૨૦૦૨ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ હતો.*

*આજથી ૨૦ વર્ષ અગાઉ લખાયેલી તેમની જીવન ઝરમર વાંચીને આપણે તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરીએ.*

*લેખ પ્રસારિત થયાના ૨૦ વર્ષ બાદ પણ એટલે કે આજ દિવસ સુધી તેઓએ આ જ પ્રકારના સેવાકાર્યો હાથ પર લઈ પોતાના ફાળે આવતી સમાજની જવાબદારી નિષ્ઠાપૂર્વક અદા કરેલ છે.*

*આ પ્રસંગે આપણે સહુ તેઓને નતમસ્તકે વંદન કરીએ.*

***– તંત્રી મંડળ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આધારસ્તંભો

## શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી

***રજૂઆત : અશોક મહેતા***

**આધારસ્તંભો : મણકો-૧૦**

એક કચ્છી - મુંદ્રાના વતની.

૯ વર્ષની બાળ ઉંમરે જ કચ્છથી બ્રહ્મદેશ તરફ પ્રયાણ કર્યું.

ત્યારબાદ બિહાર, બંગાળ, ઓરિસ્સામાં – પૂર્વ ભારતમાં ઠરીઠામ થયા.

જીવન ઘડતરની ઉંમર પૂર્વ ભારતમાં વિતાવી. જીવનનું ઘડતર ત્યાંના વાતાવરણને અનુરૂપ થયું. લગ્ન પણ પૂર્વ ભારતમાં થયાં. પત્નીશ્રીનો ઉછેર પણ પૂર્વ ભારતનો. સમયાનુસાર તેઓને ગુજરાતમાં વસવું પડ્યું. ૧૯૭૧માં અમદાવાદમાં આવ્યા. પૂર્વમાંથી પશ્ચિમ ભારતમાં તેઓશ્રીના કુટુંબની પધરામણી થઈ. તેમના માટે અમદાવાદ - ગુજરાત નવો પ્રદેશ, નવી ભાષા, નવીન પ્રકારની રહેણીકરણી, નવી જ જાતનું વાતાવરણ. એક પ્રકારના કલ્ચરવાળા પ્રદેશમાં ઉછેર અને બીજા પ્રકારના કલ્ચરવાળા પ્રદેશમાં આવવાનું થયું. ગુજરાતમાં આવ્યા એટલે પરદેશમાં આવ્યા હોય

તેવું લાગ્યા કરે. કોઈ સગા-સંબંધી નહીં, મિત્રો નહીં, પરીચિત નહીં. કોઈ સંજોગોમાં વાતાવરણ અનુકૂળ ના પડે. પરંતુ ધીર, ગંભીર અને સાલસ સ્વભાવ. અનેક ઘરણાંનું પાણી પીધેલ હોવાથી પરિસ્થિતિને પહોંચી વળવાની ત્રેવડ. સાથે સાથે મૂળ તો કચ્છી લોહી. પરિસ્થિતિને પહોંચી વળવાની ક્ષમતા. ગમે તે પરિસ્થિતિમાં રસ્તો કાઢી લેવાની કચ્છીયત લોહીમાં વણાઈ ગયેલ. સમાચાર મળ્યા કે અહીં એક "કચ્છી જૈન સમાજ" પણ છે. કડવા પાટીદાર સમાજની વાડી - ઉસ્માનપુરામાં સ્નેહમિલન ગોઠવાયેલ છે. ત્યાં પહોંચી ગયા. આ ૧૯૭૨ના વર્ષની વાત. ૧૯૭૫માં તો તેઓ શ્રી કચ્છી જૈન સમાજની "કારોબારી સમિતિ"ના સભ્ય પણ બની ચૂક્યા અને ૧૯૮૦થી ખજાનચી તરીકેની જવાબદારી પણ ઉપાડી લીધી. જોતજોતામાં આ પદ પર તેઓએ ૧૭ વર્ષ જવાબદારી અદા કરી. શ્રી કચ્છી જૈન સમાજના અદના કાર્યકર બની ગયા. મોંઘેરી મૂડી બની ગયા. તેઓશ્રી એટલે શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી.

નામ તેવા જ ગુણ. હંમેશાં નિજાનંદમાં મગ્ન રહે. મોતી જેવી નિર્મોહી અને નિર્લેપ ખાનદાની. હૃદયમાં વિશાળતા હોય તો જ સંઘવી બની શકાય. સાથે સાથે ખૂબ જ નિખાલસ અને સરળ સ્વભાવ. મનમાં જે વિચારેલ હોય તે કોઈની પણ શેહમાં આવ્યા વગર સ્પષ્ટ રીતે કહેવાની હિંમત. ખાનદાની તો તેઓશ્રીના સ્વભાવમાંથી નીતરે. પરિણામ સ્વરૂપે તેઓશ્રી "શ્રી કચ્છી જૈન સમાજ"ના કાર્યકરોમાં પ્રિય પાત્ર પણ બની રહ્યા.

૧૯૮૫માં "શ્રી કચ્છી જૈન સમાજ"માંથી એક રજિસ્ટર્ડ સંસ્થા "શ્રી કચ્છી જૈન સેવા સમાજ"માં આ સંસ્થાનું રૂપાંતર થયું ત્યારે તેઓ આ સંસ્થાના એક પ્રમોટર ટ્રસ્ટી બન્યા. એ સમયે ટોટલ ૧૧ પ્રમોટર ટ્રસ્ટી હતા. ત્યારથી તે અત્યાર સુધી સતતપણે ટ્રસ્ટી અથવા કારોબારી સભ્ય તરીકે તેઓ પોતાની સેવા આપી રહેલ છે. અત્યારે પણ તેઓ ટ્રસ્ટી અને ખજાનચીની જવાબદારી અદા કરી રહેલ છે. આજે ૭૩ વર્ષની ઉંમરે પણ તેઓ એક જુવાન કાર્યકર જેટલું જ જોમપૂર્વકનું કાર્ય કરે છે. તંદુરસ્તી જાળવવા દરરોજના ૪-૫ કિલોમીટર ચાલવું તે તેમની જીવનપદ્ધતિ બની ગયેલ છે.

૧૯૯૦ બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજે અવારનવાર વિશાળ કાર્યક્રમો રાખવાની જરૂરિયાત ઊભી થઈ કે જેમાં બહારગામથી અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેવા લાગ્યા હતા. સ્થાનિક તથા બહારગામ વિવિધ વિભાગોના લોકોને આમંત્રણ મોકલવાં, તેઓનો સંપર્ક કરવો અને ત્યારબાદ તેઓશ્રી આપણા કાર્યક્રમમાં પધારે તેવી તજવીજ કરવી. આ બધાં કાર્યો માટે "શ્રી કચ્છી જૈન સેવા સમાજે" એક "આમંત્રણ સમિતિ" બનાવી કે જેના કન્વીનર તરીકે શરૂથી જ શ્રી મગનભાઈએ જવાબદારી સ્વીકારી લીધી. કાર્યક્રમ પૂરો થયા બાદ આમંત્રણ આપેલ મહાનુભાવોના નામ-સરનામાનો રેકોર્ડ રાખવો, જરૂરિયાત પ્રમાણે તેમાં સુધારા વધારા કરતા જવા અને જૂના રેકોર્ડમાં થયેલ ફેરફારોને સતતપણે વ્યવસ્થિત રાખવા એ ખૂબ જ મહેનત અને ધીરજ માંગી લે તેવું મૂક કાર્ય છે કે જેની જવાબદારી તેઓશ્રી હસતા મુખે નિભાવી રહ્યા છે.

તેવું જ ભગીરથ કાર્ય "લકી ડ્રો કૂપનો"ના આયોજનનું છે. "શ્રી કચ્છી જૈન ભવન"ના સમયે, તેના મુખ્ય નામ માટે ૧૯૯૭માં શ્રી કચ્છી જૈન સેવા સમાજે "લકી ડ્રો કૂપન"ની પદ્ધતિ અપનાવેલ હતી. આ આખી સિસ્ટમને વ્યવસ્થિતપણે પાર પાડવાની જવાબદારી તે સમયે તેઓશ્રીએ ઉપાડી લીધેલ હતી. દરેક ડ્રો કૂપનના નામ-સરનામાં - રેકોર્ડ વ્યવસ્થિતપણે રાખવા એ દાદ માંગી લે તેવી ધીરજ અને ખંતનું કામ હતું, કે જે બહાર ક્યાંયે દેખાવાનું ન હતું, છતાં પણ તેનો રેકોર્ડ વ્યવસ્થિત રાખવો તેટલું જ જરૂરી હતું. શ્રી મગનભાઈએ તે કાર્ય સફળતાપૂર્વક અદા કર્યું. એ જ રીતે "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ"માં પણ ૧૪ વિંગોના નામકરણ માટે "લકી ડ્રો કૂપન"ની સિસ્ટમ અપનાવવામાં આવેલ છે કે જેનું કાર્ય અત્યારે વ્યવસ્થિતપણે પણ તેઓશ્રી સફળતાપૂર્વક પૂરી કરશે. આ રીતે "ભેટ કૂપન સમિતિ"ના કન્વીનર તરીકે તેઓ વ્યવસ્થિતપણે પોતાની કામગીરી મૂકપણે અને ચૂપકીદીથી અદા કરી રહેલ છે.

અમદાવાદના "શ્રી કચ્છી જૈન સેવા સમાજ"માં હવે પછી જન્મેલ કોઈપણ બાળક કે બાલિકા ૨૦ વર્ષની ઉંમરે પહોંચે ત્યારે તેને આગળ ઉચ્ચ અભ્યાસ કરવાનો હોય અથવા તો કુટુંબના ભરણપોષણ માટે આર્થિક ઉપાર્જન તરફ વળવાનું હોય અથવા તો લગ્ન કરવાનાં હોય, તે સમયે તેની પાસે ઓછામાં ઓછા એક લાખ રૂપિયા હોય તેવી ભાવના સાથે શરૂ કરાયેલ "બાલ કલ્યાણ યોજના"ની સમિતિના પણ તેઓશ્રી કન્વીનર છે અને આ સમિતિની શરૂઆત થઈ ત્યારથી જ તેઓ આ જવાબદારી નિભાવી રહેલ છે. આ યોજના અનુસાર આ સમિતિના સભ્યો નવા જન્મેલ બાળકના નામે યોગ્ય સંસ્થા નક્કી કરી, ટ્રસ્ટી મંડળે નક્કી કરેલ રકમનું રોકાણ બાળક વતી કરી, તેનો રેકોર્ડ જાળવે છે. કોઈપણ જાતના ઘોંઘાટ વગરનું આ એક શાંત અને નેક કાર્ય છે, જેના પ્રત્યાઘાતો સભ્યોના દિલમાં છેક અંદર સુધી પડે છે.

હાલમાં જ સમાજે હિસાબ અને નાણાં રોકાણ સમિતિના કન્વીનર તરીકે પણ તેમની નિમણૂક કરી છે. આ સિવાય પણ શ્રી મગનભાઈ સમાજની બીજી ઘણી પ્રવૃત્તિઓમાં રસ લે છે અને જરૂરત મુજબ યોગ્ય દોરવણી આપતા રહે છે.

આવા એક નેક, ઝીંદાદિલ અને મૂક કાર્યકરને આજે આપણે વંદન કરીએ અને તેમને અભિનંદન આપીએ આજની આ લેખમાળાના લેખથી.

"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ને નાઝ છે તેના આવા કાર્યકરો પર કે જેઓ સતતપણે અને મૂક રીતે આવાં કાર્યો વહન કરવાની ક્ષમતા ધરાવે છે, તેટલું જ નહીં પરંતુ હસતા મુખે તે જવાબદારી સ્વીકારી આવા કાર્યો અદા કરી રહેલ છે કે જેના કારણે બહારથી સમાજ ઊજળો દેખાય છે.

શ્રી મગનભાઈ મૂળ તો કચ્છના મુંદ્રાના વતની. તા. ૧૬-૫-૧૯૨૯ના તેમનો જન્મ તેમના મોસાળના ગામે ઝરપરામાં થયો.

પ્રાથમિક અભ્યાસ મુંદ્રાની ગામઠી સ્કૂલમાં રહીને મેળવ્યું. ૧૯૩૮માં કે જ્યારે મગનભાઈની ઉંમર ૯ વર્ષની હતી ત્યારે તેમનું કુટુંબ બર્મા ગયું. બીજા વર્લ્ડ વૉરના સમયે જ્યારે જાપાને બર્મા પર હુમલો કર્યા ત્યારે ૧૯૪૦માં તેમનું કુટુંબ પરત મુંદ્રા આવ્યું. ૯ ધોરણ સુધી મુંદ્રાની આર. ડી. હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો. કુટુંબની આર્થિક પરિસ્થિતિ બરાબર ન હોવાથી અભ્યાસ છોડવો પડ્યો. કચ્છમાં ધંધાકીય પરિસ્થિતિ ન હોવાથી જેમ અન્ય કચ્છી કુટુંબો કચ્છ છોડી જીવનનિર્વાહ માટે કચ્છ બહાર પ્રયાણ કરે છે તે રીતે ૧૯૪૪માં એટલે કે ૧૫ વર્ષની ઉંમરે મગનભાઈ ઝરીયા - ધનબાદ (બુદ્ધદેશ - બિહાર) પહોંચ્યા અને ત્યાં વીરજી એન્ડ કું. (બેંકર્સ)માં જોડાયા. દોઢ વર્ષની નોકરી કર્યા બાદ વધુ પ્રગતિ થાય એ ગણતરીએ ૧૯૪૫માં ફરી બર્મા તરફ પ્રયાણ કર્યું. (૧૯૪૪માં વર્લ્ડ વૉર સમાપ્ત થઈ જતાં ભારતીયો માટે ફરી બર્માનાં દ્વાર ખુલ્લાં થયાં) બર્મામાં એ સમયે ભુજના મૂલચંદ પોપટલાલ શાહની ચોખાની મિલ, ત્યાંના એક તદ્દન નાના ગામ ''થુજી''માં હતી કે જ્યાં સુપરવિઝન કે એકાઉન્ટની જવાબદારીવાળી નોકરી સ્વીકારી. અહીં તેમને રસોઈ જાતે બનાવવી, કપડાં જાતે ધોવાં, સફાઈ કાર્ય જાતે કરવું વગેરે કાર્યો જાતે કરવાનાં હોવાથી સ્વાશ્રયના ખૂબજ સારા પાઠ ભણવા મળ્યા. વળી ચોખાની મિલ સીઝનલ ધંધો હોવાથી વર્ષમાં અમુક મહિના મિલ બંધ રહેતી હોવાથી તે સમયે પુષ્કળ નવરાશ મળતી, પરિણામે તેઓએ અત્રે વાચન વગેરે પ્રવૃત્તિ પર પુષ્કળ ધ્યાન આપ્યું. ડિક્ષનેરી લઈ અંગ્રેજી છાપાં વાંચવાનું પણ નિયમિત ચાલુ કરી દીધું. અંગ્રેજી, બંગાળી વગેરે ભાષા પર કન્ટ્રોલ મેળવ્યો. આ અભ્યાસની ખંતનો બધો શ્રેય તેઓશ્રી તેમના એક વખતના આર. ડી. હાઈસ્કૂલના શિક્ષક, મુંદ્રાના શ્રી મૂલચંદ કરમચંદ શેઠ (કે હાલે જેઓ ગુર્જર સમાજ - માટુંગા, મુંબઈના પ્રમુખ અને સામાજિક કાર્યકર છે) ને આપે છે કે જેઓએ શ્રી મગનભાઈના ભણતરમાં સ્વાશ્રય, અભ્યાસ, જિજ્ઞાસાવૃત્તિ વગેરેના બીજ તેમના ભણતરના સમયે વાવ્યાં હતાં. સાથે સાથે તેટલો યશ પ્રત્યક્ષ જીવનઘડતર માટે તેઓશ્રી ભુજના સ્વ. મૂલચંદ પોપટલાલ શાહને પણ આપે છે. સાથે પોતાના પરિવારની આર્થિક પ્રગતિનો પૂરો યશ તેઓ તેમના સ્વ. કાકાશ્રી શામજીભાઈને આપે છે.

આર્થિક રીતે બર્મામાં પણ ઊજળું ભવિષ્ય ન દેખાતાં તેઓશ્રી ૧૯૪૮માં ભારત પરત આવ્યા અને ફરી ઝરીયા - ધનબાદમાં તેમના કાકાશ્રી શામજીભાઈના મોટર સ્પેર પાર્ટસના ધંધામાં જોડાયા, કે જે છેવટે તેમનો જિંદગીભરનો વ્યવસાય બની રહ્યો. તેમના લઘુ બંધુ શાંતિભાઈ પણ ૧૯૫૦માં આ વ્યવસાયમાં જોડાયા. ૧૯૫૫માં દુર્ગાપુર (બંગાળ)માં મોટર સ્પેર પાર્ટસની દુકાન કરી જાતે ધંધો ચાલુ કર્યો. પરંતુ ત્યાં વધુ ના ફાવતાં, છેવટે રાઉરકેલા (ઓરિસ્સા)માં તા. ૧-૫-૫૫થી ''અનિલ મોટર સ્ટોર્સ''ની સ્થાપના કરી. અહીં તેઓએ ધંધામાં સારી એવી પ્રગતિ કરી અને કંઈક અંશે ઠરીઠામ થયા. સ્ટીલ પ્લાન્ટના કારણે અહીંના ધંધા સારા પ્રમાણમાં વિકસતા હોવાથી મુંદ્રાથી અનેક લોકો ત્યાં આવ્યા અને વિવિધ જાતના ધંધા ચાલુ કરતા ગયા. ૧૦-૧૨ વર્ષમાં તો રાઉરકેલા ''મિનિ મુંદ્રા'' બની ગયું. આ રીતે મગનભાઈ બર્મા, ઝરીયા, ધનબાદ, દુર્ગાપુર, રાઉરકેલા વગેરેને કર્મભૂમિ બનાવી જરૂરી વિકાસ હાંસલ કરી શક્યા. આ પ્રદેશો ''પૂર્વ ભારત'' તરીકે જાણીતા છે.

ભવિષ્યનો વિચાર કરી તેમના કાકાશ્રી શામજીભાઈ તથા તેમના કુટુંબીઓએ દીર્ઘદૃષ્ટિ વાપરી અમદાવાદ - ગુજરાતમાં (દેશના પશ્ચિમ વિભાગમાં) પણ ધંધાનો દોર વિકસાવ્યો. પરિણામ સ્વરૂપે ''વી.આઈ.પી. ઓટો સેન્ટર'' ૧૯૬૮થી ચાલુ થયું. ૧૯૭૧થી તેની જવાબદારી શ્રી મગનભાઈએ સંભાળી લીધી. તેમનું અનુકરણ કરીને ત્યારબાદ કચ્છી જૈનોના, મુંદ્રા - માંડવીનાં અનેક કુટુંબો આવીને અત્રે વસ્યાં અને વિવિધ પ્રકારની મોટર સ્પેર પાર્ટસની લાઇનને સારી રીતે ડેવલપ કરતા રહ્યા. આજે કચ્છી જૈનોની, મોટર સ્પેર પાર્ટસની બારેક જેટલી દુકાનો અમદાવાદમાં સારી રીતે વિકસી ચૂકેલ છે.

શ્રી મગનભાઈનાં લગ્ન મૂળ મુંદ્રા ગામના અને તે સમયમાં ઝરીયામાં કોલસાનો વ્યાપાર કરતા સ્વ. શ્રી પોપટલાલ નેણશી સંઘવીની સુપુત્રી દમયંતીબહેન સાથે તા. ૨૪-૫-૫૧ના ઝરીયા મુકામે થયાં. એ સમયે જ્ઞાતિમાં મેટ્રિક પાસ થનાર પ્રથમ વ્યક્તિ તરીકે શ્રી પોપટલાલ નેણશી સંઘવી મશહુર હતા. મગનભાઈના લગ્ન જીવનથી ત્રણ પુત્રો અને એક પુત્રી પ્રાપ્ત થયાં. ત્રણે પુત્રો અનિલ, અતુલ તથા પરેશ પિતાશ્રીનો સ્પેર પાર્ટસનો ધંધો સારી રીતે સંભાળી રહેલ છે. તેટલું જ નહીં પરંતુ તેમાં સારા પ્રમાણમાં ડેવલપમેન્ટ પણ કરતા રહે છે અને તેમની પુત્રી કલ્પના અત્યારે કોચીનમાં વિવાહિત જીવન ગાળે છે.


શ્રી મગનભાઈને જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજની હાલની પ્રવૃત્તિઓ વિષે પૂછવામાં આવ્યું ત્યારે તેઓએ જણાવ્યું કે સમાજની સાર્વજનિક પ્રવૃત્તિઓ ઘણી જ ઉમદા અને ઉત્તમ છે પરંતુ પોતાના સભ્યો માટેની જે કંઈ પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં વિકાસને હજુ ઘણો જ અવકાશ રહે છે કે જે આપણે કરવો રહ્યો. સાથે સાથે સભ્યો માટે હજુ પણ નવી નવી પ્રવૃત્તિઓ વિકસાવવી રહી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની ભવિષ્યની પ્રવૃત્તિઓ વિષે તેમણે જણાવ્યું કે શિક્ષણની પ્રવૃત્તિઓમાં જો સમાજ આગળ વધવા માંગતું હોય તો તેની શરૂઆત છેક નીચેના સ્તરેથી એટલે કે કે.જી.ના ધોરણથી કરવી જોઈએ. સમાજે ઉચ્ચ કેળવણી માટે હાલ તો શક્ય વધુ નાણાકીય સહાયની પ્રવૃત્તિઓ પર ધ્યાન દેવું જોઈએ. એ સિવાય ''મહિલા વિકાસ પ્રવૃત્તિ'' તથા ''યુવા વિકાસ પ્રવૃત્તિ'' પર પણ સમાજે ધ્યાન આપવું જોઈએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજના એક મૂક અને અદના કાર્યકર શ્રી મગનભાઈની અદના કાર્યકર તરીકેની આ છે ઓળખ અને સાથે સાથે છે તેમની જીવનઝરમર. ■

# આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
# આનંદધામ


**અશોક મહેતા**



આનંદધામ સંકુલ

આનંદધામ એક એવી ઉમદા સંસ્થા છે કે જેની મુલાકાત હર કોઈ વ્યક્તિએ તેના જીવનમાં એક વખત જરૂરથી લેવી જોઈએ. આપણે તેને કરુણા ધામ પણ કહી શકીએ. પરંતુ અહીંનું વાતાવરણ એટલું ઉલ્લાસમય છે કે આ સંકુલની મુલાકાત લેનાર કોઈ પણ મુલાકાતીને કરુણતાના કોઈ દર્શન નહીં થાય. તેને ઉલ્લાસધામ પણ કહી શકાય.

માનસિક રીતે મંદબુદ્ધિના બાળકો - બાલીકાઓ અથવા સ્ત્રી - પુરુષો માટેનું આ રહેઠાણ છે. અહીં વિકલાંગ વ્યક્તિઓને તેના જીવનભર રાખીને તેઓનો ઉછેર કરવામાં આવે છે. તે બાવળા - નળ સરોવરના રસ્તે, બાવળાથી ૭ કિ.મી. દૂર અદ્રોડા ગામ પાસે આવેલ છે અને ૬૨,૦૦૦ ચો.વાર (અંદાજિત ૧૩ એકર) જેટલા વિસ્તારમાં ફેલાયેલ છે. ત્યાં હાલે અલગ અલગ પ્રકારના કાર્યો કરવા ૮થી ૧૦ મકાનો તૈયાર કરી લેવામાં આવેલ છે અને દરેક મકાનમાં અલગ અલગ પ્રકારની પ્રવૃત્તિઓ જેવી કે રહેઠાણ, કિચન, વર્કશોપ, રમત-ગમત સંકુલ, સ્વિમિંગ પૂલ વગેરેથી કાર્યરત રહેવા પામે છે. આ સંકુલમાં નવા નવા વિકાસ કેન્દ્રો ઊભા કરવાનું અને સંકુલના વિસ્તૃતિકરણના કાર્યો નિરંતરપણે ચાલુ રહેવા પામેલ છે.



**રાજુભાઈ શાહ**
**મેનેજિંગ ડાયરેક્ટર**
**આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ**

ચાંગોદર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલ હર્ષા એન્જિનિયર્સના એક ડાયરેક્ટર શ્રી રાજુભાઈ શાહે "આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ"ની રચના કરી, આજથી સાતેક વર્ષ અગાઉ આનંદધામની સ્થાપના કરેલ હતી કે જેનું ઉદ્‌ઘાટન વર્ષ ૨૦૧૬માં ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યપ્રધાન આનંદીબેન પટેલના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું. ત્યારબાદ અહીં જેઓ માનસિક રીતે વિકલાંગ હોય તેઓને વસાવવાની શરૂઆત કરવામાં આવેલ હતી.

આ સંકુલની સ્થાપના કરવાનો હેતુ કરુણાની ભાવનાથી પ્રેરાઈને મંદબુદ્ધિની વ્યક્તિઓને આ સંકુલમાં તેના જીવન પર્યંત રાખી, તેના જીવનમાં ઉજાસ ફેલાવવાનો રહેલ છે. અહીં તેઓને દિવસભર કાર્યરત રાખવામાં આવે છે. હાલે અહીં ૭૩ જેટલી વ્યક્તિઓ (પુરુષો તથા મહિલાઓ)ને રાખવામાં આવેલ છે. આ સંકુલના વિસ્તૃતીકરણના કાર્યો ચાલુ છે. પ્રથમ સ્ટેજે તેની કેપેસિટી ૧૫૦ સુધી લઈ જવાની અને ત્યાર પછીના સ્ટેજે તેની કેપેસિટી ૨૦૦ની કરવાની શ્રી રાજુભાઈની ગણના છે. સમાજમાંથી અનેક લોકોને અહીં વસાવવા માટે મોટી ડિમાન્ડ ઊભી થયેથી તેની

કેપેસિટી વધારવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

આ પ્રકારના અદ્યતન સંકુલના અભ્યાસ માટે શ્રી રાજુભાઈએ ખાસ ઇઝરાયેલ જઇ ત્યાંના અદ્યતન સંકુલોનો અભ્યાસ કરેલ છે અને તે પ્રમાણે અહીંના સંકુલને નીત નવા ઘાટ આપવામાં આવી રહેલ છે.

આ સંકુલમાં વસાવવામાં આવેલ મંદબુદ્ધિની વ્યક્તિઓનું તેમની ક્ષમતા પ્રમાણે ૪ ભાગમાં (ઓછી - વધુ બુદ્ધિ પ્રમાણે) વર્ગીકરણ કરવામાં આવેલ છે અને તે વર્ગીકરણ મુજબ તેઓને દિવસભર કાર્યરત રાખવામાં આવે છે. હાલે આ ૭૩ વ્યક્તિઓની સંભાળ રાખવા પાછળ ટ્રેઈન્ડ અને જનરલ પ્રકારની ૫૫ વ્યક્તિઓનો સ્ટાફ અહીં કાર્યરત રહે છે. **૭૩ મંદબુદ્ધિની વ્યક્તિ માટે ૫૫ વ્યક્તિનો સ્ટાફ – આ હકીકત જ આ સંકુલની કાર્યક્ષમતાના દર્શન કરાવે છે.**

મંદબુદ્ધિની વ્યક્તિઓને વહેલી સવારે ઉઠાડવી, વોકિંગ કરાવવું, કસરત કરાવવી, સવારમાં પ્રાર્થના કરાવી ચા-નાસ્તા કરાવવા, ત્યારબાદ નવડાવી-ધોવડાવી તેઓને અલગ અલગ પ્રવૃત્તિઓમાં જોડવા એ અહીંનું મખ્ય કાર્ય છે. જેઓથી શક્ય બને તેઓ પાસેથી ખાખરાનું પેકિંગ કરાવવું, દિવાળીના સમયે માટીના દીવડા બનાવડાવી તેને અલગ અલગ રીતે પેક કરી બજારમાં મોકલી આપવા જેવી ગૃહ ઉદ્યોગની પ્રવૃત્તિઓમાં તેઓને કાર્યરત રાખવામાં આવે છે. બપોરની રીસેસમાં જમ્યા પછી થોડો આરામ અને ત્યારબાદ ફરી કામે લગાડવામાં આવે છે. ભવિષ્યમાં ગૃહ ઉદ્યોગની અન્ય પ્રવૃત્તિઓ જેવી કે મશીનમાં ખાખરા બનાવવા વગેરે પ્રકારની પ્રવૃત્તિઓ પણ તેઓ પાસે કરાવવાના આયોજનો છે.

સાંજના સમયે તેઓને અલગ અલગ પ્રકારની એટલે કે દડા ફેંક, કેરમ જેવી રમતો રમાડાય છે. સ્વિમિંગ પૂલમાં નહાવાની તથા તરવાની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આ સંપૂર્ણ સંકુલનું આયોજન વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવેલ છે. અત્યાર સુધી આ સંકુલને કાર્યરત કરવા પાછળ રૂા. ૨૫ કરોડ જેટલો ખર્ચ થઈ જવા પામેલ છે કે જેના ૫૦% જેટલું દાન તો રાજુભાઈએ જાતે કરેલ છે. બાકીનું અનુદાન અન્ય લોકો તરફથી આવેલ છે. અહીં ડોનેશન્સ માટે હજુ સુધી ક્યારેય પણ અપીલ કરવામાં આવેલ નથી. આ સંકુલથી પરીચિત લોકો કરુણાની ભાવનાથી પ્રેરાઈને જાતે જ અનુદાન મોકલી આપે છે. તદુપરાંત સંકુલમાં કોઈ પણ સ્થળે ડોનરના નામની તક્તી લગાડવામાં આવેલ નથી. એક કોમ્યુન ટ્રી ઊભું કરવામાં આવેલ છે કે જેની ગ્રીન પાંદડીવાળી અલગ અલગ ડાળીઓ પર ૧૦" X ૨"ની પટ્ટીઓ લગાડી તેમાં ડોનરના નામ અને અનુદાનની રકમ પ્રસારિત કરવામાં આવેલ છે. નિરંતર વિસ્તૃતિકરણ પામતા આ સંકુલ પાછળ મુખ્યત્વે તો શ્રી રાજુભાઈના અંતરમાંથી ઊભી થયેલ કરુણ ભાવનાનું જ આ પરિણામ છે.

અહીં વિકલાંગ વ્યક્તિઓને ઘરના વાતાવરણની જેમ રાખવામાં આવે છે. દરેક રૂમમાં ટોઇલેટ જેવી સગવડતા ઊભી કરવામાં આવેલ છે. દરેક રૂમમાં વિકલાંગ વ્યક્તિની પરિસ્થિતિ મુજબ એક કે બે વ્યક્તિને જ રખાય છે. વિકલાંગોના મા-બાપ કે સગા-સંબંધી તેઓને મળવા આવે ત્યારે તેઓના માટે પણ રહેઠાણની તથા ખાવાપીવાની અલગથી વ્યવસ્થા કરવામાં આવે છે. અહીંનું વાતાવરણ રીસોર્ટ જેવું છે. તેથી અમુક લોકો અહીં રીસોર્ટ સમજીને પણ રહેવા આવે છે.

અહીંના મેડિકલ ક્ષેત્રની વાત કરીએ તો અઠવાડિયામાં એક દિવસ જનરલ પ્રેક્ટીશનર અહીંની વિઝીટે આવે છે અને જરૂરિયાતવાળાને ચકાસીને જરૂરી દવા આપે છે. આજુબાજુના ગામના લોકો પણ આ સેવાનો લાભ લે છે. તરતના ભવિષ્યમાં અહીં જનરલ પ્રેક્ટીશનર, ફિઝીશિયન, ડેન્ટલ, સ્કીન અને આઈ વિભાગના ડૉક્ટરોની વ્યવસ્થા કરવામાં આવશે કે જેઓ શરૂઆતના અઠવાડિયામાં એક દિવસ આ સેન્ટરની મુલાકાતે આવે અને ત્યારબાદ જરૂરિયાત અનુસાર તેમાં વધારો કરી શકાય. આજુબાજુના ગામોના લોકોને પણ આ સગવડતાનો લાભ આપવાની ગણના રાખવામાં આવેલ છે.

અહીં એક ડિપાર્ટમેન્ટલ સ્ટોર ઊભું કરવામાં આવેલ છે કે જયાંથી વિકલાંગો પોતાની જરૂરિયાત અનુસારની ખરીદી કરી શકે. દરેકને દરરોજના રૂા. ૨૦/- જેવો પગાર આપવામાં આવે છે. (ખોટી નોટોનું આ ચલણ હોય છે જેને વિકલાંગો સાચી નોટો સમજે છે.) તેઓ પાસે એક પાસબુક હોય છે કે જેમાં રકમ જમા થતી રહે છે. આ રકમ તેઓ ડિપાર્ટમેન્ટલ સ્ટોરની ખરીદીમાં વાપરે છે. આ વ્યવસ્થા પાછળનો હેતુ દરેક વિકલાંગ હિસાબ રાખવાની ક્ષમતા કેળવી શકે તેવા પ્રકારનો રહેવા પામેલ છે.

હાલે ૭૩ની કેપેસિટીવાળા આ સંકુલનો માસિક નિભાવ ખર્ચ રૂા. ૧૫ લાખ જેટલો આવે છે કે જેની સામે દરેક વિકલાંગના પરિવાર પાસેથી રૂા. ૧૫,૦૦૦/-નો માસિક ચાર્જ લેવામાં આવે છે. જે તે પરિવારની પરિસ્થિતિ પ્રમાણે તેમા બાંધછોડ પણ કરવામાં આવે છે.

આ લેખ વાંચનાર દરેક વ્યક્તિને અપીલ કરવામાં આવે છે કે તેઓએ એક વખત તો જરૂરથી આ સંકુલની મુલાકાત લેવી જોઈએ કે જેથી સામાજિક ક્ષેત્રે કરવામાં આવતા નવીન પ્રકારના કાર્યની ઝાંખી થઈ શકે.

***આનંદધામનું સરનામું નીચે મુજબ છે :***

**આનંદ ધામ,** ગામ : અદ્રોડા, કિંગ્સ વિલાની સામે,
તાલુકા : બાવળા, જિલ્લો : અમદાવાદ-૩૮૨ ૨૨૦.
ફોન : ૯૩૧૬૮ ૮૯૫૧૮, ૯૦૨૩૬ ૫૮૯૫૪
ઈ-મેઈલ : ananddham2016@gmail.com
ઈ-મેઈલ : aasthatrust2005@gmail.com

# વાંચન વિનાની પેઢી એ આશા વિનાની પેઢી છે

(એક ભારતીય એન્જિનિયરના પત્રમાંથી લીધેલા કેટલાક અંશો)

હિંમત ગાંધી / અંજની ધોળકિયા

★ 'શાંઘાઈની ફ્લાઈટમાં સૂવાના સમયે, કેબિનની લાઈટ બંધ હતી. મેં જોયું કે જાગતા લોકો iPads નો ઉપયોગ કરી રહ્યા હતા. મુખ્યત્વે એશિયનો. તેઓ બધા રમતો રમતા હતા અથવા મૂવી જોતા હતા.

ખરેખર તો મેં શરૂઆતથી જ તે પેટર્ન જોઈ હતી.

જ્યારે હું ફ્રેન્કફર્ટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર હતો, ત્યારે મેં જોયું કે મોટાભાગના જર્મન મુસાફરો શાંતિથી વાંચી રહ્યા હતા અથવા કામ કરી રહ્યા હતા. જ્યારે મોટાભાગના એશિયન મુસાફરો શોપીંગ કરી રહ્યા હતા અને કિંમતોની સરખામણી કરીને હસતા હતા.

★ આજકાલ ઘણા એશિયન લોકો પાસે બેસીને પુસ્તકો વાંચવાની ધીરજ નથી. એકવાર, એક ફ્રેન્ચ મિત્ર અને હું 'ટ્રેન સ્ટેશન' પર ટ્રેનની રાહ જોઈ રહ્યા હતા. અને આ મિત્રએ મને પૂછ્યું, 'શા માટે બધા એશિયનો ચેટ કરે છે અથવા ઇન્ટરનેટ સર્ફ કરે છે, પરંતુ કોઈ પુસ્તકો વાંચતું નથી?'

મેં આસપાસ જોયું અને ખરેખર તેમ જ હતું. લોકો ફોન પર વાત કરે છે, ટેક્સ્ટ સંદેશાઓ વાંચે છે, સોશિયલ મીડિયા પર સર્ફ કરે છે અથવા રમતો રમે છે. તેઓ મોટેથી વાત કરવામાં અથવા સક્રિય હોવાનો ડોળ કરવામાં વ્યસ્ત છે. એકમાત્ર વસ્તુ જે ખૂટે છે તે શાંત અને આરામની ભાવના. તેઓ હંમેશાં અધીરા અને ચીડિયા, નારાજ અને ફરિયાદ કરવામાં શૂરા હોય છે.

★ મીડિયા અનુસાર, ચીનમાં સરેરાશ દરેક વ્યક્તિ પ્રતિ વર્ષ માત્ર ૦.૭ પુસ્તકો, વિયેતનામમાં ૦.૮ પુસ્તકો, ભારતમાં ૧.૨ પુસ્તકો અને કોરિયામાં ૭ પુસ્તકો સરેરાશ દરેક વ્યક્તિ પ્રતિ વર્ષ વાંચે છે. ફક્ત જાપાન ૪૦ પુસ્તકો વ્યક્તિદીઠ પ્રતિ વર્ષ વાંચીને પશ્ચિમી દેશો સાથે તુલના કરી શકે છે.

એકલા રશિયામાં ૫૫ પુસ્તકો વ્યક્તિ દીઠ પ્રતિ વર્ષ વાંચે છે. ૨૦૧૫માં ૪૪.૬% જર્મનો અઠવાડિયામાં ઓછામાં ઓછું એક એક પુસ્તક વાંચે છે. નોર્ડિક દેશો માટે પણ સમાન સંખ્યા છે.

★ આંકડા દર્શાવે છે કે વાંચન ન ગમવાનું કારણ મુખ્ય ત્રણ પાસા છે.

એક છે લોકોની સંસ્કૃતિનું નીચું સ્તર (શિક્ષણ નહીં). તેથી લોકો જ્યારે મળે છે ત્યારે હંમેશાં ઘણી વાતો કરે છે અને કંટાળો આવ્યા વિના આખો દિવસ ચેટ કરે છે. તેઓ હંમેશાં અન્ય લોકોની વાતો જાણવા ઉત્સુક હોય છે. સામાજિક નેટવર્કસને સતત અપડેટ કરે છે અને નોંધપાત્ર કોમ્યુનિકેશન જરૂરિયાતો ધરાવે છે.

બીજું, નાનપણથી જ તેમને વાંચવાની સારી ટેવ પાડવામાં આવતી નથી. કારણકે તેમના માતા-પિતા પાસે પુસ્તકો વાંચવાની પ્રેક્ટિસ નથી. તેથી યુવાનોને તેમના જીવનની શરૂઆતથી જ ઉછેર દરમિયાન તે વાતાવરણ મળતું નથી. યાદ રાખો, બાળકનું વ્યક્તિત્વ મુખ્યત્વે કુટુંબમાંથી ઘડાય છે.

ત્રીજું 'પરિણામલક્ષી શિક્ષણ' છે. જેના કારણે નાના બાળકોને બહારના પુસ્તકો વાંચવા માટે સમય અને શક્તિ નથી મળતી. મોટેભાગે તેઓ પુસ્તકો પણ વાંચે છે, તો તે પરીક્ષા આપવા માટે છે. જૂના અભ્યાસપ્રથાના વાતાવરણે અભ્યાસ કરવાની, ડિગ્રી મેળવવાની અને પછી વાંચવાનું બંધ કરવાની આદત પડી ગઈ છે.

★ વિશ્વમાં સૌથી વધુ વાંચવા માંગતા બે દેશો ઇઝરાયેલ અને હંગેરી છે. ઇઝરાયેલમાં સરેરાશ વ્યક્તિ વર્ષમાં ૬૪ પુસ્તકો વાંચે છે. જ્યારે બાળકો સમજવાનું શરૂ કરે છે ત્યારથી, લગભગ દરેક માટા તેના બાળકોને શીખવે છે : "પુસ્તકો એ શાણપણનો ભંડાર છે. પૈસા, ખજાના કરતાં શાણપણ વધુ મૂલ્યવાન છે જે તમારી પાસેથી કોઈ છીનવી શકતું નથી."

★ હંગેરીમાં લગભગ ૨૦,૦૦૦ પુસ્તકાલયો છે અને સરેરાશ ૫૦૦ લોકો દીઠ એક પુસ્તકાલય છે. પુસ્તકાલયમાં જવું એ કોફી શોપ અથવા સુપર માર્કેટમાં જવા જેટલું સારું છે. હંગેરી એ વિશ્વમાં પુસ્તકો વાંચતા લોકોની સૌથી નોંધપાત્ર સંખ્યા ધરાવતો દેશ પણ છે. દર વર્ષે ૫ મિલિયનથી વધુ લોકો નિયમિતપણે વાંચે છે, જે આ દેશની વસ્તીના ચોથા

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૬ ઉપર)

પ્રેરક નિબંધ

# પગરખાં ગોઠવનાર



નટવર આહલપરા

વર્ગખંડમાં બારમા ધોરણના વિનયન અને વાણિજ્ય વિભાગના છાત્રોને વર્ષ ૧૯૮૦થી ૧૯૯૧ સુધી ગુજરાતી વિષયમાં કાવ્ય પાઠ ભણાવ્યા હતા. રમણલાલ ચી. શાહ લિખિત 'પાસપોર્ટની આંખે' પુસ્તકનો પ્રેરક નિબંધ 'પગરખાં ગોઠવનાર' પણ હજારો છાત્રોને ભણાવ્યો હતો. નિબંધ આજે તો યુવાન ઉદ્યોગકારો માટે ખૂબ જ પ્રેરક છે. જાપાનના ધનાઢ્ય વ્યક્તિ પણ સામાન્ય કે તુચ્છ લેખાતું કામ કરવા ખંચાતી નથી. જાપાનની પ્રજાના વિકાસમાં એ પ્રજાની કર્તવ્ય નિષ્ઠા કેવી રહી છે તે નિબંધના પ્રસંગમાંથી સમજાશે.

જાપાનમાં હિરોશીમા પાસે કુરેં નામનું ગામ છે. મિટુટોયો નામની કંપનીનું ત્યાં વિશાળ કારખાનું છે. મિટુટોયો જાપાનની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી કંપની છે. જાપાનમાં તથા ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં જુદા જુદા સ્થળે એનાં ઘણા કારખાના છે. અગાઉથી નક્કી કરીને કુરેના કારખાનાની મુલાકાતે અમે પાંચ મિત્રો ગયા હતા.

કારખાનામાં પ્રવેશતા જ અમે જોયું કે એની વડી કચેરીની બહાર જાપાની ધ્વજ ઉપરાંત ભારતીય ધ્વજ પણ તે દિવસે ફરકાવવામાં આવ્યો હતો. ઓફિસમાં પણ ટેબલ ઉપર નાનકડા જાપાની તેમજ ભારતીય ધ્વજ મૂકવામાં આવ્યા હતા. વિદેશના મહેમાનોનું સ્વાગત કરવાની જાપાની લોકોની આ એક પ્રણાલિકા છે.

જાપાની રિવાજ મુજબ સૌ પ્રથમ અમને 'ઓશિબોરું' આપવામાં આવ્યું. ઓશિબોરું એટલે વરાળ નીકળતા ગરમ પાણીમાં બોળેલો અને વીંટાળીને રાખેલ ટર્કિશ રૂમાલ. એ રૂમાલ વડે મોઢું સાફ કરતાં તાજગી અનુભવાય છે. જાપાનમાં મહેમાનોને સૌ પ્રથમ ઓશિબોરું આપવામાં આવે છે. બહારથી થાકીને આવેલા કુટુંબના સભ્યોને પણ તરત ઓશિબોરું આપવામાં આવે છે. ગરમી હોય તો કોલન વોટરવાળા ઠંડા પાણીમાં બોળેલું ઓશિબોરું અપાય છે.

ઓશિબોરું પછી અમને 'ઓચા' આપવામાં આવી. ઓચા એટલે એક પ્રકારની લીલી ચા. તેનો લીલા રંગનો ભૂકો ગરમ પાણીમાં અપાય છે. તેમાં દૂધ અને સાકર નખાતાં નથી. આ લીલું ગરમ પ્રવાહી એ જાપાનીઓનું પ્રિય પીણું છે. આપણે જે ચા પીએ છીએ તેને જાપાનમાં 'કોચો' કહેવામાં આવે છે. જાપાનમાં ઘણા લોકો તેમાં દૂધને બદલે લીંબુ નિચોવીને પીએ છે. ઓચા અને કોચા એ બંનેનો સ્વાદ કેળવીએ તો આપણને પણ તે ભાવે.

ઓચા પછી અમારા માટે સેન્ડવિચ અને કોફી આવ્યાં. કારખાનાના મેનેજરના મદદનીશ પચ્ચીસેક વર્ષનો એક યુવાન મેનેજરની સૂચનાનુસાર અમારા માટે આ બધી વસ્તુઓ લાવવામાં ઉત્સાહપૂર્વક દોડાદોડી કરે છે.

મેનેજરે કારખાના વિશે અમને બધી માહિતી આપી. કારખાનામાં જુદી જુદી જાતનાં માપ લેવા માટેનાં ઓજારો બનાવવામાં આવે છે. દર મહિને નિર્ધારીત ઉત્પાદન અવશ્ય થાય જ છે, કેમ કે મજૂરોના પક્ષે કે વ્યવસ્થા વિભાગના પક્ષે સમયનો જરા પણ બગાડ થતો નથી. મેનેજરે કહેલી આ વાતનો અમને પ્રત્યક્ષ અનુભવ પણ થયો. સૌ પ્રથમ જે એક વિભાગની અમે મુલાકાત લીધી ત્યાં જોયું કે એકસાથે બસ્સો કરતાં પણ વધુ કારીગરો કામ કરતા હતા, છતાં કોઈ અંદરઅંદર વાતચીત કરતું ન હતું. કોઇએ અમારી સામે નજર સુધ્ધાં કરી નહીં. પોતાને સોંપાયેલું કામ કામદારો ત્યાં પૂરેપૂરી નિષ્ઠાથી કરતા હતા.

ત્યાર પછી અમે બીજા એક વિભાગમાં દાખલ થયા. સૂક્ષ્મતમ માપ માટેનાં યંત્રોનો આ આખો વિભાગ એરકન્ડિશન્ડ હતો. એટલે અમારે અમારા બૂટ-ચંપલ બહાર કાઢવા પડ્યા. બદલામાં અમને રબરનાં સ્લીપર આપવામાં આવ્યા. કારખાનામાં બહારની ધૂળ કે ઝીણી રજકણ પેસી ન જાય તે માટે આ વ્યવસ્થા હતી. એ વિભાગમાંથી અમે જ્યારે નીકળ્યા ત્યારે અમારું તરત ધ્યાન પડ્યું કે ગમેતેમ કાઢેલા અમારા બૂટ-ચંપલ કોઈકે બરાબર એવા વ્યવસ્થિત રીતે હારબંધ ગોઠવેલાં હતાં કે બહાર નીકળતાં તે સીધા આપણા પગમાં પહેરાય. પહેરવા માટે અવળા ફરવું ન પડે. જાપાનમાં ઘરની બહાર પગરખાં કાઢવાની આ એક જુદી જ પ્રણાલી છે. જાપાનમાં લોકો ઘરમાં દાખલ થતી વખતે અવળા ફરીને પગરખાં કાઢે છે. જેથી બહાર જતી વખતે અવળાં ફરવું ન પડે. આંગણામાં ગમે તેમ પડેલાં પગરખાં માટે જાપાનીઓને અણગમો હોય છે. વ્યવસ્થિત ગોઠવેલાં પગરખાં એ જાપાનીઓના કુટુંબ સંસ્કારનું એક આગવું લક્ષણ છે.

અમે કારખાનાના બીજા એક વિભાગની મુલાકાત લીધી. ત્યાંથી પાછા ફરતાં પણ જોયું કે અમારા પગરખાં કોઈકે વ્યવસ્થિત ગોઠવી દીધા હતા. ત્યાંથી અમે ત્રીજા એક વિભાગમાં દાખલ થયા. અહીં અમે જાતે અમારા પગરખાં જાપાની પદ્ધતિ પ્રમાણે વ્યવસ્થિત ગોઠવીને દાખલ થયા. પરંતુ આ વિભાગમાં જે દરવાજેથી અમે દાખલ થયા તેને બદલે બીજા દરવાજેથી અમારે બહાર નીકળવાનું થયું. અમે મેનેજરને કહ્યું, 'પણ અમારા બૂટ-ચંપલ તો પેલી બાજુ છે.' તેણે કહ્યું, 'તેની તમે ફિકર કરો નહીં.'

અને બીજા દરવાજેથી બહાર નીકળ્યા તો અમારા બૂટ-ચંપલ ત્યાં વ્યવસ્થિત ગોઠવાયેલા હતા. કોઈક અમારા બૂટ-ચંપલ એક દરવાજેથી ઉઠાવીને આ બીજે દરવાજે લઈ આવ્યું હતું. કોણ આ બધું કરે છે તેનું અમને કુતૂહલ થયું, કારણકે કોઈ નોકર ત્યાં નહોતો. ત્યાર પછી બીજા એક વિભાગમાં દાખલ થયા પછી અમારામાંના એકે સહેજ પાછા ફરીને જોયું તો જણાયું કે પેલો પચ્ચીસ વર્ષનો યુવાન નીચે બેસીને અમારા બૂટ-ચંપલ વધુ વ્યવસ્થિત રીતે ગોઠવી રહ્યો હતો. એ જ યુવાન એ કામ પતાવીને તરત જ કારખાનામાં અમારી સાથે થઈ જતો અને મેનેજર કહે તે પ્રમાણે જુદી જુદી બાબતોથી અમને સમજણ આપતો. તે સારો જાણકાર એન્જિનિયર છે, એ તો તેની સમજાવવાની રીત પરથી જ અમે જોઈ શક્યા હતા.

'તમારા આ યુવાન એન્જિનિયર કારખાના વિશે ઘણું સારું જ્ઞાન ધરાવે છે' મેં કહ્યું.

'હા, એણે અમેરિકામાં એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે' મેનેજરે કહ્યું.

'પણ તમારા આ એન્જિનિયર અમારા પગરખા ઊંચકીને વ્યવસ્થિત મૂકે છે એની અમને શરમ આવે છે' મેં કહ્યું.

'તેથી શું થયું? જાપાનમાં કોઈ પણ કામ કરવાની કોઇને શરમ નડતી નથી. ભણેલા હોય તો પણ મજૂરનું કામ કરે છે. અમારા આ એન્જિનિયર હજુ પણ ઘણી વખત મજૂરોની સાથે મજૂરની જેમ કામ કરે છે. એના પિતાશ્રીની અમને ખાસ સૂચના છે કે એને બધા જ પ્રકારની તાલીમ મળવી જોઈએ.'

'આ જમાનામાં આવી સૂચના આપનાર પિતા બહુ વિરલ કહેવાય. એના પિતાશ્રી શું કરે છે?' અમે પૂછ્યું.

'એ અમારા આ કારખાનાના માલિક છે – મિ. યેહાન નુમાટા.'

'ઓહ! યેહાન નુમાટાના આ પુત્ર છે?' અમારા મુખમાંથી આશ્ચર્યના ઉદ્‌ગાર સરી પડ્યા. 'યેહાન નુમાટા તો જાપાનના એક અગ્રગણ્ય ઉદ્યોગપતિ છે. જાપાનનાં એક અબજપતિ છે' અમે કહ્યું.

'હા, એમની ઇચ્છા છે કે એમનો દીકરો આવતા વર્ષે કંપનીનો ડાયરેક્ટર બને તે પહેલા કારખાનામાં બધા જ પ્રકારનું કામ નિષ્ઠાપૂર્વક અને રસપૂર્વક એણે કરેલું હોવું જોઈએ. તો જ તે ડાયરેક્ટરના પદને યોગ્ય ગણાય.'

અબજપતિના એ એન્જિનિયર પુત્રને અને પોતાના પુત્ર માટે આવી દૃષ્ટિ અને ભાવના ધરાવનાર પિતાને અમે મનથી વંદન કરી રહ્યા.

*'શ્રી પવનતનય', ૧૦૧, એસ્ટર ફ્લેટ્સ, શ્યામલ સ્કાય લાઇફ એપાર્ટમેન્ટ સામે,*
*આયર્લેન્ડની નજીક, સ્પીડવેલ પાર્ટી પ્લોટની પાછળ,*
*અંબિકા ટાઉનશિપ, મવડી એરિયા, નવા મવા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.*
*મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨*

## વાંચન વિનાની પેટી એ આશા વિનાની પેટી છે

**(અનુસંધાન : પાના નં. – ૧૪ ઉપરથી ચાલુ)**

ભાગથી વધુ છે. યહૂદીઓ એકમાત્ર એવા લોકો છે જેમાં કોઈ અભણ લોકો નથી. ભિખારીઓ પાસે પણ હંમેશાં પુસ્તક હોય છે. તેમની નજરમાં, પુસ્તકો વાંચવા એ લોકોનો ન્યાય કરવા માટે ઉત્તમ ગુણવત્તા છે.

★ જે લોકો વાંચે છે તેમની વિચારવાની રીત ખૂબ જ અલગ હોય છે અને જો તેમની પાસે તેજસ્વી સિદ્ધિઓ ન હોય, તો પણ તેમની માનસિકતા ખૂબ જ સારી હોય છે. પુસ્તકો માત્ર વ્યક્તિગત રીતે અસર કરતા નથી, તે સમાજને અસર કરે છે. જ્ઞાન શક્તિ છે અને જ્ઞાન સંપત્તિ છે. જે દેશ અથવા વ્યક્તિ પુસ્તક વાંચન અને જ્ઞાન સંચયને મહત્ત્વ આપે છે, તે અગ્રેસર રહેશે.

★ એક મહાન વિદ્વાને એકવાર કહ્યું હતું : 'વ્યક્તિના વિચાર વિકાસનો ઇતિહાસ એ તેનો વાંચન ઇતિહાસ છે. કેટલા લોકો પુસ્તકો વાંચે છે અને તેઓ કેવા પ્રકારના પુસ્તકો પસંદ કરે છે તેના આધારે સમુદાય વિકાસ કરશે કે પાછળ રહેશે તે નક્કી થાય છે.

*યાદ રાખો :* વાંચ્યા વિનાની રેસ એ આશા વિનાની રેસ છે.

શુભેચ્છા સહ... **વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રીમતી મણિબેન પ્રેમજી કારાણી મેમોરીયલ ટ્રસ્ટ સંચાલિત**

**એન્કરવાલા શ્રી સરસ્વતી વિદ્યા મંદિર – માંડવી, કચ્છ.**

**(શિશુવાટીકા, પ્રાથમિક, માધ્યમિક)**

# નવી સરકાર પાસે પ્રજાની અપેક્ષાઓ



પી. કે. લહેરી

ગુજરાતના ૬૨ વર્ષના ઇતિહાસમાં ભારતીય જનતા પક્ષને વિધાનસભાની ૨૦૨૨ની સામાન્ય ચૂંટણીમાં અભૂતપૂર્વ સફળતા હાંસલ થઇ. ૧૮૨ સભ્યોની વિધાનસભામાં ૧૯૮૫માં શ્રી માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં ૧૪૯ સભ્યોની જીતનો જે વિક્રમ રચ્યો હતો તેને પાર કરીને ભારતીય જનતા પક્ષે નવી સિદ્ધિનો ૧૫૬ સભ્યો સાથે સર્વોચ્ચ આંક સ્થાપિત કર્યો છે. જેટલી સફળતા મોટી, તેટલી પ્રજાની અપેક્ષાઓ પણ વધારે હોય તે સ્વાભાવિક છે. દરેક પક્ષ સંકલ્પપત્ર દ્વારા પોતે સત્તામાં આવીને શું કામ કરશે તેની જાહેરાત તો કરે છે. નવા વરાયેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'સંકલ્પપત્રનો ચુસ્ત અમલ એ અમારી સરકારી અગ્રતા રહેશે' તેવું નિવેદન કર્યું છે. આ માટે મુખ્યમંત્રીશ્રી ધન્યવાદને પાત્ર છે.

**આઝાદી સમયે સ્વરાજ સાથે સુરાજ્ય સ્થપાશે તેવી સૌની અપેક્ષા હતી.** હજાર વર્ષની ગુલામી અને શોષણના કારણે જે કંગાલિયત, બીમારી, નિરક્ષરતા અને પછાતપણું હતું તેમાંથી ૭૫ વર્ષે દેશે નોંધપાત્ર વિકાસ કર્યો છે. કોઈ પણ શાસક માટે સુશાસન આપવું એ એક પડકાર છે. સરકાર દ્વારા વિકાસનાં અને લોક કલ્યાણનાં કામોને પ્રાધાન્ય મળતું રહે તેવી લોકોની અપેક્ષા હોય છે. ગુજરાત તેના સ્થાપનાકાળથી અન્ય રાજ્યોની તુલનામાં પ્રગતિશીલ રહ્યું છે. કૃષિ, ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ મેળવીને ગુજરાતે એક મોડલ પૂરું પાડ્યું છે. કોરોનાકાળની પછડાટ બાદ ઊભું થયેલું ગુજરાત આજે પ્રગતિના પંથે ખૂબ ઝડપથી આગળ વધવા સુસજ્જ છે. આગામી પાંચ વર્ષમાં ગુજરાતના અર્થતંત્રનું કદ યુ.એસ. ડોલરની રીતે એક ટ્રીલિયનનું થાય તેવું સ્વપ્ન સાકાર થવાની પૂરેપૂરી સંભાવના છે.

**લોકોને સરકાર પાસેથી સૌથી પ્રથમ અપેક્ષા સલામતીની – કાયદો-વ્યવસ્થાની સ્થિતિ નિયંત્રણમાં રહે તેવી હોય છે.** ગુજરાતમાં ગુનાઓનું પ્રમાણ રાષ્ટ્રીય સરેરાશ નજીકનું છે. ૨૦૦૨ના વર્ષ બાદ કોમી હુલ્લડો, કરફ્યૂ, ગોળીબાર જેવા બનાવો નથી બન્યા તેથી લોકો સલામતી અનુભવે છે. પોલીસતંત્ર લોકોના સાચા અર્થમાં રક્ષક બને તે માટે વિશેષ તાલીમની, પ્રજા સાથે સંપર્ક, સંવાદ અને સંવેદનાથી વિશ્વાસ પેદા કરવાની અને પોલીસ સ્ટેશનોને 'વહીવટદારોની' નાગચૂડમાંથી મુક્ત કરી શકાય તો પ્રજા નિશ્ચિત બની જીવી શકશે. સ્થાનિક કક્ષાએ અમુક અસામાજિક તત્ત્વોની દાદાગીરી અને લુખ્ખાગીરીને ડામવાની તાતી જરૂરિયાત છે. ખાનગી ધીરાણ દ્વારા દેવાદાર પરિવારોનું શોષણ એટલી હદે થાય છે કે દેવાદાર વ્યક્તિ કે પરિવાર સામૂહિક રીતે આત્મહત્યા કરે છે. ખનીજચોરી, વાહન વ્યવહારમાં જોહુકમી, ગેરકાયદે દારૂનો વેપાર અને જમીન પડાવી લેવાના કિસ્સાઓ અંગે વર્તમાનપત્રોમાં દરરોજ કોઈક ને કોઈક સમાચાર હોય જ છે. હમણાં હમણાં નશાયુક્ત પદાર્થોનું, ડ્રગનું દૂષણ પણ ચિંતાજનક રીતે વધ્યું છે. આ બાબતો અંગે વિશેષ કાળજી થાય તેવી અપેક્ષા છે.

**જીવનમાં રોટી, કપડાં, મકાન એ ત્રણ જરૂરિયાતો પાયાની ગણાય છે.** સરકારે બે વર્ષથી ગરીબ પરિવારોને નિઃશુલ્ક અનાજ આપી ખૂબ સારી રાહત કરી આપી છે. ગરીબીનું પ્રમાણ વસ્તીના ૧૨ ટકા સુધી આવ્યું હતું, પણ કોરોનાની મહામારીના કારણે તેમાં નોંધપાત્ર વધારો થયો હતો. હવે આર્થિક ગતિવિધિઓ ઝડપી બનતાં ગરીબી અને બેરોજગારીમાં નોંધપાત્ર ઘટાડો થાય તેવી અપેક્ષા સૌના મનમાં હોય તે સ્વાભાવિક છે. ગુજરાતમાં કૂપોષણની સમસ્યાને પણ અગ્રતાના ધોરણે કાયમી રીતે ઉકેલવાની જરૂર છે. આદિજાતિમાં સિકલસેલનો પ્રશ્ન, બહેનોમાં લોહતત્ત્વની ઊણપ, થેલેસેમિયાના કેસોની સંખ્યા, કેન્સર, કિડની અને કાર્ડિયાક રોગોનું પ્રમાણ, ક્ષયની બીમારી અને ડાયાબિટીસના રોગને નાથવાનો પડકાર નાનોસૂનો નથી. 'રોટી' સાથે પોષણ અને આરોગ્યનો વિચાર કરીએ તો જે પ્રશ્નો છે, તેના ઉકેલ માટે સર્વગ્રાહી યોજના બનાવી એક હજાર દિવસમાં ચુસ્ત અમલ થઇ શકે તો આ બાબતોની સમસ્યાનું ચોક્કસ નિરાકરણ થઈ શકે તેમ છે.

આપણા દેશમાં કપડાંની ઉપલબ્ધિ ખૂબ સારી છે. **મકાન માટે મુખ્ય પ્રશ્ન તેની ખૂબ ઊંચી અને અનેકને પરવડી જ ન શકે તેવી કિંમતનો છે.** સરકારે ગરીબ અને મધ્યમવર્ગને નાણાંકીય સહાય કરી આ બોજ હળવો કરવા પ્રયત્ન કર્યો છે, પણ તેમાં હજી સમયાનુસાર થોડા ફેરફાર કરવા જરૂરી છે. જમીન અંગે ખાસ કરીને નવી શરત - જૂની શરત, બિનખેતી, ટાઉન પ્લાનિંગ વગેરેને કારણે

લોકોને ઘણી હાલાકી અનુભવવી પડે છે. ગ્રામીણ, તાલુકા અને જિલ્લા કક્ષાએ વહીવટી સુધારણા કરી લોકોને જમીનના ઉપયોગમાં સરળતા રહે તેવી જોગવાઈઓની અપેક્ષા છે. વિકાસની સાથે વીજળી, રસ્તા અને પાણીની સુવિધાઓ સૌને મળે તે માટેની છે. જ્યોતિગ્રામ યોજનાએ ગુજરાતમાં સૌને 24 X 7 વીજળી ઉપલબ્ધ કરાવાની એક ક્રાંતિ કરી છે. ગુજરાતના રસ્તાઓથી સૌ પ્રભાવિત થતા હતા, પરંતુ છેલ્લાં થોડાં વર્ષોથી શહેરોના રસ્તાની હાલત બગડી છે. નેશનલ હાઈવેની જાળવણીમાં પણ તેનું સત્તામંડળ ખૂબ ઊણું ઊતર્યું છે. નર્મદા યોજના સંકલિત પાણી પુરવઠાના નેટવર્ક બાદ પીવાના પાણીની સમસ્યા જે અગાઉ વિકરાળ હતી, તે લગભગ હલ થઈ છે. સ્થાનિક સ્તરે પાણીના જે સ્રોતો છે તેની જાળવણી અને વિકાસ થાય તે જરૂરી છે.

**વર્તમાન યુગમાં દરેક નાગરિકને અદ્યતન આરોગ્ય-સુવિધાઓ અને સારું શિક્ષણ મળે તેમાં સરકારની મદદની અપેક્ષા રહી હોય છે.** આ બંને આવશ્યક સેવાઓમાં - ખાસ કરીને ખાનગી ક્ષેત્રમાં ખૂબ તગડી ફી વસૂલે છે. સરકારી યોજના હેઠળ હાલ ગરીબ અને મધ્યમવર્ગને રૂા. પાંચ લાખની ખૂબ ઉત્તમ સારવાર ‘આયુષ્યમાન કાર્ડ’ દ્વારા નિઃશુલ્ક પ્રાપ્ત છે. શિક્ષણમાં બાલમંદિર હોય કે ઉચ્ચશિક્ષણ – આપણે ફીની રકમ સાંભળીએ છીએ તો આપણી આંખો આશ્ચર્ય સાથે મોટી થઈ જાય છે. જો સરકારી શાળાના શિક્ષકો પોતાના વ્યવસાયની મહત્તા સમજીને ભાવિ પેઢીના ઘડતર માટે સંકલ્પબદ્ધ અને સમર્પિત થાય તો તેમાં નોંધપાત્ર સુધારો છે. આજે જે થોડી સરકારી પંચાયત શાળાઓ આદર્શરૂપ છે તે અપવાદ ગણાય છે. **સરકારી શાળામાં ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત થાય, તો જ ભાવિ પેઢીમાં સમાનતા શક્ય બનશે.**

ચૂંટણી સમયે મતદારોને અનેક પ્રલોભન આપતી લલચામણી જાહેરાતો કરી છે. જરૂરિયાતમંદ, વંચિતો અને શોષિતોને મદદ કરવી તે રાજધર્મ છે. આજે સરકાર સૌ પાસેથી કર વસૂલે છે પણ સરકારી નાણું એક યા બીજા બહાને થોડી માલેતુજાર વ્યક્તિઓ વ્યવસ્થા કરી સેરવી લે છે. **સરકારી નાણાંનો ઉપયોગ ખૂબ કાળજીથી, કરકસરથી અને કાર્યક્ષમ રીતે થાય તેવી અપેક્ષા અસ્થાને નથી.**

નવી સરકારે અભૂતપૂર્વ જનસમર્થન પ્રાપ્ત કર્યા પછી લોકોની સુખાકારી વધારવા માટે અનેક પડકારોને પહોંચી વળવાનું છે. છેવાડાના માનવીની સુખાકારીને સર્વોચ્ચ અગ્રતા મળશે તો સૌ રૂડાં વાનાં થઈ રહેશે તેમાં શંકા કરવાનું કશું કારણ નથી. સર્વોદય, અંત્યોદય, વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી યોજનાઓ થકી આપણે કવિ નર્મદની ઇચ્છા પૂર્ણ કરીશું. ‘તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત, જય જય ગરવી ગુજરાત.’

***“વિશ્વ વિહાર”ના સૌજન્યથી***

## આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ – ૨૦૨૩

**(અનુસંધાન : પાના નં. – ૨૨ ઉપરથી ચાલુ)**

કચ્છ સૌરાષ્ટ્રનાં ૮૦ ટકા ઘરોમાં ખવાય છે. ૫૦ ટકા ઘરોમાં નિયમિત ખવાય છે. **ભારતમાં ઉગતા બાજરામાંથી લગભગ ૮૦ ટકા ઉત્પાદન માત્ર રાજસ્થાનમાં થાય છે.** અહીંની જમીન ઓછી ફળદ્રુપ છે અને હવામાન શુષ્ક, રેતાળ જમીન અને શુષ્ક ઋતુમાં બાજરી સારી રીતે ઊગે છે.

શરૂમાં બાજરાનું નામ પડ્યું નહોતું પણ બાજરો ખાધા ભેગો પચી ગયો અને તરત ભૂખ લાગી એટલે શરૂમાં તેનું નામ ‘જયોં બા જયોં’ પડ્યું. મતલબ કે જેવો પેટમાં ગયો એવો જ પચી ગયો. આવા વિશેષણનો અપભ્રંશ થઈને એનું નામ કાળક્રમે બાજરો પડ્યું.

બાજરા માટે કેટલીયે કહેવત હતી. ગાંધીજીના આશ્રમમાં એટલે જ કહેવાતું કે ભાઈ, બાજરા જેવો સીધો સરળ થા, કોઈને ભારે ન પડે. બાજરામાં જીવાત ન પડે અને લાંબો ટકે એટલે એના ચૂલાની છાણાની રાખ લગાવવામાં આવતી. તેથી બાજરો ટકતો. એ પરથી બાજરાની કહેવત પડી કે : બાજરો રાખથી સારો રહીને ટકે અને બાવો ભભૂત લગાવવાથી શોભે. છાણાની રાખને પણ બાજરો આભૂષણ માને છે.

બાજરી એ મનુષ્ય દ્વારા ઉગાડવામાં આવતા સૌથી પ્રારંભિક પાકોમાંનો એક છે. બાજરી સાથે સંબંધિત વૈશ્વિક ચળવળ ખાદ્ય સુરક્ષાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. બાજરીનો ઉછેર સરળ છે. આબોહવાને અનુકૂળ છે અને દુષ્કાળ પ્રતિરોધક છે. બાજરી સંતુલિત પોષણોનો સમૃદ્ધ સ્રોત છે. જે ખેતીની કુદરતી રીતો સાથે સુસંગત છે અને ઓછા પાણીની જરૂર પડે છે. બાજરી ઉપભોક્તા, ખેડૂત અને આબોહવા માટે સારી છે. બાજરી કૃષિ અને આહારની વિવિધતા વધારવાનો સારો માર્ગ છે. બાજરી ગ્રાહક, ખેડૂત અને આબોહવા માટે સારી છે. તે ગ્રાહકો માટે સંતુલિત પોષણનો સમૃદ્ધ સ્રોત છે. તે ખેડૂતો અને આપણા પર્યાવરણને લાભ આપે છે કારણકે તેને ઓછા પાણીની જરૂર હોય છે અને ખેતીની કુદરતી રીતો સાથે સુસંગત છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બાજરી વર્ષ નિમિત્તે આયોજિત વિશેષ લંચમાં ઉપરાષ્ટ્રપતિશ્રી જગદીપ ધનખડજી ઉપરાંત વિપક્ષના નેતા શ્રી મલ્લિકાર્જુન ખડગેજી, રક્ષામંત્રી શ્રી રાજનાથસિંહજી સહિતના તમામ દિગ્ગજોએ મોટા અનાજથી બનેલી વાનગીઓ આરોગી હતી. કૃષિપ્રધાનશ્રી નરેન્દ્રસિંહજી તોમર દ્વારા આયોજિત બાજરીના ભોજનનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી લગભગ ૪૦ મિનિટ સુધી હાજર રહ્યા હતા.

*સંદર્ભ : વીકિપીડિયા અને મીડિયામાં પ્રસારિત અહેવાલો.*

***ભુજ, કચ્છ.***

**મો. ૮૮૪૯૧ ૮૪૦૧૧**

# ભૂકંપ ગોજારો : અનુભવ અનોખો!

જગદીશચંદ્ર છાયા

તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ગોજારા ભૂકંપમાં આપણા સ્વજનોની યાદમાં, ભુજિયા ડુંગર પર નવનિર્મિત 'સ્મૃતિવન' (અર્થક્વેક મ્યુઝિયમ)માં સામૂહિક શ્રદ્ધાંજલિ હેતુ વૃક્ષારોપણ, મુલાકાત સહિત વિવિધ આયોજન થયેલ હતા. એ ગોજારો ભૂકંપ કચ્છીઓ કદી ભૂલી નહીં શકે. એ વખતે કચ્છના ઈતિહાસ - ભૂગોળ જાણે કે બે ભાગમાં વહેંચાઈ ગયા હતા. 'ભૂકંપ પહેલાનું કચ્છ અને પછીનું કચ્છ.' જેમણે એ ભયાનકતા જોઈ છે એ દરેક વ્યક્તિ માટે ભૂકંપ વ્યક્તિગત અનુભવનું અવિસ્મરણીય ભાથું બની ગયો છે. અમારો અનુભવ તદ્દન અનોખો છે.

એ પ્રજાસત્તાક દિને સવારે મારી શાળામાં ધ્વજ વંદનની તૈયારી ચાલતી હતી ને ભયાનક ભૂકંપ આવ્યો. ધરતી માતા જાણે મધદરિયે તોફાનમાં હોડી ડોલે એમ ડોલવા લાગી. અનેક સુપરસોનીક વિમાનો પસાર થતા હોય એવો ઘરઘરાટીભર્યો અવાજ! મને થયું કે હવે આ ધરતી ફાટશે અને અમે બધાં એમાં સમાઈ જઈશું અને આ વિસ્તાર બની જશે 'મોંહેજો દરો...!' આ હાલતમાં શાળાનાં બાળકો એકદમ ગભરાઈ જાય એ સ્વાભાવિક છે. તેઓ રડવા લાગ્યાં. અમે સ્ટાફ સભ્યોએ પણ આવું ભયંકર તાંડવ અગાઉ ક્યારેય જોયું ન હોય એ પણ સ્વાભાવિક છે. અમે પણ સ્તબ્ધ બની ગયા. અમને પણ સમજતા વાર લાગી કે આ વાવાઝોડું નથી, ડરામણો ધરતીકંપ છે.

ભયભીત બાળકોને એ સમયે અમારામાં મા-બાપ દેખાયાં હોય તેમ અમને ભેટી પડ્યાં! ધરતી ચગડોળ જેમ હાલક ડોલક થતાં સર્જાયેલી અફડાતફડીમાં કેટલાંક બાળકો પડી ગયાં. તો અમારી શિક્ષકોની પણ એ જ હાલત થઈ. માંડ માંડ પોતાની જાતને સંભાળી.

દોઢેક મિનિટ આ હાલત રહી. ભૂકંપ શાંત થતા જ અમારું કામ કપરો સમય સાચવવાનું હતું. અલબત્ત, અમને અમારાં પરિવારની ચિંતા હતી, પણ બાળકોને રેઢા મૂકીને જવાનું મન ચોખ્ખી ના પાડતું હતું. એમાંય મારી આચાર્યની જવાબદારી! છેવટે મેં સ્ટાફ ભાઈ-બહેનોને મુક્ત કર્યા પણ હું અને એડ. પ્રવીરભાઈ ધોળકિયા, જ્યાં સુધી તમામ વાલીઓ બાળકોને લઇ ન ગયાં ત્યાં સુધી બાળકોના ઘેરા વચ્ચે બેસી રહ્યા. સતત ભય સાથેની ઘર-પરિવારની ચિંતાને મનના ઊંડાણમાં દબાવીને સ્વસ્થ હોવાનો દેખાવ કરી, બાળકોને ધરપત આપવાની શક્ય મથામણ અમે ચાલુ રાખી. જોકે શ્રમજીવી વાલીઓ પોતાના કામ ધંધા છોડીને થોડીવારમાં જ શાળામાં આવી ગયા ને પોતાનાં વહાલસોયા સંતાનોને સહીસલામત જોતાં, ભાવવિભોર બની ગયા અને કૃતજ્ઞભાવે બાળકોને સાથે લઈ ગયાં! એ સમયનું દૃશ્ય યાદ કરતાં આજેય હું ગદગદિત થઇ જાઉં છું. પછી સમય વર્તે સાવધાન એ ન્યાયે, સમયને માન આપીને મેં જાતે જ ધ્વજવંદન કરી લીધું. ત્યારબાદ ઘર તરફ જતાં રસ્તામાં જે દૃશ્યો જોયાં એ હૃદયને હલબલાવી ગયા. એનું વર્ણન કરવાની હિંમત દાખવી શકું તેમ નથી. એ મારી મર્યાદા કબૂલ કરું છું.

ઘરે પહોંચીને જોયું તો ઉમેદનગર કોલોનીમાં સલામતી હતી. અલબત્ત, લોકો ભયભીત હતા, પણ સલામત રીતે સૌ ચોકમાં એકત્ર થઈ ગયા હતા, એકબીજાને સહારે!

એ વખતે વીજળી (લાઈટ) પણ બંધ થઈ ગઈ હતી. પાવરથી ચાલતો રેડિયો એકમાત્ર સમાચાર માધ્યમ હતું. રેડિયો પરથી ભૂકંપ અંગેના સૌ પ્રથમ ઐતિહાસિક કહી શકાય એવા સમાચાર પ્રસારિત થયા હતા તે આ મુજબ હતા : "ઉમેદનગર કોલોની સહીસલામત છે!"

યોગાનુયોગ કેવો થયો કે ભુજ તાલુકા પંચાયતમાં, અમારી શાળા અંગેનો સૌથી પહેલો અહેવાલ મેં આપ્યો કે, "અમારી શાળા અને તમામ બાળકો સહીસલામત છે."

બાકી જેમના પર વીત્યું છે એમની સંવેદનાની કલ્પના માત્ર કરતાં, હૃદય દ્રવી ઊઠે છે...!

હે પ્રભુ! આવા દિવસો કદી ન આવે...!

## નમ્ર નિવેદન

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "મંગલ મંદિર"માં અનેક લેખકોની કૃતિઓ / લેખ / કાવ્ય વગેરે સારી એવી સંખ્યામાં પ્રસારણાર્થે આવતા હોવાથી, બધી કૃતિઓનો સમાવેશ એક જ અંકમાં કરવો ખૂબ મુશ્કેલ હોવાથી જેમની કૃતિઓ પ્રસારણાને લાયક હશે તેમનો સમાવેશ ત્યાર પછીના અંકોમાં કરી લેવામાં આવશે કે જેની નોંધ લેવા સહુ કોઈને વિનંતી કરવામાં આવે છે.*

*– તંત્રી મંડળ*

# કચ્છી સહિત ૩૬ બોલીઓ ભાષાનો દરજ્જો મેળવવા ઝઝૂમે છે

ડૉ. ધર્મેશ ભટ્ટ

*લોક સાહિત્યના બળ સમાન પ્રાદેશિક બોલીઓની ભાષાકીય અને સાહિત્યિક ક્ષમતા અવારનવાર ચર્ચાનો વિષય બને છે.*

મહારાષ્ટ્રના કોંકણ પ્રાંતમાં કોંકણી નહીં, માલવણી તથા અન્ય બોલીઓ ચલણમાં છે. કોંકણી બોલી ગોવા અને કર્ણાટક તથા મહારાષ્ટ્રનાં સીમાવર્તી ક્ષેત્રોમાં બોલાય છે. ગોવાને સ્વતંત્ર રાજ્ય બનાવાયા પછી વર્ષ ૧૯૬૪માં તેની રાજભાષા તરીકે સ્વીકારાતાં તેને ભાષાનો દરજ્જો મળ્યો હતો. દાયકાઓથી આકાશવાણીના ભાષાકીય વિભાગોમાં જુદો કોંકણી વિભાગ છે. મરાઠી ભાષાના અગ્રણી પત્રકાર અને નાટ્ય વિવેચક સંજય ડહાળે કહે છે કે માલવણી બોલીની તાકાત એવી છે કે મરાઠી રંગમંચ પર માલવણી નાટકોનું ‘સ્પેશિયલ માર્કેટ’ છે. માલવણી નાટક ‘વસ્ત્રહરણ’ના પ્રયોગોની સંખ્યા વિક્રમરૂપ છે. માલવણી વાનગીઓનું પણ અલગ બજાર છે. એ પ્રાંતીય સંસ્કૃતિના પહેરવેશ અને ખાણીપીણીની ખાસ ઈવેન્ટ્સ ‘માલવણી જત્રા’ અવારનવાર યોજાય છે. બોલીમાં જે ક્ષમતાઓ હોય છે, તેના ઉત્તમ ઉદાહરણોમાં એક માલવણી છે. માલવણી અને આગરીને કોંકણી ભાષાની બોલી તરીકે પણ ગણવામાં આવે છે.

પત્રકારત્વમાં રોજ નવા વિષયોના વિચાર-સમાચાર રજૂ કરવામાં વૈકલ્પિક શબ્દોની જરૂરિયાત બોલીઓના વિવિધ શબ્દોના સમન્વયથી પૂરી કરી શકાય છે. બોલીઓ લોક સાહિત્યને સમૃદ્ધ બનાવવા ઉપરાંત અનેક રીતે ઉપયોગી છે. રમૂજ હોય, કહેવતોની રસપ્રચુરતા હોય કે સાંસ્કૃતિક વૈવિધ્ય હોય, એવી અનેક બાબતોની અભિવ્યક્તિમાં બોલીઓ સક્ષમ છે. દરેક પ્રદેશના લોકોની બોલચાલ અને લખાણમાં સ્થાનિક બોલીનાં લહેકા અને લઢણો અપ્રકટ રહેતાં નથી. ત્રણેક સદીઓથી મુંબઈમાં વસતા ગુજરાતીઓએ સુરતી, ચરોતરી, પટ્ટણી, કાઠિયાવાડી અને કચ્છી ઉપરાંત મુંબઈના ગુજરાતી રૂપે બોલી અથવા ભાષાકીય શૈલી વિકસાવી છે.

તમિળનાડુના અંતરિયાળ પ્રદેશોમાં ઈરાવલા અથવા એરાવલા નામે એક બોલી પ્રચલિત છે. ઈરાવલા ‘આદિવાસી બોલી’ તરીકે ઓળખાય છે, પરંતુ તેના વ્યાપને ધ્યાનમાં રાખીને તેને ભાષા જેટલી જ સક્ષમ ગણાવાય છે. મહારાષ્ટ્રની ખાનદેશી બોલીમાં મરાઠી અને ગુજરાતી બંને ભાષાઓના અંશો જોવા મળે છે. એ રીતે ઈરાવલા બોલીમાં તમિળ અને મલયાલમ બંને ભાષાઓના અંશો છે. ઈરાવલા તમિળ પ્રાંતોમાં મધ્યયુગીન સંસ્કૃતિના ગાળામાં પ્રચલિત થઈ હતી. ઘણા વિદ્વાનો ઈરાવલામાં ઉચિત વ્યાકરણના અભાવનો દાવો કરે છે, પરંતુ દ્રવિડિયન લિન્ગ્વિસ્ટીક્સમાં ઈરાવલા મહત્ત્વપૂર્ણ છે. કેટલાક ભાષાપ્રેમીઓ કહે છે કે, મૂળરૂપે બોલાતી ભાષાઓ સરખી હોય છે અને તેમાંથી જે બોલી સત્તાતંત્રમાં બિરાજતા મહાનુભાવો અને વ્યાપક જનસમુદાયને સારી લાગે તેને અપનાવીને તેના વ્યાકરણ રચાય અને સાહિત્ય રચાય છે. જોકે બોલીઓ કે ભાષાઓ અપનાવવામાં કે તેમનો વ્યાપ વધારવામાં સામાજિક - રાજકીય પરિબળો પ્રભાવક હોતાં નથી. ઈરાવલાનો વ્યાપ જોતાં તેને ફક્ત આદિવાસીઓની ભાષા કે બોલી કહીને ઓછી આંકવી યોગ્ય નહીં હોવાનું કેટલાક દક્ષિણી ભાષાશાસ્ત્રીઓ કહે છે.

**હાલમાં ભારતની લગભગ ૫૭૧ બોલીઓમાંથી કચ્છી સહિત ૩૬ બોલીઓ ભાષાના દરજ્જા માટે પ્રયત્નશીલ હોવાનું સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયન લેંગ્વેજીસ (સી.આઈ.આઈ.એલ.)ના પુણે સ્થિત વેસ્ટર્ન રીજનલ લેંગ્વેજ સેન્ટરના ભાષાશાસ્ત્રી સુજાતા ભુજંગે જણાવ્યું હતું.** તેમણે જણાવ્યું હતું કે સી.આઈ.આઈ.એલ.ના ચાર પ્રાંતીય મથકો સહિત સાત કેન્દ્રો (મૈસુર, પટીયાલા, પૂણે, સોલન-હિમાલય, લખનઉ, ગુવાહાટી અને ભુવનેશ્વર) ખાતે ભાષાકીય શિક્ષણ અને સંશોધનની પ્રવૃત્તિ થાય છે.

માલવણીની માફક કચ્છ પ્રાંતની કચ્છી બોલીની સાંસ્કૃતિક વિશેષતાઓ નોંધપાત્ર છે. કચ્છી બોલીને સ્વતંત્ર ભાષાના દરજ્જા આપવા બાબતે લાંબા વખતથી પ્રયત્નો ચાલે છે. **ગુજરાતના સંશોધનકાર અને ભાષાશાસ્ત્રી મહેન્દ્રભાઈ દોશીએ કચ્છીમાં રચાતા સાહિત્ય (નાટકો, કાવ્યો, વાર્તાઓ, પરંપરાગત લોકસાહિત્ય) અને વ્યાકરણના માળખા સહિત એ બોલીને સ્વતંત્ર ભાષાનો દરજ્જો આપવાનો કેસ સક્ષમ રીતે તૈયાર કર્યો છે.** મહેન્દ્રભાઈના

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૧ ઉપર)

# આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ – ૨૦૨૩



વનરાજસિંહ જાડેજા




*"હું આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ ૨૦૨૩ શરૂ કરવા બદલ સંયુક્ત રાષ્ટ્રસંઘ અને ખાદ્ય અને કૃષિ સંગઠનને અભિનંદન આપવા માગું છું. હું વિવિધ સભ્ય રાષ્ટ્રોની પણ પ્રશંસા કરું છું, જેમણે બાજરીના આંતરરાષ્ટ્રીય વર્ષ મનાવવાના અમારા પ્રસ્તાવને ટેકો આપ્યો હતો. બાજરીનો મનુષ્ય દ્વારા ઉગાડવામાં આવતા પ્રારંભિક પાકમાંનો ગૌરવપૂર્ણ ઈતિહાસ છે. તે ભૂતકાળમાં ખોરાકનો એક મહત્ત્વપૂર્ણ સ્રોત રહી છે. પરંતુ સમયની જરૂરિયાત એ છે કે તેને ભવિષ્ય માટે ખોરાકની પસંદગી બનાવવી. આવા સમયે, બાજરીને લગતી વૈશ્વિક ચળવળ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. હું સકારાત્મક છું કે આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ ૨૦૨૩ સુરક્ષિત, ટકાઉ અને તંદુરસ્ત ભવિષ્યની દિશામાં એક જન આંદોલન શરૂ કરશે...."* **– આ શબ્દો છે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના.**

પ્રધાન મંત્રીશ્રીના વિઝન અને પહેલનાં પગલે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ વર્ષ ૨૦૨૩ને વિશ્વભરના ૭૦થી વધુ દેશોના સમર્થન સાથે "આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ" જાહેર કર્યું તે વિશ્વભરમાં સ્થાયી કૃષિમાં બાજરીની નોંધપાત્ર ભૂમિકા અને સ્માર્ટ અને સુપરફૂડ તરીકેના તેના ફાયદાઓ વિશે જાગૃતિ લાવવામાં મદદ કરશે.

**ભારતીય બરછટ ધાન્ય કહેતા બાજરાને આજે દુનિયા પસંદ કરવા લાગી છે.** પોતાના દેશમાં ઉત્પાદન થતા મોટા પાકમાં છૂપાયેલી સ્વાસ્થ્ય ખૂબીઓને જાણીને દુનિયાના તમામ દેશો આ તરફ આકર્ષિત થઈ રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ તરીકે જાહેર કર્યું છે. ૨૦૨૧માં ભારતે બાજરીને સ્માર્ટ અને સુપરફૂડ તરીકે કન્સીડર કરવામાં આવે એ બાબતે સંયુક્ત રાષ્ટ્રને પ્રસ્તાવ મોકલ્યો હતો. એ પ્રસ્તાવ પર અભ્યાસ કર્યા બાદ સંયુક્ત રાષ્ટ્ર તેમજ ખાદ્ય અને કૃષિ સંગઠન દ્વારા ૨૦૨૩ના વર્ષને આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે અને આ આખા વર્ષની થીમ છે મિલેટ માઈન્ડફુલનેસ. મતલબ કે આ ધાન્યને ઓળખવું અને એના ભરપૂર ઉપયોગો, ગુણો અને ઉત્પાદનો વિશે જાણવું.

ભારત એક વૈવિધ્યસભર દેશ છે અને અહીં અનેક પ્રકારના અનાજ, ધાન્ય અને કડધાન્ય ઉગે છે. એ બધામાંથી બાજરીની જ કેમ પસંદગી કરવામાં આવી એ સવાલ થાય એ સ્વાભાવિક છે. હજી ૧૦૦ વર્ષ પહેલાં સુધી બાજરી અને બાજરી જેવાં અન્ય મિલેટ્સ કુળનાં ધાન્ય જ ભારતનો મુખ્ય ખોરાક હતો. ઘઉં અને મેંદાનો વધુ પડતો ઉપયોગ તો પાશ્ચાત્ય સંસ્કૃતિની અસરને કારણે ભારતમાં થવાનું શરૂ થયું. **હવે તો આપણે બાજરી, જુવાર, નાચણી, કોદરી જેવા મિલેટ્સને ઇગ્નોર કરી રહ્યા છીએ ત્યારે ફરી એકવાર વિશ્વને આ ચીજોના સુપર ગુણોથી વાકેફ કરવાનું બહુ જરૂરી થઈ ગયું છે.**

ભારતમાં વિવિધ આબોહવાને અનુકૂળ આવે એ પ્રકારની મિલેટ્સ વપરાતી આવી છે અને એ બધામાં બાજરી સૌથી વધુ વપરાય છે. બાજરી લગભગ ૧૩૧ દેશોમાં ઉગાડવામાં આવે છે, પરંતુ ભારતની બરોબરી દૂર દૂર સુધી કોઈ કરી શકે એમ નથી. આપણને લાગતું હશે કે બાજરી તો મુખ્યત્વે કચ્છ સૌરાષ્ટ્રનો ખોરાક છે. પણ ના, એવું જરાય નથી. **એશિયા અને આફ્રિકામાં આશરે ૬૦ કરોડ લોકો માટે બાજરી તેમનો રોજિંદો ખોરાક છે. બાજરીનું ૧૭૦ લાખ ટનથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે. જે એશિયાના કુલ ઉત્પાદનના ૮૦ ટકા બરાબર છે.** હાલમાં ૨૦૨૩ને બાજરી વર્ષ તરીકે ઘોષિત કરવા પાછળ બે કારણો છે. બાજરીના સુપરફૂડ તરીકેના ગુણો વિશ્વભરમાં પહોંચે અને બીજું, ભારત એનું સૌથી મોટું ઉત્પાદક છે ત્યારે

બાજરી અને બાજરીની પ્રોડક્ટ્સનું મૂલ્ય વધે. કૃષિ ક્ષેત્રે પાકના રોટેશન તરીકે પણ બાજરીનો ઉપયોગ કરવામાં આવે તેમજ એનું યોગ્ય પ્રોસેસીંગ અને વપરાશ યોગ્ય રીતે થાય એ પણ એક હેતુ ખરો. બાજરીને સંસ્કૃતમાં વર્જારી, ઉર્દુમાં ફારી, તામિલમાં કુમ્બુ, તેલુગુમાં સજ્જા, આફ્રિકામાં મહાન્ગુ તરીકે ઓળખાય છે.

- **યજુર્વેદમાં ઉલ્લેખ છે મિલેટ્સનો :**

બાજરીના સુપરફૂડ સમાન ગુણો તેમજ પરંપરાગત ઉપયોગો વિશે વાત કરતાં પહેલા જરાક જાણી લઈએ આ ધાન્યનો ઈતિહાસ. આ અનાજના પ્રારંભિક પુરાવા સિંધુ સંસ્કૃતિમાં મળી આવ્યા છે અને એ ખોરાક માટે ઉછરેલા પ્રથમ છોડમાંનો એક હતો. બાજરી માવજત વિના જંગલમાં પણ ઊગી નીકળી શકે છે. પરંતુ સિંધુ સંસ્કૃતિમાં બાજરીની ખેતી થતી હોવાના પુરાવાઓ પણ મળ્યા છે. બાજરી એવો પાક છે જે બહુ ઓછી માવજતે અને ઓછા પાણીએ ઊગી જાય છે અને એટલે જ રણ પ્રદેશોમાં એનો પાક ખૂબ સારી માત્રામાં ઊતરે છે. ભારતમાં પહેલીવાર બાજરી ઈ.સ. પૂર્વે ૧૫૦૦ની આસપાસમાં ઉગાડવામાં આવી હોવાનો ઈતિહાસમાં ઉલ્લેખ જોવા મળે છે. જો કે આફ્રિકામાં તો એનાથીયે પહેલાં બાજરી ઊગતી હતી. ૪૫૦૦ વર્ષ પહેલાં આફ્રિકાના માલીમાં બાજરી ઊગતી હોવાનું મનાય છે. આફ્રિકાના જે પ્રદેશોની આબોહવા વધતે ઓછે અંશે આપણા રાજસ્થાન જેવી છે ત્યાં બાજરી બહુ સારી ઊગે છે.

- **સ્વામી વિવેકાનંદ અને બાજરો :**

સ્વામી વિવેકાનંદના અમેરિકા શિકાગોના રોકાણ દરમિયાન ભારતીય સંસ્કૃતિનો વૈશ્વિક દિગ્વિજય કર્યા પછીનો પ્રસંગ છે. એકવાર વિદેશી ભક્તોને તેમણે બાજરાના લોટમાંથી બનાવેલ બાજરાના રોટલાના નાના-નાના ટુકડા કરીને ખાવા માટે આપ્યા અને એ ખાધા પછી એ વિદેશીઓના ઉદ્ગાર હતા કે આટલા સ્વાદિષ્ટ બિસ્કીટ જેવી વાનગી ક્યાંની છે? ત્યારે સ્વામીજીએ હળવા મૂડમાં કીધું કે આ ભારતીય બિસ્કીટ છે અને ત્યારબાદ સ્વામીજીએ બાજરાના ગુણધર્મ અને પોષકતા તેમજ આરોગ્ય સંદર્ભે બાજરાનો મહિમા વર્ણવ્યો હતો.

- **આરોગ્ય માટે ઉપકારક :**

બાજરી ઉષ્ણ ગુણ ધરાવતી હોવાથી પિત્તવર્ધક અને કફનાશક છે. કફ ખોતરી નાખવાનો ગુણ ધરાવતી હોવાથી શિયાળામાં એનું સેવન છૂટથી કરવાનું કહેવાયું છે. બાજરી પચવામાં ખૂબ હલકી છે અને ગરમ તાસીરને કારણે ઠંડા પ્રદેશોમાં તેમજ ઠંડીની સીઝનમાં ખાવાથી શરીરને ઉષ્મા મળે છે. બાજરી ખૂબ બળપ્રદ છે એમ જણાવતાં આરોગ્ય નિષ્ણાતો કહે છે, 'બાજરી બળ વધારે છે. દેશી બાજરી સુપાચ્ય છે. જે બાજરી સ્વાદમાં મીઠી લાગે એ દેશી છે. જે કડછો સ્વાદ ધરાવતી હોય એવી બાજરી હાઈબ્રિડ છે. જે એટલી ગુણકારી નથી.' બાજરામાં પ્રોટીન, સોડિયમ, કાર્બોહાઈડ્રેટ અને પ્રોટીન તથા અનેક ખનીજ તત્ત્વો તથા વિટામિન્સ હોય છે. આ ઉપરાંત તેમાં ફાઈબરની માત્રા પણ વધુ હોવાથી તેના સેવનથી પાચનતંત્ર દુરસ્ત રહે છે. ગેસ, પેટદર્દ, અપચો જેવી અનેક સમસ્યાથી શરીરને દૂર રાખવા બાજરો મદદરૂપ બને છે. ગર્ભવતી માતાઓ અને ધાત્રી માતાઓ જ્યારે હોસ્પિટલમાં કાઉન્સેલિંગ માટે જાય છે ત્યારે તેમને બાજરાનો રોટલો, રાબ, કૂલર વગેરે લેવાનો ખાસ આગ્રહ રાખવા કહેવાય છે. કેમકે તેમાં આયર્ન હોવાથી માતા-બાળક માટે પોષક બની રહેછે. આ અનાજમાં તબીબોના જણાવ્યા મુજબ એન્ટીઓક્સિડન્ટ પણ સ્રોત હોવાથી લોહીની નળીઓને સ્વસ્થ રાખી કોલેસ્ટેરોલ મેઇન્ટેઈન કરે છે. જો બાજરાનું નિયમિત સેવન કરવામાં આવે તો વજન ઉપર પણ કાબૂ રાખી શકાય છે. બાજરો લીવરની પણ એવી જ કાળજી લે છે. જો કે તજજ્ઞો તેનું સંવન યોગ્ય માત્રામાં કરવાની સલાહ આપે છે. પોષણથી ભરપૂર આવી બાજરાથી દુનિયા વાકેફ થાય અને તેના સ્વાસ્થ્ય માટે ભરપૂર ઉપયોગ થાય તે હેતુસર યુનોએ ભારતની દરખાસ્ત માનીને ૨૦૨૩ વર્ષને બાજરા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. આખું વર્ષ ખવાતો બાજરો શિયાળામાં તો આરોગ્ય માટે પોષક આહાર બની રહે છે.

- **ઇતિહાસમાં ઉલ્લેખો :**

ઈ.સ. પૂર્વે ૩૨૨-૧૮૫ વચ્ચે ભારતમાં મૌર્ય રાજવંશનો દબદબો હતો અને એ વખતે ઠંડીની ઋતુમાં બાજરો ખાવામાં આવતો હતો. એ સમયે બાજરાના મોટા દાણામાંથી મદિરા બનાવવામાં આવતી હતી.

- **કચ્છની લોકકથા :**


કચ્છના લાખા ફુલાણીનું લશ્કર અંધારામાં કોઈ પ્રદેશમાં આવી ચડ્યું. અંધારામાં ભૂલું પડેલું લશ્કર આફતમાં આવ્યું. ઘોડા સાથે માણસ પણ કોણ જાણે મરવા પડ્યા. એ સમયે ત્યાં બાજરો ઊગેલો જોયો. હજી એ જમાનામાં બાજરાને કોઈ ઓળખતું નહીં. બાજરો એટલે 'ગરીબડો' અને એટલો સરળતાવાળો છે કે એને કોઈ જ ખાતર કે લાડકોડ જોતાં નથી. લાખા ફુલાણીનું લશ્કર બાજરાને ઓળખતું નહોતું પણ ભૂખમરો વેઠવાને બદલે આ દાણા ખાઈને જીવવાનું નક્કી કર્યું. સૈનિકોએ ડરતાં ડરતાં આ બાજરો ખાધો અને બધામાં અદ્ભુત બળ આવ્યું અને પછી ઠંડા પ્રદેશમાંથી એ બાજરાનું બિયારણ કચ્છ લેતા આવ્યા. આંકડાશાસ્ત્રના પિતામહ ગણાય એવા પાયથાગોરસે ૨૫૦૦ વર્ષ પહેલાં બાજરાનાં પોષકતત્ત્વોની પ્રશંસા કરેલી.

- **કચ્છ, સૌરાષ્ટ્ર અને રાજસ્થાન :**

બાજરો ગઈકાલ સુધી સૌરાષ્ટ્ર, કચ્છ અને પંજાબના અમુક ભાગ તેમજ પૂર્વ ભારતનું ધાન્ય હતું. જોકે બાજરો આજે પણ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૮ ઉપર)

# સમાજમાં જાગૃતિ આવે તે માટે દર વર્ષે ૨૮મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, આ વખતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ - ૨૦૨૩નો વિષય છે : "સમાજ માટે અને તેની સાથે વિજ્ઞાન." વિજ્ઞાન એટલે વિશિષ્ટ જ્ઞાન. એટલે જ વિજ્ઞાન દિવસની ઉજવણી દરેક શાળા - કોલેજોમાં કરવામાં આવે છે. **ભારતમાં વિજ્ઞાનમાં કામ કરતી લગભગ ૧૬૬ કરતાં પણ વધારે સંસ્થાઓ આવેલી છે. જેમાં વિશ્વની ટોપ ૫૦૦ વિજ્ઞાન સંસ્થાઓમાં ઇસરો, પી.આર.એલ., આઈ.પી.આર., આઈ.આઈ.ટી. સામેલ છે, જે દેશ માટે ગૌરવની વાત છે.**

કોરોના કહેરમાં ઑનલાઇન શિક્ષણમાં વિજ્ઞાને ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ઉપરાંત કોરોના વેક્સિનના સંશોધનમાં પણ વિજ્ઞાન સામેલ છે. **આજે ભારતના વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોનો વિદેશમાં ડંકો વાગે છે, જે સાચા અર્થમાં આજના વિજ્ઞાન દિવસની ઉજવણી છે.** જળ, જમીન અને વાયુ, આકાશ – બધામાં ભારતના વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોનો વિશ્વમાં ડંકો વાગે છે.

રાષ્ટ્રીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી પરિષદ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલય - ભારત સરકારના ઉપક્રમે ભારતમાં દર વર્ષે ૨૮મી ફેબ્રુઆરીના રોજ 'વિજ્ઞાન દિવસ' ઊજવવામાં આવે છે. ફેબ્રુઆરી ૨૮ના દિવસે સર સી.વી. રામન દ્વારા પોતાની શોધની જાહેરાત કરવામાં આવી હતી. આ શોધ માટે તેમને વર્ષ ૧૯૩૦માં નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું હતું. **રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનો મૂળ હેતુ યુવાન વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રતિ આકર્ષિત તેમજ પ્રોત્સાહિત કરવા અને સામાન્ય જનતાને વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રતિ સજાગ રાખવાનો છે.** આ દિવસે બધી વિજ્ઞાન સંસ્થાઓ – જેમ કે રાષ્ટ્રીય અને અન્ય વિજ્ઞાન પ્રયોગશાળાઓ, વિજ્ઞાન અકાદમીઓ, શાળા અને કોલેજ અને તાલીમ સંસ્થાઓ ખાતે વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ સાથે સંબંધિત કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. મહત્ત્વપૂર્ણ આયોજનોમાં વૈજ્ઞાનિકોનાં વક્તવ્યો, નિબંધ, લેખન, વિજ્ઞાન પ્રશ્નોત્તરી, વિજ્ઞાન પ્રદર્શન, સેમિનાર અને પરિસંવાદ વગેરે સામેલ હોય છે. વિજ્ઞાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન માટે રાષ્ટ્રીય અને અન્ય પુરસ્કારોની પણ જાહેરાત કરવામાં આવે છે. વિજ્ઞાનની લોકપ્રિયતા વધારવા માટે વિશેષ પુરસ્કાર પણ રાખવામાં આવ્યા છે. વિજ્ઞાનથી થતા ફાયદાઓ અને લાભ પ્રત્યે સમાજમાં જાગૃતિ આવે તે માટે આ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૧૯૮૬માં NCSTCએ ભારત સરકારને ૨૮ ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે નિયુક્ત કરવા કહ્યું હતું. આ દિવસ હવે સમગ્ર દેશમાં શાળા, કોલેજો, યુનિવર્સિટીઓ અને અન્ય શૈક્ષણિક, વૈજ્ઞાનિક તકનીકી, તબીબી અને સંશોધન સંસ્થાઓમાં ઊજવવામાં આવે છે. પ્રથમ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૮ ફેબ્રુઆરી, ૧૯૮૭ના રોજ ઊજવવામાં આવ્યું હતું. જોકે હવે આ દિવસ સી.વી. રમનની ઉપલબ્ધિને લઇને જ શરૂ થયો તેથી તેના વિશે જાણવું ખૂબ જરૂરી છે.

સી.વી. રમનનું આખું નામ હતું ચંદ્રશેખર વેંકટ રમન. તેમનો જન્મ ૭ નવેમ્બર, ૧૮૮૮ના રોજ તમિલનાડુના તિરુચિરાપલ્લીમાં થયો હતો. તેમના પિતા ગણિત અને ભૌતિકીના લેક્ચરર હતા. તેમણે વિશાખાપટ્ટનમના સેન્ટ એલોયસીસ ઍંગ્લો ઇન્ડિયન હાઈસ્કૂલ અને તત્કાલીન મદ્રાસના પ્રેસિડેન્સી કોલેજથી અભ્યાસ કર્યો હતો. પ્રેસિડેન્સી કોલેજથી તેમણે ૧૯૦૭માં એમ.એસ.સી. પૂર્ણ કર્યું. યુનિવર્સિટી ઓફ મદ્રાસમાં પ્રથમ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના પ્રસંગે NCSTCએ વિજ્ઞાન સંચાર અને લોકપ્રિયતાના ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રયત્નોને માન્યતા આપવા માટે રાષ્ટ્રીય વિજ્ઞાન લોકપ્રિયતા પુરસ્કારોની જાહેરાત કરી હતી. ભૌતિકીમાં નોબેલ પુરસ્કાર મેળવનારા તેઓ ભારતના જ નહીં, પણ એશિયાના પ્રથમ વૈજ્ઞાનિક હતા. વિશ્વમાં બીજા દેશોની સરખામણીએ ભારત પાસે આવનારો સમય ગોલ્ડન એરા છે. સૌથી વધુ યુવાધન ધરાવતું ભારત ધારે તો વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે અનેક અવનવી શોધો કરી શકે. ભારતમાં આર્યભટ્ટ, ચંદ્રશેખર અને વેંકટ રામન જેવા અનેક વિજ્ઞાનીઓ થઈ ગયા. જેમણે વિજ્ઞાનના ક્ષેત્રે દેશનું નામ વિશ્વભરમાં રોશન કર્યું છે. **દેશમાં ઇ.સ. ૧૯૮૬થી પ્રતિ વર્ષ ૨૮ ફેબ્રુઆરીના રોજ નેશનલ સાયન્સ ડે ઊજવવામાં આવે છે.** પ્રોફેસર સી.વી. રામને આ દિવસે કલકત્તામાં એક મહાન ખોજ કરી હતી. રામને તેમના જીવનકાળ દરમિયાન અગત્યનું સંશોધન કાર્ય કર્યું હતું. સર સી.વી. રામને બિલોરી કાચમાંથી પ્રકાશનું કિરણ પસાર કરી જોયું. એમણે શોધી કાઢ્યું કે પ્રકાશનું કિરણ સાત રંગનું બનેલું છે. પારદર્શક પ્રવાહીમાંથી પણ પ્રકાશનું કિરણ પસાર કરી જોયું તો એમને જુદા જુદા રંગની રેખાઓ દેખાઈ. આ સંશોધનને એમણે 'રામન ઈફેક્ટ' નામ આપ્યું. એની

વ્યાખ્યા એમણે આ રીતે આપી : "જો પ્રકાશનાં કિરણોનું નિયમિત પરાવર્તન થાય તો પ્રકાશની તરંગ લંબાઈમાં ફેરફાર થતો નથી. પરંતુ જો એનું અનિયમિત પરાવર્તન થાય તો પ્રકાશની તરંગ લંબાઈમાં ફેરફાર માલૂમ પડે છે." આ ઘટનાને રામન અસર (રામન ઈફેક્ટ) કહે છે. જે ભૌતિક વિજ્ઞાનમાં સૌથી સફળ પ્રયોગ મનાય છે. એટલે જ તેમને નોબેલ પારિતોષિક મળ્યું હતું. જે રામન ઈફેક્ટના રૂપમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. સી.વી. રામનને તેમની આ ખોજ બદલ ઈ.સ. ૧૯૩૦માં નોબલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ચંદ્રશેખર વેંકટ રામન ભારતના ભૌતિક વિજ્ઞાની હતા. ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રે તેમના પ્રદાનને કારણે એકમાત્ર ભારત જ નહીં, પણ વિશ્વભરના લોકો માટે તેમનું જીવન અને કવન પ્રેરણાસ્રોત સમાન છે. વિજ્ઞાન ક્ષેત્રે થઇ રહેલા નવા પ્રયોગો પ્રત્યે જાગૃતિ આવે તે માટે દેશમાં સાયન્સ સિટી પણ બનાવવામાં આવી છે.

રામનના પિતાજી ચંદ્રશેખર પણ ભૌતિક વિજ્ઞાનમાં સ્નાતક થયા હતા. આમ, બાળક વેંકટને નાનપણથી જ ભૌતિક વિજ્ઞાનનો વારસો મળ્યો હતો. એમણે પોતાના જીવન દરમિયાન ૪૬૫ જેટલાં પ્રકાશનો પ્રસિદ્ધ કર્યાં હતાં. ધ્વનિ પ્રકાશ, રંગ, ખનીજ, ફૂલોના રંગો જેવી બાબતોમાં પ્રકાશનો છે. ભારતના દક્ષિણ ભાગમાં આવેલા તિરુચિરાપલ્લી, તામિલનાડુ રાજ્ય ખાતે હિંદુ, બ્રાહ્મણ પરિવારમાં ૭ નવેમ્બર, ૧૮૮૮ના રોજ સર સી.વી. રામનનો જન્મ થયો હતો. અગિયાર વરસની નાની વયે રામને મેટ્રિકની પરીક્ષા પહેલા નંબરે પાસ કરી હતી. આગળ અભ્યાસ માટે ૧૯૦૨ના વર્ષમાં તેઓ ચેન્નાઈની જાણીતી પ્રેસિડેન્સી કોલેજમાં જોડાયા હતા. ૧૯૦૪માં બી.એસ.સી.ની પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાનના વિષય સાથે કોલેજમાં રામન પ્રથમ નંબરે પાસ થયા. આ માટે સુવર્ણ ચંદ્રક પણ મળ્યો. અહીં જ તેમણે પ્રિય વિષય ભૌતિક વિજ્ઞાન સાથે એમ.એસ.સી.નો અભ્યાસ શરૂ કર્યો. અભ્યાસની સાથોસાથ તેઓ આપમેળે જ કોલેજમાં પ્રયોગો કરતા હતા. આ પ્રયોગોના પરિણામે એમણે પ્રકાશના વિવર્તન અંગે સંશોધન કર્યું હતું. એમાં એમને સફળતા પણ મળી હતી. રામને આ શોધના આધારે લેખ તૈયાર કર્યો અને લંડનના એક સંશોધન સામયિકમાં છપાવા મોકલ્યો. આ લેખ સ્વીકારાયો અને નવેમ્બર ૧૯૦૬ના અંકમાં છપાયો હતો. ત્યાર પછી રામને ત્રિપાર્શ્વ કાચનો પ્રયોગ હાથમાં લીધો. આ પ્રયોગ કરતાં કરતાં એમણે વિશિષ્ટ પ્રકારના પ્રકાશની શોધ કરી હતી. નાણાખાતામાં નોકરી દરમિયાન પણ તેમના ઘણા સંશોધન લેખ પ્રગટ થયા હતા. દરમિયાન કોલકાતા યુનિવર્સિટીમાં સેવા આપ્યા બાદ તેઓ બેંગલુરુમાં 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ'માં સેવા આપી હતી. ઈ.સ. ૧૯૫૪માં એમને 'ભારતરત્ન'નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો. ૨૧ નવેમ્બર, ૧૯૭૦ના રોજ બેંગલુરુમાં રામન રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ખાતેના તેમના રહેઠાણમાં તેમનું નિધન થયું.

મિત્રો, વૈજ્ઞાનિક સંશોધનોનાં ફળ ત્યારે જ અસર કરશે જ્યારે પછાતવર્ગ માટેની સંસ્થાઓ, મહિલાઓ, યુવાનો અને સામાજિક - આર્થિક રીતે નબળા વર્ગના લોકો સુધી તે પહોંચશે. તો આવો, વિજ્ઞાનને પ્રેમ કરીએ અને તેને જાણીએ માણીએ...

*સંદર્ભ : વીકિપીડિયા અને વિજ્ઞાન દિવસના વિવિધ અખબારી અહેવાલો.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## મહેફિલ

પ્રયાસ મારો હતો સાવ વૃથા,
રણને કહેવા બેઠો રેતીની કથા.

★

જ્વાળાઓએ મારું ઘર સળગાવી દીધું,
આગ તો બાજુવાળાના મકાનમાં લાગી હતી.

★

એટલે તો સાવ રેઢું મૂકીને ગયો હતો,
કે ચાર દીવાલ સિવાય ઘરમાં કંઈ સામાન નહોતો.

★

તીરછી નજર કેમ આજે નમેલી લાગે છે
દિલને ખૂણે ક્યાંક પ્રેમ સળવળ્યો લાગે છે.

★

બધાં પંખીઓમાં એક મોર જ દુઃખી છે
કારણ જાણવું હોય તો એની અર્ધાંગનાને જોઈ લેજો.

★

કબ્રસ્તાનમાં શોધો ક્યાંય ભાંગી તૂટી નજરમાં આવશે
અમે ક્યાં કોઈ પીર હતા કે કબર કોઈ સજાવીને રાખે.

★

નાજુક હાથોથી મલી એટલે હરખભેર પી ગયો,
પૂરો ગિલાસ નહીં એની ભીનાશ પણ પી ગયો.

★

રાજા જેવા મેઘરાજાને હશે કંઈક ગમ
રડી રડીને નહિતર નદી નાળા ન છલકાવે.

★

સમજીને રખાઈ છે અહીં મોતની સુવિધા,
નહિતર ન સંઘરે જિંદગી ત્યારે જવું પણ ક્યાં.

★


મન એટલે તો સંગદિલમાં માનતું નથી
કે પથ્થરમાંથી પણ ક્યાંક સરવાણી ફૂટે છે.

***મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ***
***મો. ૯૯૨૪૩ ૭૧૯૯૪***

વ્યક્તિ વિશેષ

# શ્રી કુંવરજીભાઈ : વ્યવસાય સાથે સેવાનો અનુબંધ

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર



**શ્રી કે. કે. શાહ**



**શ્રી અશોકભાઈ શાહ**



**શ્રી મહેન્દ્રભાઈ શાહ**

કચ્છના એક નાનકડા ગામમાંથી મહાનગરી મુંબઈ મુકામે આવીને, સંઘર્ષ કરી, ૧૯૫૮માં 'વિજય ટ્રાન્સપોર્ટ કંપની' સ્થાપનાર (જેને ઇ.સ. ૨૦૦૦ બાદ તેમના સંતાનોએ 'વિ-ટ્રાન્સ (ઇન્ડિયા) લિ.'ના નામે રાષ્ટ્રવ્યાપક બનાવી) એક સર્જક, માનવતાવાદી, અધ્યાત્મના ઉપાસક, પ્રેરણાસ્ત્રોત વ્યક્તિ ચરિત્રનું આપણે અહીં આલેખન કરવું છે.

મુંદ્રા તાલુકાનું એક નાનકડું ૨૦૦૦ની વસ્તી ધરાવતું પ્રગતિસીલ ગામ પત્રી. અહીં કચ્છી વીસા ઓસવાળ જૈન, ખીમજીભાઈ અને પાંચીબહેન ધરોડને ત્યાં ૧૯૨૩માં જન્મ થયો પ્રતિભાવંત કુંવરજીભાઈનો. ૧૯૨૩થી ૧૯૯૩ સુધી ૭૦ વર્ષની કે.કે. શાહ તરીકે વિખ્યાત વ્યક્તિની યાત્રાનો પરિચય પ્રાપ્ત કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે, તેમના સુપુત્ર મહેન્દ્રભાઈ વિ-ટ્રાન્સ (ઇન્ડિયા) લિ. પ્રકાશિત, ભરતભાઈ શેઠિયા સંયોજિત, રજનીભાઈ કટારિયા સંપાદિત અને ડિઝાઈનર રમેશભાઈ ઢોલરિયાના નયનરમ્ય ડિઝાઈનથી આકર્ષિત ચિત્રો, દૃશ્યોથી સુશોભિત, ૧૫૩ પેઈજના પ્રકાશન "અનુકંપા" દ્વારા. માત્ર ૨ ધોરણ સુધીનું જ વૈધિક શિક્ષણ મેળવેલી વ્યક્તિ પોતાના આત્મબળ, કોઠાસૂઝ, સાહસ, ધાર્મિક વૃત્તિ અને કઠોર પરિશ્રમના ફલ સ્વરૂપ કઇ રીતે આર્થિક, સામાજિક ક્ષેત્રે ઊંચાઇના શિખર સર કરી શકે તેનું અપ્રતિમ ઉદાહરણ એટલે કુંવરજીભાઈ. તેમના પિતાશ્રીની આર્થિક સ્થિતિ સામાન્ય. તેથી સ્વમાનભેર આજીવિકા મેળવવા તેઓ માત્ર ૯ વર્ષની નાજુક વયે પહોંચી ગયા મુંબઈ. વેપારીઓને ત્યાં સફાઈ, માલ તોલવા, પડીકા બાંધવા, અનાજ - કરિયાણું લાવવા જેવા કામો કરતા ગયા. ગ્રાહકને બે મણ માલ પહોંચાડવા છેક ચાર માળના પગથિયાં પર ચડી જવાનું. કોઈ કામમાં નાનપ નહીં.

૧૪ વર્ષના દીર્ઘકાલીન આત્મવિશ્વાસ સભર અનુભવ, તપશ્ચર્યા પછી ૧૯૪૬માં ૨૩ વર્ષની ઉંમરે તેમને 'પદમશી નરશી ટ્રાન્સપોર્ટ કંપની' મલાડમાં ક્લાર્ક - હિસાબનીશ તરીકેની નોકરી મળી. માસિક પગાર રૂપિયા ૧૫૦/- ૧૪ કલાકની કામગીરી. રૂા. ૭૫/- વતનમાં મોકલવાના અને હવે અમૃતબહેન સાથે લગ્ન થઇ ગયાં હતાં એટલે સંસ્કારલક્ષી, સહધર્મચારિણીને રૂા. ૭૫/-માં ઘર ચલાવવાનું. કુંવરજીભાઈની દૃષ્ટિ અને નિષ્ઠાને કારણે આ કંપનીના નફામાં ઝડપથી વૃદ્ધિ થવા લાગી. આ વ્યવસાયના જમા-ઉધાર પાસાંનો કુંવરજીભાઈ ઝીણવટપૂર્વક સતત અભ્યાસ કર્યા કરે. તેઓ ૪ વર્ષ પછી તારણ ઉપર આવ્યા કે આપણે જાતે આ ધંધામાં ઝંપલાવીએ. ૧૯૫૦માં નોકરી છોડી દીધી. તેમની કાર્યક્ષમતા, પ્રામાણિકતાના વળતરરૂપે પ્રસન્ન થયેલા માલિકે શેવરોલેટ ટ્રક ભેટ આપી.

મિત્ર બાલુભાઈ સાથે, 'બાલુભાઈ-કુંવરજીભાઈ એન્ડ કંપની'નો શુભારંભ થયો. નાનાભાઈ જગશીભાઈ ધંધામાં સામેલ. ૧૯૫૫માં બાલુભાઈ ધંધામાંથી મુક્ત થયા. કંપનીનું નામાભિધાન થયું 'કુંવરજી કે. શાહ એન્ડ કંપની.' નાનાભાઈ વિશનજીભાઈ મદદમાં આવી ગયા. ૧૯૫૫માં મુંબઈ શહેરની સીમાઓ ઓળંગીને છેક કચ્છ સુધી ગાડી દોડવા લાગી. ૧૯૫૭માં બે ગાડી ઉમેરાઈ. માલની આવન-જાવનમાં કિરણ ટ્રાન્સપોર્ટની મદદ

મળતી, પણ સ્વનિર્ભરતા કેળવવાનો સમય પાકી ગયો હતો. **૨૧ નવેમ્બર, ૧૯૫૮માં ઐતિહાસિક કંપની વિજય ટ્રાન્સપોર્ટના શ્રીગણેશ થયા.** કુંવરજીભાઈ અને ભાગીદારોની મહેચ્છા હતી સમગ્ર ગુજરાતને સર કરવાની. તે સમયે કાચા-સાંકડા રસ્તા, સંદેશા વ્યવહારના ટાંચા સાધનો, દૂર દૂર પેટ્રોલ પંપ, ચોરી-લૂંટફાટનો ભય, પરપ્રાંતિય ડ્રાઈવર જેવી અનેક સમસ્યાઓ! પણ શ્રદ્ધાવાન કુંવરજીભાઈ આગળ વધતા ગયા. પ્રારંભે જ ભાવનગર જતાં ટ્રકને અકસ્માત થયો. માલને નુકસાની છતાં વેપારીને પૂરા નાણાં ચૂકવીને કંપનીની પારદર્શકતાની પ્રતીતિ કરાવી. હવે ત્રીજા ભાઈ ઉમરશીભાઈ પણ આવી ગયા હતા.

૧૯૬૨માં કંડલાના 'અતુલ ડ્રગ હાઉસ'ના ગુણવંતભાઈ શાહનો પરિચય થયો. તેમની કંપનીના પ્રવાહી કેમિકલ્સને સલામતીપૂર્વક મોકલવાનો કાયમી કોન્ટ્રાક્ટ મળ્યો. **૧૯૬૪-૬૫માં મુંબઈમાં ચેમ્બુરની ખાડી પૂરવા માટેનું ભગીરથ કામ મળ્યું. ટ્રકના ૧૫૦૦૦ ફેરા. સંતોષકારક રીતે કામ સંપન્ન થતાં કંપનીની પ્રતિષ્ઠા વધવા લાગી.** વર્ષો વીતતા ગયાં. ગોદરેજ, કોલગેટ, એશિયન પેઈન્ટ, રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વગેરેની વણઝાર ચાલી. **૧૯૬૯માં મોટા પુત્ર અશોકભાઈ ઉત્તરાધિકારી તરીકે તૈયાર થઈ ગયા હતા. ક્રમશઃ મહેન્દ્રભાઈ, હસમુખભાઈ સામેલ થતા ગયા.** કુંવરજીભાઈએ હવે સામાજિક સેવા માટે વધારે સાર્થક સમય આપવાનું નક્કી કર્યું. **૧૯૭૮થી નવી પેઢીએ સમગ્ર સંચાલન સંભાળી લીધું. ૧૯૮૭માં 'વિજય ટ્રાન્સ એજન્સી પ્રા. લિ.'ની રચના થઇ.** કુંવરજીભાઈએ તા. ૧૦ ઓક્ટોબર, ૧૯૯૩ના વિદાય લીધી. ૨૦૦૦થી વેલ્યૂ એડેડ લોજિસ્ટીક્સની વિભાવના સાકાર કરવા કોર્પોરેટ કલ્ચર સમાન, કંપનીનું 'વિ-ટ્રાન્સ (ઇન્ડિયા) લિ.'માં રૂપાંતરણ થયું. ધંધામાં વ્યવસાયીકરણ, કમ્પ્યુટરાઈઝેશન, ભારતના તમામ રાજ્યોમાં ૮૫૦ અદ્યતન શાખાઓ, વિશાળ સુસજ્જ ગોડાઉન - વેરહાઉસ દ્વારા કંપનીઓને શ્રેષ્ઠ સેવા, માલની પૂરી સલામતી માટે વીમા યોજના, ગ્રાહકોને ઇ-કાર્ગોને પરિણામે ઑનલાઇન માહિતી, ટોલ ફ્રી સેવા અને ૨૦૦૮થી ISO પ્રમાણિત કંપની.

કુંવરજીભાઈએ પ્રબોધેલા સિદ્ધાંતોનું અનુસરણ કરતી, ૧૫૦૦ ટ્રક ધરાવતી વિ-ટ્રાન્સની વિશેષતા છે :

૧. ત્વરીત નિર્ણય, મૂલ્યનિષ્ઠા, સમર્પિત સેવા.

૨. *નિષ્કામ સેવાને પણ સ્થાન :* સંસ્થાનું મિશન છે વ્યવસાય ઉપરાંત માનવીય - કુદરતી આપત્તિ સમયે અસરગ્રસ્તોને નિઃશુલ્ક, રાહત દરે સેવા. ઉદા. યુગાન્ડાના સરમુખત્યાર ઇદી અમીનના ત્રાસથી ગુજરાત આવેલા કુટુંબો હોય, ૧૯૭૧માં પાકિસ્તાન સામેના યુદ્ધ સમયે છાડબેટ કે મોરબી પૂર રાહત સમયે પુરવઠો પહોંચાડવાનો હોય કે સર્વોદય ટ્રસ્ટ બીદડા-કચ્છને મેગા આરોગ્ય કેમ્પ માટે દવા, સાધન-સામગ્રી મોકલવાની હોય.

૩. *એક્સપ્રેસ સર્વિસ :* ૧૯૬૦થી કચ્છના ઊંડાણવાળા ગામો સુધી સીઝન સમયે આંબા સ્પેશ્યલ ટ્રક મારફતે કેરીનું સપ્તાહમાં ચાર વખત વિતરણ.

૪. *૧૩૦૦ કર્મચારીઓ એક પરિવાર :* દરેકને સન્માન. સેવાના ૨૫ વર્ષ પૂર્ણ કરનારને 'જ્યુબિલી સ્ટાર'નું બિરૂદ. સારા-માઠા પ્રસંગે મદદ. નિવૃત્તિ સમયે પર્યાપ્ત લાભો. કાર્યસજ્જતા માટે સતત તાલીમ-પ્રમોશન.

૫. *સલામતી :* કેમિકલ્સ ઉદ્યોગ જગતમાં ઊંચી પ્રતિષ્ઠા.

હવે આપણે સમજીએ કુંવરજીભાઈને. એક વિશિષ્ટ, પ્રભાવી વ્યક્તિત્વના સ્વામી. તેમનો પરિવેશ-ખાદીની ધોતી, ઝભ્ભો અને ગાંધી ટોપી સાથે તેમની આંતરિક શુદ્ધતા પણ એટલી જ નખશિખ. તેમની વિસ્તરીત આંખ અને પાંખની રોમાંચકારી કથા રહી છે.

**૧. વિશાળતા :**

તેમનો પરંપરાગત સંપ્રદાય, ૮ કોટી નાનો પક્ષ. અનુકૂળતા મુજબ વ્રત, ઉપવાસ, અઠ્ઠાઈ કરે પણ તેમની સેવા-પૂજા, જૈન ધર્મના દરેક સાધુ-સાધ્વી માટે એક સમાન. પત્રીમાં દરેકની ઉત્તમ વ્યવસ્થા - સરભરા થાય. પોતે હાજર હોય તો પ્રવચન સાંભળવા અવશ્ય જાય. સાથે રામદેવપીરમાં પણ ઊંડી શ્રદ્ધા. કુંવરજીભાઈ માટે સૌને આદર. દરેક સંપ્રદાય તેમના પ્રશ્નોના સમાધાન માટે તેમની મધ્યસ્થી ઈચ્છે - સ્વીકારે.

**૨. સમાનતા :**

મુંદ્રા તાલુકાના ૪૦ ગામોના તમામ જ્ઞાતિ-જાતિના લોકો સાથે નિયમિત સંપર્ક કરે. દરેકને નામથી ઓળખે. તેમના સુખ-દુઃખમાં ભાગીદાર. કોઈ અહમ્, આસક્તિ વિના જ્યાં જરૂર હોય ત્યાં મદદ કરવાની.

**૩. કરુણા :**

કચ્છમાં વારંવાર દુષ્કાળ આવે. વંચિત લોકો રાહતકામ પર પહોંચી જાય, પણ અબોલ પશુઓ ક્યાં જાય? ૧૯૬૮માં ભયંકર દુષ્કાળ. કલેક્ટર બાલકૃષ્ણનજીએ કેટલ કેમ્પના આયોજન માટે મહેસૂલ મંત્રી પ્રેમજીભાઈ ઠક્કર સાથે બેઠક યોજી. મંત્રીશ્રીએ તુરંત નામ સૂચવ્યું સંવેદનશીલ કુંવરજીભાઈનું. પત્રી ગામે તેમની વિજયવાડીમાં કેમ્પનો પ્રારંભ. ૫૫૦ ઢોર. વિજય ટ્રાન્સપોર્ટની ટ્રકમાં દક્ષિણ ગુજરાતથી ઘાસચારો આવે. પાણી માટે પોતાના ખર્ચે બે બોરવેલ કરાવ્યા. મુખ્ય ચૂંટણી કમિશનર એન. ગોપાલસ્વામી જેવા મહાનુભાવને પણ મુલાકાતે આવવાનું મન થાય. કલેક્ટરે તેમને 'કર્મયોગી' તરીકે સન્માનિત

કર્યા. **'સિંધીયા સ્ટીમ નેવિગેશન કંપની'ના ચેરમેન સુમતિ મોરારજી મૂળ કચ્છના.** તેમણે પણ કંપની વતી કચ્છમાં રાહત કામોનું સુકાન કુંવરજીભાઈને સોંપવાનું પસંદ કરેલું. કુંવરજીભાઇ ૫૦થી વધુ કેટલ કેમ્પના સફળ આયોજન દ્વારા મૂંગા જીવના આશીર્વાદ મેળવી શક્યા.

**૪. વિકાસ કામોમાં અગ્રેસર :**

કચ્છમાં ખનીજ સંપત્તિ, કૃત્રિમ વરસાદ, જળસંગ્રહ જેવા વિષયો ઉપર ટાટા ઇન્સ્ટિટ્યૂટ, વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ કે સર્વસેવા સંઘ દ્વારા ચર્ચાસભા, શિબિર, સેમિનાર હોય ત્યારે કુંવરજીભાઈની ઉપસ્થિતિ અવશ્ય. પોતે દાન આપે અને સાથે બીજા અનેક દાતાઓ સાથે સંપર્ક સાધીને લક્ષ્યાંક પૂરો કરી આપે.

**૫. સંબંધોની સુવાસ**

**વિજયવાડી એટલે સર્કિટહાઉસ :**

કચ્છના અનેક અગ્રણીઓ, અધિકારીઓ સાથે કુંવરજીભાઈને ઘરોબો. મંત્રી પ્રેમજીભાઈ ઠક્કર, સાંસદ ભવાનજી અરજણ ખીમજી, મુખ્યમંત્રી સુરેશ મહેતા જેવા અનેક સાથે નીકટતા. પ્રશ્ન હોય કે ન હોય, સૌને નિઃસ્વાર્થભાવે મળતા રહેવાનું. ગવર્નર મહેંદી નવાઝ જંગ કે મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈ કચ્છ આવે એટલે કુંવરજીભાઈના મહેમાન થવાનું નક્કી.

**૬. નિરપેક્ષ સહાય :**

જૈન દેરાસર, સ્થાનક, ઉપાશ્રય ઉપરાંત જૈનેતર ધર્મસ્થાનો માટે તેમના દાનનો અવિરત પ્રવાહ વહ્યા કરે. ૧૯૭૫માં કટોકટી સમયે 'મીસા' હેઠળ જેલવાસ ભોગવતા લોકોના કુટુંબોને મદદ પૂરી પાડી. મુંબઈથી ગાંધીધામ આવતા યાત્રીકોને રાત્રિ રોકાણ માટે અતિથિગૃહનું નિર્માણ કરાવ્યું. મુંબઈમાં મહાજનવાડી, સેનેટોરિયમ, પત્રીના વિકાસ કાર્યક્રમો હોય કે સર્વોદય ટ્રસ્ટ - બીદડાને આર્થિક આવશ્યક્તા હોય – કુંવરજીભાઈ હાજર.

**૭. નેતૃત્વ :**

તેમના જન્મજાત નેતૃત્વના ગુણો. ૩૨ વર્ષની વયે મુંબઇમાં ટ્રાન્સપોર્ટ વ્યવસાયને સંગઠિત કરવા 'રીટેઈલ ટ્રાન્સપોર્ટ એસોસિએશન'ની સ્થાપના કરી. પોતે પ્રમુખ. મુંબઈમાં કચ્છી વીસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજનના પ્રમુખ - ટ્રસ્ટી. કચ્છ પેસેન્જર એસોસિએશનના અગ્રણી.

- **સમાપન :**

કુંવરજીભાઈ જીવ્યા એક વ્યક્તિ તરીકે નહીં, પણ સમષ્ટિ તરીકે. 'બહુજન હિતાય, બહુજન સુખાય.' એટલે એમની વિદાય સમયે અસંખ્ય લોકોના ઉદ્ગાર હતા : **"અસાંજો પે હલેવ્યો." અમારા પિતા ચાલ્યા ગયા.** કુંવરજીભાઈનો આત્મા અમર છે. આપણે તેમના પાંચેય સંતાનોને ખાતરી આપીએ કે તેમના સદ્ગુણોનું સ્મરણ કરીને અમે પણ તેને જીવનમાં યથાશક્ય ચરિતાર્થ કરતા રહીશું.

*સંદર્ભ : વિ-ટ્રાન્સ (ઇન્ડિયા) લિ. પ્રકાશિત*
*શ્રી કે. કે. શાહની જીવનકથા 'અનુકંપા'*

***૨૦૨, 'ઓર્કિડ', તસ્કીન સોસાયટી, શુક્લનગર ચાર રસ્તા, સમા, વડોદરા-૩૯૦ ૦૦૨. મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦***

## નહીં ગમે

માથું લઇ લો, પગમાં પડવું નહીં ગમે
નમવું ગમશે, આમ ડરવું નહીં ગમે.

હારને જીતી શકું છું મર્દ છું,
ગાળિયા પહેરાવી લડવું નહીં ગમે!

મોત કાલે આવે કે આવે હવે,
હાથતાળી દૈ છટકવું નહીં ગમે.

માત્ર ફૂલોથી જ કૈં નિસબત નથી,
કંટકોથી પણ ઝઘડવું નહીં ગમે.

કામનું પણ મૂલ્ય હોવું જોઈએ,
મનમાં આવે એમ કરવું નહીં ગમે.

***કેશવ સુથાર - વાઘાસણ, તા. થરાદ (ગુજરાત) મો. ૯૬૨૪૬ ૬૪૩૭૯***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

વ્યક્તિ વિશેષ

# ડૉ. વિશન નાગડા



વસંત ઉમરશી મારૂ

કચ્છના અબડાસા પ્રદેશમાં લઠેડી નામનું એક નાનકડું ગામ છે. આજથી સવાસો વર્ષ પહેલાં એ ગામમાં રહેતા નાગડા કુળે ડુમરા ગામમાં સ્થળાંતર કર્યું. સમય જતા નાગડા કુળના મોભી દેવસીબાપાનું અવસાન થયું અને મોટા દીકરા વાલજી પર દેવરાજ સહિતના ભાઈભાંડુની જવાબદારી આવી પડી. દેવરાજબાપા ત્યારે માંડ પાંચ સાત વર્ષના હશે. મોટાભાઈ વાલજીમાં એમણે બાપુજીનો પ્રેમ જોયો હતો.

પિતાના નિધન પછી ઘરની જવાબદારી ઉપાડવા વાલજીબાપા કંદોઈનું કામ કરવા લાગ્યા. તાવડામાં સાચા ઘીમાંથી સાટા, દૂધમાંથી પેંડા ઇત્યાદિ બનાવતા બનાવતા આ કંદોઇ વાણિયાએ જૈન ફિલોસોફી, સંસ્કૃત, પ્રાકૃત ઇત્યાદિમાં નિપુણતા મેળવી અને વર્ષો પછી એનો વારસો નાના ભાઈ દેવરાજના નાનકડા દીકરા વિશનજીને આપવા લાગ્યા. **એ વિશનજી એટલે કચ્છના લાડકા સર્જક ડો. વિશનજી પાનબાઈ દેવરાજ નાગડા ઉર્ફે ડો. વિશન નાગડા.**



ડૉ. વિશન નાગડા

નાનકડા વિશનજીને મોટા બાપા વાલજીબાપાના ખોળામાં રમતા રમતા એમની મૂછો ખેંચવાની, પાઘડી પહેરવાની મજા આવતી. અજાણતામાં જ જૈન ધર્મના સંસ્કારો એમના માનસપટ પર અંકાવા લાગ્યા.

ભણવામાં તેજસ્વી બાળ વિશનજીને જૈન સાધુ, સાધ્વજીઓનું જબરું આકર્ષણ થવા લાગ્યું. ક્યારેક વિહાર કરતા સાધુઓ સાથે પગે ચાલીને છેક માંડવી શહેર સુધી મૂકવા જતા હતા. એમની ધર્મલાગણી જોઈ લોકોને લાગતું કે વિશનજી ક્યાંક દીક્ષા તો નહીં લઈ લે ને? **અને ખરેખર વિશનજીએ દીક્ષા લઈ લીધી. પણ એ ધર્મની નહીં, સાહિત્યની! સાહિત્યના સાધુ બનીને કચ્છી ભાષાનો યજ્ઞ આરંભ્યો.**

કચ્છી ભાષા ઉપરાંત ડૉક્ટર જબ્બર સેવા કરી રહ્યા છે. ચાર દાયકાથી સાંતાક્રુઝમાં ફેમિલી ફિઝિશિયન અને અસ્થમા ક્લિનિકની સેવા પ્રદાન કરનાર, બીડદા સર્વોદય ટ્રસ્ટ સાથે રહી સમગ્ર કચ્છમાં અસ્થમા નિવારણ મિશન ચલાવનાર ડૉ. વિશન નાગડા રાષ્ટ્રીય કક્ષાએ અસ્થમા ગાઈડલાઈન્સ નિર્ધારીત કરનાર ટીમનું માનદ્ સભ્યપદ પામ્યા છે.

એમનું ક્લિનિક કચ્છી સાહિત્યનું જાણે પિયર છે. કચ્છના કલાકારો ત્યાં આવે અને કલાકારો અને દર્દીઓ સામે જાણે મહેફિલ યોજાઈ હોય એવું વાતાવરણ બંધાય. હું ઘણી વાર એમની ક્લિનિકમાં ગયો છું. પેશન્ટ્સ સાથે એમની અલકમલકની વાતો સાંભળી હું મંત્રમુગ્ધ થઇ જતો.

એમની ક્લિનિકમાં જ મેં એમના 'સોજાંખો' પુસ્તકનો જન્મ થતા જોયો છે. એમની ક્લિનિકમાં જ તારામતી વિશનજી ગાલા સાહિત્ય પુરસ્કારનો જન્મ થતા જોયો છે. લેખક અને ઉદ્યોગપતિ વિશનજીભાઈ હરસી ગાલા કચ્છના કલાકારોને પોંખવાના ડોક્ટરના સ્વપ્ન પૂરું કરવા વર્ષોથી ઉદારતા બતાવી રહ્યા છે.

એમના મોટા ભાઈઓ ધીરે ધીરે મુંબઈ આવી ગયા પછી છેક ૧૯૬૯માં આખું કુટુંબ કચ્છથી આવી ભાંડુપ રહેવા લાગ્યું. એ સમયની મોંઘી કહેવાય એવી પાંત્રીસો રૂપિયાની માતબર રકમમાં બસ્સો ફૂટની ઓરડીમાં બધા સંપીને રહેતા હતા.

વિશનજી છેક ભાંડુપથી માટુંગા સાવલા વિદ્યાલયમાં ભણવા જતો. એસ.એસ.સી.માં માત્ર સારા ટકે જ નહીં, પણ આખા મહારાષ્ટ્રમાં ગુજરાતી વિષયમાં ત્રીજો નંબર મેળવી કચ્છીઓનું ગૌરવ વધાર્યું. સરસ્વતીદેવીનો જાણે હાથ હોય કારણકે કચ્છમાં ભણતાં બાળકો ગમે એવા હોંશિયાર હોય પણ ત્યાં બોલાતી કચ્છી ભાષાને કારણે એમનું ગુજરાતી નબળું હોય. એવા બેકગ્રાઉન્ડ પછી પણ બોર્ડમાં ગુજરાતીમાં ત્રીજા નંબરે આવવું એક ઉમદા ઘટના હતી.

ડુમરામાં છઠ્ઠા ધોરણમાં ભણતા હતા ત્યારે એક દિવસ કાળા કલરની પેન્ટ પહેરી. એ જોઈ એમની માસીની દીકરીને ડૉ. અતરવાર જેવા લાગે છે એમ કહેતા વિશનજીને ડૉક્ટરનું સંબોધન

કર્યું અને નાનકડા વિશનજીમાં ડૉક્ટર બનવાનું સ્વપ્ન રોપાયું.

ડુમરા ગામના વિદુષી નારી પૂજ્ય બાઈ સાહેબના હુલામણા નામે જાણીતા કબીબાઈના કાળધર્મ (અવસાન) નિમિત્તે બાર વર્ષના મુગ્ધ વિશનજીએ પોતાનું પહેલું કાવ્ય સર્જ્યું અને એક અદ્ભુત કવિનો જન્મ થયો. એમનાં માતા પાનબાઈનો વારસો એમનામાં ઊતર્યો છે. અભણ પાનબાઈમાની સહજ, સરળતા પૂર્વકના શબ્દો અને સૂર અજાણતા જ વિશનજીમાં પ્રવેશ્યાં છે.

તેજસ્વી વિશનજીએ જયહિંદ કોલેજમાં એડમિશન મેળવ્યું. ત્યારબાદ ગ્રાન્ટ મેડિકલ કોલેજ (જે. જે. હોસ્પિટલ)માંથી MBBS થયા. આ ગ્રાન્ટ મેડિકલ કોલેજ માત્ર મુંબઈની જ નહીં આખા ભારતની ટોપની મેડિકલ કોલેજ ગણાય છે.

બાર વર્ષની ઉંમરે પ્રથમ કાવ્ય લખનાર વિશનજીને ગુલાબ દેઢિયા અને ડૉ. રાજુ શાહ નામના બે મેજિક મિત્રો મળ્યા. જેમણે 'પગદંડી' નામના સામયિકની કાવ્ય સ્પર્ધામાં ભાગ લેવા વિશનજીને પાનો ચડાવ્યો અને પ્રથમ ઇનામ મેળવ્યું. એ જ રીતે ડૉક્ટરીનું ભણતા હતા ત્યારે કવિ તેજના સંપર્કમાં આવી કવિતા સર્જનની નવી દિશા મેળવી. વિશનજીના વધુ ને વધુ કાવ્ય સર્જન થવા લાગ્યાં.

સોજાંખો – મીં – સાઓ જેવા માતબર કાવ્ય સંગ્રહ આપનાર વિશન મૌલિક સર્જનની સાથે સાથે બાલ ડાયરો અને ખિલમસ્તી - ધિલમસ્તીના ૧૦૦ શો કર્યા. એના દ્વારા મુંબઈ, મહારાષ્ટ્ર, ગુજરાત, હૈદ્રાબાદ અને કચ્છના ગામડે ગામડે ભૂલકાઓના માધ્યમે કચ્છી લોકવાણી, કંઠ્ય પરંપરા, બાળ રંગભૂમિને જનસમુદાય સુધી પહોંચાડવા યશભાગી થનાર વિશન નાગડાને સૌ પ્રથમ મળેલું સાહિત્યિક સન્માન તે સંસ્મૃતિ (ભુજ)ના ડૉ. મનુભાઈ પાંધી ઍવોર્ડ (૧૯૯૨). એ પછી વિકસતી સર્જનકળા ઘણાં સન્માનો પામતી ગુજરાત સરકાર દ્વારા સાહિત્યકાર ગૌરવ પુરસ્કાર (૨૦૧૧), સાહિત્ય રત્ન ઍવોર્ડ (૨૦૧૬) આદિથી વિભૂષિત થઈ. કચ્છી ભાષાના આ બહુમુખી સર્જક કાવ્ય, વાર્તા, નિબંધ, અનુવાદ ઉપરાંત સંશોધન, સંપાદનની આગવી કેડીઓ કંડારી છે. એમની ભાષા - સાહિત્યની સેવાના પરિપાકરૂપે આવનાર કચ્છી શબ્દકોશ એ માત્ર વિશનનું જ નહીં, સમગ્ર કચ્છી પ્રજાનું શમણું છે. આમ તો વિશન સપનાંના માણસ છે. છવ્વીસ વર્ષની ઉંમરે સાંતાક્રુઝમાં ક્લિનિક ખોલી ત્યારે આમંત્રણ આપવા ચીયાસર ગામના વાલબાઈ પ્રેમજી મારૂના ઘરે ગયા અને વિશનના જીવનમાં જાણે વસંત બેઠી! વાલબાઈમાંની નમણી, નાજુક દીકરી નિર્મળા ઉર્ફે નીમુને જોઈ એમનું કવિ હૃદય ધડકી ઊઠ્યું અને એક અફલાતૂન કાવ્ય કલમમાંથી સર્જાયું અને સાથે સર્જાયું સહ જીવનનું સપનું. જૂહુના હરેકૃષ્ણ મંદિરમાં પ્રથમ મુલાકાત થઇ અને પરિચયનો માંડવો રોપાયો.

પહેલીવાર નીમુબેનને મળેલા ત્યારે નીમુબેને ગુલાબી રંગની સાડી પહેરી હતી. ત્યારે ક્યાં ખબર હતી કે એમની પ્રથમ મુલાકાત જીવનને ફુલગુલાબી બનાવી જશે.

સાઈકોલૉજી અને ફિલોસોફીમાં એમ.એ. કરનાર નીમુબેન ધારત તો કદાચ પ્રોફેસર કે કોઈ કોલેજના પ્રિન્સિપાલ સુધ્ધાં થઈ શકત પણ એમને વિશનના પ્રિન્સિપાલ બનવાનું ગમ્યું. સાચા અર્થમાં ક્રિએટીવ સપોર્ટર બન્યા. પરિણામે મોજીલા વિશનને જીવનમાં જલસો કરાવી દીધો.

કલાકાર દીકરો ડૉ. નિમિત્ત નાગડા (જનરલ ફિઝિશિયન), પ્રવક્તા અને મીઠડી કચ્છીના ટહુકા જેવી દીકરી ડૉક્ટર નિયતિ (ગાયનેક), ડેન્ટિસ્ટ પુત્રવધૂ ડૉ. કુંજલ, જમાઈ ચિરાગ ધુલ્લા - જૈનના અમૂલ્ય સાથ, પ્રાગટ્યના પંથે એવા બાળગીત સંગ્રહનું સ્થાન, પૌત્રી ઈરા, પૌત્ર તીર્થિકથી વિશન સમૃદ્ધ થયા છે.

જીવનનો ૨૦૧૬નો પડાવ એમના માટે શિરમોર હતો. એ એક જ વર્ષે એમની ષષ્ઠીપૂર્તિ ઉજવાઈ. એ ઉજવણીનો અવસર કચ્છ યુવક સંઘે ઉપાડી કચ્છના લાડકા સાહિત્યકારને લાડ કર્યા છે. એ જ વર્ષે અમેરિકાથી કોજૈનાએ તેડું કર્યું અને સર્જક તરફથી આપણને અનન્ય એવી ડોક્યુમેન્ટરી "કચ્છ ડોલરિયો દેશ"ની યૂ-ટ્યૂબ પર ભેટ મળી.

મારા હિસાબે ડૉ. વિશનનું સૌથી મોટું પ્રદાન છે કચ્છ યુવક સંઘના કચ્છી નાટકો. સતત અઠ્યાવીસ - અઠ્યાવીસ નાટકોનું રૂપાંતર કરવું, અત્યાર સુધી લાખો લોકોએ આ નાટકો જોવા એ કોઈ પણ ભાષા માટે ચમત્કારથી ઓછું નથી.

કચ્છ યુવક સંઘ દ્વારા ડૉ. વિશનના આ નાટકો સંપૂર્ણ વિનામૂલ્યે ભારતભરમાં બતાવી કચ્છી ભાષાનો ઓચ્છવ ઉજવવો એ પણ ચમત્કારથી ઓછું નથી. અમારી જોડી મળીને ૨૯-૨૯ વર્ષથી નાટકો ભજવીએ છીએ એ વાત અન્ય ભાષાના નાટ્યકારો જાણી છક થઇ જાય છે. છેલ્લાં બે વર્ષથી SPM ગ્રૂપે સ્પોન્સરશિપ આપી આ પ્રવૃત્તિના વધામણા કર્યા છે.

ડૉ. વિશન નાગડા માટે આ નાટકો માનસપુત્રો જેવા છે. એટલે જ નાટકરૂપે ઓગણત્રીસમું બાળક જન્મવાનું છે ત્યારે ડૉ. વિશન નાગડાને ઘણી ખમ્મા.

નવા નાટક "મન મેલે ત અખિયું ખેલેં"ના યુવાન કલાકારોને Best of Luck.

***"નિંયાપો"ના સૌજન્યથી***

---

*પવન એનો એ જ હોય, છતાં એક વહાણ પૂર્વ દિશામાં ગતિ કરે છે, જ્યારે બીજું પશ્ચિમમાં. ગતિની દિશા માટે સઢ જવાબદાર છે, પવન નહીં.*

*એ જ રીતે જીવનરૂપી વહાણને મંઝિલે પહોંચાડવા માટે દૃઢ આત્મબળ જવાબદાર છે, બાહ્ય પરિબળો નહીં.*

વ્યક્તિ વિશેષ

# માટુંગા બોર્ડિંગનું હીર : ચંદ્રકાંત ગાલા
## એક અનોખું વ્યક્તિત્વ



વસંત ઉમરશી મારૂ

કચ્છનું પુનડી ગામ અત્યારે ધાર્મિક એપિસેન્ટર બની ગયું છે. કારણકે SPM પરિવારે પ્રવચન પ્રવીણ નમ્રમુનિ મહારાજ સાહેબને વિનંતી કરી, પુનડી ગામમાં ચોમાસું કરાવ્યું છે. મહારાજ સાહેબની મંત્રમુગ્ધ વાણીથી પુનડીમાં જૈનો અને જૈનેતર જૈન ધર્મના રંગે રંગાઈ ગયા છે. એ પુનડી ગામના ઉત્સાહથી તરવરતા ચાણક્ય જેવા ચતુર એટલે અંધેરી સેવા સમાજના સૂત્રધાર ચંદ્રકાંતભાઈ ગાલા!



શ્રી ચંદ્રકાંત ગાલા

ચંદ્રકાંતભાઈનો જન્મ ૧૯ ઓગસ્ટ, ૧૯૬૨ના પુનડી ગામમાં થયો. ધુળ માટીમાં ઉછરેલા ચંચળ સ્વભાવનો નાનકડો ચંદ્રકાંત પ્રમાણમાં થોડોક તોફાની. પિતા રામજીબાપા મુંબઈના નળ બજાર ઇલાકામાં દુકાનમાં નોકરી કરે. માતા લખમીબાઈ ગૃહિણી. નાનકડા ચંદ્રકાંતને ગામમાં બેટબોલ (ક્રિકેટ) રમવાનો જબરો શોખ. ચુંથા અને ચિંદીથી બનેલ બોલથી રમવાનો પણ શોખ.

પણ 'સાત ગીલોડી' (લગોરી)ની રમતમાં ચંદ્રકાંત ગામમાં ચેમ્પિયન! એનું નિશાન બહુ અચૂક. પહેલે જ દડે અચૂક ગીલોરીની ઢગલી પાડી નાખે. પુનડી ગામમાં એ સમયના છોકરાઓમાં લખમીબાઈના આ દીકરાની જબરી ગુડવિલ! ત્યાર પછી આજ સુધી ઊંચા નિશાન તાકવામાં ચંદ્રકાંતભાઈ ક્યારેય પાછળ પડ્યા નથી...

કચ્છથી મુંબઈ આવી બાળ ચંદ્રકાંત માટુંગા બોર્ડિંગમાં દાખલ થયો. અહીં ભણતરની સાથે સાથે એનું અફલાતૂન ઘડતર થયું. મિત્રોને જીતી લેતા શીખ્યો. ભલભલા સાથે કામ પાર પાડતા શીખ્યો. ભણવામાં પણ હોંશિયાર અને આત્મવિશ્વાસથી ચંદ્રકાંત લબાલબ થઇ ગયો.

સમય જતાં રામજીબાપાએ કુંભારવાડા જેવા ભરચક એરિયામાં દુકાન શરૂ કરી અને લખમીબાઈ અને કુટુંબને મુંબઈ તેડાવ્યા. આર્થર રોડ જેલથી થોડે દૂર આવેલ શાંતિનગરમાં એમનું પહેલું ઘર. ત્યાંથી કુંભારવાડા વિસ્તારમાં બીજું ઘર લીધું.

ચંદ્રકાંતભાઈ માટુંગા બોર્ડિંગમાં એસ.એસ.સી. ભણી પિતા સાથે રેશનિંગની દુકાનમાં જોડાઈ ગયા. કોલેજમાં દાખલ થવાને બદલે પિતા સાથે ખભેખભો મિલાવી કુટુંબને આર્થિક સદ્ધરતા માટે પુરુષાર્થ આદર્યો. ગરીબોને ઘઉં, ચોખા, સાકર કે ઘાસતેલનું વિતરણ કરતાં કરતાં એમણે કાંઈક કરી દેખાડવાનું સપનું જોવાં લાગ્યાં.

ત્યાં મોટી ખાખર ગામના રતનબાઈ વાલજી ગંગરની દીકરી અલકા સાથે લગ્ન લેવાયાં અને જાણે અલકાબેનના શુકનવંતા પગલાંએ એમને નવી પાંખ આપી. પ્રથમ સંતાનનું આગમન થતાં જ ચંદ્રકાંતભાઇએ અંધેરી આવી કારોબાર શરૂ કર્યો. રેશનિંગનું મહેનતકસ કામ કરતાં કરતાં સમાજસેવાના ક્ષેત્રે પ્રવેશ કર્યો. માટુંગા બોર્ડિંગમાં મિત્રોને મદદ કરવાના ગુણનો એમનામાં વિકાસ થવા લાગ્યો.

ચંદ્રકાંતભાઈ પાસે સંબંધ બાંધવાની અને ત્યાર પછી સંબંધો સાચવવાની ગજબની કુનેહ છે. પરિણામે મોટા મોટા સરકારી અધિકારીઓ, રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ સાથે ઘરોબો કેળવી શક્યા છે. આ વગદાર માણસની વગ પોતાના માટે નહીં, પણ સમાજ માટે વાપરવાની નીતિથી સમાજના કેટલાય કાર્યો કર્યાં છે.

પરિણામે અંધેરી સેવા સમાજના નામે અંધેરીમાં એક ચોકનું નામ "અંધેરી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ ચોક"નું નામ આપવા સમજાવવા સરકારી અધિકારીઓ પાસે સફળ થયા. આજે કચ્છી સમાજની કોઈ સંસ્થાના નામે ચોક હોય એવું મને ધ્યાનમાં નથી. અંધેરી સેવા સમાજના મીઠાઈ વિતરણથી લઈ મેડિકલ અને સાંસ્કૃતિક કાર્યક્રમોના ચંદ્રકાંતભાઈ સૂત્રધાર બની અંધેરીવાસીઓને લીલાછમ બનાવી દીધા છે.

આજની તારીખમાં આપણે ઑનલાઈન માણસો બની ગયા છીએ. ધીરે ધીરે એકબીજાને મળવાનું ઓછું થતું જાય છે. ચંદ્રકાંતભાઈ આ વિષમ પરિસ્થિતિને બરાબર ઓળખે છે. એટલે જ અંધેરી સેવા સમાજના આ પૂર્વ પ્રમુખશ્રી અને હવે ચેરમેન ચંદ્રકાંતભાઈ અંધેરીના કે.વી.ઓ. એકબીજાને સતત મળતા રહે

એવા અવનવા આયોજનો કરતા રહે છે અને માણસોને ઑફલાઈન કરવાની પ્રવૃત્તિઓ કરતા રહે છે.

પ્રસંગોપાત્ત બોટ પાર્ટીથી લઈ બીજા અનેક આયોજનો કરીને, મિજબાનીઓ, સેવા માટે અંધેરીના ક.વી.ઓ. ભેગા કરી મિત્રતાની મિજલસ જમાવે છે. એમ તો એમને કલા પ્રત્યે અદમ્ય આકર્ષણ. કચ્છ યુવક સંઘનું કચ્છી નાટકનું આયોજન અંધેરીવાસીઓ માટે અચૂક કરે. ક્યારેક તો મારી પાસેથી અંધેરીના કલાકારોનો સાંસ્કૃતિક કાર્યક્રમ તૈયાર કરાવી યુવાનોને સમાજ સાથે જોડવાનું ભગીરથ કાર્ય કરે...

લલીતભાઈ છેડા એમના ખાસ મિત્ર છે. બંને રામ-લક્ષ્મણની જોડી જોઈ લ્યો! લલીતભાઈ જ્યારે વિલેપાર્લે લાયન્સ ક્લબના પ્રેસિડેન્ટ હતા ત્યારે સેક્રેટરી બની અનેક સામાજિક પ્રોજેક્ટો કર્યા છે. એવા અનેક દાખલા બન્યા છે કે મિત્રો જ નહીં કોઈ પણ કચ્છી એમની પાસે મદદ માંગવા જાય તો પોતાની વગ વાપરી મુશ્કેલીમાંથી ઉગારી લે.

પોતે ભણી ન શક્યા એનો અફસોસ કરવાને બદલે બીજા યંગસ્ટર સારી રીતે ભણીને વિકાસ કરી શકે માટે મલાડ વિસ્તારની પ્રતિષ્ઠિત એન.એલ. કોલેજની કમિટીમાં જોડાઈ ગયા. કોલેજના વિકાસ માટે કાર્ય કરવા લાગ્યા. આજે એન.એલ. કોલેજના ઉપપ્રમુખપદે બિરાજી, મા સરસ્વતીના ચાકર બની ગયા છે.

MKES શિક્ષણ સંસ્થાનમાં આજીવન ટ્રસ્ટીપદની ચૂંટણીમાં સૌથી વધુ વોટ મેળવી ટ્રસ્ટી બન્યા છે. માંડ SSC પાસ થયેલ દાણાનો વેપારી એન.એલ. કોલેજ સંસ્થાનમાં ઉપપ્રમુખપદે અને કાયમી ટ્રસ્ટી પદે બિરાજી કોલેજનું સંચાલન કરે એ નાનીસૂની વાત નથી જ નથી.

વાંદરાથી દહીંસર સુધીના અનાજના વેપારીઓનું સંગઠન એટલે 'બોમ્બે ગ્રેઈન ડિલર સબર્બન એસોસિએશન.' અંગ્રેજોના સમયે સ્થપાયેલી સો વર્ષ જૂની આ સંસ્થાના મંત્રીપદે ચંદ્રકાંતભાઈ છે. આટલી જૂની સંસ્થાનો કારોબાર ચલાવવો પરિશ્રમનું કામ છે, પણ પરિશ્રમથી પાછા હઠે તો ચંદ્રકાંતભાઈ નહીં. બાળપણમાં લગોરીમાં અચૂક નિશાન તાકનાર ચંદ્રકાંતભાઈ હવે ઊંચા નિશાન તાકવાના કસબી બની ગયા છે. એટલે જ અંધેરી સેવા સમાજનું આધુનિક મેડિકલ સેન્ટર બનાવવાનું નિશાન વીંધી કાર્ય ચોક્કસ પાર પડશે જ.

SPM પરિવાર ઉપરાંત સ્વ. રવિભાઈ સંગોઈ જેવા મહામાનવી પુનડી ગામમાં પાક્યા છે. તો વાસીની તમામ કચ્છી જ્ઞાતિઓને એકસૂત્રે બાંધનાર, 'વાસી કચ્છ યુવક સંઘ'ના સૂત્રધાર ચંદ્રકાંતભાઈ દેઢિયા અને કચ્છ યુવક સંઘના સ્થાપક પૂર્વ પ્રમુખ જગદીશભાઈ દેઢિયા પણ પુનડીના છે. તો ગુજરાત સમાચારના પત્રકાર દિલીપભાઈ શાહ પણ પુનડીના છે.

આ પુનડીની માટીમાં જ જન્મેલા માટુંગા બોર્ડિંગના સ્વપ્ન જીવી વિદ્યાર્થી ચંદ્રકાંતભાઈના તાજેતરના જન્મ દિવસ પ્રસંગે કચ્છી નાટક 'મન મેલે ત અખિયું ખેલે'ના કલાકારોની ટીમ વતીથી જન્મ દિવસની શુભ કામના પાઠવાયેલ હતી. અને હા, પાર્લા દિનાનાથ હોલ ખાતે એ જ રાતે આ કચ્છી નાટકનો પચ્ચીસમો પ્રયોગ યોજાયેલ હતો. ચંદ્રકાંતભાઈનો જન્મ દિવસ અને મારા નાટકનો પચ્ચીસમો પ્રયોગ – બંને પ્રસંગ મારા માટે ઉત્સવ જેવા બની ગયા છે. અસ્તુ.

(CT પરના આ લેખ માટે પૂરક માહિતી માટે કાંતિભાઈ સાવલા (રામાણિયા) અને તનસુખભાઈ ગાલાનો આભાર.)

ચંદ્રકાંતભાઈ ગાલા મુંબઈની પ્રતિષ્ઠિત NL કોલેજના ઉપપ્રમુખપદે અને MKES કોલેજના કાયમી ટ્રસ્ટીપદે છે. તેમનું બહુ અદ્ભુત વ્યક્તિત્વ છે.

***મો. ૯૭૫૭૪ ૦૫૮૭૨***

## કચ્છી સહિત ૩૬ બોલીઓ ભાષાઓ દરજ્જો મેળવવા....

**(અનુસંધાન : પાના નં. – ૨૦ ઉપરથી ચાલુ)**

સંશોધન અને પ્રયાસોમાં ડૉ. દર્શના ધોળકિયા જેવાં વિદ્વાનોએ પણ સહયોગ આપ્યો હતો. મહેન્દ્રભાઈ કહે છે કે, કચ્છીને 'જાડેજી કચ્છી', 'કુરો-કુજોડી કચ્છી' અને 'બબાની બોલી' તરીકે ઓળખાવાય છે. સામુદાયિક અને પ્રાદેશિક વર્ગીકરણ પ્રમાણે આ બોલીના વાઘેરી, હાલારી કચ્છી સહિત ૧૨ પ્રકારો નોંધાયા છે. કચ્છી લખવાની લિપિ ગુજરાતી, ખોજકી અને પર્સો-અરેબિક છે. ભૌગોલિક વર્ગીકરણ અનુસાર કચ્છની ઉત્તર સરહદ ક્ષેત્રમાં બન્ની કચ્છી, પશ્ચિમ સરહદ ક્ષેત્રમાં વાગડી કચ્છી અને પૂર્વ કચ્છ ક્ષેત્રમાં માંડવી કચ્છી ઉપબોલી રૂપે પ્રચલિત છે. ' DIKSHA' પોર્ટલ પર કચ્છી ભાષાની ઑનલાઈન તાલીમનો કોર્સ પણ ભણાવાય છે. **મહેન્દ્રભાઈ કહે છે કે બોલીને ભાષાના દરજ્જા માટે દસ્તાવેજી તૈયારી કરી છે, પરંતુ સત્તાતંત્ર આ વિષય તરફ ધ્યાન આપતું નથી.** જે રીતે ક્લાસિકલ લેંગ્વેજના દરજ્જા માટે નિશ્ચિત પ્રોસિજર પ્રમાણે કાર્યવાહી થાય છે, એ રીતે બોલીને ભાષાના દરજ્જા માટે નિર્ધારીત રીતરસમ જોવા મળતી નથી.


છેલ્લાં બે વર્ષમાં ગુજરાતના બે મુખ્ય પ્રધાનો વિજય રૂપાણી અને ભૂપેન્દ્રભાઈ પટેલને મળીને અરજીઓ અને ફાઈલો સુપરત કરી છે અને જવાબની રાહ જોઈએ છીએ. આવશ્યક્તા જણાય તો અમે કેન્દ્ર સરકારના યોગ્ય સત્તાતંત્ર સમક્ષ રજૂઆત કરીશું. સરકારી તંત્ર ભાષાકીય વિષયોને પણ અન્ય કેટલાક વિષયો જેટલું પ્રાધાન્ય આપે એવી અપેક્ષા ભાષાશાસ્ત્રીઓ વ્યક્ત કરે છે.

***"મુંબઇ સમાચાર"ના સૌજન્યથી***

સ્વાસ્થ્ય

# વારંવાર હાથ ધોવા – ઓબ્સેસિવ કમ્પલસીવ ડિસઓર્ડર (O.C.D.)

## ભાગ-૧




ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

- **કેસ સ્ટડી :**

૩૬ વર્ષની સુષ્માને (નામ બદલ્યું છે) છેલ્લા ચારેક વર્ષથી વારંવાર હાથ ધોવાની કુટેવ (બીમારી) થઈ હતી. નાનું કે મોટું કામ કરે કે તરત જ હાથ સાબુથી ધોઈ નાખે. જ્યાં સુધી હાથ સાબુથી ન ધુએ ત્યાં સુધી સુષ્માને ચેન ન પડે. ધીમે ધીમે હાથ ધોવાની પ્રક્રિયા વધતી જતી હતી. સુષ્મા હાથ ધોવામાં વધારે ને વધારે સમય વિતાવતી. આથી કામ પૂર્ણ કરવામાં સમય વધારે લાગતો. અન્ય કામ બધાં મોડેથી થતાં હતાં. જેથી ઘરના બધાં લોકોને તકલીફ થતી હતી.

૧. બેએક વર્ષથી હાથ ધોવાનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું. દરેક કામ કર્યા બાદ સુષ્મા ત્રણ વખત સાબુથી હાથ ધોતી. આ દરમિયાન જો મનમાં શંકા આવે કે સાબુથી હાથ ત્રણ વખત ધોયા નથી તો ફરીથી બીજા ત્રણ વખત સાબુથી હાથ ધોતી. આ પ્રક્રિયાને લીધે –
   - (અ) સમય વધારે જતો. જેને લીધે સમયસર કામ પૂરું ન થતું. જેને લીધે ઘરની અન્ય વ્યક્તિઓને તકલીફ થતી.
   - (બ) હથેળીની ચામડી પર નકારાત્મક અસર થતા ચામડીની સારવાર ચાલુ હતી.
   - (ક) સાબુનો વપરાશ તથા ખર્ચ પણ વધી ગયેલ.

૨. નાહવા માટે પણ સમય વધારે લાગતો હતો. એકથી દોઢ કલાક તો સહેજે નાહવામાં લાગતો હતો. ઘણી વખત બે કલાકથી પણ વધારે સમય લાગતો. સુષ્માને નાહતી વખતે લાગતું કે શરીર બરોબર સાફ થયેલ નથી. આથી ત્રણ વખત સાબુ લગાડીને નાહતી હતી. આથી પાણીનો વપરાશ ખૂબ જ વધી ગયો હતો. સુષ્મા નાહવા માટે ૧૦થી ૧૫ બાલ્દી પાણી વાપરતી હતી. જેને લીધે ઘરમાં ઘણી વખત પાણી ખલાસ થઈ જતું.

૩. ટોઈલેટમાં પણ સુષ્માને સમય વધારે લાગતો હતો. એકાદ કલાક જેટલો સમય થઈ જતો.

   બાથરૂમ તથા ટોઈલેટમા સુષ્માને વધારે સમય લાગવાથી ઘરની અન્ય વ્યક્તિઓને તકલીફ થતી હતી. પતિ તથા બાળકોને સમયસર તૈયાર થવામાં અડચણો થતી હતી.

૪. આથી રોજિંદુ કામ ઘણું જ મોડું થતું. બપોરનું જમવાનું જે પહેલાં ૧.૦૦ વાગે તૈયાર થઈ જતું હતું, તે હવે સાંજના ચારેક વાગે તૈયાર થતું. બાળકોને તથા પતિને સાંજે ૪ વાગે જમવા મળતું. રાતનું જમવાનું ૮ ને બદલે ૧૧ વાગે મળતું.

૫. બેએક વર્ષથી સુષ્મા શાક લઈને આવે કે તરત જ પહેરેલા કપડાં ધોવા નાખતી. એને થતું, કપડાં ગંદા થઈ ગયાં છે. બાળકો પણ શાળાએથી આવે કે એમના યુનિફોર્મ ધોવા નાખતી.

૬. ઘરથી બહાર નીકળતી વખતે સુષ્મા પાંચ વખત ઉંબરાથી અંદર બહાર થતી અને છેવટે પાંચમી વખત ઉંબરો ઓળંગ્યા બાદ જ ઘરથી બહાર જઈ શકતી. બહાર જવા માટે મોડું થતું હોય તો પણ આ પ્રક્રિયામાં સુષ્મા ફેરફાર કરી શકતી ન હતી.

   દરવાજો બંધ કર્યા પછી પણ દરવાજો તથા લોક પાંચ વખત ચકાસતી કે દરવાજો બરોબર બંધ છે કે નહીં? પતિ ઘણી વખત સમજાવતો કે બધું બરોબર છે. છતાં સુષ્માને પાંચ વખત ચકાસ્યા બાદ જ સંતોષ થતો.

   તેવી જ રીતે ગેસનો ચૂલો પણ પાંચ વખત ચકાસે ત્યારે જ સુષ્માને સંતોષ થતો કે ગેસનો ચૂલો બંધ છે.

૭. સુષ્માને ઈશ્વર / ભગવાન પર ખૂબ જ શ્રદ્ધા હતી. મંત્રોચ્ચાર નિયમિતપણે પહેલા કરતી હતી, પરંતુ બેએક વર્ષથી મંત્રની દરેક લાઈન પાંચ વખત બોલતી હતી. એમાં પણ જો શંકા થાય તો એ લાઈન બીજા પાંચ વખત બોલતી.

૮. બારેક મહિનાથી ઈશ્વર વિરૂદ્ધના વિચારો આવતા હતા. ઈશ્વર જોડે જાતીયતાના (Sex) વિચારો આવતા હતા. આ વિચારોથી સુષ્મા ખૂબ જ અસ્વસ્થ થઈ જતી હતી. પોતાની જાતને અપરાધી માનતી હતી, પાપી માનતી હતી કે મને આવા વિચારો આવે છે હું નર્કમાં જઈશ. આના કરતાં મરી જવું સારું.

૯. સુષ્માની ઉપરોક્ત વર્તણૂક, વિચારો, વ્યવહાર કોરોનાની મહામારી ચાલુ થઈ એ પહેલાથી હતાં. કોરોના મહામારી

બાદ પ્રમાણ વધ્યું હતું.

૧૦. આને લીધે પતિ તથા બાળકો તંગ આવી ગયાં હતાં. પતિએ સહાનુભૂતિપૂર્વક ઘણી વખત સમજાવવાની કોશિશ કરી હતી કે આ વર્તણૂક પર કાબૂ મેળવ, કંટ્રોલ કર, વર્તણૂક બદલાવ, આત્મવિશ્વાસથી કામ લે, બધું પહેલાની જેમ નોર્મલ થઇ જશે. સુષ્માની મમ્મી તથા ભાઈએ પણ સમજાવવા માટે પોતાનાથી બનતા બધા પ્રયાસ કર્યા હતા. પરિણામ શૂન્ય આવ્યું.

સુષ્માને કુળદેવીના સ્થાનકે દેશમાં જઈ પગે લગાડી આવ્યા. જ્યોતિષ પાસે વિધિ કરાવી. ધર્મગુરુ પાસે લઈ ગયા. વિચારો, કાર્ય, વ્યવહારમાં ફરક ન પડ્યો. તકલીફ વધતી ગઈ.

એક હિતેચ્છુની સલાહથી સુષ્માને મનોચિકિત્સક (લેખક)ના અભિપ્રાય માટે કન્સલ્ટ કર્યા.

*સુષ્માએ રડતા રડતા સેશન્સમાં જણાવ્યું કે –*

૧. મને પણ સમજણ છે કે હું જે કરી રહી છું (વારંવાર હાથ ધોવા, ફરી ફરીથી ચેક કરવું, બાથરૂમ, ટોઈલેટમાં વધારે સમય ગાળવો વગેરે) તે યોગ્ય નથી. મારે આ પ્રમાણે કરવું ન જોઈએ.

૨. પરંતુ આ વિચારો, વર્તણૂક, કામ કરવાની રીત વગેરે મારા કાબૂમાં નથી. આ પ્રમાણે ન કરું તો મન બેચેન, અસ્વસ્થ થઇ જાય છે.

૩. મારા મનમાં ડર, ચિંતા, ભય રહે છે કે જો હું ત્રણ કે પાંચ વખત એ કાર્ય નહીં કરું તો કંઈક નુકસાન થશે, કાંઈક ભયંકર અશુભ થશે. મારા મમ્મીને મારા લીધે જીવલેણ બીમારી થશે. મારી દીકરીનું કોઈક અપહરણ કરી એના પર બળાત્કાર કરશે.

૪. આવું કાંઈક ભયંકર ન થાય એ માટે ત્રણ કે પાંચ વખત એકનું એક કામ કરું છું, ચેક કરું છું.

- **નિદાન :**

સુષ્માનો કેસ ઓબ્સેસિવ કમ્પલસીવ ડિસઓર્ડર (O.C.D.)નો છે. જેમાં મુખ્યત્વે અનિચ્છિત, દબાણપૂર્વકના કાર્યો (Compulsive Behaviour) (વારંવાર હાથ ધોવા, વારંવાર ચેક કરવું, વધારે પડતી સાફ સફાઈ, વધારે પડતી ચોક્સાઈ વગેરે) સુષ્મા કરતી હતી. આથી રોજિંદા કાર્યોમાં તથા વ્યવહારમાં તકલીફ અને મુશ્કેલી સર્જાતી હતી.

- **સારવાર :**

સારવાર વિશેની ઊંડાણમાં માહિતી હવે પછીના લેખમાં મેળવીશું.

*(ક્રમશઃ)*

## સારા સ્વાસ્થ્ય માટે સારી ઊંઘ જરૂરી છે...

**(અનુસંધાન : પાના નં. – ૩૪ ઉપરથી ચાલુ)**

નિદ્રા કરતા હોય કે સારી ઊંઘ લેતા હોય તો તેમને વાંધો આવતો નથી તેમજ સ્વાસ્થ્ય પર કોઈ વિપરીત અસર પણ નથી થતી. પરંતુ સ્વસ્થ અને પુખ્ત વ્યક્તિ માટે ૬ થી ૮ કલાકની ઊંઘ જરૂરી અને આવશ્યક મનાય છે.

બાળકો અને વૃદ્ધો સિવાય બીમાર વ્યક્તિ પણ વધુ ઊંઘ લે છે. ઘણી વાર દવાનું ઘેન પણ ઊંઘ વધારે છે. જોકે એમ મનાય છે કે દવાના ઘેનથી ઊંઘ વિશેષ આવે તો દરદ પણ જલદી મટે છે અને વ્યક્તિ જલદી નોર્મલ સ્થિતિમાં આવી જાય છે. એટલે કે તેના રૂટિન પર સારી ઊંઘ પછી આવી શકે છે.

આયુર્વેદ પ્રમાણે શરીરમાં કફ વધી જાય તે સ્થિતિમાં ઊંઘ વધારે આવે છે અને વાયુ વધી જાય તો ઊંઘ હરામ થઈ જતી હોય છે. ઉંમર જેમ વધે તેમ ઊંઘ ઓછી થાય છે.

ખોરાકમાં આડુઅવળું ખવાઈ જાય અને પેટ ભારે લાગે તો પણ ઊંઘ નથી આવતી.

ઘણાની ફરિયાદ હોય છે કે સારી ઊંઘ નથી આવતી. અડધી રાત તો ઊંઘ આવતી જ નથી. કે ચિંતા અને મન અશાંત હોય તો પણ ઊંઘ નથી આવતી.

સારી ઊંઘ લાવવા માટે રાત્રે હલ્દીવાળું દૂધ કે એલચીવાળું દૂધ જે સહેજ ગરમ હોય તે પીઓ... સહેજ ગરમ કે નવશેકું પાણી રાત્રે સૂતા પૂર્વે પીવો તો પણ સારી ઊંઘ આવી જશે.

સારી ઊંઘ લાવવા માટે આવા તો ઘણા ઘરેલું નુસ્ખાઓ છે એ અજમાવી લો.

સરસ સ્વાસ્થ્ય માટે સારી ઊંઘ અને પૂરતી ઊંઘ અવશ્ય લેવી જોઈએ. સારા આરોગ્યનો આ નિયમ છે.

સારી ઊંઘ લાવવા માટે ઘણા રાત્રે કોઈ સારું પુસ્તક વાંચે છે. જેથી જલદી સારી ઊંઘ આવી જાય.

આ પણ સારી ટેવ છે. ઊંઘવાના સમય ચોક્કસ રાખો તો ઊંઘ સાથે દોસ્તી થઈ જશે. ■

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

# સારા સ્વાસ્થ્ય માટે સારી ઊંઘ જરૂરી છે...



ચૌલા કુરૂવા

સારા આરોગ્યની એક શરત એ પણ છે : સારી ઊંઘ...

ઘણાને વધુ પડતા સુવાની ટેવ હોય છે. ઉઠે તો પણ સૂતા જ હોય ને પાછા સૂઈ જાય. જોકે ઘણા કહે છે કે વધુ પડતું સૂતા લોકો માંદા તો નથીને... એટલે કે જો તમને વધુ પડતી સુવાની ટેવ હોય કે તમે વારંવાર સૂઈ જતા હો તો તમારે હેલ્થ ચેક-અપ કરાવી લેવું કે કોઈ ડૉક્ટરની સલાહ વહેલી તકે લઈ લેવી હિતાવહ છે.

એવા પણ લોકો છે કે જેમને ઊંઘ જ નસીબમાં નથી. રાતોની રાતો આમતેમ પડખા ફરીને કે પછી કંઈ કામ કરીને કાઢવી પડે છે. રાતના કામ કરતા લોકો જાગવાથી ટેવાઈ જાય છે. પછી ઊંઘવા માટે ઘણી વાર ટેબલેટ્સ પણ લેવી પડે છે.

હવે એથી વિપરીત લોકોની વાત સાંભળીએ...

કેટલાક લોકોને ઊંઘવાની બહુ જ મજા આવતી હોય છે. બહુ મસ્તીથી સૂઈ જાય છે અને ઉઠાડવા પણ મુશ્કેલ હોય છે આવા ઊંઘણશી લોકોને...

પણ ખરેખર જોઈએ તો ઊંઘનું આપણા જીવનમાં બહુ મહત્ત્વ છે. ખાસ કરીને ઊંઘ આરોગ્ય માટે બહુ મહત્ત્વની મનાય છે. એમ તો કહેવાય છે કે મનુષ્ય તેની જિંદગીના અડધા વરસો એટલે કે સરેરાશ અડધી જિંદગી ઊંઘમાં જ વિતાવે છે. આરોગ્યની રીતે જોઈએ તો સ્વસ્થ અને પુખ્ત વ્યક્તિને રોજ સરેરાશ ૭ થી ૮ કલાક સૂવું જોઈએ. જો આથી ઓછી ઊંઘ હોય તો જોખમી ગણાય. ઘણા છ કલાકની ઊંઘને પૂરતી માને છે. બીજી તરફ જો આઠ કલાકથી વધુ એટલે કે ૧૦ કે ૧૨ કલાક કોઈ વાર સૂઓ કે સુવાનું મન થાય અને ઊંઘ આવી જાય તો એ બીમારી કહેવાય. એટલે કે સ્વસ્થ વ્યક્તિ ન કહેવાય.

વળી ઊંઘવાની રીતો વિશે પણ ઘણી ચર્ચાઓ છે...

ઘણા અથવા કહો કે મોટા ભાગના એમ માને છે કે ઉત્તર દિશામાં માથું રાખીને સૂવું ન જોઈએ. એથી માથા પર ભાર આવે છે અને સ્વાસ્થ્યને હાનિ થાય છે.

દક્ષિણ દિશા તરફ માથું રાખીને સૂવું સૌથી સારું હોય છે. આવી માન્યતા વ્યાપક જોવા મળે છે.

તે જ રીતે પશ્ચિમ દિશા કરતા પૂર્વ દિશા તરફ માથું રાખીને સૂવું વિશેષ ફાયદાકારક છે એવી પણ માન્યતા પ્રવર્તે છે.

એ સિવાય ઊંધા સૂવા પર મોટાભાગના જાણકાર લોકો હાનિકર્તા નીવડશે એવો અભિપ્રાય આપે છે.

સીધા સૂવું પણ વિશેષ યોગ્ય નથી સિવાય કે કોઈ એવું ઓપરેશન થયું હોય. તેટલા સમય પૂરતું સીધા સૂઇ શકાય.

ખાસ કરીને ડાબા પડખે સૂવાની લગભગ મોટાભાગના લોકોની ટેવ હોય છે અને આને સ્વસ્થ માનવામાં આવે છે. બહુ ઓછા લોકો જમણા પડખે સૂએ છે. આ પણ જોકે યોગ્ય કહેવાય છે.

એમ સ્વસ્થ રહેવા અને સારા આરોગ્ય માટે જેમ સારી ઊંઘ મહત્ત્વની છે, તેમ સુવાની દિશા, કમરાની - પથારીની સ્વચ્છતા પણ મહત્ત્વના છે. તેમજ સૂવાની રીતો પણ ખૂબ અગત્યની છે.

ટૂંટિયું વાળીને, પગ વાળીને ગલુડિયાંની જેમ પુખ્ય વ્યક્તિએ ન સૂવું જોઈએ. કમરના દુખાવા માટે સીધા ઓસીકા વગર પગ લાંબા રહે તેમ સૂવાની સલાહ આપવામાં આવે છે.

યોગ નિંદ્રામાં પણ હાથ અને પગ પહોળા કરીને ચત્તા / સીધા ઓસીકા વગર જ સૂવાનું રહે છે. તેમજ મસલ્સ ઢીલા રીખીને, મગજ અને મનને શાંત અને ખાલી કરીને સૂવાનું હોય છે... પડ્યા રહેવાનું હોય છે. અને ઘણી વાર આવી સ્થિતિમાં જો તમે ૩૦ મિનિટ વિતાવો તો ઊંઘ આવી જતી હોય છે. અને કલાક પણ થઈ જાય, પરંતુ ઊઠ્યા પછી ખૂબ સ્વસ્થતા અને શાંતિ લાગે છે. મન અને શરીર પણ શાંત અને આનંદિત લાગે છે.


જો દિવસના સવાર-સાંજ આવી યોગ નિદ્રા લઈ શકો તો ઊંઘનો સમય ઓછો આપમેળે થઇ જશે અને આરામ પણ સારો મળશે.

વળી, વૃદ્ધો કે બાળકો જો દસ-બાર કલાક સૂએ તો તેમાં કંઈ ખોટું ન કહેવાય. તેમની જરૂરત છે.

યોગીઓ યોગની મદદથી તેમની ઊંઘ ઓછી કરી શકે છે. યોગ નિદ્રા જો ૩૦થી ૪૫ મિનિટની લેવામાં આવે તો ૪ થી ૬ કલાકની ઊંઘ પૂરતી થઈ જાય. કામમાં વ્યસ્ત ઘણા માણસો કામના લીધે ૪ થી ૬ કલાક જ સૂએ છે. પણ આ પ્રકારે યોગ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૩ ઉપર)

# યોગ અંગે સાચી સમજ કેળવીએ



યોગસાધક કિરણ ચાંપાનેરી

યોગ પ્રત્યે લોકોમાં જાગૃતિ વધતી જાય છે. મિત્રો, બહેનપણીઓ, મહિલાઓ ભેગાં થાય ત્યારે સહજ વાતચીત કરતાં કરતાં હું કે અમે 'યોગા' કરીએ છીએની ચર્ચા થાય. સને ૨૦૧૪માં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર સંઘની મહાસભામાં પ્રથમ વાર યોગના વિચારને મૂક્યો અને એ વિચાર પ્રસ્તાવનો સહર્ષ સ્વીકાર થયો. ત્યારથી ૨૧મી જૂને 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. પ્રાચીન ભારતીય યોગવિદ્યાને આંતરરાષ્ટ્રીય સ્તરે અનોખી ઓળખ મળી છે, જે ભારતવર્ષ માટે ગૌરવની વાત છે.

આપણા દેશમાં યોગ પ્રત્યે પ્રજામાં જાગૃતિ લાવવા ભારત સરકારના આયુષ્ય મંત્રાલય દ્વારા આગવો પ્રયાસ થઈ રહ્યો છે. વિવિધ રાજ્યોમાં યોગને લોકભોગ્ય અને યોગના વિચાર, પ્રચાર પ્રસાર તથા આમપ્રજા સુધી પહોંચાડવા માટે યોગ પરિષદ કે બોર્ડની રચના કરવામાં આવેલ છે. તે પ્રમાણે હરિયાણામાં હરિયાણા યોગ પરિષદ અને ૨૧ જૂન, ૨૦૧૯થી ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના થઈ છે. આ પરિષદ અને યોગ બોર્ડ ગામ, નગર, શહેરોમાં યોગ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપીને યુવાનોને યોગ ઓલિમ્પિયાડ માટે તૈયાર કરે છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ટ્રેઈનરો ગામ - શહેરોમાં સવાર-સાંજ યોગ વર્ગનું સંચાલન કરે છે. જે સાધકોને યોગમાં રસ છે તેઓ યોગ ટ્રેઈનરો દ્વારા સંચાલિત નિઃશુલ્ક યોગ વર્ગમાં સામેલ થઈ યોગાભ્યાસ કરે છે.

યોગ... યોગા... અંગે વર્તમાન સમયે સમાજમાં ઘણી ઘણી ગેરસમજ અને ભ્રામક માન્યતા પ્રવર્તે છે. આવો, આપણે યોગ અંગેની સાચી સમજ કેળવીએ અને ખરેખર યોગ શું છે તે જાણીએ...

આજે યોગ ખૂબ લોકપ્રિય બનતો જાય છે. આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તરફથી મનુષ્ય જાતિને મળેલી સૌથી અમૂલ્ય ભેટ છે. યોગ વિદ્યા ખરેખર શું છે? તેનો સાચો ખ્યાલ લોકોને ખબર નથી. આજે તો લોકમાનસમાં યોગવિદ્યા નહીં પણ 'યોગા' ઘૂમે છે. યોગ એટલે આસન કરીને શરીરને તંદુરસ્ત રાખવું - બનાવવું, સૌંદર્ય વધારવું, શરીરને સુદૃઢ બનાવવું એવું માનવામાં આવે છે. વાસ્તવમાં યોગવિદ્યા તો આત્માની ઓળખ અને પરમાત્માની પહેચાન કરાવતું દર્શનશાસ્ત્ર છે.

યોગ એ કોઈ ધર્મ નથી. યોગ તો માનવધર્મ છે. યોગ તો જીવનધર્મ છે. યોગ તો જીવન જીવવાની કળા છે. દુનિયાના બધા પ્રાચીન ધર્મોમાં યોગ ક્યાંક ને ક્યાંક વણાયેલ છે. યોગ અભ્યાસથી વ્યક્તિત્વનો સંપૂર્ણ વિકાસ થાય છે. વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ થતાં ધીમે ધીમે આત્મસાક્ષાત્કાર તરફ યાત્રા આગળ વધે છે.

યોગ વિદ્યા - યોગ દર્શન વ્યક્તિના આત્મવિકાસનું વિજ્ઞાન છે. યોગવિદ્યા વ્યક્તિને પરમ સત્ય સુધી લઈ જાય છે. યોગ વિજ્ઞાન એ પરમ સત્યની પ્રાપ્તિ માટેનો માર્ગ બતાવે છે. યોગ વિદ્યાને સૈદ્ધાંતિક રીતે જાણવાથી કંઈ લાભ થતો નથી. યોગનો ખરો લાભ તો તેના પ્રાયોગિક અભ્યાસથી થાય છે. શ્રદ્ધાપૂર્વક સતત, નિયમિત, નિરંતર યોગાભ્યાસ કરવાથી ચોક્કસ પરિણામ મળે. યોગાભ્યાસથી આંતરિક સૌંદર્ય વધે છે, વ્યક્તિત્વમાં આમૂલ પરિવર્તન આવે છે. યોગાભ્યાસથી વ્યક્તિના વ્યવહાર, વર્તન, વાણીમાં બદલાવ આવે છે.

યોગવિદ્યા, યોગદર્શન, યોગવિજ્ઞાન આત્મસાક્ષાત્કારથી પરમ સાક્ષાત્કારનું વિજ્ઞાન છે. યોગ દર્શન જીવ, જગત અને ઈશ્વરના સ્વરૂપને સમજાવતું દર્શનશાસ્ત્ર છે. યોગ દર્શનનો ઉદ્ભવ ચિકિત્સા માટે થયો નહોતો. તેમ છતાં નિયમિત ચોક્કસ પ્રમાણેનો યોગ અભ્યાસ દેહધાર્મિક ક્રિયા સંબંધી અથવા મનોશારીરિક વ્યાધિની સારવારમાં અસરકારક પુરવાર થયેલ છે. યોગના નિયમિત અભ્યાસથી વ્યક્તિત્વના મનોમયકોશ પર નિયંત્રણ મેળવી શકાય છે. મનોમયકોશ પર નિયંત્રણ મેળવી બધા જ પ્રકારની વ્યાધિ પર નિયમન પ્રાપ્ત કરી શકાય છે.


યોગ તો સુવ્યવસ્થિત વિજ્ઞાન છે. યોગ કોઈ ચમત્કાર નથી. વળી યોગ અભ્યાસ માટે ઘરસંસાર છોડીને જંગલમાં જવાની કે ભગવાં ધારણ કરવાની જરૂર નથી. ગૃહસ્થ જીવન જીવતા જીવતા પોતાના કર્તવ્ય નિભાવતા સમતાભાવમાં રહીને યોગાભ્યાસ થઈ શકે છે. યોગ અભ્યાસથી વ્યક્તિના આંતરિક વ્યક્તિત્વમાં હકારાત્મક પરિવર્તન આવે છે. વ્યક્તિની નકારાત્મક વિચારધારા બદલાઈને સકારાત્મક બને છે. વ્યક્તિ સ્વકેન્દ્રિત ન રહેતા સમગ્ર સમષ્ટિની બની જાય છે.

આજે સામાન્ય રીતે બગીચામાં અને યોગ સ્ટુડિયોમાં ચાલતા યોગ વર્ગમાં શારીરિક કસરત રૂપે યોગ અભ્યાસ

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૦ ઉપર)**

સ્થાપનાના દશાબ્દિ વર્ષમાં પ્રવેશ

# શિવમસ્તુ જૈન તીર્થ : શિરવા (માંડવી)



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*મહા સુદ-૧૩, તા. ૦૩-૦૨-૨૦૨૩ (શુક્રવાર)*
*૯મી વર્ષગાંઠ*

માંડવીથી નલિયા જતા ધોરીમાર્ગ પર શિરવા ગામ પાસે શિવમસ્તુ સાધના કેન્દ્ર યાને ભવ્ય સમવસરણ જૈન તીર્થ આવેલું છે, જ્યાં ત્રિભુવનતિલક પાર્શ્વનાથ પ્રભુ મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત થયા છે. આ મહિને મહા સુદ તેરસ અને તદ્નુસાર તા. ૩જી ફેબ્રુઆરી, ૨૦૨૩ (શુક્રવારે) આ તીર્થની નવમી વર્ષગાંઠ ઊજવાશે અને તે સાથે તીર્થ પોતાની સ્થાપનાની દશાબ્દિ (૨૦૧૪-૨૦૨૪)માં પ્રવેશ કરશે.



શિવમસ્તુ જૈન તીર્થ – શીરવા (માંડવી)

- **સંકુલ સ્થાપનાની પૂર્વભૂમિકા**

બે અચલગચ્છ નાયકો ગુણસાગર સૂરીશ્વરજી (૧૯૧૩-૧૯૮૮) અને ગુણોદયસાગર સૂરીશ્વરજી (૧૯૩૨-૨૦૨૦)ના આશિષ સાથે મહાભદ્રસાગરજી (કાળધર્મ ૨૦૦૯)ની પ્રેરણાથી સ્થપાયેલું આ નૂતન તીર્થ તેના સ્વપ્નશિલ્પી પૂર્ણભદ્રસાગરજીના અથાગ પુરુષાર્થથી પૂર્ણપણે વિકસિત થયું છે. સૌ પહેલાં આ તીર્થસ્થળની બે વિશિષ્ટતાઓથી પરિચિત થઈએ. કચ્છની ધરતી ઉપર નિર્મિત પ્રથમ 'સમવસરણ જૈન મંદિર' હોવા સાથે અહીં બિરાજિત 'ત્રિભુવનતિલક પાર્શ્વનાથ' નામધારી મૂળનાયક પણ ભારતમાં પ્રથમ છે!

સમગ્ર તીર્થ સંકુલને 'ગુણસાગરસૂરિ સંસ્કારધામ - ગુણોદયસાગરસૂરિ નગર' નામ અપાયું છે. આ તીર્થની સ્થાપનાનું વિચારબીજ ૧૯૯૪માં રોપાયું હતું. રાજસ્થાન - ગુજરાતમાં વિવિધ એકવીસ સ્થળોએ જમીન જોયા બાદ કચ્છ-માંડવીના 'શિરવા' પાસેની ભૂમિની પસંદગી થઈ હતી. તેના ક્રમિક વિકાસની સાલવારી જોઈએ.

વર્ષ ૨૦૦૦માં સમગ્ર સંકુલનું ભૂમિપૂજન અને ગૃહ જિનાલય સાથે સંકુલનો શિલાન્યાસ, ૨૦૦૨માં શ્રાવક ઉપાશ્રય, સ્ટોર રૂમ-સ્ટાફ ક્વાર્ટર્સ, નાના અતિથિગૃહનું નિર્માણ, ૨૦૦૩માં ક્ષેત્રપાળ સ્થાપના, ૨૦૦૪માં ઘરદેરાસર પ્રતિષ્ઠા અને શ્રાવિકા ઉપાશ્રય નિર્માણ, ૨૦૦૭માં ભોજનાલય - મોટા અતિથિગૃહનું ઉદ્ઘાટન અને સમવસરણ જિનાલય ખનનવિધિ - શિલાન્યાસ, ૨૦૦૯માં આર્ય-ગુણ-મહા ગુરુ મંદિરનું ભૂમિપૂજન - શિલાન્યાસ, ૨૦૧૩માં સમવસરણ જિનાલયમાં પ્રભુજીનો પ્રવેશ તથા છેલ્લે સંવત ૨૦૭૦ના મહા સુદ-૧૩ અને તા. ૧૨મી ફેબ્રુઆરી (બુધવાર)ના સમવસરણ જિનાલય અને ગુરુ મંદિરની પાવન પ્રતિષ્ઠા યોજાઈ હતી.

- **'સમવસરણ જિનાલય' શું છે?**

જ્યાં બિરાજમાન થઈને તીર્થંકરો લોકોને ધર્મકથા-ઉપદેશ સંભળાવે તે ખાસ રીતે નિર્મિત કરેલું સ્થાન એટલે સમવસરણ. જે એક ઉપર એક એમ ગોળાકાર ત્રણ ગઢોથી યુક્ત ત્રિસ્તરીય મંદિર હોય છે. આવી વિશિષ્ટ સ્થાપત્ય શૈલી ધરાવતું જિનાલય કચ્છમાં સૌ પ્રથમ શિરવામાં નિર્માણ પામ્યું તે કચ્છના જૈન જગત માટે ગૌરવપ્રદ ઘટના છે.

૨૭ હજાર ચોરસ ફૂટના ગોળાકાર પડથાર (પ્લિન્થ) વચ્ચે ૬૨ ફૂટ ઊંચું દેદીપ્યમાન સમવસરણ રચાયું છે. તેના ભોંયતળિયે ચાર પરસાળો (ગેલેરી) અને મધ્યમાં મુનિ સુવ્રત સ્વામીનો રંગમંડપ છે. તે ઉપર બે હજાર ચોરસ ફૂટનો કમળના કાંગરા યુક્ત વિશાળ પ્રથમ ગઢ આવેલો છે, જેની દીવાલો પર દેવો, રાજાઓ, શ્રેષ્ઠીઓની પાલખી, દેવવિમાન, રથો વગેરેની રચના નિહાળવા મળે છે. અહીં ૧૦૮ પાંખડીવાળા ગુલાબી આરસના કમળ પર 'ત્રિભુવનતિલક પાર્શ્વનાથ' પ્રભુની ૪૧ ઇંચ ઊંચી દિવ્ય પ્રતિમાનાં દર્શન થાય છે.

કુંભના કાંગરા યુક્ત બીજા ગઢમાં દેવછંદક (પ્રભુનું વિશ્રામસ્થાન) બનેલું છે. તેમાંની ચતુર્દિશ દીવાલો પર પશુ પંખીઓ પણ પ્રભુની ધર્મકથા-વીરવાણી સાંભળવા આવ્યાં છે એવા ચિત્રપટોની રચના કરાઈ છે. તે પછીના ત્રીજા ગઢમાં સોનેરી સિંહાસન પર પ્રભુ દેશના (વાણી) સંભળાવે ત્યારે સાધુ-સાધ્વી, દેવ-દેવીઓ, શ્રાવક-શ્રાવિકા વગેરેની બાર પર્ષદા અને આઠ પ્રતિહાર્યો સાથેનાં મનહર દશ્યો રચાયાં છે.

- **સંકુલના અન્ય સ્થાનોનું વિવરણ**

સમવસરણની સામે ગુણસાગરજીની સ્મૃતિદેરી અને મહાભદ્રસાગરજીના સમાધિ મંદિરના દર્શન કરવા મળે છે. તીર્થના મૂળ નાયકની પ્રતિષ્ઠા બાદ શરૂનું ઘર દેરાસર (ગૃહ જિનાલય) હવે કચ્છી માટીકામ (મડવર્ક) સાથે કાચથી મઢી લેવામાં આવ્યું છે અને તે 'જિન ભવનમ્' નામે ઓળખાય છે. તેમાં ત્રણ પાર્શ્વનાથ પ્રભુ (શિવમસ્તુ- મનવાંછિત - શંખેશ્વર) બિરાજિત છે.

ઉપરાંત, પાંચ હજાર જેટલા પ્રાચીન-અર્વાચીન પુસ્તકો ધરાવતું સમૃદ્ધ ગ્રંથાલય, 'સુધા સદનમ' નામે ૩૬૦૦ ચોરસ ફૂટનો શ્રાવક ઉપાશ્રય, જીરાવલ્લા પાર્શ્વનાથની પ્રતિમા સાથેનો ધ્યાનખંડ, 'અભ્યાગત આતિથ્યમ્' નામે અતિથિગૃહ, ભોજનાલય, વિવિધલક્ષી સંકુલ આદિની સુંદર યાત્રિક સવલતો અહીં નિર્માઇ છે.

વિકાસના પ્રથમ દાયકા (૨૦૦૩-૨૦૧૨) દરમિયાન આ તીર્થ મધ્યે પૂર્ણભદ્રસાગરજીની નિશ્રામાં દ્વિ-દિવસીય એવી બાવીસ 'સમત્વ યોગ સાધના અને જ્ઞાન શિબિરો'નું પણ આયોજન થઈ ચૂક્યું છે. તેમાં ૧૦-૧૧ એપ્રિલ, ૨૦૦૪ના લાભ લઈ આ લખનાર પણ સદ્ભાગી થયા હતા.

- **'પ્રકાશમાંથી પૂર્ણ'નું પ્રકાશન :**

અચલગચ્છની તવારીખમાં ગૌરવપ્રદ પ્રસંગ સમાન જેમણે માતા-પિતા-ભાઈ-બહેન (સમગ્ર પરિવાર) સાથે દીક્ષા લેનાર ઉપાધ્યાય પૂર્ણભદ્રસાગરજીનો અભિવાદન ગ્રંથ ગત વર્ષ ૨૦૨૨માં ભુજ અચલગચ્છ જૈન સંઘ દ્વારા પ્રકાશિત થયો છે. બહુરંગી છાપકામ, પાકી બાંધણી, કુલ ૧૩૨ પૃષ્ઠો અને ૫૭૦ ગ્રામ વજન ધરાવતા આ ગ્રંથમાં ૬૪ વર્ષીય ગુરુદેવનું ૬૪ પ્રકરણોમાં સંક્ષિપ્ત જીવનકવન અને એમનાં વિશિષ્ટ સુકાર્યોનું સુંદર આલેખન થયું છે.

મૂળે 'પ્રકાશકુમાર મણિલાલ વોરા' એવું સાંસારિક નામ ધરાવતા પૂર્ણભદ્રસાગરજી મહારાજ સાહેબનો જન્મ ભુજ ખાતે ગુર્જર શ્રીમાળી વણિક જ્ઞાતિ પરિવારમાં તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૫૮ (મંગળવાર) અને સંવત ૨૦૧૪ના ભાદરવા સુદ પાંચમ (સંવત્સરી)ના દિને થયો હતો. નાનપણથી જ તેઓ મેધાવી પ્રતિભા ધરાવતા હતા. તેથી જ ૧૯૭૨માં ભુજમાં ચોમાસું ગાળતા તપાગચ્છીય ગુરુદેવ ચંદ્રશેખરવિજયજી મહારાજે (૧૯૩૪-૨૦૧૧) એમને પોતાના શિષ્ય બનાવવા ઇચ્છા વ્યક્ત કરેલી.

તેના ત્રણ વર્ષ પછી સંવત ૨૦૩૧ના મહા સુદ-૧૩ અને તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૭૫ના ગુણસાગરસૂરિ મહારાજ પાસેથી સમૂહ દીક્ષિત થઇ એક જ પરિવારના પાંચ સભ્યો એક સાથે સંયમ પંથે સંચર્યા હતા. તેમાં પિતા મણિલાલભાઈ (મહાભદ્રસાગરજી), માતા મંજુલાબેન ઉર્ફે ઇન્દુમતીબેન (અમિતગુણાશ્રીજી), બહેન મધુબાળા (મહાપદ્મગુણાશ્રીજી), પોતે પ્રકાશકુમાર (પૂર્ણભદ્રસાગરજી) તથા ફઇબા (વિશ્વલતાશ્રીજી)નો સમાવેશ થતો હતો.

- **ધર્મજાગૃતિ અને લેખન સર્જન :**

મુનિજીવન દરમિયાન મહારાજશ્રીએ બિહાર-૧, રાજસ્થાન-૨, ગુજરાત-૪, મુંબઈ-૭ અને કચ્છ-૧૪ મળી કુલ્લે ૨૮ ચાતુર્માસો કર્યા છે. બંને ગુરૂદેવોની આજ્ઞાથી એમના હસ્તે ચાર દીક્ષા અને બે વડી દીક્ષા પ્રદાન થયેલી છે. ચાતુર્માસો, વિહારો અને તીર્થયાત્રાઓ દરમિયાન ગચ્છ-શાસન-સમાજમાં ધર્મજાગૃતિ પ્રસરાવવા સાથે મૂલ્યો અને સત્યની પ્રતિષ્ઠા કરી હતી. દીક્ષાના રજતજયંતી વર્ષ (૨૦૦૦)ની સ્મૃતિમાં ભુજમાં રથાકાર જિનાલયનું નિર્માણ અને કચ્છ-ગુજરાતના ૨૫ સાહિત્યકારો દ્વારા સાદર સન્માન થયું.

જિન શાસનના મુનિવર હોવા સાથે તેઓ પ્રવચનકાર, કવિ-લેખક, ચિંતક અને સાધક પણ છે. એમના કુલ ૪૭ પુસ્તકોનું સર્જન બોલે છે. તેમાં મુખ્ય (અકારાદિ ક્રમે) 'અમીના ઓડકાર', 'ઉઘાડો અંતરનું બારણું', 'જાગીને જોયું ત્યારે', 'જિંદગીનું ઝવેરાત', 'જીવડા તું જાગ', 'તારું સુખ તારી પાસે', 'દેખ તમાશા કુદરત કા', 'દોસ્તી કલમ અને કાગળ સાથે', 'નમે તે સૌને ગમે', 'પ્રકાશમાંથી પૂર્ણ', 'ભવસાગરની દીવાદાંડી', 'માંડલ બન્યું ગુલશન', 'યાદો મધુરી તોય અધૂરી', 'વિચાર મંથન'નો સમાવેશ છે.

- **સંપર્ક :**

**સમ્યગ્ જ્ઞાન પ્રસારણ નિધિ ટ્રસ્ટ સંચાલિત**
**શિવમસ્તુ સમવસરણ તીર્થ**
માંડવી-નલિયા ધોરીમાર્ગ, ગામ : શિરવા, તા./પોસ્ટ : માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.
ફોન : (૦૨૮૩૪) ૨૭૭ ૭૭૭ (શિરવા)
જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક અચલગચ્છ સંઘ
ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની પેઢી, મોટો ડેલો,
જૈન વંડા પાસે, વાણિયાવાડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

**મુખ્ય સંદર્ભ નોંધ :**

*(૧) 'સમવસરણ પરિચય પુસ્તિકા' (૨૦૧૬), સં. પૂર્ણભદ્રસાગરજી. પ્ર. શિવમસ્તુ સમવસરણ જૈન તીર્થ (શિરવા, તા. માંડવી), પૃષ્ઠો ૧ થી ૯.*
*(૨) 'પ્રકાશમાંથી પૂર્ણ' અનુમોદના ગ્રંથ (૨૦૨૨), સં. પૂર્ણભદ્રસાગરજી*
*(૩) લેખકની ગુરુદેવ સાથે અને સ્થળની જાત મુલાકાત, તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૨ (રવિવાર)*
*(૪) સંદર્ભ પ્રાપ્તિ સહયોગ : ઉપાધ્યાય પૂર્ણભદ્રસાગરજી મહારાજ સાહેબ.*

***'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,***
***વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.***
***ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦***

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૨૨

### શ્રી નલિયા તીર્થ
### (શ્રી ચંદ્રપ્રભ ભગવાન)



કચ્છ - ભુજથી આશરે ૯૭ કિ.મી. દૂર આવેલા શ્રી નલિયા તીર્થમાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૭૫ સે.મી. ઊંચાઈની પ્રતિમા મળે છે. કચ્છ-ભુજના અબડાસા પંચતીર્થીનું નલિયા એક તીર્થસ્થળ હોવાથી તેનું વિશેષ માહાત્મ્ય છે. સોળ શિખરો અને ચૌદ રંગમંડપોથી શોભતું આ રંગમંદિર ભવ્ય લાગે છે. વળી આ જિન મંદિરમાં પથ્થર પર સુવર્ણકલાથી કારીગરી કરવામાં આવી છે. આવી કલા ઘણી વિશિષ્ટ જ ગણાય. એ જ રીતે અહીંનું કાચનું કામ પણ સુંદર છે. વિ.સં. ૧૮૯૭માં નરશી નાથા દ્વારા નિર્મિત આ ભવ્ય મંદિરની પ્રતિષ્ઠા થઈ હતી. શેઠ નરશી નાથાનું નામ એમણે પાલિતાણામાં બંધાવેલી વિશાળ ધર્મશાળાથી સુવિખ્યાત છે. આ મુખ્ય મંદિરની બાજુમાં વિ.સં. ૧૯૧૦માં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર છે. જે શેઠ ભારમલ તેજશીએ નિર્માણ કર્યું હતું. એની નજીકમાં જ શેઠ હરભમ નરશી નાથાએ વિ.સં. ૧૯૧૮માં બંધાવેલું શ્રી અષ્ટાપદજીનું અનોખું દેરાસર છે. આ ત્રણે મંદિરના ગભારાઓ અલગ છે, પણ મંદિર તો એક જ ગણાય. મંદિરની આગળના ચોકમાં શેઠ નરશી નાથા અને એમની પત્નીની આરસની મૂર્તિઓ મૂકેલી છે. આમાં ૧૭૬ જેટલી અન્ય જિન પ્રતિમાઓ પણ મળે છે. વળી ચાંદીના ૧૩૨, ધાતુના ચાર અને ચંદન કાષ્ઠના બે એમ કુલ ૧૩૮ જેટલાં શ્રી સિદ્ધચક્રજી મળે છે.

## તીર્થ દર્શન-૨૩

### શ્રી તેરા તીર્થ
### (શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન)



ભુજથી આશરે ૮૪ કિ.મી. દૂર આવેલા તેરા ગામની મધ્યમાં મૂળનાયક શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનની લગભગ ૬૮ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. તેરા ગામની ખ્યાતિ આ જિનમંદિર ઉપરાંત એના મજબૂત કિલ્લાને કારણે સર્વત્ર વ્યાપેલી છે. શ્રી તેરા તીર્થ અબડાસા પંચતીર્થીનું એક તીર્થસ્થળ હોવાનું ગૌરવ ધરાવે છે. આ મંદિરનાં નવ શિખરોની કલા વિખ્યાત છે. વળી એ નવ શિખરો પર લહેરાતી ધજાઓ દૂર દૂરથી યાત્રીઓ માટે આનંદ અને આકર્ષણનું સ્થાન બને છે. આ મંદિર એની ભવ્યતા અને એના કલાસૌંદર્ય માટે પણ આપણું એટલું જ ધ્યાન ખેંચે છે. એમાં પણ મંદિરનાં નવ શિખરોની કલા અને તેની બહારનું દૃશ્ય નેત્રદીપક છે. મંદિરની આસપાસ એક મોટો ચોક છે. વળી અહીં ૧૧૦ જિન પ્રતિમાઓ અને ૭૫ સિદ્ધચક્રો પણ મળે છે. વિ.સં. ૧૯૧૫માં શેઠ હીરજી ડોસાભાઈ અને શેઠ પાસવીર રાયમલ નામના બે જૈન શ્રેષ્ઠીઓએ આ મંદિરનું નિર્માણ કર્યું છે. આ બંને શ્રેષ્ઠીઓની પ્રશસ્તિ પણ રંગમંડપની ભીંતમાં કોતરેલી છે. આ મંદિરનો છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૨૭માં આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજીના સુહસ્તે થયો હતો. આ મંદિરની નજીક શિખરબંધી શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાનનું મનોહર મંદિર છે. એના રંગમંડપના કાચ પર કરેલું ચિત્રકામ અતિ સુંદર છે. આ મંદિરનું ત્રણસો વર્ષ પૂર્વે ગોરજી હીરાચંદ તારાચંદે નિર્માણ કર્યું હતું. અહીં અન્ય તેર જેટલી પ્રતિમા મળે છે. અહીંના જ્ઞાન મંદિરમાં રહેલો કલાત્મક તીર્થપટ પણ જોવાલાયક છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*મૌન એ શાણપણની શરૂઆત છે.*
*બીજું પગથિયું છે – ધ્યાનથી સાંભળવું તે.*

*હવામાન પાસેથી આપણે એક પાઠ શીખવાની જરૂર છે – તે કોઈના અભિપ્રાયોને ગણકારતું નથી.*

# જ્ઞાન – વિજ્ઞાન

• સંકલન : રસીક ખીમજી મહેતા •

## ડિજિટલ પેનની અદ્ભુત ટેકનોલોજી

કાગળ ઉપર લખેલું લખાણ સીધું જ વાયરલેસ પદ્ધતિથી કોમ્પ્યુટરમાં સ્ટોર કરી આપતી ડિજિટલ પેન આધુનિક ઇલેક્ટ્રોનિક સાધન છે. સામાન્ય પેન કરતાં થોડી ઘણી જાડી એવી આ પેનમાં ઇલેક્ટ્રોનિક સર્કિટ, ઓપ્ટીકલ ડિવાઇસ અને બ્લ્યૂ ટુથ હોય છે. તેનું કામ પણ જાણવા જેવું છે.

ડિજિટલ પેન આડી અને ઊભી લીટીઓવાળા ખાસ પ્રકારના પેડ ઉપર ચલાવવી પડે છે. આ પેન કોમ્પ્યુટર સાથે જોડી શકાય છે. બૅટરીવાળી પેન સ્વતંત્ર રીતે કામ કરે છે. પેનમાં ખાસ પ્રકારની શાહી પણ હોય. એટલે તમે લખો તે જોઈ શકાય છે. તેની અણીની બાજુમાં ફોટો સેલ હોય છે. તે અણીની ગતિ અને દિશાની નોંધ લઈ માઇક્રોચીપને મોકલે છે. માઇક્રોચીપમાં તેના અક્ષરો બને છે અને તે બ્લ્યુ ટુથ દ્વારા કોમ્પ્યુટરમાં જાય છે. આ અક્ષર ગ્રાફિક તરીકે સંઘરાય છે, ફોન્ટ તરીકે નહીં.

ડિજિટલ પેનના ઢાંકણમાં શાહીનું રીફિલ, ડોકિંગ કનેક્ટર, ઇન્ડિકેટર લાઇટ હોય છે. આ પેન ખિસ્સામાં રહી શકે તેવા અનુકૂળ આકારની હોય છે.

## વાદળોનાં નામ આપનાર હવામાન શાસ્ત્રી લૂક હોવાર્ડ

ચોમાસામાં આકાશમાં વાદળો છવાય, તે તો સૌ કોઈએ જોયાં હોય. વાદળોના ઘણા પ્રકાર હોય છે. વાદળના આકાર, પ્રકાર અને ઊંચાઈ હવામાન ખાતાને આગાહી કરવા માટે ઉપયોગી બને છે.

લૂક હોવાર્ડ નામના વિજ્ઞાનીએ ઇ.સ. ૧૮૦૨માં જુદી જુદી ઊંચાઈએ રહેલાં વાદળોને ચોક્કસ નામ આપ્યા અને હવામાનની આગાહી કરવા માટે એક વધુ ઉપયોગી સ્રોત પૂરો પાડ્યો.

લૂક હોવાર્ડનો જન્મ ઇ.સ. ૧૭૭૨માં નવેમ્બરની ૧૮મી તારીખે લંડનમાં થયો હતો. તેના પિતા દીવા બનાવતા હતા. બર્ડફોર્ડની શાળામાં પ્રાથમિક અભ્યાસ કરીને હોવાર્ડ પ્લીમાઉથ ખાતે ઉચ્ચ અભ્યાસ કરીને ફાર્માસિસ્ટ બન્યા હતા. ઇ.સ. ૧૭૯૩માં તેમણે પોતાની ફાર્મસી ખોલી. તેની દવા બનાવતી કંપની એલન એન્ડ હોવાર્ડ તરીકે ઓળખાતી.

ફાર્મસીના ધંધાની સાથે સાથે હોવાર્ડને હવામાનશાસ્ત્રનો અભ્યાસ કરવાનો શોખ હતો. ઇ.સ. ૧૮૦૧થી ઇ.સ. ૧૮૪૧ સુધી તેણે સતત લંડનના હવામાનનો રેકોર્ડ રાખીને વિવિધ સંશોધનો કર્યા. તેને વનસ્પતિશાસ્ત્રમાં પણ રસ હતો. તે હવામાન શાસ્ત્રનો પિતામહ કહેવાય છે. તેણે વાદળોની ગતિવિધિ અને પ્રકાર અંગે ઘણાં પુસ્તકો લખેલાં. તેણે વિવિધ ઊંચાઇના વાદળોને ક્યુમ્યુલસ, સ્ટ્રેપ્સ અને સીટ્સ એમ ત્રણ પ્રકારમાં વહેંચ્યા. દરેક પ્રકારના વાદળ વરસાદની આગાહીમાં ઉપયોગી થાય છે. વાદળોને તેનું વર્ગીકરણ વિજ્ઞાનીઓને ઘણું ઉપયોગી બન્યું છે. ઇ.સ. ૧૮૬૪ના માર્ચની ૨૧મી તારીખે તેમનું અવસાન થયેલું.

## માળો શેનો બનેલો હોય?

માળો એટલે પક્ષીઓનું સુંદર ઘર. આ માળામાં પક્ષીઓ પોતે રહે છે અને વહાલા સંતાનોનો ઉછેર પણ કરે છે. સામાન્ય રીતે કોઈ પણ માળો ઘાસ, પાંદડી, ડાળખાનો ઉપયોગ કરી પક્ષી જાતે બનાવે છે. ઘણા પક્ષીઓ જમીનમાં ખાડો કરીને પણ પોતાનું રહેઠાણ બનાવે છે. તો અન્ય કેટલાક પક્ષીઓ વૃક્ષના પોલાણમાં, ઇમારત કે પથ્થરના પોલાણમાં માળો તૈયાર કરે છે. આ સિવાય દોરા, પ્લાસ્ટિક, કાપડ, વાળ કે કાગળ જેવી વસ્તુઓ ભેગી કરીને પક્ષીઓ પોતાનો માળો બનાવે છે.

## પર્વત વિશે જાણવા જેવું

પૃથ્વીના પેટાળમાં થતી ઊથલપાથલને કારણે પૃથ્વીની સપાટી પર વિશાળ ખાડા અને ટેકરા બન્યા. બે ટેકનોટીક પ્લેટ નજીક આવે અને અથડાય ત્યારે દબાણને કારણે જમીનમાં સળ પડે અને વચ્ચેની જમીન ઊંચકાય એટલે પર્વત બને. આ કારણે જ મોટાભાગના પર્વતો સળંગ પર્વતમાળા સ્વરૂપે બન્યા. સામાન્ય રીતે ૩૦૦ મીટરથી ઊંચા ટેકરાને ભૌગોલિક રીતે પર્વત કે માઉન્ટેન કહે છે. વિવિધ ભૌગોલિક સ્થિતિને કારણે વિવિધ પ્રકારના પર્વતો બન્યા. ઊંચા પર્વતો પર હવા ઠંડી અને પાતળી હોવાથી બરફ જામેલો રહે છે.

★ જમીનમાંથી કોઈક સ્થળે ધસી આવેલા લાવાને કારણે જમીન ઊંચકાઈને જ્વાળામુખી પર્વત બને છે. જ્વાળામુખી વચ્ચેથી પોલાણવાળો હોય છે. જેમાંથી લાવા ધસીને ટોચે મુખમાંથી બહાર ફેંકાય છે.

★ વિશ્વની સૌથી મોટી પર્વતમાળા હિમાલય ૨૪૧૩ કિ.મી. લાંબી છે. તેમાં અનેક શિખરો છે. વિશ્વનું સૌથી મોટું એવરેસ્ટ શિખર હિમાલયમાં છે.

★ વિશ્વના અન્ય નોંધપાત્ર પર્વતોમાં આલ્પ્સ અને કોકેસસ છે.

★ આફ્રિકામાં કિલીમાંજારો અને રૂવેનઝોરી મુખ્ય

પર્વતમાળાઓ છે. કિલીમાંજારો સુષુપ્ત જ્વાળામુખી છે. વિશ્વનો સૌથી ઊંચો પર્વત મૌનાકિયા ૯૦૮૨ મીટર ઊંચો છે. તે સમુદ્રમાં હોવાથી મોટો ભાગ સમુદ્રમાં ડૂબેલો છે.

## અનેક રીતે ઉપયોગી નદી પરના ડેમ

નદીના પ્રવાહમાં પાણીનો સંગ્રહ કરવા માટે ડેમ બાંધવામાં આવે છે. ડેમ પાણીના સંગ્રહ, સિંચાઈ, વીજળી ઉત્પાદન અને પૂરને રોકવા ઉપયોગી છે. ડેમની સાથે વીજ ઉત્પાદન પ્લાન્ટ હોય છે. સંગ્રહ થયેલા પાણીને છોડવા વિવિધ ટેકનિકવાળા દરવાજા હોય છે. ડેમ, એ માનવસર્જિત અજાયબી છે. ડેમ વિશે અન્ય વાતો પણ જાણવા જેવી છે.

★ વિશ્વનો સૌથી જૂનો અને આજે પણ ઉપયોગમાં લેવાતો ડેમ ગ્રીસની લાકિસા નદી પર છે. તે ૧૨મી સદીમાં બંધાયેલો છે.

★ વિશ્વના તમામ ડેમો પૈકી ૫૦% ચીન અને ભારતમાં છે.

★ વિશ્વના ૨૪ ટકા દેશો પોતાની વીજ જરૂરિયાતનો ૯૦ ટકા હિસ્સો ડેમ દ્વારા મેળવે છે.

★ વિશ્વનો સૌથી મોટો ડેમ ચીનમાં છે. તે ૧૮૨ મીટર ઊંચો અને ૨૩૩૫ મીટર લાંબો છે.

## મધની મીઠાશનું રહસ્ય

હજારો મધમાખીઓ સેંકડો કિલોમીટરનો પ્રવાસ કરી જાતજાતના ફૂલોનો રસ ચૂસી લાવી મધપૂડામાં સંગ્રહ કરે છે. જુદાં જુદાં ફૂલોના રસમાંથી મધપુડામાં બનેલા મધનો સ્વાદ એક જ સરખો ગળ્યો હોય છે. ફૂલોના રસમાં સામાન્ય રીતે મીઠાશ તો હોય જ છે. તેને કારણે જ ફળો પણ મીઠાં થાય છે.

આ મીઠાશ સુક્રોઝને આભારી છે. મધમાખી મધપૂડામાં પોતાના શરીરના એન્ઝાઈમ્સ પણ મેળવે છે. મધપૂડામાં એકઠાં થયેલા ફુલોના રસમાં આ એન્ઝાઈમથી રાસાયણિક પ્રક્રિયા થાય છે અને તેમાં રહેલા સુક્રોઝમાંથી ફ્રુકટોઝ બનાવે છે. સુક્રોઝ એ કુદરતી ખાંડ છે જ્યારે ફ્રુકટોઝ એ સાદી અને ગળપણવાળી ખાંડ છે. ફળોમાં પણ ફ્રુકટોઝ હોય છે. એટલે તે આપણને ગળ્યા લાગે છે.


**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**


## યોગ અંગે સાચી સમજ કેળવીએ

**(અનુસંધાન : પાના નં. – ૩૫ ઉપરથી ચાલુ)**

કરાવવામાં આવે છે. વાસ્તવમાં યોગ, એ શારીરિક કસરત નથી જ પણ યોગવિદ્યા - યોગદર્શન તો આત્મા-પરમાત્માના મિલનનું માધ્યમ છે. મહર્ષિ પતંજલિના અષ્ટાંગ યોગમાંથી આસન અને પ્રાણાયામનો અભ્યાસ શારીરિક પ્રક્રિયા સાથે સંકળાયેલ છે. જ્યારે અન્ય પગથિયાં માનસિક અભ્યાસના છે.

યોગવિદ્યા પરમસત્યનો માર્ગ બતાવે છે. પરમ સત્યની ઓળખ મનુષ્ય વ્યક્તિત્વ વિકાસ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. યોગ અભ્યાસ મનુષ્ય વ્યક્તિત્વને પૂર્ણતા તરફ લઈ જાય છે.

યોગદર્શનના પ્રણેતા મહર્ષિ પતંજલિએ યોગસૂત્ર આપ્યું. યોગસૂત્રમાં યોગનું વિગતવાર, ક્રમબદ્ધ, પદ્ધતિસરનું નિરૂપણ કર્યું છે. યોગસૂત્ર ચાર પાદ અને ૧૯૫ સૂત્રોનું બનેલું છે. જીવાત્માનો પરમાત્મા સાથે યોગ કરાવી મુક્તિ કે મોક્ષ અપાવનાર યોગદર્શન કહેવાય છે. યોગમાર્ગને અનુસરે તે યોગી, યોગની સાધના કરે તે યોગસાધક કહેવાય છે. પ્રાચીન ભારતીય ધર્મશાસ્ત્રોમાં યોગવિદ્યાની વિસ્તૃત રૂપે ચર્ચા કરવામાં આવી છે. વેદ, ઉપનિષદ, મહાભારત, શ્રીમદ્ ભગવદ્ ગીતા વગેરે ધર્મગ્રંથોમાં યોગવિદ્યાનું નિરૂપણ થયેલ છે. તેની ચર્ચા હવે પછીના લેખમાં જોઈશું.

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર સોસાયટી, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

## આવજે

ગગનની સંભાળ રાખવા આવજે,
અંધકારે ચાંદની શોધવા આવજે.

મળે સફર તે જોઇ લેવા તું આવજે,
મુલાકાત થોડી કરી દિલ મહેકાવજે.

શ્વાસ નહીં હવે વિશ્વાસમાં આવજે,
સંસારમાં એ જ તકલીફ જણાવજે.

ક્ષણભંગુર એક પલ દુનિયાનો,
હવે નાતો નિભાવવા આવજે.

ઘર સાચવી રાખવા આવજે,
તકલીફ શું પડે તે હવે બતાવજે.

જિંદગીનો તડકો-છાંયો જોજે,
આ જિંદગીના ઊંડાણ તો માપજે.

ઉમ્રભર દુઃખ ના ખુદા આપજે,
જીવનભર લડાઈને દુઃખ ન આપજે.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### દેશમાં કોરોનાનો આતંક ફરી શરૂ...

દેશમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. દરમિયાન, ગુજરાતમાં XBB.1.5 વેરિયન્ટનો પ્રથમ કેસ મળી આવ્યો છે. તે ઓમિક્રોનનું મ્યુટેશન છે. અમેરિકામાં કોરોનાનો આ નવો વેરિયન્ટ સૌથી ઝડપી ફેલાઈ રહ્યો છે. હજુ પણ તેના ૪૦%થી વધુ કેસ છે. ગયા અઠવાડિયે આ આંકડો ૧૮% હતો. BA.2.75 અને BJ.1 ને મળીને XBB બન્યો છે. હવે તે મ્યુટેટ થઈને XBB.1 અને XBB.1.5 બન્યો છે.

*(તા. ૩૧-૧૨-૨૦૨૨)*

### શિષ્યવૃત્તિની જાહેરાત : રીલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ધીરુભાઈ અંબાણીની ૯૦મી જન્મ જયંતી નિમિત્તે અભ્યાસ માટે રૂા. ૨ લાખની ગ્રાન્ટ અપાશે

રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સ્થાપક - ચેરમેન ધીરુભાઈ અંબાણીની ૯૦મી જન્મ જયંતીના પ્રસંગે, રીલાયન્સ ફાઉન્ડેશને જાહેરાત કરી હતી કે તે ભારતમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે આગામી ૧૦ વર્ષમાં ૫૦,૦૦૦ શિષ્યવૃત્તિઓ આપશે અને યુવાનો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને નોંધપાત્ર રીતે મજબૂત કરશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે, રીલાયન્સ ફાઉન્ડેશન રૂા. બે લાખ સુધીની આશરે ૫,૦૦૦ મેરીટ-કમ-મિન્સ અન્ડર ગ્રેજ્યુએટ શિષ્યવૃત્તિ અને રૂા. ૬ લાખ સુધીની આશરે ૧૦૦ મેરીટ આધારીત અનુસ્નાતક શિષ્યવૃત્તિઓ એનાયત કરશે. બંને શિષ્યવૃત્તિ અભ્યાસના સંપૂર્ણ સમયગાળા માટે હશે. અરજીઓ ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી સ્વીકારવામાં આવશે.

*(તા. ૩૧-૧૨-૨૦૨૨)*

### મહિલા કેપ્ટન સૌથી ઉંચાઈ પર...

ભારતીય સેનાના ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સનાં કેપ્ટન શિવા ચૌહાણને વિશ્વના સૌથી ઊંચા યુદ્ધ મેદાન પર તહેનાત કરવામાં આવ્યા છે. શિવા ૧૫,૬૩૨ ફૂટની ઊંચાઈ પર સ્થિત સૌથી ખતરનાક કુમાર પોસ્ટ પર ડ્યુટી કરી રહ્યા છે. આ પહેલીવાર છે, જ્યારે ભારતીય સેનાએ આટલી ખતરનાક પોસ્ટ પર કોઈ મહિલાને તહેનાત કરી છે. કુમાર પોસ્ટ ઉત્તર ગ્લેશિયર બટાલિયનનું મુખ્ય મથક છે.

*(તા. ૦૪-૦૧-૨૦૨૩)*

### ગુજરાતમાં પહેલીવાર ફેફસાંનું ટ્રાન્સપ્લાન્ટ

ગુજરાતમાં સૌપ્રથમ વખત કોઈ દર્દીની અંદર ફેફસાંનું ટ્રાન્સપ્લાન્ટ થયું હોય એવું બન્યું છે અને મિરેકલ કહી શકાય એવી આ ઘટનાને અમદાવાદની સિમ્સ હોસ્પિટલે ગણતરીના કલાકોમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કરીને વિદેશી નાગરિકને નવજીવન આપ્યું છે. જે વ્યક્તિ પથારીમાંથી ઊભી નહોતી થઈ શકતી, જેને સતત ઓક્સિજનની જરૂર પડતી હતી તેવા દર્દીને બે ફેફસાંનું ટ્રાન્સપ્લાન્ટ કરીને સિમ્સના ડૉક્ટરે નવજીવન આપ્યું છે. ગુજરાતમાં એકમાત્ર સિમ્સ હોસ્પિટલ પાસે લંગ ટ્રાન્સફરનું લાઈસન્સ છે અને આગામી સમયમાં એક જ જગ્યાએ મલ્ટીપલ ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે એવું સિમ્સ હોસ્પિટલમાં સાચું થશે, એમ હોસ્પિટલના ચેરમેન ડૉક્ટર કેયૂર પરીખે જણાવ્યું હતું.

*(તા. ૦૫-૦૧-૨૦૨૩)*

### શું પાતાળમાં સમાઈ જશે દેવભૂમિ? કુદરતના ખોળે મંડરાતો ખતરો, ડૂબી રહ્યું છે જોશીમઠ!

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં જમીન અને પર્વતો ધસી રહ્યા છે. જોશીમઠના ૫૬૧ ઘરમાં તિરાડો પડી છે. આપત્તિના ભણકારાને કારણે કેન્દ્ર સરકાર દ્વારા NTPC તપોવન - વિષ્ણુગઢ હાઈડ્રો ઈલેક્ટ્રીક પ્રોજેક્ટ અને હેલંગ બાયપાસ પરનું કામ આગામી આદેશ સુધી અટકાવી દેવામાં આવ્યું છે.

આ દરમિયાન ગુરુવારે રાત્રે અને શુક્રવારે સવારે વહીવટી તંત્ર અને રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓ સહિત નિષ્ણાતોની ટીમે જોશીમઠમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ડોર-ટુ-ડોર સર્વે કર્યો હતો. ગેટવે ઓફ હિમાલયના નામથી જાણીતો જોશીમઠ, જેને જ્યોતિર્મઠ પણ કહેવાય છે, ચમોલી જિલ્લામાં હેમકુંડના માર્ગ

પર ૬,૧૫૦ ફૂટની ઊંચાઈ પર આવેલું શહેર છે, જે બદ્રીનાથ જેવા તીર્થનું પ્રવેશદ્વાર પણ છે. આ શહેર ભૂકંપના ઝોન-ફાઈવમાં આવે છે.

આડેધડ બાંધકામ, વહેતી નદીના કારણે થતું જમીનનું ધોવાણ અને પાણીના કુદરતી પ્રવાહમાં કેટલાક માનવસર્જિત વિક્ષેપોને જોશીમઠના ભૂસ્ખલનનું કારણ માનવામાં આવે છે. વરસાદ અને ઘરોમાંથી નીકળતું પાણી નદીઓમાં જવાને બદલે જમીનમાં શોષાતું રહ્યું. જેને આ ઘટના માટે મુખ્ય કારણ માનવામાં આવે છે. આટલું જ નહીં, ધોળીગંગા અને અલકનંદા નદીઓના કારણે વિષ્ણુપ્રયાગ વિસ્તારમાં સતત ધોવાણ થવાથી ભૂસ્ખલન તેજ ગતિએ વધી રહ્યું છે.

રાજ્ય સરકારે ગુરુવારે ૨,૦૦૦ પ્રિ-ફેબ્રિકેટેડ મકાનો બનાવવાનો નિર્દેશ પણ આપ્યો હતો. આ સાથે સૌથી વધુ અસરગ્રસ્ત ૩૮ પરિવારોને પણ ખસેડવામાં આવ્યા છે. ગુરુવારે કુલ નવ પરિવારોને સ્થળાંતર કરાવવામાં આવ્યા હતા.

ચમોલી જિલ્લા તંત્રએ ગુરુવારે હિંદુસ્તાન કન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ (HCC) અને નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC)ને જમીન ધસી પડવાને કારણે ઉત્તરાખંડના જોશીમઠથી પલાયન કરનારા અસરગ્રસ્ત પરિવારોને આશરો આપવા માટેની વ્યવસ્થા તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું છે.

*(તા. ૦૬-૦૧-૨૦૨૩)*

## IIM પાસ આઉટ સંન્યાસના માર્ગે અમદાવાદના હાર્દિક મિસ્ત્રી બન્યા નિશ્ચલ ભગત

અમદાવાદના આંગણે ચાલી રહેલાં શતાબ્દી મહોત્સવમાં દીક્ષા સમારોહ યોજાયો હતો. જેમાં ૧૦ વિદેશના યુવાનોથી લઈને મુંબઈ, રાજસ્થાન, કોલકાતા અને ગુજરાતના ૪૬ નવયુવાનોએ પોતાનું જીવન મહંત સ્વામીના ચરણમાં સમર્પિત કરીને પાર્ષદી દીક્ષા લીધી હતી.

અમદાવાદથી ૧૫૦ કિ.મી. દૂર આવેલાં બોટાદ જિલ્લાના સારંગપુર ગામમાં BAPS સંસ્થાનું મોટું ધામ છે. ત્યાં જ નવા દીક્ષિત સંતોના પ્રશિક્ષણ માટે તાલીમ કેન્દ્ર આવેલું છે. ગુરુ શાસ્ત્રીજી મહારાજની આ વિશિષ્ટ કર્મભૂમિ સારંગપુરને પ્રમુખસ્વામી મહારાજે જ પસંદ કરી અને સંતોની સાધના-શિક્ષણનું મુખ્ય સ્થાન બનાવી દીધું હતું. વિશ્વભરમાંથી સાધુ થવા માટે આવતા યુવકોને તાલીમ આપવા માટે તેઓએ અહીં બધી જ વ્યવસ્થા કરી. ભોજન અને આવાસ ઉપરાંત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ, સેવા અને સમર્પણના પ્રશિક્ષણ વર્ગો દ્વારા નવ દીક્ષિત સંતોને શાશ્વત જીવનમૂલ્યોના પાઠ ઘૂંટાવનારી એક અનુપમ બ્રહ્મવિદ્યાની કોલેજ પ્રમુખસ્વામી મહારાજે સને ૧૯૮૦માં ઊભી કરી હતી.

આ માટે સૌપ્રથમ માતા-પિતાની લેખિત અનુમતિ લઈને મુમુક્ષુ યુવાન સારંગપુર આવે છે. અહીં ત્રણ વર્ષની પૂર્વ સાધક તાલીમમાં મુમુક્ષુની યોગ્ય ચકાસણી પછી તેને પ્રાથમિક પાર્ષદ દીક્ષા આપવામાં આવે છે. પરંતુ મોટાભાગે દીક્ષા મહોત્સવનું સ્થળ નજીકમાં આવતા ઉત્સવ કે સામૈયામાં રાખવામાં આવે છે.

શ્વેત વસ્ત્રોમાં સજ્જિત આ પાર્ષદોને ત્યાગાશ્રમના તમામ નિયમો પાળવાના હોય છે. આગળ એકાદ વર્ષના અંતરાલ બાદ પાર્ષદને ભાગવતી દીક્ષા આપવામાં આવે છે.

ભગવા વસ્ત્રોમાં શોભતા આ સંતો ત્યાર પછી પણ સારંગપુરમાં ધર્મગ્રંથો અને સંસ્કૃતનો ઉંડાણથી અભ્યાસ કરે છે. હિંદી અને અંગ્રેજી ભાષાનો તેમજ વિશ્વના વિવિધ ધર્મોનો અભ્યાસ પણ અહીં તાલીમનો એક ભાગ છે.

વળી, શિક્ષણની સાથે સ્વાવલંબનને પણ સ્વામીશ્રીએ એટલું જ મહત્ત્વ આપ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજની આ તાલીમ પ્રાપ્ત કરીને સંતો ધર્મ, સંસ્કૃતિ, સમાજ અને રાષ્ટ્રસેવાની ભાવનાને આત્મસાત કરી, ગામડે-ગામડે ફરી જન-જનના હૃદયમાં શ્રદ્ધા જગાડીને વ્યસન-કુટેવોથી દૂર રહેવાની પ્રેરણા આજે આપી રહ્યા છે. આમ, કુલ ૭ વર્ષનો અભ્યાસ કરીને આ સંતો નિયમ અને ભગવદ્ નિષ્ઠા દઢ કરીને સમાજ અને રાષ્ટ્ર કલ્યાણ માટે સમર્પિત થાય છે.

*(તા. ૦૭-૦૧-૨૦૨૩)*

## ભારતમાં મોકલે છે સૌથી વધુ પૈસા, ત્રણ દેશોમાં સત્તાના ટોચના સ્થાને...

એક સમુદાય જે ભારતમાં મહત્તમ નાણાં મોકલે છે. તેમાં ત્રણ મોટા દેશોમાં ત્યાંના વડાપ્રધાન છે અને બે દેશોમાં રાષ્ટ્રપતિ અને એક દેશમાં ઉપરાષ્ટ્રપતિ છે. વિશ્વની ટોચની કંપનીઓમાં તેના સી.ઈ.ઓ. છે.

તેમનું કદ એ વાત પરથી સમજી શકાય છે કે ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, વિદેશ મંત્રી અને ઘણા શક્તિશાળી કેબિનેટ મંત્રીઓ ૯ જાન્યુઆરીએ તેમનું સ્વાગત કરવા ઇંદોર આવી રહ્યા છે. પ્રસંગ ૧૭મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનો છે.

ભારતના વિદેશ મંત્રાલયના અહેવાલ મુજબ, વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં ૩.૨ કરોડ ભારતીય ડાયસ્પોરા છે. છેલ્લા ૨૮ વર્ષમાં દેશની બહાર રહેતા ભારતીયોની સંખ્યામાં ૩૪૬%નો વધારો થયો છે. ૧૯૯૦માં વિદેશમાં રહેતા ભારતીયોની સંખ્યા ૯૦ લાખ હતી. એપ્રિલ ૨૦૨૨માં લોકસભામાં એક પ્રશ્નનો જવાબ આપતાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે કહ્યું હતું કે ૧ જાન્યુઆરી ૨૦૧૫થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ વચ્ચે લગભગ ૯ લાખ લોકોએ ભારતીય નાગરિકતા છોડી દીધી છે. એટલે કે દરરોજ લગભગ ૩૫૦ ભારતીયો દેશની નાગરિકતા છોડી રહ્યા છે.

વર્ષ ૨૦૨૨ સ્થળાંતર કરનારાઓ દ્વારા વતન મોકલવામાં

આવેલી કમાણીના સંદર્ભમાં શ્રેષ્ઠ રહ્યું છે. આ દરમિયાન પ્રવાસીઓએ ૧૦૦ અબજ ડોલર એટલે કે ૮૨૬ કરોડ રૂપિયા મોકલ્યા.

ભારત સરકાર દર વર્ષે ૯ જાન્યુઆરીએ પ્રવાસી ભારતીય દિવસનું આયોજન કરે છે.

વાસ્તવમાં, મહાત્મા ગાંધી વર્ષ ૧૯૧૫માં આ દિવસે દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ફર્યા હતા. મહાત્મા ગાંધીને સૌથી મહાન પ્રવાસી તરીકે ગણવામાં આવે છે. જેમણે માત્ર ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનું જ નેતૃત્વ કર્યું નહીં પરંતુ ભારતીયોના જીવનને કાયમ માટે બદલી નાખ્યું.

*(તા. ૦૭-૦૧-૨૦૨૩)*

## આ આઈ.પી.એસ. છે ભારતીય યુથના મોસ્ટ ફેવરીટ સફિન હસન... કૃષ્ણ અને ભગવદ્‌ગીતા વિશે તેઓ વાત કરે ત્યારે સાધુ-સંતો પણ દંગ રહી જાય છે

ભાવનગરમાં શક્તિ આરાધના મહોત્સવમાં સફિન હસનને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જ્યારે તેમણે ભગવાન કૃષ્ણ અને શ્રીમદ્ ભગવદ્ ગીતા પર જે વક્તવ્ય આપ્યું તે લોકોને ખૂબ જ પસંદ આવ્યું હતું.

તેમણે આ વક્તવ્ય આપ્યું ત્યારે મોટી સંખ્યામાં લોકો હાજર હતા અને મોટા મોટા સાધુ-સંતો પણ ઉપસ્થિત હતા. ભગવાન કૃષ્ણને એક શ્રેષ્ઠ અને સંપૂર્ણ પુરુષ હોવાની પણ તેમણે વાત કરી હતી. આ સાથે સનાતન ધર્મ વિશે પણ ઊંડાણપૂર્વક જે વાત કરી, એ સાંભળીને લોકો અને સંતો ખૂબ જ ખુશ થઇ ગયા. સફિન હસને વક્તવ્યમાં ગીતાના અલગ અલગ મુદ્દા ઊંડાણપૂર્વક સમજાવ્યા હતા. જે સાંભળીને સંતોએ તેનાં ખૂબ જ વખાણ પણ કર્યા હતા. આ વક્તવ્યના વીડિયોએ સોશિયલ મીડિયામાં ધૂમ મચાવી હતી.

‘લોકો પણ શરૂઆતથી ગોલ નક્કી કરીને આગળ વધે તો મારી જેમ સફળ થઈ શકે છે. ગોલ નક્કી કર્યા બાદ ક્યાંય ધ્યાન ન ભટકે એ તકેદારી રાખવી. મારી પાછળ મારા પરિવારનો અઢળક સપોર્ટ છે. પરિવારે મારા તમામ નિર્ણયમાં સાથ આપ્યો છે.

ધર્મ જ્ઞાન આપે છે, હું માત્ર વિદ્યાર્થી છું અને ધર્મમાંથી શીખતો રહીશ.

સફિન હસનનો ધર્મ મુસ્લિમ છે, પરંતુ તેમને તમામ ધર્મનું જ્ઞાન છે. ભગવદ્ ગીતા, રામાયણ, બાઈબલ, કુરાન સહિતના અનેક ગ્રંથોનું જ્ઞાન છે. સતત ધાર્મિક પુસ્તકોનું વાંચન પણ કરે છે. તેઓ ખૂબ સારા વક્તા પણ છે. સોશિયલ મીડિયામાં તેમના અનેક પ્રવચન વાઈરલ પણ થયા છે.

સંપ્રદાય અંગે સફિને જણાવ્યું હતું કે મારા માટે સંપ્રદાયની વ્યાખ્યા અલગ છે. એક જ સૂરજ તમામને પ્રકાશ આપે, તમામની એક જેવી બોડી છે. તમામનું લોહી લાલ છે તો હું નથી માનતો કે ઈશ્વર પણ અલગ હોય. તમામ ધર્મના ઈશ્વર એક જ છે. તમામ ધર્મમાંથી જે સારું શીખવા મળે એ હું શીખું છું. ધર્મ જ્ઞાન આપે છે. હું માત્ર વિદ્યાર્થી છું અને ધર્મમાંથી શીખતો રહીશ.

યુવાઓ માટે સફળતા અંગે સફિને જણાવ્યું હતું કે ટેકનોલોજી વધી, સોશિયલ જીવન બદલાયા, કોવિડના કારણે લોકોમાં કન્ફ્યુઝન ઉભા થયા. પરંતુ ટેકનોલોજીના કારણે ડેવલપમેન્ટની તક મળી છે તો આ તકનો યુવાઓએ ઉપયોગ કરવો જોઈએ.

શોર્ટ ટર્મ ફેલ્યોરથી હાર ન માનવી જોઈએ. ગોલ ફિક્સ કરીને માત્ર એના પર ફોકસ કરીને આગળ વધો તો સફળતા જરૂરથી મળશે. યુ.પી.એસ.સી. અનેક લોકો ક્લિયર કરે છે. ઘણા લોકો ગુજરાતીમાં ભણતા હોય, આર્થિક સંકડામણ હોય, ફેમિલીમાં તકલીફ હોય, ઈંગ્લિશ ન આવડતું હોય જેવા અનેક પ્રશ્નો હોય તો તેવા લોકોએ હાર ન માનવી. તમારી પાસે જે છે તેમાંથી બેસ્ટ બનાવીને આગળ વધવું જોઈએ.

જીવનના દરેક તબક્કે અનુભવ કરો અને એમાંથી શીખો.

સફિન હસને જણાવ્યું હતું કે અત્યારે યુવાઓને ઉતાવળ બહુ હોય છે. જેના કારણે જીવ પણ ગુમાવવો પડે છે. લોકોમાં ટ્રાફિકની અવેરનેસ નથી.

અકસ્માત ઘટે એ માટે ઔડા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા રોડ સેફ્ટી વિભાગ સાથે સતત સંકલન કરીને અનેક આયોજન કરી રહ્યા છે. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વર્ષોથી બંધ પડેલા અનેક ટ્રાફિક સિગ્નલ ચાલુ કર્યા છે. લોકોમાં ટ્રાફિક નિયમોનું પાલન કરવા અવેરનેસ આવે, લોકો નિયમિત નિયમોનું પાલન કરે એ ઉદ્દેશ સાથે અત્યારે અનેક પ્રોજેક્ટ પર કામ કરવામાં આવી રહ્યું છે.

જામનગર, ભાવનગર અને હવે અમદાવાદમાં મહત્ત્વની ટ્રાફિકની જવાબદારી નિભાવતા સફિન હસન હાલ યંગેસ્ટ આઈ.પી.એસ.ની સાથે મોટીવેશનલ સ્પીકર તરીકે પણ જાણીતા છે. સોશિયલ મીડિયામાં સફિન હસનના ૯ લાખથી વધુ ફોલોઅર્સ છે. ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર સફિન હનના મોટીવેશનલ વીડિયોને ૧૦ લાખથી વધુ લોકો જુએ છે.

*(તા. ૧૨-૦૧-૨૦૨૩)*

## નવા વર્ષે જુઓ રામ મંદિર
### મંદિરનું ૭૦% કામ પૂરું. અત્યાર સુધીમાં ૮૦૦ કરોડ ખર્ચાયા

શ્રીરામ જન્મભૂમિમાં રામ મંદિરનું ૭૦% નિર્માણ પૂરું થઈ ચૂક્યું છે. ગર્ભગૃહના પિલર ૧૪ ફૂટ સુધી બનીને તૈયાર થઈ ચૂક્યા છે. દીવાલવાળા મંદિરોને ઝડપથી બનાવવામાં આવી રહ્યા છે. મંદિર નિર્માણ ત્રણ તબક્કામાં પૂરું થશે. પહેલો તબક્કો ઓગસ્ટ

૨૦૨૩ સુધી પૂરો થશે. બીજો તબક્કો ડિસેમ્બર ૨૦૨૪ જ્યારે ૨૦૨૫ સુધી મંદિર આકાર પામી ચૂક્યું હશે.

જો કે જાન્યુઆરી ૨૦૨૪માં મંદિરમાં દર્શન - પૂજન શરૂ થઈ શકશે. મંદિર નિર્માણમાં આશરે ૮૦૦ કરોડ રૂપિયા ખર્ચ થઈ ચૂક્યા છે. કુલ ખર્ચનું અનુમાન આશરે ૧૮૦૦ કરોડ રૂપિયા લગાવવામાં આવે છે.

ગર્ભગૃહ ઉપરાંત ૫ મંડપ બીજા બનાવવામાં આવી રહ્યા છે. ગર્ભગૃહમાં રામના બાળસ્વરૂપનું પૂજન મુહુર્ત જોઈને શરૂ કરાવવામાં આવશે. આ મંદિરનો મુખ્ય ચબૂતરો છે. ગર્ભગૃહ અને મંદિરની દીવાલોનું કામ પણ ચાલી રહ્યું છે.

પ્રભુ શ્રીરામના જીવનના ૧૦૦ પ્રસંગ પણ મંદિરમાં દર્શાવવામાં આવશે. તેમાં દેશના પ્રસિદ્ધ સાહિત્યકાર યતીન મિશ્રા પણ સહયોગ આપી રહ્યા છે.

એન્જિનિયરે કહ્યું : પ્રવેશદ્વાર સિંહ જેવો હશે.

રામમંદિર નિર્માણ સાથે જોડાયેલા એન્જિનિયર જણાવે છે કે, મંદિરના ગ્રાઉન્ડ ફ્લોરનું કામ શરૂ થઈ ચૂક્યું છે. કારીગરો લાગેલા છે. ગર્ભગૃહ અને મંડપની દીવાલોનું કામ ચાલી રહ્યું છે. મંદિરની ફરતે દીવાલોની ટોટલ લંબાઈ ૭૬૨ મીટર છે. મંદિરની ફરતે દીવાલના ચારે ખૂણામાં ૪ મંદિર રહેશે. પ્રવેશદ્વાર સિંહ જેવું હશે.

હાલમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ગર્ભગૃહનું કામ ચાલી રહ્યું છે.

શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટની યોજના છે કે, જાન્યુઆરી ૨૦૨૪થી મંદિરને ભક્તો માટે ખોલી દેવામાં આવશે. શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના સદસ્ય ડૉ. અનિલ મિશ્રએ બતાવ્યું કે મંદિર નિર્માણ માટે પર્યાપ્ત નાણાં ટ્રસ્ટ પાસે છે. હજી સુધી આશરે આઠસો કરોડ ખર્ચ થઈ ચૂક્યા છે. મંદિરનો નિર્માણ ખર્ચ ૧૮૦૦ કરોડ લગાવવામાં આવ્યો છે. અત્યારે મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર નિર્માણના ક્રમમાં ગર્ભગૃહનું કામ ચાલી રહ્યું છે.

ગર્ભગૃહમાં નિર્મિત કરાનારા છ પિલરોનું નિર્માણ પણ ચાલુ છે. આ મકરાનાના માર્બલથી બનાવવામાં આવી રહ્યા છે. માર્બલના પિલરો પીસમાં એકબીજાને જોડીને તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ થાંભલાઓ ૧૯.૩ ફૂટ ઊંચા હશે. તે ઉપરાંત મુખ્ય મંદિરના ગર્ભગૃહમાં જમીન, કમાન, રેલિંગ, દરવાજાની ફ્રેમ સફેદ મકરાનાના આરસપહાણથી તૈયાર કરવામાં આવશે. તેની ખરીદી અને ઘડતર ચાલુ છે.

*(તા. ૧૩-૦૧-૨૦૨૩)*

## અમદાવાદના આંગણે જૈન મહોત્સવ

પ્રમુખ સ્વામી મહોત્વસની રૂડી પૂર્ણાહુતિ બાદ અમદાવાદના આંગણે બીજા મોટા ધાર્મિક પ્રસંગનું આયોજન થઈ રહ્યું છે. ૧૫ જાન્યુઆરીથી જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડમાં જૈન સમાજ દ્વારા 'સ્પર્શ' મહોત્સવનું આયોજન કરાયું છે. જૈન સંત અને પદ્મભૂષણ પુરસ્કારથી સન્માનિત શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ દ્વારા લખવામાં આવેલ ૪૦૦મા પુસ્તકનું વિમોચન સ્પર્શ મહોત્સવ દરમિયાન ૨૨મી જાન્યુઆરીએ કરવામાં આવેલ.

૧૫થી ૨૬ જાન્યુઆરી દરમિયાન અમદાવાદમાં યોજાનારા આ પ્રસંગની ભવ્ય ઉજવણીમાં લાખોની સંખ્યામાં લોકોએ ભાગ લીધો.

શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજીએ છેલ્લા પાંચ દાયકામાં વ્યક્તિ તેમજ સમાજના ઉત્કર્ષ માટે અનેક સુપ્રસિદ્ધ અને દૂરંદેશી વિચારો ધરાવતાં પુસ્તકો તૈયાર કર્યા છે તેમજ પ્રવચનો પણ આપ્યા છે. માત્ર ભારતમાંથી જ નહીં પરંતુ લંડન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેન્યા, કેનેડા સહિતના દેશમાંથી ૧૫ હજારથી વધુ શિબિરાર્થીઓએ પરિવાર સાથે ઉત્સાહભેર સ્પર્શ મહોત્સવમાં ભાગ લીધો હતો. આ સાથોસાથ ૧૦૦૦થી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં, ભારતભરના ૧૫થી વધુ રાજ્યના ૫૦૦૦થી વધુ પરિવારોએ પ્રથમ દિવસે આવીને અવસરનો લાભ લીધો.

કન્વીનર પલક શાહે જણાવ્યું હતું કે, 'શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજે મા ધર્મ જ નહીં, પરંતુ સમાજ, કુટુંબ, રાષ્ટ્ર, આર્થિક બાબતો, મનોવિજ્ઞાન, આરોગ્ય સહિતના વિવિધ વિષયો પર ૩૯૯ પુસ્તકો લખ્યા છે. તેમણે જે વિવિધ વિષયો પર લખ્યું છે તે વિશ્વના કોઈપણ લેખક દ્વારા લખવામાં આવેલ પુસ્તક કરતાં અજોડ છે. જે આપણા બધા માટે ગર્વની વાત છે. તેમના ૪૦૦મા પુસ્તકનું વિમોચન એ એક મોટો પ્રસંગ છે અને તે અનુસાર જ તેની ઉજવણી કરવામાં આવી રહી છે. સ્પર્શ મહોત્સવ, એ ૪ સદીની પુર્ણાહૂતિ, એટલે કે ૪૦૦મા પુસ્તકનું વિમોચન કરવા માટે યોગ્ય પ્રસંગ છે.'

સ્પર્શ મહોત્સવ ૪૦ લાખ ચોરસ ફૂટ અથવા ૯૦ એકરમાં ફેલાયેલા વિસ્તારમાં યોજાયો છે. કાર્યક્રમની ભવ્યતા સ્થળની એન્ટ્રીથી જ શરૂ થશે. ૧૫૦૦ ફૂટ લાંબો અને ૭૦ ફૂટ ઊંચો શાહી દરવાજો મુલાકાતીઓનું સ્વાગત કરશે. ગીરનારના પ્રસિદ્ધ નેમિનાથ મંદિરની ૧૦૦ ફૂટની પ્રતિકૃતિ પણ સ્થળ પર બનાવવામાં આવી છે. ધાર્મિક ગુરુઓ અને સંતોના પ્રવચનનો મહત્તમ લોકો લાભ લઈ શકે તે માટે ૨૫,૦૦૦ લોકો એકીસાથે બેસી શકે તેવો મોટો ભવ્ય ટેન્ટ બનાવવામાં આવ્યો છે.

ભગવાન અરિહંતની દિવ્યતાનું ગૌરવ દર્શાવતું ૧૦૦ ફૂટ ઊંચું ભવ્ય સમવસરણ સ્પર્શ મહોત્સવનું ખાસ આકર્ષણ છે. અહીં સ્થળ પર દેવી લક્ષ્મીનું સુવર્ણ મંદિર અને દેવી સરસ્વતીનું મંદિર પણ બનાવવામાં આવ્યું છે. સ્પર્શ મહોત્સવમાં ૫ મંદિરો, ૯૬થી વધુ દેરીઓ અને ૨૫૦ ફૂટ લાંબી ટનલ પણ બનાવવામાં આવી છે. આ ટનલ દ્વારા પ્રવાસીઓ ગિરનાર યાત્રાધામની યાત્રા કરી શકશે. દરરોજ સાંજે ૪ થી ૫ ૩-ડી મેપિંગ ટેકનોલોજી દ્વારા ગિરનાર તીર્થની પ્રતિકૃતિ પર લાઈટ એન્ડ સાઉન્ડ શો થશે. આ શો માં જૈન તત્ત્વજ્ઞાન, ગિરનાર યાત્રા અને ગુરૂદેવના જીવનની

ઝલક જોવા મળશે.

આ ટેકનોલોજી આધારિત એક સ્પેશિયલ શો 'જ્વેલ્સ ઓફ જૈનિઝમ' દર્શકો સમક્ષ જૈન ધર્મની ઝલક પણ રજૂ કરે છે.

*(તા. ૨૧-૦૧-૨૦૨૩)*

## સુપ્રીમ કોર્ટના ચુકાદાઓની નકલ હિંદીમાં પણ મળશે તેમજ અન્ય ભારતીય ભાષામાં પણ મળશે

**મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે કહ્યું કે એ.આઈ. ટ્રાન્સલેશનના ઉપયોગથી ગામડાંના લોકો માટે કોર્ટના ચુકાદાને સમજવામાં સરળતા રહેશે**

કાઉન્સિલ ઓફ મહારાષ્ટ્ર એન્ડ ગોવા (BCMG)ના કાર્યક્રમમાં હાજરી આપવા શનિવારે મુંબઈ પહોંચેલા CJI એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)થી કોર્ટના નિર્ણયોને અન્ય ભાષાઓમાં અનુવાદિત કરવાનો સંકેત આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'આનાથી ગામડાંઓમાં રહેતા લોકો સરળતાથી તેમની ભાષામાં નિર્ણયો વિશે માહિતી મેળવી શકશે.' તેમણે પહેલાં કહ્યું હતું કે, 'કોર્ટ પેપરલેસ હોવી જોઈએ. આ મારું મિશન છે.'

ચીફ જસ્ટીસ ચંદ્રચુડે જણાવ્યું હતું કે આપણે આપણી ખામીઓ છુપાવવાની જરૂર નથી. આપણે આપણી ખામીઓને સામે લાવીને તેને સુધારવા માટેના પ્રયાસ કરવા જોઈએ. તેમણે કોર્ટ સંબંધિત માહિતી મેળવવામાં આવતી મુશ્કેલીઓને દૂર કરવા ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂક્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં જ સુપ્રીમ કોર્ટના ચુકાદાની નકલ હિંદી સહિત દેશની અન્ય ભાષાઓમાં પણ મળી રહેશે.

તકો ખાસ લોકો માટે ન હોવી જોઈએ, બધાને તક આપવી જરૂરી છે.

ચીફ જસ્ટીસે કોર્ટની કાર્યવાહીના લાઇવ સ્ટ્રીમિંગ પર પણ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે કાયદામાં રૂચિ ધરાવતા ટીચર્સ અને વિદ્યાર્થીઓ લાઇવ સ્ટ્રીમિંગ દ્વારા કોઈપણ કેસ જોઈ શકે છે, તેને સમજી શકે છે અને તેના પર ચર્ચા પણ કરી શકે છે. જ્યારે તમે લાઇવ કોઈ મુદ્દા પર ચર્ચા કરો છો, ત્યારે ખબર પડે છે કે સમાજમાં કેટલો અન્યાય કરવામાં આવી રહ્યો છે.

જસ્ટીસ ચંદ્રચુડે BCMG ની ન્યુઝ - વ્યૂઝ ચેનલ પણ શરૂ કરી હતી. ન્યુઝ - વ્યૂઝ એ દેશની પ્રથમ કાઉન્સિલ ન્યુઝ છે. તેમના દ્વારા યુવા વકીલો માટે BCMG તરફથી તૈયાર કરાયેલી સિવિલ અને ક્રિમિનલ પ્રેક્ટિસ હેન્ડબુકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. આ હેન્ડબુકની નકલ ૫૦ હજાર યુવા વકીલોને વિનામૂલ્યે આપવામાં આવશે.

*(તા. ૨૨-૦૧-૨૦૨૩)*

## દરિયાઇ ઉત્તરાયણ એટલે ખંભાતની વિશેષતા

**ઉત્તરાયણ પછીનો પ્રથમ રવિવાર આવે ને ગુજરાતભરમાંથી લોકો ઉમટી પડે ● વિશ્વ ફલકે ખંભાતની દરિયાઇ ઉત્તરાયણ વખણાય**

નવાબી ખંભાતે હલવાસન, સૂતરફેણી, પતંગ, અકીકની વિશ્વને ભેટ આપી છે. વિશ્વ ફલકે ખંભાતના પતંગો તો વખણાય જ છે, પરંતુ ખંભાતના અખાતીય વિસ્તારમાં ઉજવાતી દરિયાઈ ઉત્તરાયણમાં પણ પતંગ રસિયાઓ ખૂબ જ મોટી સંખ્યામાં આકર્ષાયા છે. ૧૯૦ એકર દરિયાઈ પટ્ટીમાં ઉજવાતી ઉત્તરાયણમાં આભમાં પતંગ રસિકોની ભરતી આવી છે. આભમાં પતંગોનો મેળો ભરાયો છે. એટલે જ તો ખંભાતની દરિયાઈ ઉત્તરાયણ અનોખો અનુભવ કરાવે છે.

દરિયાઈ ડંકા વિસ્તાર ગણાતા પટમાં વહેલી સવારથી પતંગરસિકો એકત્ર થવા લાગ્યા હતા. ઠેર ઠેર પતંગ રસિકોએ મન મૂકીને મજા લૂંટી હતી. ઈતિહાસના જાણકાર જણાવે છે કે ખંભાતમાં ત્રણ ઉત્તરાયણ ઉજવાય છે : ઉત્તરાયણ, વાસી ઉત્તરાયણ અને દરિયાઇ ઉત્તરાયણ. દરિયાઇ ઉત્તરાયણ એ ખંભાતની વિશિષ્ટતા છે. પહેલાના સમયે પતંગ ઉત્પાદકો જ પતંગ ચગાવતા હતા. પરંતુ ત્યારબાદ આ ઉજવણીમાં અન્ય લોકો જોડાતા ઉત્સવ બની ગયો છે. ઉત્તરાયણ પછીના પ્રથમ રવિવારે દરિયાઈ ઉત્તરાયણ ઉજવાય છે. દૂર દૂર શહેરોમાંથી વહેલી સવારથી પ્રવાસીઓ લક્ઝરીમાં સવાર થઇ દરિયા કિનારે પધાર્યા હતા. ખાદ્ય સામગ્રી સાથે લઇને આવીને પિકનિકની મજા માણી હતી. કાઈટ ફાઇટરોએ અલગ અલગ પ્રકારની પતંગો ચગાવીને આનંદ માણ્યો હતો.

ખંભાતમાં ૪૦૦૦થી પણ વધારે પરિવારો આખું વર્ષ પતંગ ઉદ્યોગના કામમાં હોય છે. ઉત્તરાયણ નજીક આવતા ખૂબ કામ રહેતું હોય અને ઉત્તરાયણના દિવસે પણ તેઓ ઉત્તરાયણ મનાવી શકતા નથી. ધંધા રોજગાર એટલા માટે હોય છે કે એમને ટાઈમ નથી. માટે ઉત્તરાયણ પછીનો જે પહેલો રવિવાર આવે ત્યારે ચુનારા સમાજ અને બીજા અન્ય સમાજના લોકો દરિયા ખાતે ખૂબ મોટી સંખ્યામાં ભેગા થઇ અને દરિયાઇ ઉત્તરાયણ મનાવે છે.

આ દરિયાઇ ઉત્તરાયણ ખંભાત પૂરતી સીમિત નથી. આ ખંભાતની દરિયાઈ ઉત્તરાયણમાં આખા ગુજરાતમાંથી લોકો ખૂબ મોટી સંખ્યામાં ઉમટે છે અને દરિયે પતંગ ચગાવવાની મજા માણે છે. સાથે પોલીસ તંત્રએ પણ ટ્રાફિક જામ ન થાય તેના માટે પૂરતો બંદોબસ્ત કરી અને પાર્કિંગની પણ ખૂબ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

*(તા. ૨૩-૦૧-૨૦૨૩)*

## વિદેશના સમાચાર

### ટોક્યો છોડો, ૧૦ લાખ યેન મેળવો...

**ગામડાંમાં રહેવા જનારાને જાપાનમાં બમ્પર લાભ...**

બે બાળક સાથેના પરિવારને ટોક્યો છોડવા પર ૩ મિલિયન યેન મળી શકે છે. આ યોજના ૨૦૧૯થી અમલમાં છે. ૨૦૨૭ સુધીમાં ૧૦,૦૦૦ લોકો ટોક્યોથી ગ્રામીણ વિસ્તારોમાં જશે. ગયા વર્ષે સરકારે ટોક્યોમાંથી બહાર જવા માટે ૧,૧૮૪ પરિવારને ચૂકવણી કરી હતી. જેની સરખામણીમાં ૨૦૨૦માં ૨૯૦ અને ૨૦૧૯માં ૭૧ હતા.

ભીડને આકર્ષવાના પ્રયાસમાં સરકાર દ્વારા જાપાનનાં નગરો અને ગામડાંના ફાયદાઓની સતત ચર્ચા કરવામાં આવી રહી છે. જેમ જેમ વધુ યુવાનો કામ માટે શહેરોમાં જાય છે, જાપાનના ગ્રામીણ વિસ્તારોમાં તાજેતરનાં વર્ષોમાં ઝડપથી વસતિમાં ઘટાડો જોવા મળ્યો છે. અધિકારીઓને આશા છે કે આ યોજનાથી ટોક્યો પરનું દબાણ ઘટશે. જાપાનની ઘટતી જતી વસતિ અને જન્મદર વચ્ચે ગ્રામીણ વિસ્તારોને પુનર્જીવિત કરવાનો આ નવીનતમ પ્રયાસ છે.

*(તા. ૦૬-૦૧-૨૦૨૩)*

### અમેરિકામાં પ્લમ્બર કાર્પેન્ટર ૬૦ લાખ સુધી કમાય છે તેમ છતાં યુવાઓ વ્હાઈટ કોલર જોબ જ કરવા માંગે છે

અમેરિકામાં અત્યારે પ્લમ્બર, કાર્પેન્ટર, ઈલેક્ટ્રીશિયન જેવા કામ માટે યુવાઓ મળી રહ્યા નથી. તદુપરાંત પરંપરાગત રીતે જે લોકો વર્ષોથી આ કામ કરે છે, તેમના સંતાનો પણ ગ્રેજ્યુએશન બાદ વ્હાઈટ કોલર જોબ કરવા ઈચ્છે છે. પરિણામે આ પ્રકારનાં પદો ખાલી છે. આ સ્થિતિ ત્યારે છે, જ્યારે ૨૦૨૧માં આ પદો માટે અંદાજે ૪૦થી ૬૦ લાખ રૂપિયાના વાર્ષિક પગારની ઓફર આપવામાં આવી હતી.

ઓનલાઈન રીક્રુટીંગ પ્લેટફોર્મ હેન્ડશેકના આંકડાઓ અનુસાર ૨૦૨૦ની તુલનામાં ૨૦૨૨માં ટેકનિકલ નોકરીઓ જેવી કે પ્લમ્બિંગ, બિલ્ડિંગ અને ઈલેક્ટ્રીક વર્કની માંગ કરનારા યુવાઓ માટે અરજીના દરમાં ૪૯%નો ઘટાડો થયો છે. ઓટોમોટીવ ટેકનિશિયન, ઈક્વિપમેન્ટ ઈન્સ્ટોલર અને ડોક્ટર જેવાં પદો માટે ૨૦૨૦માં સરેરાશ ૧૦ અરજી આવી હતી, જે ઘટીને ૨૦૨૨માં માત્ર પાંચ હતી.

કંપનીના મુખ્ય શૈક્ષણિક અધિકારી ક્રિસ્ટીન ક્રુઝવર્ગારા અનુસાર દરેક કામ માટે માત્ર ૧૯ અરજીઓ જ આવી છે. જ્યારે દિવસે દિવસે નવાં ટેકનિકલ પદની સંખ્યા વધી રહી છે. પરંતુ અરજી કરવામાં રૂચિ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો નથી.

ઓટો ટેકનિશિયન જેવા વ્યવસાયોમાં યુ.એસ. ચેમ્બર ઓફ કોમર્સે ૨૦૨૩માં કુશળ શ્રમિકોની ભારે અછત સર્જાશે તેવી ચેતવણી આપી છે. લાંબા સમયથી અમે અમારા બાળકોને નવી આવડત શીખવાડવાને બદલે કોલેજ જવા માટે પ્રોત્સાહિત કર્યા છે. કોલેજમાંથી સ્નાતક થયા બાદ વ્હાઈટ કોલર જોબ કરવાનું પસંદ કરે છે.

યુ.એસ.માં ખાલી પદો ભરવાની તાત્કાલિક આવશ્યક્તા છે કારણકે અમેરિકન સરકાર દેશમાં ટ્રાન્ઝીટ સિસ્ટમને અપગ્રેડ કરવા માટેના પ્રોજેક્ટ પાછળ અબજો રૂપિયાનો ખર્ચ કરી રહી છે તેમ છતાં લોકો મળી રહ્યા નથી. *(તા. ૦૭-૦૧-૨૦૨૩)*

### ગિલગિટ - બાલ્ટીસ્તાનને પાકિસ્તાન છોડી ભારતમાં સામેલ થવું છે

ગિલગિટ - બાલ્ટીસ્તાનના લોકો સરકાર અને સેના સાથે છેલ્લા ૧૨ દિવસથી પ્રદર્શન કરી રહ્યા છે. તેમની માંગ છે કે કારગિલ રસ્તો ખોલીને ગિલગિટ-બાલ્ટીસ્તાનને ભારતના લદાખના કારગિલ જિલ્લામાં સામેલ કરવામાં આવે. તેમનું કહેવું છે કે સરકાર અમારી સાથે ભેદભાવ કરી રહી છે. પરંતુ હવે ગિલગિટ - બાલ્ટીસ્તાન મામલે ફેંસલો અમે લોકો જ કરીશું.

ખરેખરમાં પાકિસ્તાનની સેના ડેમોગ્રાફી બદલવા માટે અન્ય પ્રાંતના લોકોને ત્યાં વસાવી રહી છે. સ્થાનિકોનો આરોપ છે કે પંજાબ અને ખૈબર પખ્તુનખ્વાના લોકો તેમની જમીનો પર કબજો કરી રહ્યા છે. આ લોકોને સેનાનું સમર્થન છે. તેમની સુરક્ષા માટે સેનાના જવાનોને તહેનાત કરવામાં આવી રહ્યા છે. એને કારણે સ્થાનિક લોકો વિરોધ કરી રહ્યા છે. આ લોકો આ મામલે ભારતની દરમિયાનગીરીની માંગ પણ કરી રહ્યા છે.

પ્રદર્શન કરી રહેલા લોકોનો વીડિયો પણ સામે આવ્યો છે. એમાં પ્રદર્શનકારીઓ સૂત્રોચ્ચાર કરતા જોઈ શકાય છે. તેઓ કહી રહ્યા છે કે આરપાર જોડી દો, કાશ્મીરનાં દ્વાર ખોલી દો. પ્રદર્શનકારીઓનું કહેવું છે કે અમારા નિર્ણયો ઈસ્લામાબાદની સરકાર નહીં લે અને અમે તેમને આવું કરવાની મંજૂરી પણ આપીશું નહીં. ગિલગિટ - બાલ્ટીસ્તાન બાબતના નિર્ણયો હવે અહીંની જનતા જ કરશે.

સેના લોકોની મિલ્કતો તોડી પાડવા પહોંચી હતી.

ગિલગિટ ક્ષેત્રના મિનાવર ગામમાં સેનાના જવાનો સ્થાનિક લોકોની મિલ્કતો તોડી પાડવા માટે પહોંચ્યા હતા. ત્યારબાદ લોકોએ સેના સામે ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. લોકોનો આરોપ છે કે સેના ગેરકાયદે કમાણી કરવા માટે લોકોની જમીન હડપ કરી રહી છે. અહેવાલો અનુસાર, ગિલગિટ - બાલ્ટીસ્તાનના લોકો ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ગેરકાયદે ટેક્સ, વધતી મોંઘવારી અને બેરોજગારીને કારણે પાકિસ્તાન વિરોધી ભાવનાઓ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૦ ઉપર)

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી દક્ષિણ ગુજરાત ક.વી.ઓ. જૈન સમાજ ૨૧મું સ્નેહ મિલન

દહાણુથી અંકલેશ્વર સુધીના દક્ષિણ ગુજરાત ક.વી.ઓ. જૈન સમાજના પધારેલા સૌ સભાસદોએ ચા-નાસ્તો લીધા બાદ સ્નેહ મિલનની શુભ શરૂઆત અચલગચ્છ જૈન સંઘના એ.સી. ચંદ્રલીલા હોલમાં મંગલાચરણ નવકાર મહામંત્રથી થઈ હતી. જેમાં શાઈનિંગ સ્ટાર પાઠશાળા - વાપીની જયના છેડા, જીયા છેડા, પરી ગડા, હેઝલ સાવલા અને તબલા ઉપર પ્રિયાંશુ છેડા અને હાર્મોનિયમ ઉપર નરેન્દ્ર છેડાએ સાથ આપ્યો હતો. ત્યારબાદ સ્વાગત ગીત વલસાડની મુક્તિ ગાલા, દેવાંશી શેઠિયાએ નૃત્ય દ્વારા રજૂઆત કરી હતી. જેણે સૌના દિલ જીતી લીધાં હતાં. ત્યારબાદ સંસ્થા પદાધિકારીઓના કરકમળ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી ઈલા સાવલા દ્વારા ઈતની શક્તિ હમેં દેના દાતા... ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સૌ પ્રથમ વર્ષ દરમિયાન દિવંગત આત્માઓને સામૂહિક શ્રદ્ધાંજલિ આપ્યા બાદ આજના મુખ્ય આકર્ષણ એવા કૌન બનેગા કરોડપતિ ગેઈમ શો ચીપ્સ એન્ડ લાઇટ - વાપીના શ્રી આશિષ સર દ્વારા મોટા સ્ક્રીન ઉપર રમાડવામાં આવી હતી. તેમાં ૨૫થી વધુ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ ફુરિયા (દહાણુ)એ પધારેલા સૌનું અભિવાદન કર્યું હતું. સંસ્થાનો વાર્ષિક અહેવાલ માનદ્ મંત્રી શ્રી અમૃતલાલ ગાલા (વાપી)એ વિગતવાર રજૂઆત કરી હતી. સૌને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ વડીલ વંદનામાં ૫૦ વર્ષથી ઉપરના વડીલોનું અભિવાદન, અપરિણીતોની સ્ટેજ ઉપરથી ઓળખવિધિ અને દક્ષિણ ગુજરાતમાં જ રહેતા અને લગ્નગ્રંથિથી જોડાયેલા યુગલોનું બહુમાન - કન્યાદાન આપી બિરદાવવામાં આવ્યાં હતાં. તમામ દાતાઓને ગીફ્ટ આપી, શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. કેળવણી ક્ષેત્રે તેજસ્વી તારલાઓ ધોરણ ૧૦-૧૨ના ઉચ્ચ ગુણાંક મેળવેલ પ્રથમ બે વિદ્યાર્થીઓને ચાંદીના મેડલ આપી સન્માનવામાં આવ્યા હતા. તેમજ એસ.એસ.સી. અને તેથી ઉપરના તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ સાથે ગીફ્ટ આપી નવાજવામાં આવ્યા હતા.

બપોરના ભોજન બાદ ૨ વાગે બીજા સત્રમાં કચ્છી સમાજના લાડીલા એવા શ્રી હિમાશુ સંગોઈ દ્વારા મ્યુઝિકલ હાઉસી સાથે એન્ટરટેઈનમેન્ટ પ્રોગ્રામે સૌને જકડી રાખ્યાં હતાં. ઈનામોની વણથંભી વર્ષાથી સૌ આનંદવિભોર બની ગયાં હતાં. ગેઈમ દરમિયાન ચા-કોફી-બિસ્કિટની સૌએ મજા માણી હતી. સાંજના ભોજન બાદ આભારવિધિ માનદ્ મંત્રી શ્રી અમરીશભાઈ રાંભિયા (વલસાડ)એ કરી હતી. પ્રોગ્રામનું કુશળ સંચાલન પ્રખ્યાત એન્કર શ્રી સિદ્ધાંત દેઢિયાએ કર્યું હતું. સમગ્ર પ્રોગ્રામને સફળ બનાવવા શ્રી કેમીન ગડા, શ્રી રાજેશ ફુરિયા, શ્રીમતી કુસુમ ગાલા, શ્રીમતી ડિમ્પલ સાવલા, શ્રીમતી જીનલ ફુરિયાનું યોગદાન હતું. આયોજનના મુખ્ય સૂત્રધાર હતા શ્રી અરુણભાઈ શાહ.

## શ્રી માકપટ જૈન ગૂર્જર સમાજ - કચ્છ દ્વારા સમાજના યુવા ક્રિકેટરો માટે ઓવર આર્મ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

શ્રી માકપટ જૈન ગૂર્જર સમાજ - કચ્છ દ્વારા સમાજના યુવા ક્રિકેટરો માટે ઓવર આર્મ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન વિયેશ્વર ક્રિકેટ ગ્રાઉન્ડ - માનકુવા મધ્યે કરવામાં આવ્યું હતું. ચાર રવિવાર દરમિયાન રમાયેલ આ "શેઠ કપ" ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ભડલી સ્ટ્રાઈકરે ટોસ જીતીને બેટિંગ કરતા ૬૪ રનનો ટારગેટ આપ્યો હતો. જેને આદિનાથ ઈલેવન દ્વારા ૯ ઓવરમાં પૂરો કરી ફાઈનલ મેચમાં જીત મેળવી હતી.

માકપટ ક્રિકેટ લીગ - શેઠ કપના મેઈન સ્પોન્સર માતુશ્રી દિવાળીબેન કરશનજી શેઠ (સામત્રા - ગાંધીધામ) રહ્યા હતા. જ્યારે લોગો સ્પોન્સર મિત્સુ ફેશન - ભુજ, મેન ઓફ ધ મેચના સ્પોન્સર સિદ્ધાર્થ પાવર સોલ્યુશન - ગાંધીધામ, મેન ઓફ ધ સીરીઝના સ્પોન્સર ભાવના ઓટો પાર્ટસ - ભુજ, સ્લીવના સ્પોન્સર માતુશ્રી પ્રેમીલાબેન પ્રેમચંદ સંઘવી પરિવાર - ભુજ તથા માતુશ્રી વીણાબેન વાડીલાલ શેઠ પરિવાર - ગાંધીધામ, બેસ્ટ ફિલ્ડરના સ્પોન્સર શેઠ હીરાલાલ મગનલાલ - માનકુવા, બેસ્ટ બોલરના સ્પોન્સર શાહ ટોકરશી સોમચંદ પરિવાર - નખત્રાણા, બેસ્ટ વિકેટ કીપરના સ્પોન્સર શાહ વીરસેનભાઈ ખેંગારભાઈ પરિવાર - ભુજ, બેસ્ટ બેટ્સમેનના સ્પોન્સર શાહ ચમનલાલ મગનલાલ પરિવાર - માનકુવા રહ્યા હતા.

ફાઈનલ મેચના મેન ઓફ ધ મેચ અક્ષય શાહ, જ્યારે ટુર્નામેન્ટના મેન ઓફ ધ સીરીઝ અક્ષય શેઠ, બેસ્ટ બોલર ચૈત્ય મહેતા, બેસ્ટ બેટ્સમેન મૌલિક શાહ, બેસ્ટ વિકેટકીપર કેવલ શેઠ, બેસ્ટ ફિલ્ડર હર્ષ શાહ રહ્યા હતા.

આ આયોજનમાં માકપટ જૈન સમાજના પ્રમુખશ્રી વિનોદભાઈ શેઠ, મંત્રીશ્રી વિનેશભાઈ શાહ, હિતેન્દ્રભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ શાહ, સંજય મહેતા, જિજ્ઞેશભાઈ શાહ, નરેન્દ્રભાઈ મહેતા સાથે સમાજના સલાહકારશ્રીઓ કમલેશભાઈ સંઘવી, ગાંગજીભાઈ શેઠ, જયેન્દ્રભાઈ શાહ, સુરેશભાઈ શેઠ તેમજ દરેક સમિતિના કન્વીનરશ્રીઓ, કારોબારી સભ્યો સાથે બહોળી સંખ્યામાં

સમાજના સભ્યો જોડાયા હતા. ભોજનની વ્યવસ્થા ભાવેશ શાહ, સેવંતી મહેતાએ સંભાળી હતી.

આ સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન સ્પોર્ટસ કન્વીનર અલ્પેશ શાહ, સેતુ શાહ સાથે પ્રોજેક્ટ ચેરમેન આશવ શાહ, રૂજુલ શાહ સાથે તેમની સંપૂર્ણ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું તેવું સમાજના મીડિયા કન્વીનર પીંકેશ શાહ તથા રોનિત શાહની યાદીમાં જણાવ્યું હતું.

## વર્ધમાનનગર ઓનર્સ એસો. દ્વારા "પરિવાર પરિચય"નું વિમોચન કરાયું

વર્ધમાનનગર ઓનર્સ એસો. દ્વારા પ્રમુખશ્રી રાહુલભાઈ મહેતાનાં અધ્યક્ષ સ્થાને જનરલ સભા, પરિવાર પરિચય બુકનું વિમોચન તથા બુકનાં દાતાશ્રીઓના સન્માન સહિતનાં વિવિધ કાર્યક્રમો વર્ધમાનનગર મધ્યે યોજાયા હતા.

મંગલાચરણ બાદ દીપ પ્રાગટ્ય મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે કરવામાં આવેલ. કાર્યક્રમનું મુખ્ય અતિથિ વિશેષ પદ જિલ્લા પંચાયત અધ્યક્ષા પારુલબેન કારા, ભુજના ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલ, અંજારના ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ છાંગા, તાલુકા પંચાયત સભ્ય લક્ષ્મીબેન ઝરૂ, શીતલભાઈ શાહ, હિતેશભાઈ ખંડોલે શોભાવ્યું હતું.

પ્રારંભે સંસ્થાના ટ્રસ્ટી શ્રી દીપકભાઈ લાલને સ્વાગત પ્રવચન કરી મહેમાનોને મીઠડો આવકાર આપ્યો હતો. સંસ્થાના મંત્રી શ્રી હસમુખભાઈ વોરાએ વર્ધમાનનગર વાસીઓના જનરલ પ્રશ્નોનાં ઉત્તરો આપ્યા હતા. સંસ્થાનાં હિસાબોની રજૂઆત શ્રી ધીરજભાઈ પારેખે કરેલ. જેને બહાલી આપવામાં આવેલ. થયેલા કાર્યો અને નવા પ્રોજેક્ટની રૂપરેખા આપવામાં આવેલ.

ભુજ વિસ્તારના ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્ધમાનનગરનાં જે કાંઈ પડતર પ્રશ્નો છે તેનો ઉકેલ આપણે સાથે મળીને લાવશું. અંજાર વિસ્તારનાં ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ છાંગાએ વર્ધમાનનગર વાસીઓની એકતા-સંપની ભાવનાઓને બિરદાવી હતી.

કચ્છ જિલ્લા પંચાયત અધ્યક્ષા શ્રીમતી પારુલબેન કારાએ જણાવ્યું હતું કે, વર્ધમાનનગર બે ધારાસભ્યોનો મતદાર વિસ્તાર છે અને હું પણ માધાપર, વર્ધમાનનગર વિસ્તારમાંથી ચૂંટાઈ છું. એટલે પડતર પ્રશ્નો પૂરા કરાવવાની મારી પણ જવાબદારી છે.

મહાનુભાવો તથા વર્ધમાનનગર ઓનર્સ એસો. ટ્રસ્ટી ગણ તથા બુકના દાતાશ્રીઓનાં વરદ્ હસ્તે પરિવાર પરિચય બુકનું વિમોચન કરવામાં આવેલ.

રમેશભાઈ સી. શાહ, પી.સી. શાહ, રજનીભાઈ પટવા, વિનોદભાઈ મહેતાએ પ્રાસંગિક ઉદ્બોધન કરી સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. વર્ધમાનનગરનાં શિલ્પી કાંતિભાઈ ઘીવાલાની સેવાઓને બિરદાવાઈ હતી. શ્રી ઈશ્વરભાઈ દેસાઇના સુંદર માર્ગદર્શનને પણ બિરદાવવામાં આવેલ. આ અવસરે વર્ધમાનનગરમાં રહેતા અને માનવ જયોતના શ્રી પ્રબોધ મુનવરનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. પૂર્વ પ્રમુખશ્રીઓને પણ સન્માનિત કરવામાં આવેલ.

મંત્રી હસમુખભાઈ વોરાએ કારોબારી દ્વારા પોતાનાં સમયગાળા દરમિયાન થયેલ વિકાસનાં કાર્યો અને પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. પ્રમુખ શ્રી રાહુલભાઈ મહેતાએ ભવિષ્યના આયોજનોનો ચિતાર રજૂ કર્યો હતો.

વર્ધીલાલ પારેખ, દીપક લાલન, દીપક મહેતા, ચેતનભાઈ સંઘવી, સર્વે ટ્રસ્ટી ગણ તથા વર્ધમાનનગરવાસીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન લક્ષાબેને જ્યારે આભાર દર્શન અશોકભાઈ મહેતાએ કરેલ.

## હાઈબ્રીડ મોપેડ

મેઈક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ અપ દ્વારા ભારતમાં અલગ અલગ પ્રતિભાઓ બહાર આવી રહી છે. આવી જ એક પ્રતિભા આપણા કચ્છની છે. વાત છે કચ્છના એવા યુવાનની જેમણે ઓટોમોબાઈલ્સ ક્ષેત્રે નવી ટેકનોલોજીને જન્મ આપ્યો છે. ભુજના સપરમા એવા માધાપર જૂનાવાસ શિવનગરના યુવાન લખન જયેશભાઈ પરમારે (ભવાની ઓટો) કચ્છનું સર્વ પ્રથમ હાઈબ્રીડ મોપેડ (યામાહા ફસીનો) બનાવ્યું છે. તેમના જણાવ્યા પ્રમાણે તેમણે બનાવેલ યાહામા ફસીનો સમગ્ર ગુજરાતમાં પ્રથમ અને ભારતનું ત્રીજું હાઈબ્રીડ મોપેડ છે.

લખનભાઈને આ મોપેડ બનાવતા ૧ મહિના જેટલો સમય લાગ્યો હતો. આ મોપેડ પેટ્રોલ અને બૅટરી – એમ બે રીતે ચાલે છે અને સીંગલ સીટમાં ૫૦ કિ.મી.ની ટોપ સ્પીડ અને ડબલ સીટમાં ૪૦ કિ.મી.ની ઝડપે ચાલે છે. ફુલ ચાર્જમાં ૬૫ કિ.મી. ચાલે છે અને ૨ યુનિટ જેટલા વીજળીનો વપરાશ થાય છે અને ફૂલ ચાર્જ આશરે ૪ કલાકમાં થઈ જાય છે. ઓટો કટની સુવિધા પણ ચાર્જરમાં ઉપલબ્ધ છે. તેમણે આ મોપેડમાં લીથીયમ આઈરનની (ફોસ ફાઈટ - પાઉચ સેલ) બૅટરી ફીટ કરી છે. જેમાં કંપની દ્વારા ૨ વર્ષની વોરંટી બૅટરી અને ચાર્જરમાં તેમજ ૧ વર્ષની વોરંટી મોટર અને કંટ્રોલરમાં મળે છે. તેમણે બૅટરીમાં ઓટો પાવર કટની સુવિધા પણ મૂકી છે. જેથી ક્યારે પણ શોર્ટ સર્કિટ જેવી પરિસ્થિતિ સર્જાય નહીં.

લખનભાઈએ વધુમાં જણાવ્યું કે એક્ટીવા, ડીઓ, માઈસ્ટ્રો, એક્સેસ, ડ્યૂટ, નાવી, ક્લિક, એવીએટર, આલ્ફા, ફસીનો, રેચ જેવા લગભગ દરેક પ્રકારના મોપેડને હાઈબ્રીડ બનાવી શકાય છે.

આજના મોંઘવારીના યુગમાં વધતા જતા પેટ્રોલના ભાવ અને પ્રદૂષણને રોકવા તેમજ આપના હાલમાં વપરાશના મોપેડને હાઈબ્રીડ બનાવવાથી અનેક પ્રકારના ફાયદા થાય છે. હાઈબ્રીડ મોપેડના લીધે આપને બૅટરીની સાથે મોપેડને પેટ્રોલથી ચલાવવાનો વિકલ્પ પણ મળે છે.

***રીષી મહેતા***

***ડી.ઈ.ઓ. - આકાશવાણી, ન્યૂઝ વિભાગ, ભુજ, કચ્છ***

## NanoNine® શબ્દ રમત-૧૯૧

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ | | ૭ | |
| | ૮ | | | ૯ | ૧૦ | | ૧૧ | | | | |
| ૧૨ | | | ૧૩ | | | ૧૪ | | ૧૫ | ૧૬ | | |
| | | ૧૭ | | | | | | | | | ૧૮ |
| | | | | | | | ૧૯ | | | ૨૦ | |
| ૨૧ | ૨૨ | | ૨૩ | ૨૪ | | ૨૫ | | ૨૬ | ૨૭ | | |
| | ૨૮ | ૨૯ | | | | ૩૦ | ૩૧ | | | | ૩૨ |
| ૩૩ | | ૩૪ | ૩૫ | | ૩૬ | | ૩૭ | | | ૩૮ | |
| ૩૯ | ૪૦ | | | | ૪૧ | ૪૨ | | | ૪૩ | | |
| ૪૪ | | ૪૫ | | | ૪૬ | | | ૪૭ | | | |
| | ૪૮ | | | ૪૯ | | | ૫૦ | | | ૫૧ | |
| ૫૨ | | | | | ૫૩ | | | | ૫૪ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૨૮-૦૨-૨૦૨૩ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. પ્રજાનું શાસન કરનારી સત્તા (૪)
૪. ભાનવાળું, સાવધ (૩)
૭. એક રાશિ, કેન્સર (૨)
૮. વસવાટ, મુકામ (૨)
૯. ખારું, ખારાશવાળું (૨)
૧૧. હાથી (૨)
૧૨. પરાજય (૨)
૧૫. રજોગુણ, રજ (૩)
૧૭. જનોઇ આપવી, યજ્ઞોપવીત સંસ્કાર (૫)
૧૯. ટેવ, ખાર, દ્વેષ, વેર, એક રમત (૧)
૨૦. ચોટલી, છોગું, જોત (૨)
૨૧. પશુનો ખોરાક (૨)
૨૩. થાપ, ફરેબ, છેતરપિંડી, ચોરી (૨)
૨૬. ઘટતી કિંમત કરવી તે (૩)
૨૮. અભિપ્રાય (૨)
૩૦. એક ફળ (૪)
૩૪. અસ્તવ્યસ્ત, છૂટું છવાયું (૪)
૩૭. પૈસો, નાણું (૨)
૩૮. શરીરની ઊંચાઈ કે જાડાઈ (૨)
૩૯. સુંદર સ્ત્રી (૨)
૪૧. માહ, માહ માસ (૨)
૪૩. કંટાળેલું, હેરાનગતિ (૩)
૪૪. ખડગ, સમશેર (૪)
૪૬. બાવાઓ રાખે તે વાળનું ઝુંડ (૨)
૪૭. પિતા, બાપ (૨)
૪૮. સેવક (૨)
૪૯. પ્રાણી ઘર (૧)
૫૦. પાણી, વારિ (૨)
૫૧. પાણી, જળ (૨)
૫૨. કમળ કાકડી, કમળનું બીજ (૪)
૫૩. પૂર્ણ, સંપન્ન (૩)
૫૪. તાંબુ (૨)

### ઊભી ચાવીઓ

૧. પ્રભાત (૩)
૨. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૩. રક્ષણ, રાખડી (૨)
૫. અંશ, હિસ્સો (૨)
૬. જોવું તે, દૃષ્ટિ (૩)
૭. બી સાથેનું રૂ (૩)
૧૦. ધાતુ, પારો વગરની ઔષધિ (૪)
૧૨. ______ના કર્યા હૈયે વાગ્યાં (૨)
૧૩. ______ તેવા બેટા ને વડ તેવા ટેટા (૨)
૧૪. માણસ, જણ (૨)
૧૬. યમ, મૃત્યુના દેવ (૨)
૧૭. હૃદય, દિલ, છાતી (૨)
૧૮. અક્ષત, વણભાંગેલા ચોખા (૨)
૨૦. માથું, ટોચ, મથાળું (૨)
૨૨. ઇટાલીનું જાણીતું શહેર, રુવાંટું (૨)
૨૪. મુકામ, છાવણી (૩)
૨૫. કિસ્મત, આફત, મોત (૨)
૨૬. શબને ઓઢાડવાનું કાપડ (૩)
૨૭. સૈન્ય (૨)
૨૯. દૂધની મલાઈ (૨)
૩૧. મધમાખીનો એકઠો કરેલો ફૂલનો રસ (૨)
૩૨. ભાગ્યહીન (૫)
૩૩. કરાર, બોલી (૩)
૩૫. પંજાનો નખ (૩)
૩૬. બંદગી (૩)
૩૮. આકાશમાંથી પડતા કુદરતી બરફના કકડા (૨)
૪૦. ધનવાન, તવંગર (૪)
૪૨. જમાવ, ઝુંડ (૨)
૪૩. પ્રીતિ, સ્નેહ (૨)
૪૫. ઈન્દ્ર (૩)
૪૭. ગાયનના ઠોકનું માપ (૨)
૫૦. ગુનાસર દંડરૂપે સરકારે કબજે કરેલું (૨)
૫૧. આંબો (૨)

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ષષ્ઠી પૂર્તિ વરસ ઊજવવા જઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૩માં શબ્દ રમત અને સુડોકુની વધારેમાં વધારે પ્રતિયોગિતામાં ભાગ લેનારને વરસના અંતે સ્પેશિયલ લક્કી ડ્રો કરી સ્પેશિયલ ઈનામોથી નવાજવામાં આવશે.**

## NanoNine® શબ્દ રમત-૧૯૦નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ચ | ર | કો | | ખ | ર | ડો | | | સૂ | ચિ |
| ર | ણ | | લ | બા | ડ | | મ | મ | તા | | ના |
| જ | ત | ન | | વ | કી | લ | | ચ | ક | ચૂ | ર |
| | ર | મ | ક | ડું | | લ | ટ | કો | | ડી | |
| સ | | ક | ળી | | મ | ના | | ડ | ગ | | અ |
| ગ | મો | | ચૂ | ર | ણ | | એ | | | | ણ |
| પ | ર | વા | નો | | કો | | કા | લ | ભૈ | ર | વ |
| ણ | | સ | | ચા | | | એ | કી | | તી | ર |
| | ભ | ણ | ત | ર | | નો | ક | ર | | ભા | |
| સ | વા | | ર | ણ | જિ | ત | | | ભા | ર | ત |
| ફ | ની | | ત | ક | | રું | ડ | | જ | | ન |
| ર | | આ | મ | ન્યા | | | ચ | યા | પ | ચ | ય |

*ડિસેમ્બર-૨૦૨૨ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૧૮૯ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | હસમુખ દેઢિયા | – | અડાલજ |
| ૨. | અરવિંદ ભટ્ટ | – | અમદાવાદ |
| ૩. | ચંદ્રા શાહ | – | અમદાવાદ |
| ૪. | સ્મિતા શાહ | – | અમદાવાદ |
| ૫. | સરલા શાહ | – | અમદાવાદ |
| ૬. | પ્રવીણ દંડ | – | અમદાવાદ |
| ૭. | ઈન્દુબેન પટેલ | – | અમદાવાદ |
| ૮. | દમયંતી દંડ | – | અમદાવાદ |
| ૯. | લક્ષ્મી ખત્રી | – | અમદાવાદ |
| ૧૦. | જ્યોતિ શાહ | – | અમદાવાદ |
| ૧૧. | તૃપ્તિ સાવલા | – | અમદાવાદ |
| ૧૨. | પ્રભા શેઠિયા | – | વલસાડ |

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**પ્રભાબેન શેઠિયા – વલસાડ**

## દેશ - વિદેશ

**(અનુસંધાન : પાના નં. – ૪૬ ઉપરથી ચાલુ)**

વધી રહી છે. મુળભૂત અધિકારોની માંગણી માટે લોકોને પોલીસની લાઠીનો પણ સામનો કરવો પડી રહ્યો છે. *(તા. ૧૪-૦૧-૨૦૨૩)*

### અમેરિકામાં પૂરથી વિનાશ : ઇમરજન્સી લાદવી પડી

અમેરિકાનું કેલિફોર્નિયા રાજ્ય ભયાનક વાવાઝોડાની ઝપેટમાં આવી ગયું છે. બે અઠવાડિયાથી ચાલી રહેલા વાવાઝોડાને કારણે અત્યાર સુધીમાં ૧૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. કેલિફોર્નિયામાં સ્થિતિ કેટલી ગંભીર છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે રાષ્ટ્રપતિ બાઈડેને રવિવારે ત્યાં ઇમરજન્સી જાહેર કરી છે.

ઇમરજન્સી અધિકારીઓના જણાવ્યા અનુસાર રાજ્યના ૭૫ હજાર લોકોને સલામત સ્થળે ખસી જવાની ચેતવણી આપવામાં આવી છે. ૨૦ હજારથી વધુ લોકો વીજળી વિના જીવવા મજબૂર બન્યા છે.

કેલિફોર્નિયામાં ઘણા હાઈવે, રસ્તા અને પુલ પાણીમાં નાશ પામ્યા છે. ઘણા મકાનો કાં તો ક્ષતિગ્રસ્ત થયા છે અથવા તો પડી ગયા છે. કેલિફોર્નિયામાં ભારે વરસાદ, તોફાન અને પૂરના કારણે અત્યાર સુધીમાં ર લાખ કરોડ રૂપિયા (૩૦ બિલિયન ડોલર)નું નુકસાન થવાની આશંકા છે.

અમેરિકામાં વૃક્ષોના શહેર તરીકે પણ ઓળખાતા સેક્રામેન્ટો શહેરમાં છેલ્લા ૬ દિવસમાં લગભગ ૧૦૦૦ વૃક્ષો પડી ગયા છે. યુ.એસ. ફોરેસ્ટ સર્વિસના જણાવ્યા અનુસાર તોફાનમાં કેટલાક વૃક્ષો પડી ગયા, તે ૧૦થી ૧૦૦ વર્ષ જૂના હતા. કેલિફોર્નિયાનો ઉત્તરીય ભાગ સૌથી પહેલા તોફાનનો ભોગ બન્યો હતો. ભૂસ્ખલન, પૂર અને પડી ગયેલા વૃક્ષોએ અહીંના તમામ રસ્તાઓ બંધ કરી દીધા છે.

કેલિફોર્નિયાના ગવર્નર ઓફિસના ઇમરજન્સી સર્વિસીસના ડિરેક્ટરે જણાવ્યું હતું કે આ વાવાઝોડું રાજ્યના ઇતિહાસમાં સૌથી મોટા વાવાઝોડામાંનું એક હતું. કેલિફોર્નિયાના આ પૂરે લોકોને ૧૮૬૧ના પૂરની યાદ અપાવી છે. ત્યારે પણ, ક્રિસમસ દરમિયાન જ પૂરે તબાહી મચાવી દીધી હતી. યુ.એસ. જિયોલોજીકલ સર્વેના સંશોધક માઇકલ ડી ડેટિંગરના રિપોર્ટ અનુસાર ૧૮૬૧નું પૂર ૪૩ દિવસ સુધી ચાલુ રહ્યું હતું. તે સમયે પણ કેલિફોર્નિયામાં એટમોસ્ફિયરીક રીવરના કારણે આવી સ્થિતિ સર્જાઈ હતી.

*(તા. ૧૬-૦૧-૨૦૨૩)*

### બ્રિટીશ પી.એમ.ને ૧૦ હજાર રૂપિયાનો દંડ

**ચાલુ કારે સીટ બેલ્ટ નહોતો બાંધ્યો. ર દિવસ પહેલાં માફી માંગી ચૂક્યા છે**

બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકને ટ્રાફિકના નિયમો તોડવા બદલ ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. લેન્કેશાયર પોલીસે પી.એમ. સામે ૧૦૦ પાઉન્ડનું ચલણ જારી કર્યું હતું. જો કે સુનકે આ મામલે બે દિવસ પહેલા માફી માંગી છે.

વડાપ્રધાન કાર્યાલયે કહ્યું – સુનક દંડ ભરવા માટે તૈયાર છે.

*(તા. ૨૦-૦૧-૨૦૨૩)*

## NanoNine® Sudoku

**ડિસેમ્બર-૨૦૨૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૪૭ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. હેમલતા દેઢિયા – અમદાવાદ
૨. પ્રભા શેઠિયા – વલસાડ
૩. કાંતિલાલ ગડા – મુંબઈ
૪. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૫. હેનિલ ગોગરી – અમદાવાદ
૬. બીનોય ગોગરી – અમદાવાદ
૭. નયના ગોગરી – અમદાવાદ
૮. નયના મહેતા – અમદાવાદ
૯. સ્મિતા શાહ – અમદાવાદ
૧૦. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૧. યોગિની શાહ – અમદાવાદ
૧૨. મિતેશ દેઢિયા – અમદાવાદ
૧૩. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૪. અવંતી દંડ – અમદાવાદ
૧૫. શાંતિલાલ શાહ – અમદાવાદ
૧૬. કલ્પના પાલાણી – અમદાવાદ
૧૭. જ્યોતિ શાહ – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**યોગિની શાહ – અમદાવાદ**

*અહંને ઘટાડતા રહીએ*
*તો મિત્રો આપોઆપ વધતા રહે.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૪૯અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૮-૦૨-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

**ક્રમાંક - ૧૧૪૯**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | | 7 | 3 | | 8 | 4 |
| 5 | | 8 | | 1 | | | | |
| 7 | | | 2 | | 8 | 3 | | |
| 1 | | 4 | | | 9 | 6 | | |
| | | 7 | | 4 | | 9 | | |
| | | 9 | 8 | | | 2 | | 1 |
| | | 3 | 7 | | 5 | | | 6 |
| | | | | 8 | | 5 | | 9 |
| 9 | 8 | | 6 | 3 | | | | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | 2 | | | 5 | 1 | 4 |
| | 5 | 8 | | 4 | | 9 | | |
| 7 | | | 5 | 6 | | 8 | | |
| | 3 | | 7 | | | | 5 | |
| 5 | | | | 2 | | | | 3 |
| | 1 | | | | 5 | | 9 | |
| | | 5 | | 7 | 4 | | | 1 |
| | | 7 | | 9 | | 4 | 8 | |
| 4 | 8 | 3 | | | 2 | | 7 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | 4 | 6 | | | | |
| 6 | 4 | 2 | 7 | | | | | 1 |
| | | 7 | | | 3 | | 4 | 5 |
| 9 | 2 | | 1 | 3 | | 7 | | |
| | | | | 5 | | | | |
| | | 1 | | 2 | 6 | | 3 | 9 |
| 5 | 6 | | 3 | | | 2 | | |
| 7 | | | | | 2 | 1 | 6 | 3 |
| | | | | 7 | 8 | 9 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | 3 | 7 | | | | 5 | |
| | | 7 | 9 | | | 1 | | |
| | 2 | | | 4 | 1 | | 6 | |
| 7 | | 1 | | | 8 | 2 | | |
| 3 | | | 2 | 9 | 5 | | | 8 |
| | | 2 | 1 | | | 4 | | 6 |
| | 1 | | 6 | 5 | | | 7 | |
| | | 9 | | | 7 | 5 | | |
| | 7 | | | | 4 | 6 | 2 | |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૪૮**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 3 | 9 | 8 | 2 | 7 | 6 | 5 |
| 2 | 5 | 9 | 3 | 7 | 6 | 1 | 8 | 4 |
| 7 | 8 | 6 | 5 | 4 | 1 | 3 | 9 | 2 |
| 9 | 4 | 1 | 7 | 5 | 3 | 8 | 2 | 6 |
| 3 | 7 | 2 | 6 | 9 | 8 | 5 | 4 | 1 |
| 8 | 6 | 5 | 1 | 2 | 4 | 9 | 3 | 7 |
| 6 | 2 | 7 | 8 | 1 | 9 | 4 | 5 | 3 |
| 1 | 3 | 8 | 4 | 6 | 5 | 2 | 7 | 9 |
| 5 | 9 | 4 | 2 | 3 | 7 | 6 | 1 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | 3 | 1 | 7 | 9 | 4 | 6 | 5 |
| 9 | 4 | 6 | 2 | 5 | 3 | 7 | 8 | 1 |
| 1 | 7 | 5 | 8 | 6 | 4 | 2 | 3 | 9 |
| 5 | 3 | 9 | 6 | 4 | 1 | 8 | 2 | 7 |
| 8 | 1 | 4 | 3 | 2 | 7 | 5 | 9 | 6 |
| 6 | 2 | 7 | 9 | 8 | 5 | 1 | 4 | 3 |
| 7 | 5 | 2 | 4 | 9 | 6 | 3 | 1 | 8 |
| 4 | 9 | 1 | 7 | 3 | 8 | 6 | 5 | 2 |
| 3 | 6 | 8 | 5 | 1 | 2 | 9 | 7 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | 9 | 3 | 4 | 2 | 1 | 6 | 5 |
| 5 | 1 | 2 | 6 | 7 | 8 | 9 | 4 | 3 |
| 4 | 6 | 3 | 5 | 1 | 9 | 2 | 8 | 7 |
| 7 | 5 | 8 | 2 | 6 | 1 | 4 | 3 | 9 |
| 6 | 9 | 1 | 4 | 3 | 7 | 8 | 5 | 2 |
| 2 | 3 | 4 | 9 | 8 | 5 | 6 | 7 | 1 |
| 1 | 4 | 6 | 7 | 2 | 3 | 5 | 9 | 8 |
| 9 | 2 | 7 | 8 | 5 | 6 | 3 | 1 | 4 |
| 3 | 8 | 5 | 1 | 9 | 4 | 7 | 2 | 6 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 5 | 6 | 8 | 2 | 1 | 9 | 7 |
| 2 | 1 | 9 | 7 | 4 | 3 | 8 | 6 | 5 |
| 6 | 8 | 7 | 5 | 1 | 9 | 4 | 2 | 3 |
| 7 | 6 | 4 | 1 | 9 | 5 | 2 | 3 | 8 |
| 5 | 2 | 3 | 4 | 6 | 8 | 9 | 7 | 1 |
| 8 | 9 | 1 | 3 | 2 | 7 | 6 | 5 | 4 |
| 4 | 3 | 6 | 9 | 5 | 1 | 7 | 8 | 2 |
| 9 | 5 | 8 | 2 | 7 | 4 | 3 | 1 | 6 |
| 1 | 7 | 2 | 8 | 3 | 6 | 5 | 4 | 9 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ધ્વજ વંદન કાર્યક્રમ : ગુરૂવાર, તા. ૨૬-૦૧-૨૦૨૩



ભારત દેશના ૭૪મા ગણતંત્ર દિવસની સૌને હાર્દિક શુભેચ્છાઓ.

ભારત દેશ દુનિયાનો સૌથી મોટો લોકતાંત્રિક દેશ છે. લોકતંત્રની રક્ષા કરે છે તેનું બંધારણ. તા. ૨૬ નવેમ્બર, ૧૯૪૯નાં દિવસે ભારત દેશનું બંધારણ તૈયાર કરવામાં આવ્યું. જેના લીધે તે દિવસને 'સંવિધાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. અને ડૉ. બાબાસાહેબ આંબેડકરની આગેવાનીમાં બનેલા બંધારણને અધિકારીક રૂપે તા. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦નાં રોજ અપનાવવામાં આવ્યું. જેને આપણે ગણતંત્ર દિવસ તરીકે ઉજવીએ છીએ.

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજે ગણતંત્ર દિવસની ઉજવણી માટે દેશનાં એક વિશિષ્ટ વ્યક્તિને મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપ્યું હતું. જેમણે પોતાની ૨૭ વર્ષની મેડિકલ કારકિર્દીમાં ૪૦,૦૦૦થી વધુ લોકોના હૃદય ધબકતા રાખવા માટે જટીલ ઑપરેશન કર્યા છે તેવા ડૉ. અનિલભાઈ જૈન (પ્રખ્યાત હાર્ટ સર્જન)નાં હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

ડૉ. અનિલભાઈ જૈનનાં પત્ની કલ્પનાબેન જૈન પોતે પણ એક ડૉક્ટર છે અને કચ્છ જિલ્લાના માંડવીનાં વતની છે અને આજ કારણથી ડૉ. અનિલ જૈનને કચ્છનાં લોકો પ્રત્યે અનોખી લાગણી છે અને તેથી જ કચ્છી દર્દીઓને એ આત્મીયતાથી સારવાર આપે છે.

બરોબર ૯ વાગે નિર્ધારીત સમયને માન આપતા સમાજના ૭૫થી વધુ ઉપસ્થિત સભ્યોની સાથે ડૉ. અનિલભાઈ જૈને ધ્વજવંદન કરી કાર્યક્રમની શરૂઆત કરી. ત્યારબાદ સમાજના મંત્રી શ્રી રજનીભાઈ પારેખ દ્વારા ડૉ. અનિલભાઈ અને તેમના અર્ધાંગિની ડૉ. કલ્પનાબેન વિશે ટૂંકી માહિતી સભ્યોને પૂરી પાડવામાં આવી.

ત્યારબાદ મુખ્ય મહેમાન ડૉ. અનિલભાઈ જૈન દ્વારા ટુંકું પ્રવચન આપવામાં આવ્યું. તેમણે જણાવ્યું કે ૧૧૭૫માં મહંમદ ઘોરીના ભારત પર આક્રમણથી ભારતે સમયાંતરે અફઘાન, મુગલ, પોર્ટુગીઝ અને બ્રિટીશ શાસન નીચે આશરે ૮૦૦ વર્ષ ગુલામી ભોગવી છે. ભારતની આઝાદી માટે ઘણા વીરોએ પોતાના પ્રાણોની આહૂતિ આપી છે. તેમણે વધુમાં જણાવ્યું કે જ્યારે આપણે ૭૫મા આઝાદીના વર્ષની ઉજવણી કરીએ છીએ ત્યારે ૭૫ વર્ષ ૮૦૦ વર્ષની તુલનામાં હજુ હાલ જ આઝાદી મળી હોય તેવું ગણાય અને એ આઝાદીનું મહત્ત્વ સમજી, દેશનાં ૧૪૦ કરોડ લોકોએ દેશના વિકાસમાં સહભાગી થવું જોઈએ.

તેમણે જણાવ્યું કે આજે વિશ્વ પણ માને છે કે ભારત ખૂબ જ ઝડપથી વિકસતું રાષ્ટ્ર છે અને તે જોતાં આગામી ૨૦ વર્ષમાં ભારત પોતાનો સુવર્ણ યુગ પરત મેળવી શકે છે.

ડૉ. અનિલ જૈન એ જણાવ્યું કે જો દેશનો દરેક નાગરિક દરરોજ સવારે ઊઠીને એક નાનકડા નિર્ધાર સાથે દેશ માટે એક નાનું અમથું કાર્ય કરશે તો એ દિવસ દૂર નથી જ્યારે ભારત વિશ્વની એક મહાસત્તા હશે.

તેમણે જણાવ્યું કે દરેક ભારતીય પહેલાં પોતાના દેશમાં બનેલી વસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખે. નાતજાતના ભેદભાવ વગર એકબીજા સાથે હળીમળીને રહે અને પોતાની આસપાસ સ્વચ્છતાનો આગ્રહ રાખીને પણ દેશના વિકાસમાં સહભાગી થઈ શકે છે. ધ્વજ વંદનના કાર્યક્રમ બાદ પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડે મેડિકલ સમિતિના કન્વીનરશ્રીઓ સાથે મહેમાનોને મેડિકલ સેન્ટરની મુલાકાત પણ કરાવી હતી.

ધ્વજ વંદનના કાર્યક્રમ બાદ સર્વે સભ્યોએ ફાફડા - જલેબીની મિજબાની માણી, દેશના વિકાસમાં સહભાગી થવાના દ્રઢ સંકલ્પ સાથે વિદાય લીધી.









ધ્વજ વંદનના કાર્યક્રમ સમયે ઉપસ્થિત સમાજના સભ્યો



પ્રાસંગિક પ્રવચન આપતા ડૉ. અનિલ જૈન



પ્રાસંગિક પ્રવચન આપતા પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ







ધ્વજ વંદનના કાર્યક્રમ બાદ સમાજના પ્રમુખ તથા મેડિકલ સમિતિના કન્વીનરશ્રીઓ સાથે મહેમાનોની મેડિકલ સેન્ટરની મુલાકાત

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

**• સંકલન : હિરેન કે. શાહ •**

## રવિવાર, તા. ૨૫-૧૨-૨૦૨૨

- સમાજની યુવા વિકાસ સમિતિના નેજા હેઠળ આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર "બોક્સ ક્રિકેટ લીગ"નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં (૧) ક.વી.ઓ. નાઈટ રાઈડર્સ, (૨) ગૂર્જર ટાઈટનર્સ, (૩) અમદાવાદી પલટન અને (૪) અમદાવાદી ફાઈટર્સ એમ ૪ ટીમોએ ભાગ લીધેલ હતો. કાર્યક્રમને અંતે વિજેતા ટીમ, મેન ઓફ ધ મેચ તથા મેન ઓફ ધ સીરીઝને પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવેલ હતા.

## મંગળવાર, તા. ૨૭-૧૨-૨૦૨૨

- આજ રોજ હર્ષા એન્જિનિયર્સવાળા શ્રી રાજુભાઈ શાહે ચાંગોદર મેડિકલ સેન્ટર સાઈટની મુલાકાત લીધેલ હતી. તેઓશ્રીની સાથે ડૉ. હિતેન્દ્ર શાહ તથા શ્રી ધવલ મજમુદાર હતા. ત્યાં શરૂ કરવામાં આવનાર મેડિકલ સેન્ટરનું કમ્પ્લિટ પ્લાનિંગ ડૉ. હિતેન્દ્ર શાહે તેમને સમજાવેલ હતું. આ વિગતોથી તેઓશ્રી પ્રભાવિત થયેલ હતા અને આ મેડિકલ સેન્ટર માટે ચાંગોદર ઈન્ડ. એસોસિએશનના સભ્યો પાસેથી તેઓશ્રી શક્ય વધુ ડોનેશન મેળવવા પ્રયાસ કરશે તેવું તેમણે જણાવેલ હતું.
- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા તથા શ્રી હિરેન કે. શાહ મળેલ હતા અને મુંબઈ ખાતેના અતિથિ બવન અંગે હવે પછી કરવામાં આવનાર કાર્યવાહી વિશે એડ. શશાંક શાહ સાથે ઓનલાઈન ચર્ચા કરેલ હતી.

## બુધવાર, તા. ૨૮-૧૨-૨૦૨૨

- એપ્રિલ-૨૦૨૩થી માર્ચ-૨૦૨૪ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૬૦ વર્ષની ઉજવણીના કાર્યક્રમના અનુસંધાને ચર્ચા કરવા શ્રી અશોક મહેતા, શ્રી હિરેન કે. શાહ તથા શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતાં અને તેના અનુસંધાને અનેકવિધ કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.

## શનિવાર, તા. ૩૧-૧૨-૨૦૨૨

- સમાજની યુવા વિકાસ સમિતિના નેજા હેઠળ આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે "વેલકમ-૨૦૨૩"ના કાર્યક્રમનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. જેમાં ૧૭૦થી વધુ યુવા-યુવતીઓએ ભાગ લઈ કાર્યક્રમનો આનંદ માણેલ હતો. આ સાથે ભોજન તથા કોકટેલનું આયોજન ગોઠવવામાં આવેલ હતું.

## મંગળવાર, તા. ૨-૧-૨૦૨૩

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી રાજેન્દ્ર દોશી તથા શ્રી અનિલ સથવારાએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની મુલાકાત લીધેલ હતી અને ત્યાંના કેટલાક જરૂરી રીનોવેશન કાર્યો અંગે ચર્ચા કરેલ હતી. તેઓએ એલીવેશનમાંના ખરી પડતા પથ્થર અંગે, કેન્ટીનમાં ટાઈલ્સ તથા કલરકામ અંગે, એ.સી. ડાઈનિંગ હોલમાં થતા લીકેજ અંગે તથા ટોરેન્ટ પાવર દ્વારા કરવામાં આવતા શિફ્ટિંગ કાર્ય વિશે ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લઈ, આ કાર્યો તાત્કાલિક શરૂ કરી દેવા શ્રી અનિલભાઈ સથવારાને જણાવેલ હતું.

## બુધવાર, તા. ૩-૧-૨૦૨૩

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું કાર્યક્ષેત્ર મેડિકલ સેન્ટર, ડાયાલિસિસ સેન્ટર, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, શૈક્ષણિક વિકાસ વગેરે ક્ષેત્રે વિસ્તૃત થતું જતું હોવાથી તેના સંચાલનનું વિકેન્દ્રીકરણ કરવાના હેતુને ધ્યાન સમક્ષ રાખી, સંસ્થાના બંધારણીય માળખામાં ફેરફાર કરવાના હેતુથી, તે અંગે વિસ્તૃત ચર્ચા કરવા આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર ડૉ. ચંદ્રકાંત દેઢિયા, અશોક મહેતા, પ્રતાપભાઈ દંડ, હિરેન કે. શાહ, રજનીકાંત શાહ વગેરે મળેલ હતા અને તેઓએ આ મુદ્દે વિસ્તૃતપણે ચર્ચા કરેલ હતી.

## ગુરૂવાર, તા. ૦૪-૦૧-૨૦૨૩

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ તથા શ્રી રજનીકાંત પારેખ મુંબઈ અતિથિ ભવનના પ્રશ્ને ચર્ચા કરવા મળેલ હતા અને આ પ્રશ્ને મુંબઈ સ્થિત શ્રી જવીભાઈ સાથે ચર્ચા કરવી તેવું નક્કી કરવામાં આવેલ હતું.
- આજ રોજ શ્રીમતી ગીતાબેન ભરતભાઈ મોતા તરફથી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ત્યાંના ડાયાલિસિસ સેન્ટરના દર્દીઓની સુવિધા માટે એક વ્હીલચેર ભેટ આપવામાં આવેલ હતી. જેનો સમાજ તરફથી સ્વીકાર કરવામાં આવેલ હતો.
- નવનીત આવાસ સમિતિની એક મીટિંગ આજ રોજ મળેલ હતી. જેમાં શ્રી ગિરીશ હીરજી દેઢિયા, શ્રી અરવિંદ કુબડિયા, શ્રી જયેશ લાલકા તથા શ્રી ચેતન ધરોડ ઉપસ્થિત રહેલ હતા.

નવનીત આવાસ ભવનની જરૂરિયાત પર વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી અને તેના અનુસંધાને એક પત્ર લેખિત સ્વરૂપે તૈયાર કરી માનદ્ મંત્રીશ્રીને આગળની કાર્યવાહી માટે સુપરત કરવામાં આવેલ હતો.

- મહિલા ઉત્કર્ષ સમિતિના નેજા હેઠળ પાલડી ભવન પર આજ રોજ એક મીટિંગ મળેલ હતી. જેમાં કન્વીનર શ્રીમતી સુલુબેન તથા શ્રીમતી સંગીતા વીરા, શ્રીમતી નેહા ખોના, શ્રીમતી નયના ગોગરી તથા શ્રીમતી રાખી ખોના ઉપસ્થિત રહેલ હતા. આગામી તા. ૧૧-૧-૨૦૨૩ના રોજ યોજવામાં આવેલ નૃત્ય નાટીકા – 'સમજણની વસંત'ના અનુસંધાને યોગ્ય આયોજન ગોઠવવા અંગેની આ મીટિંગમાં ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી અને જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

## ગુરૂવાર, તા. ૦૫-૦૧-૨૦૨૩

- શ્રી મનીષભાઈ પ્રધાનભાઈ ભાનુશાલી, શ્રીમતી મનીષાબેન મનીષભાઈ ભાનુશાલી તથા ભાનુશાલી સમાજના અન્ય આગેવાનો શ્રી રાજુભાઈ ભાનુશાલી, શ્રી જગદીશભાઈ ભાનુશાલી, શ્રી ભરતભાઈ ભાનુશાલી તથા શ્રી ખીયશુ ભાનુશાલી અને શ્રી કોમલ ભાનુશાલી આજ રોજ સવારના ભાગે શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતાં અને શ્રી મનીષભાઈના માતુશ્રી અ.સૌ. લીલાવંતીબેન (લક્ષ્મીબેન)ના મોક્ષાર્થે એક મોર્ગ્યુ ફ્રીઝર (શબ પેટી) શ્રી કચ્છી જૈન સેવા સમાજને જન સમુદાયના ઉપયોગ માટે અર્પણ કરેલ હતી. આ પ્રસંગે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ, ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ, માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ તથા પૂર્વ પ્રમુખો ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. સમાજે ઉદારદિલ સખાવત બદલ શ્રી મનીષભાઈ ભાનુશાલી પરિવારનો આભાર માનેલ હતો.

## શુક્રવાર, તા. ૦૬-૦૧-૨૦૨૩

- શ્રી કચ્છી જૈન ભવન પર સભ્યપદ સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી ગિરીશભાઈ દેઢિયા તથા શ્રી નરેન્દ્રભાઈ કોઠારી ઉપસ્થિત રહેલ હતા અને સભ્યપદ માટે આવેલ અરજીઓની ચકાસણી વગેરે કરી યોગ્ય નિર્ણયો લીધેલ હતા.
- શ્રી કચ્છી જૈન ભવન પર હિસાબી સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી વિમેશ શાહ, શ્રી હિરેન કે. શાહ, શ્રી દેવેશ દિલીપ દંડ તથા ઇઝબીઝ સોલ્યુશનના શ્રી મિતુલ ઠક્કર તથા શ્રીમતી આયેશા શાહ ઉપસ્થિત રહેલ હતાં. આ મીટિંગમાં એપ્રિલ-૨૦૨૨થી નવેમ્બર-૨૦૨૨ સુધીના પ્રવૃત્તિવાઇઝ તથા ડિપાર્ટમેન્ટવાઇઝ હિસાબો રજૂ કરવામાં આવેલ હતા. જેના પર વિસ્તૃતપણે ચર્ચા કરવામાં આવેલ હતી. આ મીટિંગમાં એવું પણ જણાવવામાં આવેલ હતું કે હવે પછી વિભાગવાઇઝ હિસાબો દર મહિને રજૂ કરવામાં આવી શકશે.
- શ્રી હિરેન કે. શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી લક્ષ્મીચંદ વીરા તથા શ્રી અનિલભાઈ સથવારા ભવનના ત્રીજા માળે લેબોરેટરીમાં પડતી પાઈપ તથા સિન્કની ઉપસ્થિત થયેલ તકલીફના નિવારણ માટે એકત્રિત થયેલ હતા અને યોગ્ય નિર્ણય લઈ, એ પ્રમાણે કાર્યવાહી કરાવવાનું નક્કી કરેલ હતું.

## શનિવાર, તા. ૦૭-૦૧-૨૦૨૩

- નવનીત મેડિકલ સેન્ટર - બોપલની આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી ગિરીશ પોલડિયાએ મુલાકાત લીધેલ હતી અને મેડિકલ સેન્ટર માટે પ્રથમ માળે તથા સ્ટોર્સ માટે બેઝમેન્ટમાં વધુ જગ્યા ફાળવવા શ્રી સંદીપભાઈ ગાલા સાથે વાત કરેલ હતી.

## રવિવાર, તા. ૦૮-૦૧-૨૦૨૩

- આજ રોજ ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી. જેમાં લગભગ ૧૭ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. (૧) બોપલ માટે ડી.જી. સેટ ખરીદવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૨) સભ્યપદ સમિતિએ મંજૂર કરેલ સભ્યોની દરખાસ્તને બહાલ રાખવામાં આવેલ હતી. (૩) વિકેન્દ્રીકરણ સ્વરૂપનું બંધારણ ઘડવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૪) પાલડી ભવન, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ તથા આવાસ યોજનામાં કરવામાં આવનાર રીનોવેશન કામના ખર્ચને બહાલી આપવામાં આવેલ હતી. (૫) સંસ્થાને ૬૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી ષષ્ઠીપૂર્તિ ઉજવણી કરવા એક સમિતિની રચના કરવામાં આવેલ હતી. (૬) નવનીત આવાસ ભવનના સભ્યો તરફથી આવેલ પત્રના અનુસંધાને જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા. (૭) મુંબઈ અતિથિ ભવનની આગળની કાર્યવાહી માટે એક અન્ય સમિતિની રચના કરવામાં આવેલ હતી. (૮) દવા વિતરણ વ્યવસ્થાનો લાભ સમાજના સભ્યો સારા એવા પ્રમાણમાં લેતા હોવાથી તેમાં સમાજ તરફથી ડિસ્કાઉન્ટ આપવા અંગે ત્રણેક મહિના બાદ વિચારવું તેવું નક્કી કરવામાં આવેલ હતું. (૯) મંગલ મંદિરનો એપ્રિલ-૨૦૨૩નો અંક વિશેષાંક સ્વરૂપે બહાર પાડવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૧૦) ૫૦ બેડની હોસ્પિટલની સ્થાપના કરવાનું નક્કી કરવામાં આવેલ હતું કે જે અંગે એક સમિતિની પણ રચના કરી દેવામાં આવેલ હતી. (૧૧) બોપલ ખાતે ગાલા હબમાં એક અન્ય સ્કીલ ડેવલપમેન્ટ શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.
- આજ રોજ બપોર પછી ભવન પર ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી હિરેન કે. શાહ, શ્રી દેવેશ દંડ તથા ડૉ. ગુપ્તા ઉપસ્થિત રહેલ હતા.

કચ્છી સમાજના બે વિદ્યાર્થીઓને સપોર્ટ કરવા હાલે શ્રી ધ્રુવભાઈ મોમાયા તથા શ્રી શ્લોક હેણિયા તેઓને દર રવિવારે ભવન પર અલગથી ભણાવશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

- બપોરના ૩ થી ૪ દરમિયાન શ્રી હિરેન કે. શાહ, શ્રી પ્રદીપ મહેતા તથા ડૉ. ઠક્કરે એક મીટિંગ કરેલ હતી અને એપ્રિલ-૨૦૨૩માં યોજવામાં આવનાર વર્કશૉપની તૈયારી માટેની કાર્યવાહી પર જરૂરી ચર્ચા - વિમર્શ કરેલ હતા.
- સાંજના ૪ થી ૬ દરમિયાન અન્ય એક મીટિંગ ભવન પર મળેલ હતી. જેમાં શ્રી હિરેન કે. શાહ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી દેવેન છેડા એકત્રિત થયા હતા અને તેઓએ ઉપસ્થિત રહેલ MICAના વિદ્યાર્થીઓ સાથે શ્રી ક.જૈ.સે.સમાજની બ્રાન્ડ બિલ્ડિંગના કાર્યક્રમ વિશે તેઓએ રજૂ કરેલ મંતવ્યો પર ચર્ચા વિચારણા કરેલ હતી.

**સોમવાર, તા. ૦૯-૦૧-૨૦૨૩**

- મુંબઈથી પધારેલ છ કચ્છી કવયિત્રીના કાવ્ય પઠનનો એક કાર્યક્રમ આજ રોજ શ્રી કચ્છી જૈન ભવનના હોલ ખાતે રાખવામાં આવેલ હતો. ઉપસ્થિત સભ્યોએ આ કાવ્યોના રસાસ્વાદ માણ્યો હતો.

**બુધવાર, તા. ૧૧-૦૧-૨૦૨૩**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી ગિરીશ પોલડિયાએ ચાંગોદર મેડિકલ સેન્ટરની સાઈટ પર શ્રી જયેશભાઈ મજમુદાર, શ્રી ધવલભાઈ મજમુદાર વગેરે સાથે મીટિંગ કરેલ હતી અને અત્યાર સુધી કરવામાં આવેલ કામો તથા હવે પછી કરવામાં આવનાર કામો અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરેલ હતી. એકત્રિત કરવામાં આવનાર ફંડ તથા ગ્રાઉન્ડ ફ્લોરથી પ્રથમ માળ સુધીની લીફ્ટ વિશે પણ ચર્ચા કરવામાં આવેલ હતી. ઉદ્‌ઘાટન કાર્યક્રમની ડીટેઈલ વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. તા. ૨-૩-૨૦૨૩થી આ સેન્ટર જાહેર જનતા માટે ચાલુ કરવા અને તા. ૧૫ એપ્રિલ, ૨૦૨૩ના રોજ વિધિવત ઉદ્‌ઘાટન અંગે પણ વિચારણા કરવામાં આવેલ હતી.

**ગુરૂવાર, તા. ૧૨-૦૧-૨૦૨૩**

- આજ રોજ મુંબઈ અતિથિ ભવનના અનુસંધાને મહારેરા - મુંબઈના લવાદ સાથે ઓનલાઈન વર્ચ્યુઅલ મીટિંગ હોવાથી આ મીટિંગમાં આજ રોજ કચ્છી જૈન ભવન - પાલડીથી ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હિરેન કે. શાહ ઉપસ્થિત રહેલ હતા. આપણા ઍડવોકેટ શ્રી શશાંક શાહ તથા આપણા સૉલિસિટરશ્રી તેમજ પૂનમ ડેવલપર્સ તરફથી શ્રી પારસભાઈ બાબરિયા તથા તેમના ઍડવોકેટ વાઘેલા ઉપસ્થિત રહેલ હતા. થોડી ચર્ચા બાદ આ મીટિંગ તા. ૩૧-૧-૨૦૨૩ના યોજવાનું લવાદશ્રીએ જણાવેલ હતું. તેઓએ એ પણ જણાવેલ હતું કે તા. ૩૧-૧-૨૦૨૩ના રોજ બંને પાર્ટી તરફથી એક એક રીપ્રેઝન્ટેટીવ ઉપસ્થિત રહે કે જ્યારે ઍડવોકેટને ઉપસ્થિત રહેવાની મનાઈ કરવામાં આવેલ હતી.
- ષષ્ઠીપૂર્તિ કાર્યક્રમના અનુસંધાને વિવિધ મહાનુભાવોને પત્રો લખવામાં આવેલ હતા. સાથે સાથે વિવિધ સમિતિઓને આ વર્ષમાં તેઓના કાર્યક્રમની વિગત આપવા પણ પત્ર દ્વારા જણાવવામાં આવેલ હતું.
- વયસ્ક સમિતિ તરફથી બુધવાર, તા. ૧૮-૧-૨૦૨૩ના રોજ જે ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે તેનું આજે રીહર્સલ કરવામાં આવેલ હતું.
- ગૃહ ઉદ્યોગ સમિતિ તરફથી આજ રોજ એક મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૬ સભ્યો ઉપસ્થિત રહેવા પામેલ હતા.

**શુક્રવાર, તા. ૧૩-૧-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી આમંત્રિત ટ્રસ્ટી શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી (ઉં.વ. ૯૩)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ હતું. તેઓશ્રીને છેલ્લા ત્રણેક દિવસથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતા.
- શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન કે. શાહ તથા શ્રી વિમેશ શાહે આજ રોજ હાઉસ કિપીંગ એજન્સી સાથે જરૂરી ટર્મ્સ સાથે કામની વિગતો ફાઈનલ કરી દીધેલ હતી અને ત્યારબાદ તેઓએ આ એજન્સી સાથે શ્રી કિશોરભાઈ ઠક્કર તથા શ્રી હિરેન લોડાયા સાથે મેળવી આપી જરૂરી કામની શરૂઆત કરાવડાવેલ હતી.
- આજ રોજ શ્રી રાજેન્દ્ર દોશી, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી હિરેન કે. શાહે સાથે બેસીને હવે પછી કરવામાં આવનાર રિપેરિંગ કામ, રીનોવેશન કામ, ટેકનિકલ ખરીદી વગેરેના અંદાજ નક્કી કરેલ હતા અને હવે પછી ખજાનચીશ્રી સાથે મળવાપાત્ર ફંડ અંગે ચર્ચા કરી, તે મુજબ કામો હાથ પર લેવા અંગેનો નિર્ણય લેવામાં આવેલ હતો.

**સોમવાર, તા. ૧૬-૦૧-૨૦૨૩**

- આજ રોજ શ્રી વિનોદભાઈ શાંતિલાલ શાહ તરફથી ૧૯૦ લીટર કેપેસિટીના ૪ રેફ્રિજરેટર સંસ્થાને ભેટ આપવામાં આવેલ હતા. સંસ્થાએ તેઓશ્રીનો આભાર માનેલ હતો.
- સંસ્થાના વિકેન્દ્રીકરણને લક્ષમાં રાખીને શ્રી અશોકભાઈ મહેતાએ નવા બંધારણનો જે મુસદ્દો તૈયાર કરેલ હતો તે મુસદ્દો આજ રોજ બંધારણ સમિતિના કન્વીનર ડૉ. ચંદ્રકાંત દેઢિયાને

તેના અભ્યાસ અને જરૂરી સુધારા-વધારા માટે સુપરત કરવામાં આવેલ હતો.

**મંગળવાર, તા. ૧૭-૦૧-૨૦૨૩**

- આજ રોજ વસ્તીપત્રક સમિતિની પ્રથમ મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. જેમાં શ્રી અશોક મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી નરેન્દ્ર કોઠારી તથા શ્રી ગિરીશ હીરજી દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં શક્ય ત્વરાએ વસ્તીપત્રક તૈયાર કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. તેના અનુસંધાને સભ્યોએ ભરવાના ફોર્મ, તેમાં પ્રસારિત કરવામાં આવનાર જાહેરાતો, તેના સૌજન્ય દાતા અંગેની વિગત, તેમાં પ્રસારિત કરવા માટે લેવામાં આવનાર અન્ય માહિતી વગેરે વિશે ચર્ચા વિચારણા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા અને તેની વિગતો મંગલ મંદિરના ફેબ્રુઆરી-૨૦૨૩ના અંકમાં પ્રસારિત કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**બુધવાર, તા. ૧૮-૧-૨૦૨૩**

- આજ રોજ વયસ્ક સમિતિ તરફથી એક ગુજરાતી ગીતો અને ગરબાનો રંગારંગ કાર્યક્રમ યોજાઈ ગયો. ૧૮૦ વડીલોની હાજરીમાં બે વડીલોએ પોતાના લગ્ન જીવનની ૫૧મી વર્ષગાંઠ ઉજવી હતી. જ્યારે અન્ય છ લોકોએ કેક કાપીને પોતાના જન્મ દિવસ ઉજવ્યા હતા.

**ગુરુવાર, તા. ૧૯-૧-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશોક મહેતાએ મુંબઈ અતિથિ ભવનના અનુસંધાને મીટિંગ કરેલ હતી અને પૂનમ ડેવલપર્સ (વાઘેલા)એ આપેલ એગ્રીમેન્ટમાં કઈ કઈ જગ્યાએ તે M.O.U. પ્રમાણે નથી અને મહારેરાના નીતિ-નિયમો પ્રમાણે નથી તેની ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ તૈયાર કરેલ વિગતો પર ચર્ચા કરેલ હતી.
- આજ રોજ દવા વિતરણ સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં શ્રી કમલેશભાઈ મનુભાઈ શાહ, કિરણભાઈ બી. મહેતા, નરેન્દ્રભાઈ કોઠારી, ગિરીશ હીરજી શાહ, પ્રદીપભાઈ મહેતા તથા અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. શ્રી કમલેશભાઈએ આ મીટિંગમાં દવા વિતરણના નીચે મુજબ આંકડા આપેલ હતા. જાન્યુઆરી-૨૦૨૩ના ૧૮ દિવસનું તારણ – ૬૫ પરિવારોએ લાભ લીધો. અંદાજિત રૂા. ૧ લાખની દવાનું વિતરણ. સભ્યોને અંદાજિત રૂા. ૨૨,૦૦૦/-નો ફાયદો.

  તેના અનુસંધાને ભવિષ્યમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારોની ગણના નીચે મુજબ મૂકી શકાય.

  ★ ટોટલ પરિવાર : ૧૦૦૦ પરિવાર

  ★ દવા વિતરણ યોજનાનો લાભ લે : ૩૦૦ પરિવાર

  ★ દરેક પરિવારને દર મહિને રૂા. ૨૦૦૦/-ની ગણના કરીએ તો માસિક રૂા. ૬ લાખની દવાની ગણના થઈ શકે.

  ★ રૂા. ૬ લાખના ૨૨ ટકાના હિસાબે સમાજના પરિવારોને રૂા. ૧,૩૨,૦૦૦/-નો ફાયદો થઈ શકે.
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માનદ્ મંત્રી શ્રી રજનીભાઈના લગ્નને ૫૧ વર્ષ પૂરા થતા હોવાથી તે નિમિત્તે આજ રોજ તેમના તરફથી શ્રી કચ્છી જૈન ભવન પર ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો કે જેમાં સમાજની અનેક અગ્રગણ્ય વ્યક્તિઓ તથા ડૉક્ટર્સ ઉપસ્થિત રહેલ હતા.

**શુક્રવાર, તા. ૨૦-૧-૨૦૨૩**

- આજ રોજ શ્રી અશોકભાઈ મહેતા તથા ડૉ. હિતુભાઈ શાહે આસ્થા ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ડાયરેક્ટર (હર્ષા એન્જિનિયર્સના ડાયરેક્ટર) શ્રી રાજુભાઈ શાહ સાથે અદ્રોડા ગામ પાસે આવેલ આનંદધામની મુલાકાત લીધેલ હતી અને ત્યાંની પ્રવૃત્તિઓથી તેઓ સારા એવા અભિભૂત થયેલ હતા. આ અંગેનો લેખ 'મંગલ મંદિર'ના આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે. આનંદધામથી પાછા ફરતા તેઓ દ્વારા ચાંગોદર મેડિકલ સેન્ટરની પણ મુલાકાત લેવામાં આવેલ હતી.

**શનિવાર, તા. ૨૧-૧-૨૦૨૩**

- આજ રોજ એસ.ટી. ભવન ખાતે અમેરિકા સ્થિત અને ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટરમાં દાન આપનારાઓની ટીમના ડો. મહેતાએ મુલાકાત લીધી હતી. તેમની સાથે રોટરી ક્લબ - વાસણાના ડૉ. તેજસભાઈ, ડૉ. ધવલભાઈ, પરાગભાઈ અને કચ્છી જૈન સેવા સમાજના માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, સહમંત્રી શ્રી વિશાલ મહેન્દ્ર શાહ, ટ્રસ્ટી શ્રી દેવેન છેડા, ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ દેઢિયા, કારોબારી સભ્ય શ્રી નરેન્દ્ર કોઠારી વગેરે લોકો હાજર હતા. શ્રી મહેતાએ હવે પછીના કાર્યક્રમમાં કેન્સર અવેરનેસ માટે કામ કરવાનું સૂચન કર્યું હતું અને તેમાં તેઓએ આર્થિક રીતે સહભાગી બનવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી.

**સોમવાર, તા. ૨૩-૧-૨૦૨૩**

- આજ રોજ શ્રી હિરેન કે. શાહ તથા શ્રી અશોક મહેતા અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના શ્રી અમિતભાઈ ઠક્કર તથા શ્રી જીજ્ઞાસુભાઈ જોષીને લઈને નવનીતના શ્રી સંદીપભાઈ ગાલા પાસે રૂબરૂ મુલાકાતે ગયેલ હતા. બોપલ ખાતેના ગાલા ઈન્ફ્રામાં તેઓ ૩ ઓફિસ ફાળવી આપતા હોવાથી ૧૫ માર્ચની

આસપાસ અહીં આસિસ્ટન્ટ નર્સિંગ તથા બ્યુટી પાર્લરના કોર્સ શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું કે જેથી સમાજના જરૂરિયાતવાળા લોકોને જીવન નિર્વાહ માટે કાયમી સાધન મળી રહે. આ સમયે ભવિષ્યમાં અન્યત્ર ચાલુ કરવામાં આવનાર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

- આજ રોજ વયસ્ક સમિતિના સભ્યો ઉજાણી ઘર અને નળ સરોવરની પાઈલોટ ટુર માટે ગયા હતા. તેઓ સાણંદ સ્થિત શ્રી મનુભાઈ બારોટને મળ્યા હતા કે જેઓ કંપનીના સી.એસ.આર.માંથી આજુબાજુના ગામડાંના વિદ્યાર્થીઓને ભણાવવાનું, હોસ્પિટલોમાં દર્દીઓના સહાયરૂપ થવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. તે પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ ઉજાણી ઘર - નળ સરોવર ખાતે શ્રી સુખદેવભાઈને મળ્યા હતા. તેઓએ બિલકુલ ગામડાંના વાતાવરણ જેવું ઉજાણી ઘર ઊભું કરેલ છે. તેઓનું મુખ્ય કાર્ય કૂપોષણથી પીડાતા બાળકોનું સ્વાસ્થ્ય સુધારવાનું છે.

**મંગળવાર, તા. ૨૪-૧-૨૦૨૩**

- આજ રોજ વયસ્ક સમિતિની મીટિંગ મળેલ હતી. જેમાં સર્વશ્રી દિલીપભાઈ દંડ, રજનીકાંત પારેખ, નરેન્દ્ર કોઠારી, રોહિત સંઘવી, રમણિકલાલ ગોસર, મહેશ શાહ હાજર રહ્યા હતા. આ મીટિંગમાં તા. ૧૫મી ફેબ્રુઆરીએ જનાર પ્રવાસ માટે ચર્ચા કરી તેના માટે અંતિમ નિર્ણય લેવામાં આવ્યો હતો. ■

## મોર્ગ્યુ ફ્રીઝર – વપરાશના ચાર્જિસ

**કોઈના પણ ઉપયોગ માટે**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નવનીત મેડિકલ સેન્ટર - પાલડી ખાતે એક નવું સાધન – મોર્ગ્યુ ફ્રીઝર (શબ પેટી)નો ઉમેરો કરવામાં આવેલ છે કે જેનો ઉપયોગ જરૂરિયાતવાળા પરિવાર પોતાની જરૂરતના અનુસંધાને કરી શકશે.

આ સાધન નીચેના ધોરણે જરૂરિયાતવાળા પરિવારને વપરાશ માટે આપવામાં આવશે.

*ડિપોઝીટ : રૂા. ૫,૦૦૦/-*

*ભાડું (રેન્ટ) : રૂા. ૫૦૦/- – એક દિવસના*

જે તે પરિવારે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી પોતાના સાધનથી લઈ જવાનું રહેશે અને પોતાની રીતે તેને શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર પહોંચાડવાનું રહેશે. મોર્ગ્યુ ફ્રીઝરનું વજન અંદાજિત ૯૦ કિ.ગ્રા. છે. તેની સાઈઝ અંદાજે ૭' X ૩'ની છે અને તે ૪ પૈડા પર સ્થાપિત થયેલ છે.

***માનદ્ મંત્રી,***

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ષષ્ઠીપૂર્તિ વર્ષની ઉજવણી

**(૧ એપ્રિલ ૨૦૨૩ થી ૩૧ માર્ચ ૨૦૨૪)**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ – ૧ એપ્રિલ ૨૦૨૩થી ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીના એક વર્ષ દરમિયાન તેના અસિત્વને ૬૦ વર્ષ પૂર્ણ થઈ ગયેલ હોઈ, ષષ્ઠીપૂર્તિ વર્ષ તરીકે ઉજવવા માંગે છે અને તેના અનુસંધાને વર્ષ દરમિયાન અનેકવિધ કાર્યક્રમોનું આયોજન હાલે ગોઠવાઈ રહેલ છે.

સમાજની દરેક સમિતિઓને વિનંતી છે કે તેઓ આ બાર મહિના દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન ગોઠવી, તેની માહિતી સમાજના માનદ્ મંત્રી પર ફેબ્રુઆરી-૨૦૨૩ના અંત સુધીમાં મોકલી આપે કે જેથી સમગ્ર કાર્યક્રમની રૂપરેખા બનાવી શકાય.

સર્વાંગી વિકાસ સમિતિ, યુવા વિકાસ સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, ગૃહ ઉદ્યોગ સમિતિ, દવા વિતરણ સમિતિ, વયસ્ક સમિતિ, મેડિકલ સમિતિ (પાલડી, બોપલ તથા ચાંગોદર) જેવી વિવિધ સમિતિઓને આ બાબતે તાત્કાલિક નિર્ણયો લેવા અપીલ કરવામાં આવે છે.

**કન્વીનર**

**ષષ્ઠીપૂર્તિ ઉજવણી સમિતિ**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## રવિવાર, તા. ૮-૧-૨૦૨૩ના રોજ યોજાયેલ ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ રવિવાર, તા. ૮-૧-૨૦૨૩ના રોજ મળી હતી. તેમાં અઢાર ટ્રસ્ટીઓએ હાજરી આપી હતી.

આ મીટિંગમાં નીચે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવી હતી.

૧. ચાંગોદર ખાતેના મેડિકલ સેન્ટરને શરૂ કરવા અંગે પરમકૃપા મેડિ. સેન્ટરના સભ્યો સાથે એક મીટિંગ યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૨. પાલડી મેડિકલ સેન્ટરમાં સેવા આપતા ડૉક્ટરોનું એક ગેટ-ટુ-ગેધર માર્ચ માસમાં યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૩. નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે એક ડી.જી. સેટ ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૪. શાહીબાગ અને પાલડી ભવન ખાતેના વિવિધ રિપેરિંગ તેમજ રીનોવેશનનામ કામકાજ માટે 'રીનોવેશન સમિતિ' તરફથી આવેલ દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી.

૫. સમાજનો વહીવટ ખૂબ જ બહોળા પ્રમાણમાં વધતો હોવાથી અને વિવિધ નવા સેન્ટરો કાર્યરત થવાથી વહીવટી કામમાં સરળતા માટે શ્રી હિરેન કે. શાહની દરખાસ્તને બંધારણ સમિતિને સુપરત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૬. સભ્યપદ સમિતિ તરફથી આવેલ નવા સભ્યો અને કમી કરવાના સભ્યોની દરખાસ્તને મંજૂર રાખવામાં આવી હતી.

૭. મુંબઈ અતિથિગૃહના કામકાજને આગળ વધારવા માટે (૧) શ્રી પ્રતાપભાઈ દંડ, (૨) શ્રી હિરેન કે. શાહ અને (૩) શ્રી શાંતિલાલ સાવલાના સભ્યોવાળી એક સમિતિ બનાવવામાં આવી હતી અને મુંબઈ અતિથિ ગૃહના કામકાજને સુચારૂ રૂપે આગળ વધારવા માટે તેમને ઑથોરિટી આપવામાં આવી હતી.

૮. સમાજના સભ્યોને ડિસ્કાઉન્ટથી દવા મળે તે અંગે ડેટા મેળવી એપ્રિલમાં આ અંગે નિર્ણય લેવો તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

૯. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થતાં હોવાથી આગામી વર્ષને ષષ્ઠીપૂર્તિ વર્ષ તરીકે ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૧૦. ૫૦ બેડની એક હોસ્પિટલ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને તેના અનુસંધાને એક કમિટીની રચના કરવામાં આવેલ હતી.

૧૧. એપ્રિલ-૨૦૨૩માં મંગલ મંદિરનો અંક "સંસ્થા વિશેષાંક" તરીકે બહાર પાડવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# ગોલ્ડ હેલ્થ કાર્ડ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દરેક સભ્ય પરિવારને સીમ્સ હોસ્પિટલ દ્વારા ગોલ્ડ હેલ્થ કાર્ડનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે કે જેનું હાલે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી વિતરણ કરવામાં આવી રહેલ છે.

અત્યાર સુધી જે સભ્યોએ આ **ગોલ્ડ હેલ્થ કાર્ડ** મેળવેલ ના હોય, તેઓએ બપોરના ૧.૦૦થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર આવી, પોતાના આ કાર્ડ મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.

ભવિષ્યમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નોંધાયેલા સભ્ય અથવા તેમના પરિવારમાંથી કોઈને પણ સીમ્સ હોસ્પિટલની સગવડતાનો લાભ લેવાની જરૂરિયાત ઊભી થઈ હોય ત્યારે આ **ગોલ્ડ હેલ્થ કાર્ડ** ધારકને સીમ્સ હોસ્પિટલના વિવિધ પ્રકારના ચાર્જીસમાંથી ૧૦ ટકાથી ૨૫ ટકા સુધીનું કન્સેશન આપવામાં આવશે.

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આ સેવાનો વિનામૂલ્યે લાભ લેવા સમાજના દરેક નોંધાયેલા સભ્યને અપીલ કરવામાં આવે છે.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વસ્તીપત્રક – ૨૦૨૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું વસ્તી પત્રક છેલ્લે વર્ષ ૨૦૧૨માં બહાર પાડવામાં આવેલ હતું કે જેને આજે ૧૦ વર્ષથી પણ વધુનો સમય પસાર થઇ ગયેલ છે. આ સમયગાળા દરમિયાન કચ્છી જૈનોના અનેક નવાં પરિવારો અમદાવાદમાં સ્થાયી થયેલ છે, અનેક પરિવારો અન્યત્ર રહેવા ગયેલ છે કે જ્યારે અન્ય અનેક પરિવારોએ પોતાનાં રહેઠાણનું સ્થાન બદલેલ છે. પરિણામ સ્વરૂપે નવા વસ્તી પત્રકની જરૂરિયાત જણાતા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિએ વર્ષ ૨૦૨૩માં એટલે કે સંસ્થાના ષષ્ઠીપૂર્તિ મહોત્સવ ઊજવવાના વર્ષ દરમિયાન અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી જૈન પરિવારોને સાંકળી લેતું નવું વસ્તીપત્રક બનાવવાનો નિર્ધાર કરેલ છે અને તેના અનુસંધાને એક અલાયદી સમિતિનું આયોજન કરી, તેને નવું વસ્તીપત્રક બનાવવાનું કાર્ય સોંપવામાં આવેલ છે. આ સમિતિમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે.

| *ક્રમ* | *નામ* | *હોદ્દો* | *મોબાઈલ નંબર* |
|---|---|---|---|
| ૧. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | કન્વીનર | ૯૮૭૯૦ ૬૩૧૦૦, ૯૮૨૫૩ ૨૨૬૮૯ |
| ૨. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | સહ કન્વીનર | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૩. | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | સભ્ય | ૯૮૨૫૦ ૬૧૧૬૦ |
| ૪. | શ્રી દેવેશ દિલીપ કુંવરજી દંડ | સભ્ય | ૯૩૨૭૯ ૧૮૫૭૭ |
| ૫. | શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી | સભ્ય | ૯૯૨૪૬ ૩૩૯૪૫ |
| ૬. | શ્રી ગિરીશ હીરજી દેઢિયા | સભ્ય | ૯૩૨૦૩ ૧૬૮૬૦ |
| ૭. | શ્રી દક્ષેશ નવીનચંદ્ર સંઘવી | સભ્ય | ૯૮૨૫૨ ૨૬૧૭૦ |

★

વસ્તીપત્રક સમિતિની એક મીટિંગ મંગળવાર, તા. ૧૭-૧-૨૦૨૩ના રોજ મળેલ હતી કે જેમાં વસ્તી પત્રકમાં પોતાનું નામ ભરવાનું ફોર્મ, અંદરમાં આપવામાં આવનાર માહિતી, તેના સૌજન્ય અંગેના દર તથા તેમાં પ્રસારિત કરવામાં આવનાર જાહેરાતોના દર વગેરે નક્કી કરવામાં આવેલ હતા.

વસ્તીપત્રક સમિતિમાં નક્કી કરવામાં આવેલ ફોર્મ આ સાથે 'મંગલ મંદિર'ના ફેબ્રુઆરી-૨૦૨૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવી રહેલ છે કે જેથી અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવાર પોતાની વિગત ભરીને વહેલી તકે આ ફોર્મ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેના કાર્યાલય પર પહોંચાડી શકે.

આ કાર્યવાહી દરમિયાન જરૂરિયાત જણાશે તો વસ્તીપત્રકની સાથે સાથે સભ્યોની સરનામા - ટેલિફોન ડિરેક્ટરી પણ અલગથી પ્રસારિત કરવામાં આવશે કે જે કદાચ અનેકવિધ સભ્યોને સુગમતાપૂર્વક ઉપયોગી થઈ શકશે.

પ્રસારિત કરવામાં આવનાર વસ્તી પત્રકમાં ૧૦૦૦થી પણ વધુ પરિવારોની વિગત પ્રસારિત કરવાની હોવાથી તેને બે ભાગમાં પ્રસારિત કરવામાં આવનાર છે. જેથી તેની ફેરવણી સુગમતાપૂર્વક થઈ શકે.

## સૌજન્ય

આ વસ્તી પત્રકના સૌજન્યની વિગત નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

★ આ વસ્તી પત્રકના સૌજન્ય દાતાનો નકરો રૂા. ૨,૫૧,૦૦૦/- રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

★ સૌજન્ય દાતાનું નામ અથવા તેમની કંપનીનું નામ વસ્તી પત્રકના બંને ભાગના કવર પેજ નં. - ૧ પર પ્રસારિત કરવામાં આવશે.

★ સૌજન્યદાતાની પોતાની અથવા તેમની કંપનીની જાહેરાત વસ્તી પત્રકના બંને ભાગ પર કવર પેજ નં.-૨ની સામેના પાનાં પર મલ્ટી કલરમાં પ્રસારિત કરવામાં આવશે.

## જાહેરાતના દર

આ વસ્તીપત્રકમાં પ્રસારિત કરવામાં આવનાર જાહેરાતોના દર નીચે મુજબ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **જાહેરાતનું પાનું** | **વસ્તીપત્રક ભાગ-૧ પરની જાહેરાતના દર** | **વસ્તીપત્રક ભાગ-૨ પરની જાહેરાતના દર** |
|---|---|---|---|
| | **મલ્ટીકલર જાહેરાત** | | |
| ૧. | કવર પેજ નં.-૪ | રૂા. ૨૫,000/- | રૂા. ૨૫,000/- |
| ૨. | કવર પેજ નં.-૨ (આખુ પાનું) | રૂા. ૨૦,000/- | રૂા. ૨૦,000/- |
| ૩. | કવર પેજ નં.-૨ (અડધું પાનું) | રૂા. ૧૨,000/- | રૂા. ૧૨,000/- |
| ૪. | કવર પેજ નં.-૩ (આખુ પાનું) | રૂા. ૨૦,000/- | રૂા. ૨૦,000/- |
| ૫. | કવર પેજ નં.-૩ (અડધું પાનું) | રૂા. ૧૨,000/- | રૂા. ૧૨,000/- |
| ૬. | કવર પેજ નં.-૩ની સામેનું પાનું (આખું પાનું) | રૂા. ૧૫,000/- | રૂા. ૧૫,000/- |
| ૭. | કવર પેજ નં.-૩ની સામેનું પાનું (અડધું પાનું) | રૂા. ૮,000/- | રૂા. ૮,000/- |
| ૮. | અંદરનું આખું પાનું | રૂા. ૧૦,000/- | રૂા. ૧૦,000/- |
| ૯. | અંદરનું અડધું પાનું | રૂા. ૬,000/- | રૂા. ૬,000/- |
| | **બ્લેક એન્ડ વ્હાઈટ જાહેરાત** | | |
| ૧૦. | અંદરનું આખું પાનું | રૂા. ૪,000/- | રૂા. ૪,000/- |
| ૧૧. | અંદરનું અડધું પાનું | રૂા. ૨,૫00/- | રૂા. ૨,૫00/- |

આ વસ્તી પત્રકની અંદાજિત ૧૨૦૦ કોપી પ્રસારિત કરવામાં આવનાર છે અને તે આવતા અનેક વર્ષો સુધી સમાજના સભ્યો તથા અન્ય લોકોને કામ લાગી શકશે.

દરેક પરિવાર દીઠ આ વસ્તી પત્રકની બંને ભાગની એક-એક કોપી વિના મૂલ્યે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી આપવામાં આવશે. વધારાની દરેક કોપી દીઠ રૂા. ૧,000/- (બંને ભાગના) અલગથી લેવામાં આવશે.

જ્યારે આ સમિતિના સભ્યો દ્વારા આપશ્રીનો જાહેરાત માટે સંપર્ક સાધવામાં આવે ત્યારે તેઓને યોગ્ય પ્રતિસાદ સાથે સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

**કન્વીનર**
**વસ્તીપત્રક સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## અમદાવાદ – ગાંધીનગર સ્થિત કચ્છી જૈન પરિવારોએ વસ્તીપત્રક-૨૦૨૩ માટે ભરવાનું ફોર્મ

પરિવારની મુખ્ય વ્યક્તિનું નામ : ______________________________

(નામ) (પિતા/પતિનું નામ) (દાદાનું નામ) (અટક)

રહેઠાણનું સરનામું : ______________________________

______________________________

મુખ્ય વ્યક્તિના વ્યવસાયનું સરનામું : ______________________________

______________________________

જ્ઞાતિ : (જરૂરી સ્થળે ✓ ટીક માર્ક કરો) ☐ વીસા ઓસવાળ ☐ દશા ઓસવાળ ☐ વીસા ગુર્જર ☐ દશા ગુર્જર ☐ સાત ચોવીસી ☐ બે ચોવીસી

અમદાવાદમાં વસવાટ : વર્ષ __________ થી ■ કચ્છમાં ગામ : __________ તાલુકો : __________

**મુખ્ય વ્યક્તિ તથા પરિવારના અન્ય સભ્યોના નામ અને વિગત :**

| ક્રમ | નામ | મોબાઈલ નંબર | મુખ્ય વ્યક્તિ સાથે સંબંધ | જન્મ તારીખ | વૈવાહિક સ્થિતિ | અભ્યાસ | વ્યવસાય |
|---|---|---|---|---|---|---|---|
| | | | પોતે | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

પરિવારની અન્ય વ્યક્તિઓના વ્યવસાયની વિગત :

(૧) ______________________________

(૨) ______________________________

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ચાંગોદર મેડિકલ સેન્ટરનો અહેવાલ

બુધવાર, તા. ૧૧-૧-૨૦૨૩ના રોજ ચાંગોદર મેડિકલ સેન્ટર ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાવાદના સર્વશ્રી પ્રતાપભાઈ દંડ, હિરેન શાહ, રજનીકાંત પારેખ, શાંતિભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્રભાઈ શાહ, ગિરીશભાઈ પોલડિયા અને પરમકૃપા ફાઉન્ડેશનના શ્રી જયેશભાઈ મજમુદાર અને શ્રી ધવલ મજમુદાર ઉપસ્થિત રહ્યા હતા.

આ મીટિંગમાં નીચે પ્રમાણે નિર્ણયો લેવામાં આવ્યા હતા.

૧. મેડિકલ સેન્ટરના પ્રચાર-પ્રસાર માટે હોર્ડિંગો બનાવીને ચાર રસ્તા ઉપર તેમજ રોડ ઉપર મૂકવા.

૨. મેડિકલ સેન્ટર ખાતે નિયોન લાઈટ સાથેનું બોર્ડ બનાવીને મૂકવું કે જેથી લોકોને જાણ થાય કે મેડિકલ સેન્ટર ૨જી માર્ચથી શરૂ થાય છે.

૩. મેડિકલ સેન્ટરની શરૂઆત બીજી માર્ચથી કરવી.

૪. મેડિકલ સેન્ટરના ઉદ્ઘાટન માટે કેડીલાના શ્રી પંકજ પટેલ અને અન્ય ઈન્ડસ્ટ્રીયાલિસ્ટને બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૫. ઉદ્ઘાટન માટે એક સમિતિ બનાવવામાં આવી હતી. આ સમિતિમાં ડૉ. હિતેન્દ્ર શાહ, હિરેન શાહ, અશ્વિન સાવલા, જયેશ મજમુદાર અને ધવલ મજમુદારનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

૬. લીફ્ટની સગવડ વહેલી તકે કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

૭. મોરૈયા, સરી, ચાંગોદર વગેરે ગામોના સરપંચોને મળી, ગામના લોકો આ મેડિકલ સેન્ટરનો લાભ લે તે અંગે મીટિંગો બોલાવવી તથા કેમ્પ કરવાનું વિચારવામાં આવેલ હતું.

૮. ઉદ્ઘાટનની આજુબાજુના દિવસોમાં વિવિધ કેમ્પનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૯. મેડિકલ સ્ટોર ચલાવવા બોપલના મેડિકલ સ્ટોરવાળાને સોંપવામાં આવ્યું છે તેવી માહિતી ડૉ. હિતેન્દ્ર શાહે આપી હતી.

૧૦. ત્યાંની ઈન્ડસ્ટ્રીઝવાળાને મળીને તેમના તરફથી તેમના કામદારોને આ સેન્ટરમાં મોકલાય, એટલું જ નહીં પણ તેમના તરફથી ડિસ્કાઉન્ટ પણ તેઓ આપે તે માટે પ્રયત્ન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૧૧. આ સેન્ટરને આશીર્વાદ આપવા વૈષ્ણવ - પુષ્ટિ સમુદાયના શ્રી દ્વારકેશધીશ મહારાજ સાહેબને પધારવા આમંત્રણ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## અપીલ

*જે લેખકો પોતાની કૃતિ 'મંગલ મંદિર'માં પ્રસારાર્થે મોકલતા હોય તેઓને વિનંતી કે દરેક મહિનાની ૨૦મી તારીખ અગાઉ તેઓ પોતાની કૃતિઓ 'મંગલ મંદિર' પર મોકલી આપે. ત્યારબાદ આવેલ લેખો તથા અન્ય સામગ્રી તેના પછીના મહિના પર લઈ જવામાં આવશે કે જેની સહુએ નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.*

*એ જ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સમિતિઓના કન્વીનરશ્રીઓને પણ અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાની સમિતિઓના અહેવાલ, ફોટા વગેરે દરેક મહિનાની ૨૦ તારીખ સુધીમાં 'મંગલ મંદિર' કાર્યાલય પર પહોંચાડે. ત્યારબાદ આવેલ વિગતો પછીના મહિનાની ૫ તારીખના બદલે તેના પછીના મહિનાની ૫ તારીખે પ્રસારિત કરવામાં આવશે કે જેની સહુએ નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.*

***તંત્રી મંડળ – મંગલ મંદિર***

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## કેરિયર ગાઇડન્સ વર્કશૉપ

### *કોના માટે? તેમાં શું હોય? આ વર્કશૉપ શા માટે?*

- **કેરિયર ગાઇડન્સ વર્કશૉપ :**
  તારીખ ૩ થી ૯ એપ્રિલ : કુલ ૭ દિવસ
- **કોના માટે?**
  આ વર્કશૉપ ખાસ કરીને જે વિદ્યાર્થીઓ આ વર્ષે (માર્ચ ૨૦૨૩) કોઇપણ બોર્ડમાં, કોઈપણ માધ્યમમાં ધોરણ-૧૦ની પરીક્ષા આપી રહ્યા છે, તેમના માટે છે.
- **આ વર્કશૉપમાં શું હોય છે?**
  - ★ આ વર્કશૉપમાં અલગ અલગ કેરિયર અંગે ભણાવતા ફેકલ્ટી આવીને જે તે એરિયામાં કેવી રીતે તેમાં એડમિશન મળે, એન્ટ્રન્સ પરીક્ષા હોય તો એની વાત, તેની તૈયારીની વાત, તેમાં કેવું ભણવાનું આવે, તેની વાત કરે છે. આ જ રીતે વિવિધ વ્યવસાયમાં કામ કરતી વ્યક્તિઓ પણ પોતાના ક્ષેત્રમાં કેવું કામ કરવાનું આવે અને તેમાં ભવિષ્યમાં કેવી તક છે તેના વિશે આવીને વાત કરે છે.

    *ઉદાહરણ તરીકે :* કોમ્પ્યુટર અને આઈ.ટી., એન્જિનિયરિંગ, મેડિકલ, ડિપ્લોમા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી, આર્ટસ, મીડિયામાં થતાં અભ્યાસ વગેરે.
  - ★ બીજા અગત્યના ભાગ તરીકે આ વર્કશૉપમાં જુદા જુદા એજ્યુકેશનલ કેમ્પની વિઝીટ હોય છે. તેમાં જે તે સંસ્થા વિશે વિદ્યાર્થી જાણે તેમજ તેના ક્લાસરૂમ, લાઈબ્રેરી, ત્યાંની વિશેષ જગ્યાની મુલાકાત લે છે.

    *ઉદાહરણ તરીકે :* IIM, NID, MICA, EDI, CEPT, NIFT, DAIIC (નોંધ : આ બધામાંથી જેમાં પરવાનગી મળે તેમાં વિઝિટ ગોઠવાતી હોય છે.)
  - ★ અને ત્રીજા ભાગમાં વ્યક્તિગત વિકાસ થાય તે માટે જરૂરી આવડતને લગતી ટ્રેનિંગ હોય છે.
    *ઉદાહરણ તરીકે :* પબ્લિક સ્પીકિંગ, ક્રિએટીવિટી, સ્ટ્રેસ મેનેજમેન્ટ, આત્મવિશ્વાસ વધારવો વગેરે.
- **આ વર્કશૉપ શા માટે?**

૧. આ વર્કશૉપમાં ભાગ લેવાથી મળતી માહિતી એક સાથે અને યોગ્ય વ્યક્તિ પાસેથી મેળવવી સામાન્ય રીતે ખૂબ મુશ્કેલ છે.

૨. આ વર્કશૉપમાં આવ્યા પછી વિદ્યાર્થી પોતાની કેરિયર અંગેના નિર્ણયમાં ખૂબ જ સ્પષ્ટ થઇને જાય છે.

૩. આ વર્કશૉપમાં લઇ જવાતી એજ્યુકેશનલ સંસ્થાની મુલાકાત, વ્યક્તિગત રીતે મુશ્કેલ છે અને બધી વર્લ્ડ ક્લાસ સંસ્થામાં જવાથી વિદ્યાર્થી મહત્ત્વાકાંક્ષી અને જુદી રીતે વિચારતો બને છે.

આ પ્રકારનો વર્કશૉપ આખા ગુજરાતમાં એક જ છે અને તે વર્ષમાં એક જ વાર થાય છે. જેમાં આ વર્ષે માત્ર ૪૦ વિદ્યાર્થીઓને આ ખૂબ જ મહત્ત્વના વર્કશૉપમાં પ્રવેશ આપવામાં આવશે. આ રીતે સૂચિત વર્કશૉપ તેના નિર્ધારીત સમયે અચૂક યોજવામાં આવશે, જેની નોંધ લેવા અનુરોધ છે.

***વધુ માહિતી માટે સંપર્ક : પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦***

***કન્વીનર, શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

---

*જીવનની ઘડિયાળને એક જ વાર ચાવી આપી શકાય છે અને એના કાંટા ક્યારે ચાલતા બંધ થઈ જશે તે કોઈ જાણતું નથી. આજે જ જીવો, આજે જ ચાહો. આજે જ થાય એટલું કામ કરી લો. આવતીકાલે કદાચ ઘડિયાળ બંધ પણ પડી જાય.*

# વહાલી દીકરી યોજના : સંપૂર્ણ જાણકારી

- વહાલી દીકરી યોજના એ દીકરીઓ બચાવ માટે શરૂ કરાયેલ એક નવી પહેલ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૨ના વર્ષમાં વહાલી દીકરી યોજના અંતર્ગત કુલ ૧૩૩ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

**વહાલી દીકરી યોજનાનો લાભ કોને મળી શકે?**

- વહાલી દીકરી યોજના અંતર્ગત લાભ મેળવવા માટે ગુજરાતના વતની હોવા ફરજિયાત છે. ગુજરાત રાજ્યના કોઈ પણ શહેર કે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા દરેક પરિવારને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

**વહાલી દીકરી યોજનાનો લાભ કેટલી દીકરીઓને મળી શકશે?**

- વહાલી દીકરી યોજનાનો લાભ પરિવારમાં જન્મ લેતી પ્રથમ બે દીકરી સુધી મળવાપાત્ર છે.

**વહાલી દીકરી યોજનાનો લાભ કેટલો મળશે?**

- વહાલી દીકરી યોજના અંતર્ગત પરિવારમાં જન્મતી દીકરીને કુલ ૧ લાખ ૧૦ હજારની સહાય મળવાપાત્ર છે. જેમાં કુલ ત્રણ હપ્તા જે નીચે મુજબ છે :

  ૧. દીકરી જ્યારે પ્રથમ ધોરણમાં પ્રવેશ મેળવે ત્યારે રૂા. ૪ હજારની સહાય.

  ૨. દીકરી જ્યારે ૯મા ધોરણમાં પ્રવેશ મેળવે ત્યારે રૂા. ૬ હજારની સહાય.

  ૩. દીકરીના જ્યારે ૧૮ વર્ષ પૂરા થાય ત્યારે ૧ લાખની આર્થિક સહાય. આમ, કુલ ૧ લાખ ૧૦ હજારની સહાય મળવાપાત્ર છે.

**વહાલી દીકરી યોજના : સામાન્ય જાણકારી**

અહીં વાચક મિત્રોને જણાવતા ધન્યતા અનુભવીએ છીએ કે સરકાર દ્વારા શરૂ કરેલી વહાલી દીકરી યોજના ખરેખર સરાહનીય નિર્ણય છે. ઘણાં પરિવાર દીકરીના જન્મ સાથે હતાશા અનુભવતા હોય છે કેમ કે તેમને ભણાવવા અને લગ્નનો ખર્ચ માતા-પિતા માટે બોજારૂપ લાગતો હોય છે કેમ કે આજની મોંઘવારીમાં સામાન્ય પરિવાર, દીકરા ભણાવી નથી શકતો, ત્યાં દીકરીઓને કેવી રીતે ભણાવે? કેમકે આ સમાજ દીકરીઓ માટે શરૂઆતથી જ દંભી અને રૂઢિવાદી રહ્યો છે, પરંતુ હવે જમાનો બદલાયો છે ત્યારે દીકરા કરતા દીકરી આગળ નીકળી છે અને દીકરો - દીકરી એક સમાનનો સંકલ્પ મોટા ભાગના દરેક પરિવારે અપનાવ્યો છે. દીકરી લક્ષ્મીનો અવતાર છે. ભણેલ દીકરી બે કુળને તારે છે. માટે દરેક પરિવારે દીકરીના ભણતર ઉપર ભાર મૂકવો જ જોઈએ. દરેક દીકરીને ભણાવવી એ દરેક પરિવારની જવાબદારી છે. માટે જે પરિવાર પોતાની આર્થિકતાને લીધે દરેક દીકરીઓને ભણાવી નથી શકતો, તેવાં દરેક પરિવાર માટે આ યોજના ફળદાયી નીવડશે અને આ યોજનાનો લાભ દરેક પરિવારે વધુમાં વધુ મેળવવો જોઈએ અને દરેક લોકો સુધી વધુમાં વધુ આ યોજનાની માહિતી શૅર કરવી જોઈએ.

ગુજરાત સરકારની વહાલી દીકરી યોજના - ૨૦૨૨માં દીકરીના ૧૮ વર્ષ સુધીમાં રૂા. ૧,૧૦,૦૦૦/- મળશે અને લગ્ન અને ભણતરની ચિંતા નહીં. અરજી ફોર્મ અને માહિતી માટેની આ વેબસાઈટ https://bit.ly/3WM9MaL ની મુલાકાત લેશો. દીકરીના ભણતર માટે ઉપયોગી થશી શકશે.

***ફોર્મ આરોગ્ય શાખા અને આંગણવાડીમાં ભરાય છે.***

***રજનીકાંત પારેખ***

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*માણસ કેટલો મહાન છે તે તેના સદ્વર્તન પરથી માપી શકાય. તેના જ્ઞાન અને બુદ્ધિને તેની નમ્રતા પરથી માપી શકાય. તેના અજ્ઞાનનું માપ તેની શંકાઓ અને પૂર્વગ્રહો પરથી નીકળે. તેની નૈતિકતાને અન્ય લોકો માટેની કાળજી અને સહનશીલતા પરથી માપી શકાય.*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## કાર્યક્રમનો અહેવાલ

**મેનોપૉઝ વિશેની જાગૃતિ – નાટ્ય સ્વરૂપે**
**ડૉ. કલાબેન શાહ - અમૃત મંગલ ટ્રસ્ટની ભવ્ય પ્રસ્તુતિ**
**કવ્વાલી - ગરબો - નાટક - ભવાઈના માધ્યમથી**
**૩૦૦ બહેનોની હાજરી સાથેનો કાર્યક્રમ.**
**તા. ૧૧-૧-૨૦૨૩ના પાલડી ભવન ખાતે યોજાયો**
**દૂરદર્શન કેન્દ્ર - અમદાવાદ દ્વારા પ્રસારિત**
**'દિવ્ય ભાસ્કર' દ્વારા પ્રકાશિત**

*નવા વર્ષનું નજરાણું – નૃત્ય નાટિકા : "સમજણની વસંત"*

આપ સૌના જીવનમાં સમજણની વસંત સદાય બની રહે એવી શુભકામના સાથે કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત ડૉ. કલાબેન શાહ એમના ટ્રસ્ટના સાથી મિત્રો, ટી.વી. ફિલ્મી કલાકારો, નામાંકિત મહાનુભાવો, અન્ય સંસ્થાના હોદ્દેદારો, સ્ત્રી નિકેતન સંસ્થાના પ્રમુખ અને સભ્ય બહેનો અને સમાજના સભ્ય બહેનો સૌને મીઠો આવકાર આપ્યો હતો. આટલી બહોળી સંખ્યામાં દર્શકગણની હાજરી હોવાથી સૌને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાકીય પ્રવૃત્તિઓ – ખાસ તો મેડિકલ ક્ષેત્રની જાહેર જનતા માટેની સેવાઓ વિશે સૌને માહિતકાર કર્યા હતા. વધુમાં મહિલા ઉત્કર્ષ સમિતિના વર્ષ દરમિયાન યોજાતા કાર્યક્રમોની જાણકારી પણ આપી હતી.

- **ડૉ. કલાબેનનો પરિચય :**

ડો. કલાબેન શાહ - Sr. Gynaecologist. આજના કાર્યક્રમના સૂત્રધાર – Amrutmangal Charitable Trust & Midage Clubના પ્રણેતા. પોતાની જિંદગીની સમગ્ર આવડત, અનુભવ અને જ્ઞાન બહેનોના ગાયનેક પ્રોબ્લેમ દૂર કરવામાં લગાડી દીધા. એમના જીવનનો ઉદ્દેશ્ય છે કે બહેનોમાં મેનોપૉઝની સમસ્યાઓ વિશે જાગૃતિ ફેલાવવી. આ વિષયને વાચા આપવા એમણે ઘણાં પુસ્તકો પ્રકાશિત કર્યાં. ઉપરાંત, આવા ઉમદા સેવાકીય કાર્યો બદલ એમને સમયાંતરે અનેક ઍવોર્ડસથી નવાજવામાં પણ આવ્યા છે.

એમણે પોતાના વક્તવ્યમાં મેનોપૉઝ વિશે વૈજ્ઞાનિક રીતે સચોટ વિગતવાર માહિતી રસપ્રદ શૈલીમાં આપી હતી. એમના વક્તવ્યનું કેન્દ્રબિંદુ મિડ એજ અવસ્થા (૩૮થી ૪૫ વર્ષ) હતી. એમણે ભારપૂર્વક સૂચવ્યું હતું કે જો મિડએજ અવસ્થાને સાચવશો તો મેનોપૉઝ માણી શકશો. મેનોપૉઝ દરમિયાન સ્ત્રીઓમાં થતા શારીરિક ફેરફારોની વિસ્તૃત સમજ સુંદર નાટીકાઓ દ્વારા બહેનોના ગળે ઉતારવામાં આવી હતી. સમાજમાં સંકોચ અનુભવાય એવા વિષય ઉપર ખૂલીને સમજણ આપી, જે ખરેખર બહેનોને સ્પર્શી ગઈ હતી.

અમૃતમંગલ ટ્રસ્ટના કાર્યકરો, ટી.વી. / ફિલ્મી કલાકારોએ ખૂબ સુંદર રીતે આ નાટીકાઓ ભજવી હતી. આ અવનવી નાટીકાઓ દ્વારા અલગ અલગ સંદેશા અભિવ્યક્ત થયા હતા, જે નીચે મુજબ છે.

- *ગરબો :* મેનોપૉઝના લક્ષણો.
- *કવ્વાલી :* મેનોપૉઝમાંથી પસાર થતી 'મા' અને તેના પરિવારની મૂંઝવણ (જે ખરેખર હૃદયસ્પર્શી હતા.)
- *નાટક :* Andropause (પુરુષોમાં થતા શારીરિક ફેરફારો) વિશેની પ્રસ્તુતિ ઘણી રમૂજ સાથે.
- *ભવાઈ :* રંગલો રંગલીના પરિવેશમાં ખૂબ સુંદર મનમોજી અદાકારી દ્વારા મેમોગ્રાફી, PEP ટેસ્ટ અને Bone Density Test વિશે ખૂબ સરળ ભાષામાં જાણકારી આપી હતી.

આ બધી જ નાટ્યશૈલીઓને ઉપસ્થિત બહેનોએ આનંદભેર તાળીઓના ગડગડાટ સાથે વધાવી હતી.

ડૉ. કલાબેન શાહનું મોમેન્ટો અર્પણ કરીને બહુમાન, સમિતિના સભ્યોએ કર્યું હતું. અમૃત મંગલ ટ્રસ્ટના કાર્યકરો, ટી.વી. / ફિલ્મી કલાકારો સૌનું બહુમાન (કચ્છ ઓર્ગેનિક્સના બ્રાન્ડ ઍમ્બેસેડર) કેમિકલ ફ્રી ગોળના રવાથી કરાયું હતું. કચ્છ પ્રેમી ભદ્રા બા (સહયોગી દાતા), શ્રીમતી મીનાક્ષીબેન માંકડ (સહયોગી દાતા – સ્ત્રી નિકેતન સંસ્થાના પ્રમુખ), શ્રીમતી જોલીબેન પરીખ (ગર્ભ સંસ્કાર વિશેષજ્ઞ) અને શ્રીમતી મીરા પ્રતાપ દંડના શુભ હસ્તે.

કાર્યક્રમમાં પ્રણાલી મુજબ પોતાની ઓળખ ઊભી કરવા માંગતી દરેક બહેનોએ પોતાની પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરી હતી અને સૌ બહેનોને ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો.

અંતમાં સૌનો – ડૉ. કલાબેન શાહ અને એમની ટીમ, હાજર રહેલા મહેમાનો, અન્ય સંસ્થાની બહેનો – સભ્ય બહેનો સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

છેલ્લે, સૌ દર્શક બહેનોને પોતાની સમસ્યાનું નિવારણ મળ્યાનો સંતોષ અને અનોખા કાર્યક્રમનો આનંદ પણ મળ્યો હતો. ફરી પણ આવી જાગૃતિ ફેલાવતા કાર્યક્રમોનું આયોજન કરતા રહેજો – એવી લાગણી સાથે સૌ છૂટા પડ્યાં હતાં.

***સમિતિની પ્રવૃત્તિઓની નિયમિત જાણકારી મેળવવા WhatsApp Group માં જોડાઓ : @ 80009 72969.***

***શ્રીમતી સુલુ જલદીપ શાહ***
***કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***




ગરબા દ્વારા મેનોપૉઝના લક્ષણો



કવ્વાલી દ્વારા એક મા ની મૂંઝવણ



ભવાઈ દ્વારા મેમોગ્રાફી, પેપ ટેસ્ટની સમજણ



ખૂબ મોટી સંખ્યામાં પધારેલા મહેમાનો




ડૉ. કલાબેનનું બહુમાન કરતા સમિતિના સભ્યો



કલાકારોનું (કચ્છ ઑર્ગેનિક્સના બ્રાન્ડ ઍમ્બેસેડરથી)
બહુમાન કરતા મીરાબેન દંડ, ભદ્રાબા, ડૉ. જોલી,
મીનાક્ષીબેન માંકડ

## દવા વિતરણ સમિતિ

એ જણાવતા હર્ષ થાય છે કે સમાજના સભ્યોએ દવા વિતરણ યોજનામાં સારો એવો રસ દાખવી, તેમાં ભાગ લેવાનું શરૂ કરેલ છે.

આવતા દિવસોમાં આપણે તેના વધુ સારા પરિણામો જોઈ શકીશું.

દવા વિતરણ યોજનામાં ભાગ લેનાર દરેક સભ્યને નીચેની સૂચનાઓ પર ખાસ ધ્યાન આપવા વિનંતી કરવામાં આવે છે.

૧. દરેક સભ્યે નીચે મુજબ પોતાની જરૂરી માહિતી સાથે દવાના ઓર્ડર આપવા.
   - ★ સભ્યનું નામ
   - ★ દર્દીનું નામ
   - ★ સરનામું તથા ફોન નંબર
   - ★ દવાની વિગત

૨. દવાની સ્ટ્રીપના ફોટા કે બોટલના ફોટા કોઈએ પણ મોકલવા નહીં.

૩. દવાની ડિલીવરી લેતા સમયે દવાની Expiry Date વગેરે ચેક કરી લેવું.

૪. ૨૨ ટકાના હિસાબે ડિસ્કાઉન્ટ બરાબર છે કે નહીં તે ચેક કરી લેવું.

૫. દર મહિને ૫ અને ૨૫ તારીખની વચ્ચે જ ઓર્ડર મોકલવો.

૬. ઓર્ડર આપેલી દવાની કિંમત ઓછામાં ઓછા રૂા. ૫૦૦/-ની હોવી જોઈએ.

૭. જે સભ્યોએ હજુ સુધી પોતાના નામ આ ગ્રુપમાં નોંધાવ્યા નથી, તેઓને વહેલી તકે આ ગ્રુપમાં જોડાઈ જવા અપીલ કરવામાં આવે છે.

***આશા રાખવામાં આવે છે કે સમાજના દરેક સભ્ય તરફથી આ દવા વિતરણ યોજનામાં જરૂરી સહકાર પ્રાપ્ત થઈ શકશે.***

***કન્વીનર – માસિક દવા વિતરણ સમિતિ***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001, (079) 4890 6006**

## વયસ્ક સમિતિ

### કાર્યક્રમનો અહેવાલ

બુધવાર, તા. ૧૮-૧-૨૦૨૩ના રોજ વયસ્ક સમિતિ તરફથી ગુજરાતી ગીતો અને રાસ-ગરબાનો અનોખો કાર્યક્રમ યોજાઈ ગયો.

સૌ પ્રથમ કન્વીનરશ્રીએ દરેક વડીલોને આવકાર્યા હતા.

ત્યારબાદ ઉમેશ શર્મા, કે જેઓ નવોદિત કલાકારોને સ્ટેજ આપે છે, તેમના સહ કલાકારો રાકેશ પંચાલ, નીલમ શાહ, મોનીકા મહેતા, મેહુલ વગેરેએ 'તારી આંખનો અફીણી', 'છાનું રે છપનું કાંઈ થાય નહીં', 'નજરના જામ છલકાવીને ચાલ્યા ક્યાં તમે', 'બહેના રે...', 'કાચી કેરી', 'હુ તૂ તૂ તૂ', 'મોર બની થનગાટ કરે' અને 'કસુંબીના રંગ' જેવા ગીતોની રમઝટ સાથે સાથે ગરબાના તાલે બધા વડીલો ગરબે ઘૂમ્યાં હતાં. તેમાં એક વિશિષ્ટતા એ હતી કે બે વડીલ સ્ત્રીઓએ વૉકર સાથે ગરબા ગાઈને પોતાના મનોરથ પૂરા કર્યા.

આજ રોજ નીચેના વડીલોની વર્ષગાંઠ અને મેરેજ એનિવર્સરી કેક કાપીને ઊજવવામાં આવી હતી અને તેમના તરફથી માતબર સ્પોન્સરશિપ મળી હતી.

૧. મીનાક્ષી રજનીકાંત પારેખ અને રજનીકાંત ધરમશી પારેખ (લગ્ન જીવનની ૫૧મી વર્ષગાંઠ)
૨. દમયંતીબેન દિલીપભાઈ દંડ અને દિલીપ કુંવરજી દંડ (લગ્ન જીવનની ૫૧મી વર્ષગાંઠ)
૩. દિલીપ કુંવરજી દંડ (જન્મ દિવસની ૭૫મી વર્ષગાંઠ)
૪. દક્ષાબેન ધનસુખભાઈ શાહ (૮૦મા વરસમાં પ્રવેશ)
૫. શાંતિલાલ સોમચંદ શેઠ (જન્મ દિવસની ૭૫મી વર્ષગાંઠ)
૬. પ્રભાબેન લક્ષ્મીચંદ વીરા (જન્મ દિવસની ૭૭મી વર્ષગાંઠ)
૭. ચંદ્રકાંત લખમશી શાહ (જન્મ દિવસની ૭૫મી વર્ષગાંઠ)
૮. વિશાલ મહેન્દ્ર શાહ (જન્મ દિવસની ૬૦મી વર્ષગાંઠ)

આ ઉપરાંત શ્રીમતી પ્રેમીલાબેન પ્રવીણભાઈ ગાલા અને શ્રી પ્રકાશ શાંતિલાલ મહેતા તરફથી તેમના જન્મ દિવસ નિમિત્તે પણ વયસ્ક સમિતિના કાર્યક્રમ માટે સ્પોન્સરશિપ પ્રાપ્ત થઈ હતી.

શ્રી રજનીભાઈ પારેખે પોતાની લાગણી દર્શાવતા કહ્યું હતું કે, આજ રોજ જન્મ દિવસની પ્લેટીનમ જયંતી ઊજવતા કન્વીનર શ્રી દિલીપભાઈ અન્ય ૭૫ વડીલોની પ્લેટીનમ જ્યુબિલી ઊજવે એવી અભ્યર્થના.

કાર્યક્રમના અંતે રાષ્ટ્રગીત ગાઈને સૌ ભાવતા ભોજન લઈને છૂટા પડ્યાં હતાં.

***દિલીપ કુંવરજી દંડ***
***કન્વીનર - વયસ્ક સમિતિ***



લગ્ન જીવનની ૫૧મી વર્ષગાંઠની કેક કાપતાં
શ્રીમતી મીનાક્ષી પારેખ અને રજનીકાંત પારેખ




લગ્ન જીવનની ૫૧મી વર્ષગાંઠની કેક કાપતાં
શ્રીમતી દમયંતીબેન દંડ અને દિલીપભાઈ દંડ



જન્મ દિવસ નિમિત્તે કેક કાપતાં શ્રી શાંતિલાલ શેઠ અને જશવંતીબેન શેઠ



જન્મ દિવસ નિમિત્તે કેક કાપતાં શ્રીમતી દક્ષાબેન ધનસુખલાલ શાહ



૭૫મા જન્મ દિવસની કેક કાપતાં શ્રી ચંદ્રકાંત લખમશી શાહ



જન્મ દિવસની કેક કાપતાં શ્રીમતી પ્રભાબેન વીરા અને શ્રી લક્ષ્મીચંદ વીરા



જન્મ દિવસની કેક કાપતાં
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ

# કચ્છના કવિઓ - કવયિત્રીઓનું શ્રી કચ્છી જૈન ભવન ખાતે કાવ્ય પઠન

શનિવાર, તા. ૦૯-૦૧-૨૦૨૩ના રોજ બપોરના ૪ થી ૭ના સમય દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કવિતા પ્રેમીઓનો ઐતિહાસિક સમય હતો. મહેસાણામાં આયોજિત અખિલ ભારતીય કવિ / કવયિત્રી સંમેલનમાં ભાગ લેવા આવેલી ૬ કચ્છી વીસા ઓશવાળ જૈન સન્નારીઓએ માત્ર કચ્છી ભાષાનું નહીં પણ સમસ્ત સમાજનું ગૌરવ વધાર્યું છે અને પાછા વળતા મુંબઇ જવા આપણા ભવનની મહેમાન બનેલી આ સન્નારીઓને ખૂબ જ ટૂંકી મુદતમાં ભવનના હોલમાં પોતાના કવિતાના રસનું પાન કરાવવા આમંત્રણ આપવામાં આવેલું. પોતાના કાવ્ય સંગ્રહ, હાઈકુ, સ્તવન, ટૂંકી કવિતા, અછાંદસ કાવ્યો વગેરેનું પઠન કરી પ્રેક્ષકોને તરબોળ કરી દેનાર આ સન્નારીઓના નામ આ પ્રમાણે હતા :

★ નેહાબેન ભરતભાઈ શાહ 'નેહ'

★ છાયાબેન શાહ

★ કોકીલાબેન જયંત ગડા 'કોકી'

★ મનીષાબેન અજય વીરા 'મન'

★ અંકિતાબેન મારૂ

★ વર્ષાબેન જગદીશભાઈ શાહ

તેમનો ટૂંક પરિચય નીચે અલગથી આપેલ છે. દરેકની આગવી પ્રતિભા, આગવું વ્યક્તિત્વ, અલગ જ શૈલી અને દબદબો પણ બધાનો સંપ અને કચ્છીનાં તળપદાં શબ્દો, વાક્ય, કહેવતોનો ઉપયોગ - વાહ વાહ પોકારી ઊઠેલાં શ્રોતાઓને રસ તરબોળ કરી દેનારી એવી આ ગૌરવવંતી નારીઓને શ્રી કચ્છી જૈન સેવા સમાજે 'ઈર્શાદ... ઈર્શાદ...' અને 'વાહ... વાહ... ક્યા બાત હૈ...' કે પછી 'કોરો ગાલ આય...'નાં પોકારોથી નવાજી દીધી. અને આ નારીઓએ પણ પ્રેક્ષકોના મૂડ અને તબિયત (મિજાજ) જોઈને પોતાની આગવી કૃતિઓની એક પછી એક રસલહાણી ચાલુ રાખી હતી.

આ વિષયનું ઊંડું જ્ઞાન ધરાવતી અને કવિતા, હાઈકુ વગેરે લખી શકતી સમાજની જ પ્રતિભા શ્રીમતી ફાલ્ગુની હિરેને અનોખા અંદાજમાં આગવું જ લહેકાદાર એનાઉન્સમેન્ટ કરીને કાર્યક્રમને ચાર ચાંદ લગાડી દીધા હતા.

પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ મુળજી સાવલા, શ્રી હિરેન કે. શાહ, મંત્રી શ્રી રજનીકાંત પારેખ તથા અન્ય ટ્રસ્ટીઓ અને ખાસ કરીને કચ્છી જાણકાર એવા મોટી સંખ્યામાં હાજર બહેનોએ ખૂબ જ રસથી ભાગ લઈને કાર્યક્રમને માણ્યો હતો. આવકાર પ્રવચન પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ વિશેની વિગતો ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ દ્વારા દૂરદર્શનની પધારેલી ટીમને પણ બાઈટ તરીકે રજૂ કર્યા હતા. જે તે જ દિવસે તા. ૧૯-૦૧-૨૦૨૩ના રોજ સમાચારમાં પ્રસારિત પણ કરવામાં આવેલ હતું.

*હિરેન કે. શાહ*

## વર્ષા જગદીશ શાહ



ગામ : લૂણી, રહેવાનું : બોરીવલી

મારા અસ્તિત્વની આગવી ઓળખ એટલે અનમોલ રતન માતુશ્રી તારાબેન ગાંગજી વીરા - ગામ ડોણ. જીવનમાં દરેક ક્ષેત્રે કંઈક નોખું - અનોખું કરવાની મહત્ત્વાકાંક્ષા.

*રહેઠાણ :* એ-૩૦૧, રામજસ એપાર્ટમેન્ટ, દેવીદાસ લેન, ઉપાધ્યાય સ્ટેટ, બ્રહ્માકુમારી બગીચાની સામે, રઘુનાથ ટાવરની પાછળ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૧૦૩.

મો. ૯૬૧૯૫ ૦૬૮૭૮

## નેહા ભરત શાહ 'નેહ'



★ ગામ : નવા વાસ (કચ્છ).

★ શોખ : મ્યુઝિક, કૂકિંગ, રીડિંગ.

★ બાળપણથી જ સાહિત્ય પ્રત્યે રુચિ. લોકડાઉનમાં ફુરસદના સમયનો સદુપયોગ કરી ૩૦૦ જેટલી અછાંદસ રચનાઓ લખી.

★ રહેઠાણ : શબનમ, બી-૧, સાયન, ઓરેન્જ મેડિકલની બાજુમાં, સાયન (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.

મો. ૯૯૮૭૮ ૪૦૭૯૦

## અંકિતા મારૂ



★ ગામ : લાખાપુર.

★ પુસ્તક : આતમરામનો અંતરનાદ. ૧૭૫થી વધારે જૈન સ્તવન લખ્યાં છે.

★ લેખન : સ્તવન, ગઝલ, ગીત કચ્છી, ગુજરાતી અને હિંદીમાં.

★ શોખ : ગાયન, લેખન, ચિત્રકળા, રમતગમત સંચાલન વગેરે.

★ આંતરરાષ્ટ્રીય કક્ષાએ નમ્રમુનિ મહારાજ સાહેબે યોજેલ સાંજી ગીત હરીફાઈમાં દ્વિતીય ઇનામ. રાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ કચ્છી સ્તવન હરીફાઈમાં તૃતીય ઇનામ મેળવેલ છે.

★ જૈનીઝમની મહાસંઘ દ્વારા આયોજિત શ્રેણી પરીક્ષામાં સાત શ્રેણીની પરીક્ષા આપી છે અને તે દરેક પરીક્ષામાં રેન્ક મેળવેલ છે.

★ વ્યવસાય : મહેંદી આર્ટિસ્ટ

★ રહેઠાણ : અંકિત સોસાયટી, ન્યૂ લીંક રોડ, કાંદિવલી, મુંબઈ. મો. ૯૮૬૭૦ ૯૧૩૪૨

## છાયા શાહ



★ ગામ : મુંબઈ.

★ ભણતર : ૧૦ પાસ, કચ્છ ગઢશીશા

★ ક્વોલિફિકેશન : સામાન્ય ગૃહિણી, પતિની શોપ પર મદદ.

★ શોખ : રમતગમત, લેખન, સિલાઇ કામ, ગુંથણી

★ હાલ : નાનપણથી જ સાહિત્યનો શોખ રહ્યો છે. સાહિત્યમાં કવિતા, વાર્તા, હાસ્ય લેખ, બાળગીતો, બાળવાર્તા, હાઈકુ જેવા નાના પ્રકારો ઈશ્વર કૃપાથી કચ્છી, ગુજરાતી બંનેમાં લખું છું. ૧૧ પ્રકરણની નવલકથા લખી છે. હિંદીમાં પણ કલમ ચલાવી છે (સહિયારી બુક માટે).

★ સહિયારી બુકમાં, ન્યૂઝ ઓફ ગાંધીનગર, ગાંધીનગર મેટ્રો વગેરે પેપરમાં કવિતા, લેખ, વાર્તા છપાઈ છે.

★ સાહિત્યનાં વોટ્સએપ ગ્રૂપોમાં સર્ટીફિકેટો મેળવ્યા છે. સાહિત્ય સંગમ અને ગ્લોરીયસ ગ્રૂપ તરફથી મેડલ મળ્યા છે.

★ બનાસ બચાવો કાવ્ય કોલમમાં મારી રચનાઓ પ્રકાશિત થઇ છે અને મારી 'મા' વિશેની રચનાનો સંદીપ પટેલ 'કસક' દ્વારા રસાસ્વાદ પણ કરાયો છે. જ્યોતિ કળશમાં મારી વાર્તા છપાઈ છે.

## કોકિલા જયંત ગડા 'કોકી'



★ ગામ : ગુંદાલા.

★ પુસ્તક : 'ગડખી' કચ્છી હાઈકુ સંગ્રહ - માર્ચ ૨૦૨૧.

★ શબ્દ સુગંધ - ૨ (ગદ્ય) – એપ્રિલ ૨૦૨૨.

★ સહિયારા પુસ્તકમાં વારી વાર્તા 'સરયુના વહેણ'

★ છબી : વરિષ્ઠ સાહિત્યકાર શ્રી રવિ પેથાણી 'તિમિર' દ્વારા લિખિત આ પુસ્તકમાં કુલ ૨૭ કચ્છી તેમજ ગુજરાતી પુસ્તકોનો આસ્વાદ - તેમાં મારા હાઈકુ સંગ્રહ 'ગડખી'નો આસ્વાદ એમની કલમે... ધનભાગ.

★ લેખન : હાઈકુ, તાન્કા, સાઈજીકી, કવિતા, ગઝલ, વાર્તા વગેરે કચ્છી અને ગુજરાતીમાં વિવિધ સામયિકો, મેગેઝિન, ઈ-બુક આદિમાં પ્રકાશિત થયા છે.

★ પ્રવૃત્તિ : વિકીસોર્સના ઈ-પુસ્તકોનું પ્રૂફ રીડિંગ.

★ હાલ સચમાસ ચાણક્ય લાઈબ્રેરીમાં કાર્યરત.

★ રહેઠાણ : ૬૦૩, પ્રેમગંગા, કસ્તૂરબા રોડ, વાલજી લધા ક્રોસ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
મો. : ૯૮૩૩૫ ૩૨૮૫૫

## મનીષા અજય વીરા 'મન'



★ ગામ : સાડાઉ કચ્છ કંઠી.

★ ઓળખ : મુંબઈ પ્રથમ કચ્છી રુમાની કવયિત્રી 'મન'

★ પ્રકાશિત સંગ્રહો : 'મનમેડો' ૨૦૨૧ જાન્યુઆરી, 'મનમોજ' ૨૨૨

★ મલાખડો, જૈન સ્તવન સંગ્રહ, ગાડણી, ઊર્મિ, લલિત નિબંધ સંગ્રહ, પુઆઈ વગેરે પુસ્તકોમાં કવિ કવયિત્રીઓને પ્રોત્સાહિત કરતાં આવકાર લેખ.

★ લેખન ખેડાણ : હાઈકુ, તાન્કા, સાઈજીકી, એકાવનાક્ષરી, માઈક્રો ફિક્શન, રેપ સોંગ, લઘુકથા, કથા કાવ્ય, કવિતા, મુક્તક, વાર્તા વગેરે.

★ કચ્છ મુંબઈના સમાચાર પત્રોમાં લેખ, સામયિકો સંભાર, ચીંગાર, પગદંડી, જ્યોતિ પૂંજ, સંકલ્પ એક સફર વગેરેમાં રચનાઓ પ્રકાશિત.

★ હાલ : શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન સંચાલિત કચ્છી ભાષા સાહિત્ય અને સાંસ્કૃતિક સમિતિ કો-કન્વીનર અને બોરીવલી મહાજન લેડીઝ વિંગ કમિટી મેમ્બર.

★ રહેઠાણ : એ-૯૦૨, જલારામ હાઈટ્સ, ચામુંડા સર્કલ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨.
મોબાઈલ : ૭૩૦૩૧ ૫૮૮૬૮

## ઇશ્વરની ચા

એ...ય ઈશ્વર એક કટિંગ દે ને
ગરમ ગરમ ધુમાડો ફેફસાંમાં ભરીને,
જિંદગીના બધા ગમો ભૂલીને તરોતાજા થવું છે...
એ...ય ઈશ્વર એક કપ ચા દે ને...

આદુ જેવા તીખા તમતમતા દર્દો કચડીને,
પ્રેમના નશા જેવી મીઠી, કડક ચાય પીવી છે...
એ...ય ઈશ્વર એક કટિંગ દે ને

ઈલાયચી જેવી સુગંધી યાદોને દિલમાં ભરીને
ગરમાગરમ હૂંફને માણવી છે...
એ...ય ઈશ્વર એક કપ ચાય દે ને...

ચા ના મસાલા જેવા દોસ્તોની સંગત લઈને,
રંગ બદલતી જિંદગીની રંગત જીવવી છે...
એ...ય ઈશ્વર એક કટિંગ દે ને

કોઈની હોય સ્પેશિયલ, તો કોઈની ફુદીનાવાળી,
કોઈની મસાલા દૂધપાક જેવી,
ચા ની સુગંધ મનમાં ભરીને,
અનેરી જિંદગીની ફિલસૂફી સમજવી છે...
એ...ય ઈશ્વર એક કપ ચાય દે ને...

દૂધ, પાણી, ચા પત્તી, ખાંડ, મસાલાની જેમ,
જીવનના વિવિધ રંગો ઉકાળી,
'નેહ'ને પંચામૃત પ્રસાદ પીવો છે...
એ...ય ઈશ્વર એક કપ ચાય દે ને...

*– નેહા શાહ 'નેહ'*

# ગૃહ ઉદ્યોગ સમિતિ

ગૃહ ઉદ્યોગ સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૧૨-૧-૨૦૨૩ના રોજ રાત્રે ૯.૦૦ વાગે મળેલ. જેમાં નીચે મુજબના સભ્યો હાજર રહ્યા હતા.

૧. સંદીપભાઈ એ. મહેતા
૨. નીતિનભાઈ બી. શાહ
૩. અમીબેન એન. શાહ
૪. ભાવનાબેન દેઢિયા
૫. કૃપાલીબેન સી. રાંભિયા

મીટિંગમાં સર્વાનુમતે એવું નક્કી કરવામાં આવેલ કે સૌપ્રથમ આપણા સમાજના સભ્યો કે જેઓ ખાણી-પીણીની વસ્તુઓ બનાવે છે, તેઓનો કોન્ટેક્ટ કરી તે લોકો સાથે જે તે વસ્તુઓના વ્યાજબી ભાવ નક્કી કરી આપણા સમાજના બાકીના સભ્યોને તેની મંગલ મંદિર, વોટ્સએપ વગેરેથી જાણ કરી બાકી સભ્યો તે વેચાતુ લે તેવા પ્રયત્ન કરવા. ત્યારબાદ બાકીની ખાણી-પીણીની વસ્તુઓ વ્યાજબી દરે બનાવી તેનો લાભ સમાજના સભ્યોને આપવો.

આ સિવાય એક હેલ્થકેર - હોમકેરની પ્રોડક્ટ બનાવતી કંપની સાથે પણ વાતચીત થયેલ છે. તે પણ તેના MRP થી ૫૦% ડિસ્કાઉન્ટમાં તેમની પ્રોડક્ટ આપણને આપશે. તેની ડીટેઈલ ચર્ચા હવે પછીની મીટિંગમાં કરીને તે સૌને યોગ્ય લાગશે તો તેમાં આગળ વધવાનું નક્કી કરેલ.

ત્યારબાદ મીટિંગ પૂરી કરીને સૌ છૂટા પડેલ.

***સંદીપ એ. મહેતા***
***કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ***

# મંગલ મંદિરનું લવાજમ

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.***

**મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે**

- *૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-*
- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-*
- *૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

# યુવા વિકાસ સમિતિ

## યુવા વિકાસ સમિતિ દ્વારા "બૉક્સ ક્રિકેટ લીગ"નું આયોજન

યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૨૫-૧૨-૨૦૨૨ના રોજ "બૉક્સ ક્રિકેટ લીગ"નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ચાર ટીમોએ ભાગ લીધેલ હતો.

૧. ક.વી.ઓ. નાઈટ રાઈડર્સ

૨. ગૂર્જર ટાઈટન્સ

૩. અમદાવાદી પલટન.

૪. અમદાવાદી ફાઈટર્સ.

આ મેચમાં અમદાવાદી ફાઈટર્સ તથા ક.વી.ઓ. નાઈટ રાઈડર્સની ટીમો ફાઈનલ મેચ રમ્યા હતા અને અમદાવાદી ફાઈટર્સ ટીમ વિજેતા બની હતી. તેમજ મેન ઓફ ધ મેચ તથા મેન ઓફ ધ સીરીઝ જેવા વિવિધ પુરસ્કારોથી વિજેતાઓને સન્માનિત કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં અલ્પાહારનું પણ આયોજન કરવામાં આવેલ હતું.

## "વેલકમ-૨૦૨૩"નો ડી.જે. મ્યુઝીક સાથેનો કાર્યક્રમ

તા. ૩૧-૧૨-૨૦૨૨ના રોજ યુવા વિકાસ સમિતિ દ્વારા "વેલકમ-૨૦૨૩"નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં ૧૭૦થી વધુ લોકોએ ડી.જે. મ્યુઝિકનો આનંદ માણ્યો હતો. સાથે સાથે ભોજન અને મોકટેલનું પણ આયોજન કરવામાં આવેલ હતું.

***આ સમગ્ર કાર્યક્રમના દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે:***

૧. પ્રભાબેન શાંતિલાલ મુરજી સાવલા (ગામ : નાની તુંબડી)

૨. વીણાબેન ભરતભાઈ ગાલા (ગામ : દેવપુર)

૩. નીલેશભાઈ કુબડિયા.

***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃતિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

## યુવા વિકાસ સમિતિ દ્વારા છ ગાઉ યાત્રાનો કાર્યક્રમ

યુવા વિકાસ સમિતિ દ્વારા ૪ અને ૫ માર્ચ, ૨૦૨૩ના રોજ છ ગાઉ જાત્રાનું આયોજન કરવામાં આવશે. જેમાં ૫૬ સીટરની એક બસ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી ઉપાડવામાં આવશે. જેમાં વહેલા તે પહેલાના ધોરણે નીચે દર્શાવેલ નંબરો ઉપર રજિસ્ટ્રેશન કરાવવા વિનંતી.

*ધનરાજભાઈ દેઢિયા : મો. ૯૯૮૦૦ ४૮૮૩४*

*કૃપાલી રાંભિયા : મો. ૯૦૮૧૮ ૧૭૮૧૪*

*ચાર્જ :*

રૂા. ૬૦૦/- પ્રતિ વ્યક્તિ – કચ્છી જૈન માટે (નોન રીફંડેબલ)

રૂા. ૯૦૦/- પ્રતિ વ્યક્તિ – અન્ય કોઈ પણ જૈન માટે (નોન રીફંડેબલ)

બસ ૩ તારીખે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન ઉપરથી ઉપડશે.

***જયદીપ મૈશેરી - છ ગાઉ યાત્રા કન્વીનર***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ટ્રસ્ટ મંડળ હેઠળની નવી સમિતિઓ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ રવિવાર, તા. ૮-૧-૨૦૨૩ના રોજ મળેલ હતી કે જ્યારે આગળની કાર્યવાહી માટે નીચે મુજબની બે નવી સમિતિઓની રચના કરવામાં આવેલ હતી.

### ષષ્ઠીપૂર્તિ સમિતિ

| | | | |
|---|---|---|---|
| ૧. | અશોકકુમાર સાકરચંદ મહેતા | કન્વીનર | ૯૮૯૭૦ ૬૩૧૦૦, ૯૮૨૫૩ ૨૨૬૮૯ |
| ૨. | રજનીકાંત ધરમશી પારેખ | સભ્ય | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૩. | હિરેન કે. શાહ | સભ્ય | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| ૪. | ફાલ્ગુની હિરેન શાહ | સભ્ય | ૯૮૨૫૦ ૧૬૬૭૭ |

### હોસ્પિટલ સમિતિ

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ | કન્વીનર | ૯૮૯૮૧ ૯૮૬૧૬ |
| ૨. | ડૉ. હિમાંશુ રમેશભાઈ શાહ | સભ્ય | ૯૮૨૫૦ ૨૦૭૧૪ |
| ૩. | અશ્વિન હીરજી સાવલા | સભ્ય | ૯૮૨૫૯ ૩૮૭૭૧ |
| ૪. | હિરેન કે. શાહ | સભ્ય | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| ૫. | ડૉ. ધીરેન શાહ | સભ્ય | ૯૮૨૫૫ ૭૫૯૩૩ |

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **હેમેન્દ્ર કાનજી પદમશી શાહ (ધરમશી)**
  ૨૫-૨, બીમાનગર સોસાયટી, ઝાંસી કી રાનીના પુતળા પાસે, શિવરંજની ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૫૫૮૮ ૦૯૨૬૬, ૯૬૬૨૦ ૨૮૨૬૬
- **નવીનકુમાર મુક્તિલાલ દીપચંદ શાહ**
  ૭૦૩, પ્રભુવન-૨ ફ્લેટ, એઈમ્સ હોસ્પિટલની બાજુમાં, પી.ટી. કોલેજ રોડ, શાંતિવન, ચંદ્રનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૯૪૨૬૮ ૮૦૭૩૯
- **કિશોર રતનશી ખેરાજ શાહ (વીરા)**
  ૧૦૩-એ, કલ્પ રીવર વ્યુ, કોમલ એન્કલેવ પાસે, પુષ્કર-૩ ની સામે, પી.ટી. કોલેજ રોડ, ચંદ્રનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૯૦૯૪ ૨૪૨૨૯, ૯૮૨૫૫ ૫૦૦૬૬
- **અશોક હેમચંદ કુંવરજી દોશી**
  બી-૫૦૪, શ્રીકુંજ એપાર્ટમેન્ટ્સ, કંચન ભૂમિ ફ્લેટની સામે, આનંદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૪૯૦૮ ૫૨૨૩૮, ૯૪૦૮૨ ૨૧૧૭૭
- **સુરેશ જયંતીલાલ કાનજીભાઈ પુજ**
  સી-૩૦૪, ઈન્દ્રપ્રસ્થ ગ્રીન્સ, શ્યામલ રો-હાઉસની પાછળ, શિખર ટાવર શોપ લેનની સામે, શ્યામલ ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૮૨૫૦ ૪૩૩૨૫, ૯૮૨૫૦ ૪૨૩૨૫

## અવસાન નોંધ

- શનિવાર, તા. ૩૧-૧૨-૨૦૨૨
  **ભાનુબેન વસંતભાઈ દોશી** (અમદાવાદ - માંડવી)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- ગુરુવાર, તા. ૧૨-૧-૨૦૨૩
  **ખુશ શૈલેષભાઈ નાગડા** (ઉં.વ. ૨૯) (અમદાવાદ - નલીયા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- શુક્રવાર, તા. ૧૩-૧-૨૦૨૩
  **મગનલાલ મોતીચંદ સંઘવી** (ઉં.વ. ૯૩) (અમદાવાદ - મુંદ્રા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- મંગળવાર, તા. ૧૭-૧-૨૦૨૩
  **અ.સૌ. લક્ષ્મીબેન મૂલચંદભાઈ મોમાયા** (ઉં.વ. ૫૬) (અમદાવાદ – સાંયરા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતશ્રીઓના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વયસ્ક સમિતિ

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫,૦૦૦/- | શ્રીમતી ચંદ્રાબેન અને મહેન્દ્ર વિશનજી શાહની લગ્નની ૬૦મી વર્ષ ગાંઠ નિમિત્તે. |
| રૂા. | ૭,૫૦૦/- | શ્રીમતી દમયંતી દંડ અને દિલીપ કુંવરજી દંડના લગ્નની ૫૧મી વર્ષ ગાંઠ નિમિત્તે તથા ૭૫મા જન્મ દિવસ નિમિત્તે |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રીમતી મીનાક્ષી અને રજનીકાંત ધરમશી પારેખના લગ્નની ૫૧મી વર્ષ ગાંઠ નિમિત્તે. |
| રૂા. | ૭,૫૦૦/- | શ્રી ચંદ્રકાંત લખમશી શાહની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે. |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી શાંતિલાલ સોમચંદ શેઠના જન્મ દિવસ નિમિત્તે. |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રીમતી દક્ષાબેન ધનસુખભાઈ શાહના જન્મ દિવસ નિમિત્તે |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રીમતી પ્રભાબેન લક્ષ્મીચંદ વીરાના જન્મ દિવસ નિમિત્તે |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રીમતી રેવંતીબેન મણિલાલ ગોસર |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ – જન્મ દિવસ નિમિત્તે. |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રી નીતિન હરિલાલ સંઘવી - જન્મ દિવસ નિમિત્તે. |

### વૈયાવચ્ચ ફંડ

| | | |
|---|---|---|
| રૂા. | ૫,૦૦૦/- | ડૉ. રાગેશ કાંતિલાલ ફડિયા અને ડૉ. અલ્પા રાગેશ ફડિયા – લગ્નની ૩૩મી વર્ષગાંઠ નિમિત્તે. |

### મેડિકલ રીલીફ ફંડ

| | | |
|---|---|---|
| રૂા. | ૪,૭૦૦/- | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે એક વ્હીલ ચેરની ભેટ |

### બોપલ મેડિકલ સેન્ટર

| | | |
|---|---|---|
| રૂા. | ૯,૦૦૦/- | કિંજલ હર્ષિલ દફતરી |

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001, (079) 4890 6006**

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

## મુખ્ય વાસ્તવિકતાઓ

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

V-TRANS
Driving Excellence

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

Other Divisions: V-Xpress | V-Logis

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


## અચૂક વસાવવા અને વહેંચવા જેવાં અણમોલ પુસ્તકો

વિવિધ અવસરે સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં પુસ્તકોનો ખજાનો



| | | |
|---|---|---|
| અમદાવાદ ગૌરવગાથા | ડૉ. માણેક પટેલ 'સેતુ' | 1600 |
| ગ્રેટ વિઝનરી લીડર નરેન્દ્ર મોદી | રોહિત શાહ | 250 |
| ચાલો, ગુજરાતના પ્રવાસે | પ્રવીણ શાહ | 500 |
| રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં | સં. બેલા ઠાકર | 250 |
| મહાભારતનું ચિંતન | સ્વામી સચ્ચિદાનંદ | 350 |
| શ્રીકૃષ્ણનું સુ-દર્શન | ગૌતમ પટેલ | 225 |
| ઘરગથ્થુ હોમિયોપેથિક સારવાર (ભા. 1-2) | હરિલાલ શાહ, મિત્તલ જોશી | 1200 |



**અમારું રક્તરંજિત વતન**
(કાશ્મિરના વિસ્થાપિત પંડિતોની વ્યથાકથા)
રાહુલ પંડિતા, અનુ. જેલમ વ્હોરા ● કિંમત રૂ. 300

**અનુભવની એરણ પર** (શિક્ષકના અનુભવોની વાતો)
મનસુખ સલ્લા ● કિંમત રૂ. 350

**ભારતીય યુદ્ધોનો સંક્ષિપ્ત ઇતિહાસ**
સ્વામી સચ્ચિદાનંદ ● કિંમત રૂ. 300

**છાંદોગ્યઉપનિષદ** (પુરસ્કૃત)
મૃદુલા મારફતિયા ● કિંમત રૂ. 350

**વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા** (કાવ્યો)
સંપા. ચંન્દ્રકાન્ત શેઠ, યોગેશ જોષી,
હર્ષ બ્રહ્મભટ્ટ, ઊર્મિલા ઠાકર ● કિંમત રૂ. 1000





**ગૂર્જર શ્રેષ્ઠ બાળવાર્તાવૈભવ શ્રેણી**
સંપાદકો : રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી
પુસ્તક 1થી 10, સેટના 2250

| | | |
|---|---|---|
| 1. | ચોખાના પાંચ દાણા | 225 |
| 2. | મારો ભેરુ કોણ ? | 225 |
| 3. | ફૂલોને મળી પાંખો ! | 225 |
| 4. | ખડબડ ખડબડ ખોદત હૈ... | 225 |
| 5. | કીડીબાઈ વિમાનમાં બેઠાં ! | 225 |
| 6. | વાઘ આવ્યો રે વાઘ ! | 225 |
| 7. | આપણા ઘરનો મોર | 225 |
| 8. | સાઇકલ માંદી પડી ! | 225 |
| 9. | બિલ્લુ બંદરનું ભોંપુ | 225 |
| 10. | બિલ્લી વાઘ તણી માસી... | 225 |





બાળવાર્તાઓ/બાળકાવ્યો અને બાળકો માટેનાં પ્રેરક જીવનચરિત્રો, પ્રવાસ વિશે માહિતી આપતાં પુસ્તકો, જીવનપ્રેર લેખસંગ્રહો, નવલકથાઓ, નવલિકાઓ વસાવવા માટે વૉટસેપ કરો : 9227055777

ગુજરાતી ભાષાના કોઈપણ લેખકનું, કોઈપણ સ્વરૂપનું પુસ્તક મેળવવા માટેનું ગ્રંથતીર્થ

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com


*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**